# શ્રી સંતરામ સૌરભ

## શ્રી સંતરામ સ્તોત્ર દર્શન - ભાગ-૯

લેખક

**પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**

શ્રી સંતરામ મંદિર, નડીઆદ.

| | | |
|---|---|---|
| લેખક | : | **પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**<br>શ્રી સંતરામ મંદિર, નડીઆદ. |
| ગ્રંથ સેવા સહાયક | : | શ્રી ગીતાબેન મકવાણા<br>શ્રી જયંતીભાઈ દેસાઈ (દાસ)<br>શ્રી હરિશભાઈ ભટ્ટ |
| | | શ્રી સંતરામ ભકત સમાજ<br>પોસ્ટ બોકસ નં. ૩૨૧૫૫ નેવાર્ક,<br>ન્યુ જર્સી ૦૭૧૦૨ (યુ.એસ.એ.)<br>Web site : www.santram.info<br>E-mail : jaymaharaj@santram.info |
| પ્રકાશક | : | શ્રી સંતરામ સમાધિ સ્થાન, નડીઆદ. |
| પ્રકાશન વર્ષ | : | |
| પ્રાપ્તિસ્થાન | : | શ્રી સંતરામ મંદિર, નડીઆદ<br>તેમજ શાખા મંદિરો |
| પ્રત | : | ૨૫૦૦ |
| મૂલ્ય | : | ગુરુ સેવા ભક્તિ |
| આવરણ ડિઝાઈન | : | હરિશભાઈ ભટ્ટ તથા આશિષભાઈ દવે |
| મુદ્રક | : | ક્રિષ્ના ઑફસેટ પ્રિન્ટર્સ, નડીઆદ. |


## જય મહારાજ

**આપને પ્રસાદીનું ભેટ આપેલ પુસ્તકનો ઉપયોગ થઈ ગયા પછી અન્યને વાંચવા આપવું અથવા મંદિરમાં પરત કરવું જરૂરી છે. આ પ્રસાદીનું પુસ્તક પસ્તીમાં વેચવા માટે નથી.**

|| જય મહારાજ ||

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧૫૯ | સ્વરૂપની અનુભૂતિ | ૧ |
| ૧૬૦ | સમજણનો દીવો | ૯ |
| ૧૬૧ | ‘દુઃખધ્નો યત્ર વાતિ’ | ૧૬ |
| ૧૬૨ | દુઃખનું પોટલું | ૨૩ |
| ૧૬૩ | સત્સંગનું સાંનિધ્ય | ૩૦ |
| ૧૬૪ | અલખનું સંગીત | ૩૮ |
| ૧૬૫ | ભવભયહરણં | ૪૫ |
| ૧૬૬ | તસ્માત્તુભ્યં નમસ્તે | ૫૧ |
| ૧૬૭ | ત્વમેવ માતા-પિતા ત્વમેવ | ૫૯ |
| ૧૬૮ | નાદબુંદ નિજ નામ | ૬૬ |
| ૧૬૯ | એક તો જોઈએ ને | ૭૪ |
| ૧૭૦ | સેવાનું સ્વરુપ | ૮૨ |
| ૧૭૧ | અજ્ઞાનજન્ય શ્રધ્ધા | ૮૮ |
| ૧૭૨ | સમજણ વગરનું મન | ૯૫ |
| ૧૭૩ | સમિધપાણી | ૧૦૨ |
| ૧૭૪ | જ્ઞાનનો નાતો | ૧૦૮ |
| ૧૭૫ | જન્મારો એળે વહી ગયો | ૧૧૫ |
| ૧૭૬ | એક વૈદ્ય હતા | ૧૨૧ |
| ૧૭૭ | સબકે મમતા તાગ્ બટોરી | ૧૨૭ |
| ૧૭૮ | તે તો નહીં હું મારું | ૧૩૩ |

॥ જય મહારાજ ॥

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પેજ નં. |
| --- | --- | --- |
| ૧૭૯ | અન્નાદ્યૈઃ પંચકોશૈઃ | ૧૪૦ |
| ૧૮૦ | સંસારીનું સુખ-ઝાંઝવાનાં નીર | ૧૪૬ |
| ૧૮૧ | પંચતત્વ-પંચકોષ | ૧૫૪ |
| ૧૮૨ | અલૌકિક ટેકો | ૧૬૨ |
| ૧૮૩ | કુંડળ ઓથે કનક ઢંકાય | ૧૬૯ |
| ૧૮૪ | આત્માની ઉર્જા | ૧૭૬ |
| ૧૮૫ | ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેશુ | ૧૮૩ |
| ૧૮૬ | એક બલ એક આશ | ૧૯૦ |

# તત્ત્વં તત્ત્વવિદે આત્મા

પૂર્ણ શ્રધ્ધાથી, ભક્તિ વડે સતત એનું ચિંતન, મનન કરવું કારણ પરમાત્મા, જે આત્માનું સ્વરૂપ છે એજ પરશિવ છે પરમ કલ્યાણકારી આત્મા સ્વરૂપ છે. કે જેને આપણે તત્ત્વમ્ તત્ત્વર્વિદે આત્મા કહીએ છીએ.

આત્મા સ્વયં તત્ત્વ છે. પરમ તત્ત્વને સમજવા માટે વ્યાસજીએ કહ્યું, તત્ત્વને સમજો તત્ત્વવિદ આત્મા એજ તત્ત્વને જાણનાર છે. આટલા બધા ઊંડાણપૂર્વક જે તત્ત્વને સમજવાનું છે એ જ આપણું પરમ કલ્યાણરૂપ આત્મસ્વરૂપ. એનું સતત સ્મરણ રહેવું જોઇએ. સતત એનું આપણા પોતાની અંદર ચિંતન રહેવું. જોઇએ. અન્નાદિ પંચકોષના આવા ઉત્તમ તત્ત્વને સમજવાનું છે. એને સમજીને પોતાના નિજ સ્વરૂપની આરાધના કરવાની છે, એના માટે કહ્યું **'યોગિભિશ્ચાપ્યગમ્યમ્'** યોગીઓને પણ જે જાણવા યોગ્ય છે.

યોગીઓના ઇન્દ્ર એવા આપ અને યોગીઓથી આપ આદર પામેલા છો. પૂજાયેલા છો એવા આપ દરેક શિષ્યને ઉપદેશ આપી રહ્યા છો. કે તું તત્વ છું, પરબ્રહ્મ છું, આત્મા છું તે જ તું છું. તત્વમસિ એટલે તું બીજો છું જ નહીં, માત્ર એક જ.

આટલી નિષ્ઠાપૂર્વકના ભાવથી જય મહારાજ માત્ર આત્મતત્વનું જ દર્શન કરાવે છે. **'શિષ્યાન્ સંબોધયન્તમ્'** કેટલું ઊંચામાં ઊંચુ તત્વ આપી દીધું કે તું અન્ય કંઇ છું જ નહીં. તું શરીર પણ નથી. તું માનવ પણ નથી. તું માત્ર આત્મા છું. ભાગવતમાં ગજેન્દ્રમોક્ષની અંદર સ્તુતિમાં એક શ્લોક આવે છે. ભગવાન આપ કોણ છો ?

તમે દેવ નથી. મૃત નથી. પક્ષી પણ નથી. **'નસ્ત્રીનપુમાન સંઢોનજંતુ'** કોઇ જંતું પણ નથી. તમે સ્ત્રી પુરૂષ પણ નથી. તમે કોઇ નપુંસક પણ નથી. જે ના કહેતાં કહેતાં શેષ બચે છે. **'નિષેધશેષો જયતાદ્દ!શેષ'** આપ એ છો.

નિષેધ કરતાં કરતાં શેષ જે વધે છે એ પરમાત્માનું સ્વરૂપ છે. આપ આપના શરણે આવેલા આશ્રિત શિષ્યો ને પરાવલંબી નથી બનાવતા. એમને સ્વાવલંબી બનાવી દો છો. પરાવલંબી એટલે નિરાધાર હોય જેને કોઇનો આધાર શોધવો પડતો હોય. પણ જય મહારાજ તો શિષ્યોને પોતાના આત્મસ્વરૂપનું જ દર્શન કરાવે છે કે તું આ જ છું. બીજો છું જ નહીં. જે પરમાત્મા છે તે તું પોતે છું. એમાંય મહાપુરૂષો, ભકતો આપણને કયાં લઇ જાય છે. પ્રીતમદાસજી કહે છે ''**તત્ પદ ત્વમ્ પદ ત્યાગી**'' તત્ એટલે તે અને અસિ એટલે છે. **અસિ પદમાં ચિત્ત ધાર** તે તું પોતે છું. એથી અન્ય બીજો છું જ નહીં. એમ ચોક્કસ નિર્ધારી લઇ તારા પોતાનામાં તું સ્વકારી લે કે, **'ચૈતન્યને ચિન્યા વિના, આત્માને ઓળખ્યા વિના કુશળ ક્યાંથી હોય?'** આ પ્રીતમ સ્વામી કહે છે. નરસિંહ મહેતા પણ કહે છે.

**'જયાં લગી આત્મા તત્વ ચિન્યો નથી.**

**ત્યાં સુધી સાધના સર્વ જૂઠી'**

અંતિમ જ્ઞાન આપી દીધું. એથી આગળ બીજું જ્ઞાન નથી. તું પોતે સ્વયં છું. એને જો એ ના થાય તો એ હું પોતે જ છું. બીજો કોઇ નથી. જો પોતાનામાં પોતાનું આત્મસ્વરૂપ ના દેખાતું હોય તો જય મહારાજ જ મારું આત્મસ્વરૂપ છે.

લક્ષ્મણદાસજી મહારાજ કહે છે કે જય મહારાજે મને આ ઉપદેશ આપ્યો. જ્યારે પણ શિષ્યો એમની સમીપમાં સ્વાધ્યાય સત્સંગમાં બેસતા હશે ત્યારે જય મહારાજે આજ ઉપદેશ એમને આપ્યો હશે. અહિંયાં શીખવાડવામાં આવે છે કે તત્ત્વ પર બ્રહ્મ. પણ હવે શંકા થાય કે હું તો આટલા બધા આવા કર્મવાળો છું. હું ભગવાન કેવી રીતે હોઇ શકું ? ભગવાનનો અંશ મારામાં કેવી રીતે હોઇ શકે ? હું કેટલાં ખોટાં કામ કરું છું. હું કેવો પાપી માણસ છું. પોતાનો અંતરાત્મા કહે કે હું કેવી રીતે ?

પણ લૌકિક વ્યવહારની બુધ્ધિથી જીવભાવ આવે ત્યારે મનમાં એવું જાગે કે હું પાપી છું. પણ પોતાની જાતને જે કંઇ કર્મો છે એનાથી અલગ કરી નાખો, ત્યારે એ પોતાનાં નિજસ્વરૂપને પામી શકે છે. જેસલે એમ કહ્યું મારાં પાપ દૂર કરાવી કુકર્મનો ત્યાગ કરાવી દીધો. હવે હું પોતે માત્ર પાપોને દૂર કરીને મારી જાતને સાચી રીતે સમજી શકયો છું. એક બહારવટિયો આમ કહેતો હોય અને એને સમજાય કે મારું સ્વરૂપ તત્ત્વ આત્માનું છે. શરીર મારું સ્વરૂપ નથી.

**'અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાજનશલાક્યા'**

અજ્ઞાનને કારણે અંધ બનેલી આંખો જ્ઞાનરૂપી અંજનની

શલાકાથી ખૂલી જાય. આપણા પોતાની અંદર જે કંઇ અજ્ઞાન છે, બંધનો છે એ બધાથી હું જુદો છું. આ બધું સંપૂર્ણ રીતે દૂર થઇ ગયું અને એનાથી પોતાને આત્મજ્ઞાન થયું.

જય મહારાજે શિષ્યોને કહ્યું કે, તમે કોઇ સામાન્ય જીવ નથી. તમે આ જગતના વ્યવહાર પણ નથી. જગતના વ્યવહારથી બનેલું વ્યક્તિત્વ તમારું નથી. તમારું શરીર પણ તમે નથી ને તમારું નથી. તમે છો માત્ર તત્ત્વ સ્વરૂપ આત્મા. બાકી શરીરનું અસ્તિત્વ તો ક્ષણિક છે. બદલાયા કરવાનું છે. એ પરમાત્મા તું પોતે જ છું ? હવે કેવી રીતે સમજાય?

વરસાદ પડે છે. એનું પાણી ક્યાંથી આવ છે ? વરસાદનું વાદળ સમુદ્રના પાણીથી બંધાય છે અને એ પાણી આપણે ત્યાં પડયું. આપણે એક લોટો પાણી ભરીને સંગ્રહી લીધું. તો એ પાણી કોનું? કહેશે કે મારું. લોટામાં ભરેલું પાણી મારું છે. પણ એ તો સમુદ્રમાંથી આવ્યું. સમુદ્ર તો વિશાળ અગાધ સાગર છે. એ પાણી સાગરમાંથી આપણા ઘર સુધી આવી આપણી માલિકીનું બન્યું.

એમ આ શરીર, આ પ્રાણ વ્યાપક બ્રહ્મના ભવસાગરમાંથી જ આવેલું છે. પણ એનાથી જુદી ભરેલી લોટી જેવા આપણે છીએ. એ પાણી સૂકાઇ જશે એટલે બ્રહ્મ બ્રહ્મમાં ભળી જશે. લોટી ખાલી થઇ જશે. આ રીતે જ્ઞાનની દૃઢતા કરાવીને જ્ઞાન કરાવ્યું કે આ આપણું સ્વરૂપ છે. પરબ્રહ્મ પરમાત્માનો અંશ તું પોતે જ છે. તારામાં જ છે. હોળીમાંથી ઉડેલા કેટલા બધા તણખા હોય છે અને બધા જ તણખા અગ્નિ જેવાજ હોય છે. પણ એ થોડે સુધી જઇને હોલવાઇ જાય છે. એમ આપણે પણ પરમાત્માના પરમ પ્રકાશમાંથી નીકળેલા ક્ષણિક તણખા છીએ. એટલે થોડે થોડે

જઇને બૂઝાઇ જઇએ પણ એ પરબ્રહ્મ તો શાશ્વત જ છે. એ ક્યારેય બુઝાતું નથી.

આપણા ઘરની અંદર ભરેલું પાણી સુકાઇ જાય, ખલાસ થઇ જાય પણ દરિયાનું પાણી કયારેય ખલાસ થવાનું નથી. એવું સૃષ્ટિનાં સર્જનમાં પણ છે. આ શરીર શરીરના ભોગો, શરીરના વ્યવહારો બધું જ નામશેષ છે. ક્ષણિક છે. પાણીના પરપોટાનું આયુષ્ય કેટલું ? એમ આપણે બધા પણ આ સંસાર સાગરના પરપોટા છીએ. પરપોટાને ફૂટી જતાં કેટલી વાર લાગે ? એમ સૃષ્ટિની અંદર માણસ તરીકે જન્મ્યા કે પશુ-પક્ષી તરીકે કે વૃક્ષ તરીકે પણ એ બધાય પરમાત્માના આ સાગરના પરપોટા છે. તે સાગરમાંથી ઉત્પન્ન થયેલા છે. અને પછી સાગરમાં જ સમાઇ જવાના, બીજે કયાં જવાના હતા ?

એમ આત્મચેતના પણ આ શરીરના મોજાની માફક ઊછળી, પરપોટાની માફક બની ફૂટી જવાની. અંદર ને અંદર જ. બીજે ક્યાંય એની ગતિ જ નથી. પરમાત્માંમાંથી જ આવ્યા છીએ અને પરમાત્માની અંદર જ પાછું જવાનું છે.

જય મહારાજે આપણે આત્માનું સંધાન કેવી રીતે કરવું તે પણ બતાવ્યું. ધ્યાનમાં બેસીએ તો ક્યાંક પરિસ્થિતિ ના બેસવા દે, મન ના બેસવા દે, શરીર ના બેસવા દે, વાતાવરણ પણ ધ્યાનમાં ના બેસવા દે તો હવે એકાગ્ર થવું કેવી રીતે ? પહેલાં ધ્યાનમાં બેસવું પડે. ધ્યાનમાં બેસીને શરીરને, ઇન્દ્રિયોને, મનને આ બધાને સ્થિર કરવા પડે. અને આ બધું સ્થિર થાય ત્યાર પછીથી બહુ હળવાશથી, ધીરજ રાખીને આપણા પોતાનામાં પ્રવેશ કરવાનો કે આ શરીર એ હું નથી.

જેમ પાણી પીએ ને આપણા શરીરમાં આવે. પરસેવાને વરાળથી પાછું ઊડી જાય. આપણે પીધું ને આપણા શરીરમાં રહ્યું ત્યાં સુધી પાણી પણ પીધા પછી શ્વાસો શ્વાસથી વરાળ બનીને ઉડી ગયું એટલે પછી આપણું નહીં.

શરીર આપણું નથી. આ પરિવર્તનના ચક્રો ચાલ્યા જ કરતાં હોય. એમ પાંચ ભૌતિકતાના ચક્રો પણ ભેગાં થાય, આવે ને થોડા વર્ષો સુધી રહે ને પછી છૂટા પડીને પોતપોતાના ભાગમાં જતાં રહે. પાણી પાણીમાં, અગ્નિ અગ્નિમાં, પૃથ્વી પૃથ્વીમાં, આકાશ આકાશમાં. નાશ નથી થતો, પરવિર્તન થાય છે. બધાયે ભેગા થઇને માણસમાં શરીરજન્ય એક સમીકરણ બનાવ્યું પણ પછી પરિસ્થિતિ એવી આવી કે એનો નાશ થઇ ગયો. શરીરનો ભલે નાશ થયો, આકાશનો નાશ થયો પણ એનાં જે પાંચ તત્વો છે એનો નાશ નથી થતો. છઠ્ઠું આત્મતત્ત્વ છે એ દરેક પોતપોતાની અંદર ભળી જાય છે.

પરમાત્મા વ્યાપક છે. અવ્યકત, ચૈતન્ય છે. આ પાંચ ભૌતિકતા પોતામાં ભળી જાય તો આત્માનું શુ ? એ કયાં ? તો કહ્યું કે આત્મા જન્મતોય નથી તે મરતોય નથી. આવતો નથી, જતો નથી. એ છે ત્યાં જ છે વ્યાપક બ્રહ્મ છે. કયાંય જતું નથી નાશ થવાનો જ નથી.

જેમ અવસર પ્રસંગે બધા સગા સંબંધીઓને બોલાવ્યા હોય પણ અવસર પૂરો થાય એટલે પાછા બધા પોતપોતાના ઘરે જતા રહે. એમ આ શરીર એ એક અવસર છે. આ ભુવન એ એક અવસર છે. આ છ તત્વો આવીને બેઠાં છે. પાંચ તત્વ સહિત છઠ્ઠું આત્મતત્ત્વ પ્રસંગ પુરો થશે એટલે સૌ પોતપોતાના દ્વારે પાછા

જતા રહેવાના જ. આ ધરતીમાંનું આ તત્ત્વ અબજો વર્ષોથી છે. આ પાણી, આ હવા કેટલાય શરીરોમાં ફર્યાં હશે. આ શરીર જગતમાં નવું બનતું જાય છે, બગડતું જાય છે. નવું પાછું ઠલવાતું જાય છે. જૂનું નીકળી જાય આ છે જીવનની ઘટમાળ. આ ઘટમાળની અંદર તુ પરબ્રહ્મ છું. સમગ્ર સૃષ્ટિ આપણા પોતાનામાં જ છે ભગવાને ગીતાજીમાં કહ્યું.

**યથાપ્રકાશયતિ એક, કૃષ્ણં લોકં ઇમં રવિ**

સૂર્ય એક જ તપે છે. પણ જેટલાં તળાવ, નદી, જળાશય હશે ત્યાં પ્રતિબિંબ દેખાવાના જ.

**'રૂપરૂપમ પ્રતિરૂપો બભુવા'**

અનેક રૂપવાળો થઇ ગયો. વ્યાપક છે. જેમ સૂર્યનો પ્રકાશ અને એના પ્રતિબિંબની વ્યાપકતા છે એમ પરમાત્મા પણ પ્રતિબિંબની માફક દરેકમાં છે. એટલે તો પ્રકાશ છે. એ પ્રતિબિંબ ખસે તો શરીર હમણાં ઓલવાઇ જાય. કશું બાકી ના રહે.

## પ્રકરણ – ૧૮૮

# પરમતત્ત્વનું રહસ્ય

ગુરૂ મહારાજ તત્વમસિ ઉપદેશથી આ જન્મ મરણના દુઃખ, ભયને દૂર કરવાવાળા છે.

લક્ષ્મણદાસજી મહારાજને જય મહારાજના શરણ અને સાનિધ્યમાં આટલું બધું ઉપલબ્ધ થાય છે. અને મારું સ્વરૂપ પ્રાપ્ત થયું. મારો આત્મા જાગૃત થયો અને એનો અનુભવ થયો. મારા આત્માનું સ્વરૂપ જે પ્રાપ્ય છે એની પ્રાપ્તિ થઇ. પ્રાપ્તની પ્રાપ્તિ છે, ખરું, પણ ખબર નથી અને જડી ગયું. જય મહારાજે મને પરમ તત્ત્વનું રહસ્ય આપ્યું.

પરમ તત્ત્વ, પરમ કલ્યાણની અંદર જ વૃત્તિઓ સતત સ્થિર થઇ ગઇ હોય, પરમ કલ્યાણનુંજ ચિંતન થયા કરતું હોય, એના જ વિચાર આવતા હોય. કોઇપણ સાંસારિક વિકૃતિ કે વાસનાનો વિચાર સરખો આવે જ નહીં. પરમ રહસ્યના જ વિચારો કે જેને પૂર્ણભક્તિ કહેવાય એવી પરિપૂર્ણ સ્થિતિ અવસ્થા. આત્માનુભૂતિ થાય કે હું પોતે એ જ છું કે જેની મને અનુભૂતિ થઇ. આટલું બધું સતત સ્મરણ થયા કર્યું.

જય મહારાજે વેદ વાકયનો બોધ મંત્ર આપ્યો. બેટા, તું તત્વમસિ. તું એ તત્ત્વ પોતે છે. વિષ્ણુસહસ્ત્રમાં ભગવાનના

હજાર નામની અંદર તત્ત્વમ્ કહ્યું. તું તત્ત્વતા જ છું. **'તત્ત્વવિદેકાત્મા તત્ત્વવિદ'** પણ તું છું. અને એ તત્ત્વવિદને જાણવા વાળો એ તું છું. આ છે જીવનનું પરમ રહસ્ય પરમ કલ્યાણ. આથી વધારે શ્રેષ્ઠ કલ્યાણ કયું હોઇ શકે ? ગુરૂ મહારાજને આથી ઓછું ખપતું જ નથી આપણે તો સમજયા છીએ. નાના સૂના નથી.

બહુ સુખી, મોટા માણસ હોય તો નકલી દાગીનાની દુકાને ચડે ખરો ? જે અબજોપતિ છે એ તો સાચમાં જ જવાનો છે. સાચા હીરા ને સોનામાં જ જવાનો છે. એમ આપણે સમજયા છીએ. જેણે સામર્થ્ય કેળવ્યું છે, જે પોતે શુધ્ધ સ્વરૂપ છે. અને એ પોતે જ તત્વ છે. તત્વવિદ છે. અને તત્વવિદ આત્મા પણ પોતે જ છે. આટલી બધી સંપન્નતા હોય એને દુકાનદાર સામેથી બોલાવે કે શેઠિયા આવો કેમ કે એની ક્ષમતા છે મેળવવાની, ખરીદવાની. એમ પરમ રહસ્યમય આત્માનો બોધ, ઉપદેશ જય મહારાજ એને જ આપે કે જે ખમતીધર હોય. લક્ષ્મણદાસજી મહારાજને આપ્યું કે બેટા, તત્વમસિ જે મારામાં તત્વ છે એ તારામાં છે. જે હું છુ એજ તું છું.

યોગવાસિષ્ઠમાં ભગવાન રામ શ્રોતા થઇને બેઠા છે. અને વશિષ્ઠજી મહારાજ બોધ આપી રહ્યા છે. સત્સંગ થઇ રહ્યો છે. રામે વશિષ્ટજી મહારાજને પ્રશ્ન પૂછયો કે પ્રભુ, ગુરૂદેવ, આ ગુરૂ શું ને શિષ્ય શું ? હું કોણ અને તમે કોણ ? વશિષ્ટજીએ બહુ સરસ ઉત્તર આપ્યો. રામ, તારા મનનો માનેલો હું ગુરૂ અને મારા મનનો માનેલો તુ શિષ્ય. મનથી. બાકી **આ જગતમાં કોઇ કોઇનો ગુરૂ નથી અને કોઇ કોઇનો શિષ્ય પણ નથી. તત્ત્વમ્ વિદ તત્વવિદ એક માત્ર આત્મા છે.**

જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજને કહ્યું કે, તું બ્રહ્મ સ્વરૂપ છું. તું તત્ત્વ છું. '**શિષ્યાન્ સંબોધયન**'માં પોતાના જે અધિકારી શિષ્યો છે, જેની પાસે યોગ્યતા છે, લાયકાત છે એને કહ્યું તત્વમસિ.

સમાધિ લેતી વખતે સહુ ઉપસ્થિત સંતો, સેવકોને બધાની વચ્ચે જય મહારાજ બોલ્યા છે કે આ લક્ષ્મણદાસ એ મારું જ સ્વરૂપ છે. હું ક્યાંય જતો નથી. લક્ષ્મણદાસમાં જ મારાં દર્શન કરજો. આજ્ઞા કરી, બધાને અગાઉથી આદેશ આપી દીધો કે મારા સ્વરૂપના લક્ષ્મણદાસજીમાં જ દર્શન કરજો.

આજે વર્ષોથી આપણે બધાય લક્ષ્મણદાસજી મહારાજમાં જ જય મહારાજનાં દર્શન કરીએ છીએ. આ બોધ લક્ષ્મણદાસજી મહારાજને પ્રાપ્ત થયા પછીથી એમને પોતાનો અનુભવ થયો. એના પછીના શ્લોકમાં એ જ સંબોધન કરશે કે પ્રભુ, આપ કેવા છો '**ચૈતન્યમ્ શિષ્યમધ્યે**' મારામાં પણ આપ જ છો. અને હું નથી કહેતો '**નિગમગતિબિયાતથ્યતે**' ઉપનિષદો, વેદો, સરસ્વતી આ બધાં જ કહે છે.

સર્વવ્યાપી પ્રભુ '**સર્વાન્તરાત્મારૂપમ્ રૂપમ પ્રતિરૂપો બભુવા**'

ઇશાવાસ્ય ઉપનિષદ કહે છે, કે બધામાં હું જ બેઠેલો છું, મારું જ સ્વરૂપ છે.

આવી ઊચ્ચ સ્થિતિની વાત પોતાના સુપાત્ર અધિકારી શિષ્યો હોય એમને આટલા ઊંચા પ્રકારનો વૈદિક બોધ આપ્યો. '**પૂર્ણબ્રહ્મ ચરાચર વ્યાપક**' આપ માત્ર એક જ વિગ્રહ સ્વરૂપે જય મહારાજ નથી બિરાજ્યા. આપ પૂર્ણબ્રહ્મ છો. અને આ ચરાચર સર્વની અંદર આપ જ વ્યાપક બેઠેલા છો.

લક્ષ્મણદાસજી મહારાજને જે દર્શન થયાં **'જન લછમન બલિહારી'** હું આપની ઉપર વારી જાઉં છું. આવા ભાવથી જય મહરાજને નવાજ્યા છે.

આપ શિષ્યોને બોધ આપી રહ્યા છો. જય મહારાજ ઉપદેશ આપવા માટે સમર્થ છે. આપણાથી તો એમની વાણીનો સત્સંગ જ થાય. સત્ સાચો સંગ કરવાનો ઉપદેશ આપણાથી ના આપી શકાય. **ઉપદેશ આપનારા ઋષિઓ હોય, તપસ્વીઓ હોય અને એ પ્રકારની જેમણે બ્રાહ્મી અવસ્થા પ્રાપ્ત કરી છે એવા મહાપુરૂષો** જ ઉપદેશ આપે. આપણે તો ગીતા, રામાયણ, ભાગવત દ્વારા સત્સંગ કરીએ છીએ, કથા નથી કરતા. મહાપુરૂષોનું જે કંઇ આપેલું છે એનો સંગ કરવો. એ સંતનો, આપણે સંગ કરવાનો અને સતંનો સંગ કરતાં કરતાં આપણા પોતાનામાં જે સત્ય છે, આત્મા છે એનો સંગ કરાવવા સુધી લઇ જાય છે. આત્માનો સંગ કરીએ એનું નામ સત્સંગ. સત્સંગ દ્વારા છેક આત્મા સુધી પહોંચવાનું છે.

લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે જય મહારાજ તો આપણને સહુને ઉપદેશ આપવાવાળા છે. **ઉપદેશ એટલે ઉપ. સમીપે દેશ એટલે જગ્યા. જે નજીકમાં નજીક જગ્યાની અંદર ઉપસ્થિત રહે છે એને ઉપદેશ કહેવામાં આવે છે. સમીપને જગ્યાની અંદર જે છે અને જે વાતો થાય છે.** અને આપવામાં આવે છે એને કહ્યું ઉપદેશ.

શિષ્યોના ઉધ્ધાર માટે, શિષ્યોને પોતાના સ્વરૂપની સ્થિતિનાં દર્શન કરાવવા માટે આ વસ્તુ આપી, જેને **નર્ક ભયહરણં** કહ્યું. આપણે આપણા જીવનને સ્વર્ગમાં કેટલું જીવી શકીએ છીએ. અને નર્કની માફક કેટલું જીવીએ છીએ એના બે ભાગ પાડો. શું બચશે? કયું જીવન વધારે જીવીએ છીએ ? સ્વર્ગ જેવું સુખી અને

શાંત કે નર્ક જેવું દુઃખી અને કકળાટિયું. કયું વધારે જીવાય છે ?

**'નર્કભયહરમ્'** જીવનની અંદર આવનારી બધી જ ઉપાધિઓ, કલેશ એ બધાથી નર્ક સમાન જીવન જીવાતું હોય છે. માણસ એને સહન ના કરી શકે. વેદના સહન ન થાય. કેટલાંય એવા પ્રકારનાં દુઃખો હોય કે માણસ ત્રાસી ગયો હોય કે આજ જોવાનું ? આનું નામ જ જીવન ? આવા ને આવા ઢસરડા કરવાના? મનમાં એવો કલેશ થાય કે માણસ નાસીપાસ થઇ જાય. તો એ જીવન નર્કના જેવું થયું. જીવતું જાગતુ નર્ક જોવું હોય તો તે બધે જોવા મળશે. દરેક હોસ્પિટલમાં જાવ, સજાઓ ભોગવવાની હોય, રોગની, પીડાની. બધા દુઃખી હોય.

અને ક્યાંક સત્સંગમાં પહોંચી જાવ. ફિકર વગરની શાંતિ, નિરાંત ને આનંદ હોય. સત્સંગના માંડવે સ્વર્ગ બેઠેલુ હોય અને હોસ્પિટલમાં જાવ તો ખવાતું ના હોય, પાણી ના પીવાતું હોય, ઉઠાતું ના હોય. આ બધી સજાઓ એ નર્ક છે. નર્ક દરેકના જીવનને સ્પર્શતું હોય છે. અને ત્યાં એવો બોધ આપે, એવી સાચી સમજણ આપે, જેના દ્વારા એ બધું હળવું થઇ જાય, દુઃખો હોય છતાં એના માટે કલેશ ના થાય.

દુઃખ તો, આ શરીર છે ત્યાં સુધી બધાંય આવવાનાં જ છે જોડે જડી દીધેલા છે.

**સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીયાં,**
**ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડીયાં.**

સુખ દુઃખ તો આપણા જીવનની સાથે ઘડાયેલાં જ છે. જેમ કર્ણને જન્મતાની સાથે કાનમાં કુંડળ હતાં અને શરીર પર કવચ હતું. એમ આપણા જીવનમાં પણ જન્મીએ ત્યારથી સુખ અને

દુઃખ આપણા શરીરની અંદર જડેલાં જ છે. જુદાં પડે જ નહીં.

તો એ સુખ દુઃખને સમજવા માટે આત્માના સ્વરૂપને સમજીએ. જે શરીરની પીડાઓ છે એનાથી પોતાના મનને અલગ કરી નાખે એવા સિધ્ધ મહાપુરૂષો થઇ ગયા છે. કે જેણે પોતાના શરીરની પીડાની સહેજ પણ દરકાર ના કરી હોય.

એક મસ્તરામ સંત હતા. વૃક્ષ નીચે નિરાંતે બેસી રહે કોઇ ચિંતા ફિકર નહીં. ભિક્ષા મળી કે ના મળી, કોઇ આપી જાય, ના આપી જાય, એક વાર એમને પગમાં ફોલ્લો થયો, એ પાક્યું એની પીડા થયા કરે, પણ એ મસ્તરામ નીચે બેઠા બેઠા એની સામે જોઇ હસ્યા કરે. એમના ઘામાં પડેલા કીડા નીચે પડી જાય તો હસતાં હસતાં એને ઊઠાવી પાછા ત્યાં ને ત્યાં લાવી મૂકતા.

આની પીડાને પીડા ના ગણે. શરીરને છે. પોતાના જીવનમાં શરીરના સુખદુઃખથી પર થઇ જાય. આને કહેવાય **'તત્વમસ્યાદિ વાક્યમ્'** તું માત્ર શરીર નથી તું આત્મચેતના છું. શરીરમાં રહેલું જે પરમ તત્ત્વ છે તે તું છું. શરીર તું નથી અને પરમ ચેતના તો શાશ્વત છે. અવ્યય, અમર છે. એને કશું જ નથી થતું. શરીરને ગમે તે પીડા હોય, આવા સંતો, મહાપુરૂષો પોતાના શરીરની પીડાની દરકાર ના કરે. પોતાના આત્માના સ્વરૂપમાં મસ્ત રહે. એ રીતે શરીરના નર્કના ભયને પણ દૂર કરી નાખે.

શંકરાચાર્યજીએ મણિરત્નમાળામાં કહ્યું. કે એક શિષ્યે પ્રશ્ન પૂછ્યો કે ભયંકરમાં ભયંકર ઘોર નર્ક કયું ?

**'ઘોવાસ્તીઘોરો નરક સ્વદેહ'**

આપણું શરીર એ જ મોટામાં મોટું નર્ક છે. નર્કમાં શું હોય? દુર્ગંધ, મળ, પરસેવો, હાડકાં, ચામડાં, લોહી, માંસ, શરીરમાં આ

બધું તો છે. આથી બીજું મોટું નર્ક કયું. આ તો ભગવાન દયાળું છે કે ઉપર આટલું સારું ચામડું આપ્યું છે એટલે રૂપાળા લાગીએ છીએ. પણ સહેજ ચામડી ખસી જાય તો ? માણસ દાઝયો હોય ને એની ચામડી જોવા જાવ તો ? ચક્કર આવશે. ઉલટી થઇ જશે. ના જોવાય. આ શરીર બીજું કશું નથી. નર્ક જ છે. પણ આપણે નર્કને પણ સાચવીએ છીએ.

જય મહારાજ શરીરના નર્કની રહેલી આપણી આસક્તિ છોડાવે છે. શરીર દ્વારા જે જે બીક, ભય છે એ બધી જ બીક છોડાવી દે. શરીરમાં છે શું ? જે ચીજ અનુકૂળ ના આવતી હોય એ સામી પડી હોય તોય ખાવ ખરા ? અડો ખરા ? કેટલીય સરસ વસ્તુ હોય તોય ના અડી શકાય.

એમ શરીર ગમે તેટલું સરસ હોય તો પણ એ પીડા આપનારું જ છે. એટલા માટે એ પીડા આપનારા શરીરમાંથી આસક્તિ દૂર કરવાની, એના પ્રત્યે ધ્યાન નહીં આપવાનું શરીર શરીર છે. એના પ્રત્યે ભાવ જ નહીં રાખવાનો. પોતાનું સ્વસ્વરૂપ આત્મા અંદર હોય પછી ભલે ને શરીરમાં ગમે તેટલી પીડા થતી હોય. રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ આ બધાને શરીરની ભયંકર પીડાઓ થયેલી, છતાંય શરીર પ્રત્યે કંઈ જ નહીં. એ નર્કની સામે જોવાનું જ નહીં. જે થતું હોય તે થવા દો.

આવી સમજ જય મહારાજ આપે છે **નરક ભવભય હરણ** જય મહારાજ નર્કની બીક છોડાવી દે અને આ શરીરની નર્કની ગતિમાંથી આપણનેમૂક્તિ અપાવી દે.

।। જય મહારાજ ।।

## પ્રકરણ – ૧૮૯

આત્માનું શુધ્ધ સ્વરૂપ જેમાં પરબ્રહ્મ તત્ત્વ સમાયેલું હોય. જેમ ઘીને શુધ્ધ કહીએ. સ્વર્ણને શુદ્ધ ૧૦૦ ટચનું કહીએ એમ આત્માની પણ પરિપૂર્ણ શુદ્ધતા.

પૂર્ણત્ત્વ આત્માની અંદર સંપૂર્ણ વિલીન. બસ પોતાના આત્માના સ્વરૂપની અંદર મસ્તી હોય, બીજા કશાનું એને સહેજ પણ ભાન ના હોય, એવી ઊંચામાં ઊંચી અવસ્થા. ના દુનિયા જોઇએ કે, ના વ્યવહાર, ના શરીર, માત્ર આત્મા. બીજી કોઇ વાત નહીં, બીજી દૃષ્ટિ નહીં,

**દૃષ્ટિ સ્થિરા યસ્ય વિનૈવ દશ્યં**

**વાયુ સ્થિરો યસ્ત વિના પ્રયત્નમ્**

**ચિતીં સ્થિરં યસ્ય વિનાવલંબં**

**સ એવ યોગી સગુરુઃ સ સેવ્યા.**

દૃષ્ટિ એની સ્થિર. કોઇ દૃશ્ય વગરની સ્થિર દૃષ્ટિ. **'ચિત્તસ્થિરં'** એની વૃત્તિઓ પણ સ્થિર હોય **વિના વિલંબં**. કોઇપણ પ્રકારના વિષય વગર એની વૃત્તિઓ પણ એટલી સ્થિર હોય, **'સએવ યોગી સગુરુઃ સસેવા'** એ સદ્‌ગુરુ છે. એ યોગી છે. આ

ભાગવતજીમાં વ્યાસજી બોલ્યા છે.

પૂર્ણભકત્યા એમાં અન્ય કશું જ નહીં, શુદ્ધ આત્મા અવસ્થા કેવી ઊંચી હોય! કે જેમાં અન્ય કશું મળે જ નહીં. અલૌકિક અવસ્થા હોય. જેમ જય મહારાજ અખંડ સમાધિમાં કાયમને માટે વિલીન થઇ ગયા એટલે શરીરનું જે થવાનું હોય એ થાય. પણ પોતે સમાધિમાં પોતાના આત્મસ્વરૂપની અંદર સંપૂર્ણ વિલીન થઇ ગયા. શરીર ઉપર માટી પડી ખાડો ઢંકાઇ ગયો. કશું જ નહીં. માત્ર પોતાના આત્માની-પરબ્રહ્મની અવસ્થા.

હવે એ પરમ કલ્યાણકારી આત્માની સ્થિતિ, આત્મવાસ્થા જેને કહેવાય. એ કેવી ઊંચી અવસ્થા! સંકલ્પનીય અવસ્થા કે જે સમજવામાં ન આવે. પણ શરીર ભાવ હશે, સામાન્ય જીવ તરીકે જીવન જીવતા હશો તો શરીરથી આગળ કયારેય નહીં વધી શકો. લગભગ એ પ્રકારનો વિચાર સરખો ના આવે પોતાની દેહાસકિત સિવાય એને કશું જ સૂઝે નહીં.

જેમ સામાન્ય જીવ દેહાસકિત વડે પોતાના શરીરને જ પ્રાધાન્ય આપીને જીવ્યા કરતો હોય, આનંદ લેતો હોય એથી વિરૂધ્ધમાં આત્મા પોતાની અંદર વિલીન થઇને પોતાના સ્વરૂપમાં જ આનંદ પામે. આત્મસુખ સિવાય બીજું કશું નહીં. આપણે તો ખાવું હોય તો દાળ, ભાત, શાક-રોટલી, ખીચડી-કઢી, શીરો બધુંય ખાવું પડે પણ આ તો કશું જ નહીં. માત્ર વિતાવી આત્માવસ્થા. આત્માના આનંદને આત્માનંદ કહેવાય.

**પૂર્ણભકત્યા ગુણંતં** એમાં અંદર ખર્ચી જ જવાનું. જેમ રસોઇમાં મસાલા નાંખીએ અને એ અંદર ઓતપ્રોત થઇ જાય અને રસોઇ સ્વાદિષ્ટ લાગે એમ અહીં આત્માનુભૂતિનો સ્વાદ હોય. જય મહારાજની અવસ્થા તો **'અપરોક્ષા સુખાભિલિનમ્'**

**આત્મસુખની અંદર જે લીન થઇ ગયા એ પછી શોધ્યા ના જડે.** એટલી સજજડ ઓતપ્રોતતા હોય કે ત્યાં સુધી બીજાનું પહોચવું મુશ્કેલ હોય. જેવી રીતે માણસની દેહાધ્યાસની ઓતપ્રોતતા હોય છે. જેનાથી એ દુઃખ સુખ, ક્લેશ, રાગ-દ્વેષ, ઇર્ષ્યાની અંદર ફસાયેલો જ રહે છે. એની જ અનુભૂતિ કર્યા કરે છે.

જયારે આત્માનુભૂતિમાં આત્માની અંદર છેક ઊંડો ગરકાવ થઇ ગયો હોય. પોતાના નિજ સ્વરૂપની એટલી બધી મસ્તી આવી ગઇ હોય કે જેને આ જગતનું આ દુનિયા, સંસારનું, શરીરનું, પરિવારનું કોઇ ભાન ના હોય. માત્ર પોતાનામાં જ ચકચૂર પડેલો હોય. પોતાની આત્મસ્થિતિમાં ચકચૂર હોય, પોતાના શરીરના સુખદુઃખ આદિની કશી જ ના પડી હોય. પરશિવમ્ એ સ્થિતિ એ અવસ્થા છે. જેને અવર્ણનીય કહેવાય.

જય મહારાજે સૌ સંતો, ભકતોની ઉપસ્થિતિમાં જીવિત સમાધિ લીધી એટલે શરીર સાથે જ અંદર બેસી ગયા. જે આત્મચેતના છે એ શરીરની અંદર જ અલિપ્ત થઇ જાય. એ સમાધિનું સુખ ચરમ સીમાનું હોય, જે આત્માની સાથે જ રમમાણ હોય. સામાન્ય માણસ તો શરીર જીવની સાથે જ રમ્યા કરતો હોય, શરીરના વ્યવહારની અંદર ફર્યા કરતો હોય. જયારે આ તો માત્ર પોતાના આત્મસ્વરૂપની અંદર સ્થિર હોય. બહાર નીકળવાનું જ નહીં કે શરીરને શું થાય છે એનો હિસાબ જ નહીં. એની એ માટે કોઇ ગણતરી જ નહીં.

ઋષિઓ સમાધિમાં બેઠા હોય. એમની ઉપર રાફડો થઇ ગયો હોય. સમાધિની જે અવસ્થા છે એમ આત્માનો જ આસ્વાદ લીધા કરવાનો. આત્મા સિવાય કશું જ નહીં. પ્રાણ શરીરની અંદર જ હોય છતાંય એકધાર્યા આત્માનો આનંદ એટલો આવતો હોય કે

શરીરને શું થયું એનો કંઇ વિચાર જ નહીં. લક્ષ્ય પણ નહીં.

જે પરમ ચૈતન્ય છે, એનું જ સેવન કરવાનું. આપણે જીવનભર બધી જ ક્રિયાઓ શરીર માટે જ કર્યા કરતા હોઇએ છીએ. સામાન્ય માણસ પોતાના શરીરને જ સર્વસ્વ સમજીને એને માટે બધું જ કરી છૂટતો હોય. જયારે એ શરીરભાવ એકબાજુ મૂકી દઇને માત્ર આત્મભાવની અંદર જ રમ્યા કરતો હોય. જેમ શરીરમાં રમનાર દેહાધ્યાસવાળાને આત્માનું ભાન નથી હોતું, કોઇ સમજ નથી હોતી, એમ જે પોતાના સ્વરૂપની અંદર, આત્માની અંદર બેસી ગયો એનો આત્માની સાથેનો જ બધો વ્યવહાર થઇ ગયો. મારે શી જરૂર છે શરીરની? એને શરીરની કશી ગતાગમ ના હોય.

એમ સામાન્ય જીવનમાં આત્મા શું છે એની અકકલ સરખી હોતી નથી. શરીરનું લક્ષ છૂટી જાય એ તો બહુ મોટી વાત થઇ ગઇ. જેમ ભકત ભગવાનની ભકિત કરતો હોય, ભગવાનની મૂર્તિની અંદર જ રમ્યા કરતો હોય, ભગવાનમાં પ્રેમ, સેવા દર્શનની અંદર રચ્યોપચ્યો રહેતો હોય એ ભકિત વડે પણ આનંદ લઇ શકે છે. આત્માનુસંધાન વડે પણ આનંદ લઇ શકે છે.

આ જગતનું આ સૃષ્ટિનું જે કંઇ પરમ રહસ્ય હોય તો તે આત્મતત્ત્વ છે. એથી ઉપર બીજું કશું છે જ નહીં. આત્મા એ પરમાત્માનો અંશ છે. જે આ આત્માના રહસ્યને સમજયો એને આ જગત બિલકુલ ફિકકુ લાગે, રોજ સ્વાદિષ્ટ જમણ જમતો હોય એને એક દિવસ મીઠા વગરનું પીરસી દીધું હોય તો એને ભાવે નહીં. એમ **આત્માંગમશ્વજીનયી** એવા સિધ્ધો, એવા ઋષિઓ પોતાના આત્માની અંદર જ રમણ કર્યા કરતા હોય. **પોતે રહ્યા પોતાની સાથ.** બીજે કયાંય નહીં. પોતાના આત્માની સાથે રમ્યા

કરવાનું. એનો આનંદ લૂંટવાનો. જેમ છોકરાં છોકરાં સાથે રમે પણ નાનાં છોકરાં જોડે મોટું રમી શકે નહીં, જુવાન જોડે વૃધ્ધ રમી શકે નહીં, એમ આત્મા આત્માની સાથે જ રમે, એને બીજાની સાથે રમવાની ઇચ્છા પણ ના થાય.

અન્નાદ્યૈઃ - શરીરનો દેહાધ્યાસ સંપૂર્ણ ઉપાડીને ફેંકી દેવો પડે. હું શરીર છું જ નહીં. હું આત્મા છું. બહુ ઊંચી અવસ્થા છે. આ સામાન્ય જીવની વાત નથી. જે આ સ્થિતિ સુધી પહોંચી ગયા પછી એને આ જગતનું કોઇ ભાન નહીં. માત્ર સ્વસ્વરૂપની અંદર જ વિલીન થઇ ગયો હોય. કદાચ જડવત્ કહી દેવાય. પોતાની ઉપર માંખ કે મચ્છર બેઠું હોય એને ઉડાડવા પણ તૈયાર ના હોય. ભરતજીને જડભરત શાથી કહેતા હતા? બસ, એ પોતાનામાં સ્થિતિ કરીને બેસી રહેલા એટલે લોકો એમ જાણે કે આ તો કોઇ જડ માણસ છે. હતા ઋષિ, તપસ્વી સદાણ રાજાએ જોયું. આને ઉપાડી લો. પાલખી આવી. એ જડભરત ઋષિ પાસે રાજાએ પાલખી ઉપાડાવી. પોતાના સ્વરૂપમાં, પોતાની મસ્તીમાં ચાલવાની સ્થિતિ પણ ના હોય એવા ચાલે કે પાલખીમાં બેઠેલા રાજાને આચકા આવે. એટલે સર્પ સર્પ કહીને લાત મારે એટલે એ આગળ ચાલે. જડભરત તો પોતાની ધૂનમાં પાલખી ઉપાડી ચાલતા હતા. રાજાને શાપ મળ્યો. ''હે મૂર્ખ, તું આ શું કરું છું? આ કોઇ જડ નથી, આ સ્વયં ઋષિ છે. પોતાનાં આત્મસ્વરૂપમાં બેઠેલા છે. જા, તું જ સર્પ થઇ જા. ઋષિ તો પોતાની મસ્તીની અંદર આત્મસ્વરૂપની અંદર રમમાણ હતા. એમને તો પાલખીમાં જોતર્યા તોય શું ને જુદા કરી દીધા તોય શું? પોતાના સ્વરૂપની અંદર અપમાનેય નહીં.''

પાંચ ભૌતિકવાળું આ શરીર કોઇ ગણનામાં જ નહીં.

જયારે આપણે તો આપણા શરીરને જરીક કંઇક થયું હોય તો દોડાદોડ-બૂમાબૂમ કરી મૂકીએ. કયાં એ દેહાધ્યાસ રહિત સ્થિતિ અવસ્થા અને કયાં આ દેહાધ્યાસવાળી સ્થિતિ અવસ્થા. દેહાધ્યાસ એટલે અજ્ઞાન અવસ્થા, સતત બધી વાતે શરીર, શરીર માણસ એની અંદરથી બહાર નીકળી જ ના શકે. પછી આત્માને કયાં જોતા જવાનો કે ઓળખી શકવાનો હતો? અને જે આત્માની અંદર પ્રવેશી ગયો એ કયાં શરીરની દરકાર કરવાનો હતો?

એક વાર ગંગાજીના કિનારે મસ્તરામ અવધૂત અવસ્થામાં ફરતાં હતાં. ત્યાં લૂંટારાઓએ ''બાવા ઊભો રે!'' કહ્યું, પણ પેલા પોતે આત્મારામની મસ્તીની અંદર ચાલ્યા જ કરતાં હતા. લૂંટારાઓને થયું કે, આ સાંભળતો કેમ નથી? એટલે પાછળથી આવી ઝાટકો મારીને હાથ કાપી નાંખ્યો. તોય તેમણે પોતાની ગતિમાં ચાલવાનું ચાલું જ રાખ્યું. એની તરફ નજર જ ના કરી. નહીં ગુસ્સો કે કંઇ જ નહીં. પેલા લૂંટારાઓ ને થયું કે આ કોઇ સિધ્ધ માણસ છે. દોડીને જઇને એમના પગ પકડી લીધા. 'પ્રભુ મારી ભૂલ થઇ ગઇ ક્ષમા કરો. અવધૂત કહે, કયાં હુઆ હૈ? **'આત્મારામશ્ચજીનયો.'** તમારો હાથ કયાં છે ? જા લઇ આવ મૂકી દે. દેહાસ્થિતિ સહેજે નહીં. લૂંટારા કહે, મને ક્ષમા કરો. કોઇ પ્રાયશ્ચિત બતાવો. અવધૂત કહે, પ્રાયશ્ચિત જોઇએ છે? ચાલ, મારી સાથે આ બધુ છોડીને પેલાયે બધુ છોડી દીધું. જેને કહેવાય પંચકોષ રહિત.

આત્માનું રહસ્ય જેની પાસે હોય એને જગતની કોઇ ચીજવસ્તુ ગમે નહી. કોઇ ચીજ અડવાનું મન પણ ના થાય. મને મારા આત્માનું સ્વરૂપ મળી ગયું. એથી વિશેષ આ જગતમાં છે શું? કોઇપણ ચીજ, વ્યકિત, પરિસ્થિતિ એની કશી જ વિસાતમાં

નથી.

જિસને ગલ પા લિયા, વોહી પાગલ હોતા હૈ.

ગલ કો પા લિયા, ઉસકા નામ પાગલ.

ભલે આપણે એને પાગલ કહીએ પણ એ પોતાના આત્મા તત્ત્વનું પરમ રહસ્ય પ્રાપ્ત કરીને બેસી ચૂકેલો છે. પાગલ બધા નથી હોતા. એક મસ્તરામ અહીંયા હતો. રામદ્વારે આવે, ચાટમાંથી ગાય ખાતી હોય, કુતરું ખાતુ હોય ને જોડે એય ખાતો હોય, નજરે જોયેલું દૃશ્ય છે. 'કહો મસ્લા કહો, આમ બોલે પાછો અને એ બે ચાર દાણા ખાઇ તળાવના પગથિયામાં સૂઇ રહેવાનું. ત્યાં સાપ આવે, બધુ ફરતું હોય, કશી જ ફિકર નહીં, એને મસ્તરામ કહેવાય. રામાયણની ચોપાઇઓ ગીતાના શ્લોકો બોલ. આપણને એમ થાય કે કોઇ ઊંચો જીવ છે. મહારાજનાં પરિસરની અંદર જ રમ્યા કરે. તળાવથી મંદિર ને એટલામાં જ એના શરીર પર કપડાં પણ મેલા-ઘેલાં ને ફાટેલાં હોય. શિયાળો, ઉનાળો, ચોમાસુ જે હોય, ન્હાવું હોય તો તળાવની અંદર ન્હાય. કંઇ અંદરથી આપ્યું હોય, તોય ખાવું હોય તો જ ખાય, નહીં તો ગાય કૂતરાની જોડે જ ચાટમાંથી ખાય. **આત્મારામશ્ચ મુનયો.** બધામાં ફકત એક જ સ્વરૂપ દેખાતું હોય. ''**શુનિ ચૈન શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શનઃ**'' એને ગાયમાં, કુતરામાં બધામાં એક જ ભગવાન દેખાતો હોય એટલે એની દૃષ્ટિમાં કોઇ ભેદ ના હોય.

આ રીતે પોતાના આત્માતત્ત્વનું સતત એક જ પ્રકારનું ચિંતન કરતો હોય.

# પ્રકરણ – ૧૯૦

યોગીઓના રાજા મહારાજ, યોગીઓના ઇન્દ્ર એવા જય મહારાજનું સ્વરૂપ તત્ત્વમય છે. ગુંફિતં બ્રહ્મરૂપં છે.

રાજાધિરાજ યોગીરાજ. આ વાત લક્ષ્મણદાસજી મહારાજને જય મહારાજનું સેવન કરતાં સમજાય છે કે જય મહારાજ કોઇ સામાન્ય યોગી નથી. પણ યોગીન્દ્રૈઃ જે યોગીઓથી પણ ઉપર છે, શ્રેષ્ઠ છે. જેની પાસે અંતર્મુખતા છે. જેની પાસે ઊંચામાં ઊંચી આત્માનુભૂતિ છે. જે સ્વયં આત્મવિદ છે. **આત્મેભવતિ.** જે આત્માને જાણે છે, જે આત્મામય બની જાય છે. શરીરની કોઇ વિસાત નહી. માત્ર પોતાનું આત્મસ્વરૂપ એ જ સાચું. આવી શ્રેષ્ઠ સ્થિરતા, અંતર્મુખતા અને એટલો જ ઊંડાણનો આત્મનિવેશ. એમને પોતાના શરીરનો સહેજેય વિચાર આવે જ નહીં. માત્ર આત્માનું જ ચિંતન. એમના જીવનમાં આત્મા એ જ સર્વસ્વ, સર્વોપરી, જયારે સામાન્ય જીવને શરીર એ જ એનું અસ્તિત્વ, એનું સ્વરૂપ.

પણ જે મહાપુરૂષો યોગીઓ છે એમને તો શરીરની સહેજ પણ પરવાહ ના હોય. એ શરીર ગંદકીમાં પડયું છે કે સાફ છે, કંઇ

નહીં. પોતાની આત્મસ્થ સ્થિતિમાં જ રહ્યા કરતા હોય, આનંદ કરતા હોય, ભલે શરીર કીચડવાળું હોય, મળમૂત્રવાળું હોય, એની સહેજ પણ ચિંતા. ફિકર ના કરે. આપણે તો સહેજ પણ હાથ બગડયો કે પગ ખરડાયો હોય તો તરત ધોઇ નાંખવો પડે. પણ એ વ્યવહારિક સ્થિતિ છે.

આ તો પોતાના નિજ સ્વરૂપમાં જ બેઠા હોય એને વ્યવહાર શું ? અને શરીર શું?

**નૈસ્ત્રૈ ગુણ્યાં પથીબિચરતામ્ કો વિધિ કો નિષેધ**

એને કરવાપણું, ના કરવાપણું કોઇ બંધન નથી હોતું. જેને સ્વતંત્ર કહીએ. કોઇ બંધન, કોઇ નિયમ નહીં. એ પાઠ પૂજા કરે તોય શું ને ના કરે તોય શું? એને માળા જપ, ધ્યાન કશું કરવાની જરૂર નથી. માત્ર સ્વસ્વરૂપની અંદર લીન થઇ ગયા હોય, બહારની કોઇ પરવા જ ના હોય, પોતાના શરીરનું અસ્તિત્વ, આ દુન્યવી વ્યવહાર સહેજ પણ મનમાં આવે જ નહીં. એવા યોગીઓના પણ રાજા, અનેક યોગીઓને શીખવાડતાં હોય. ભગવાન દત્તાત્રેય ભાગવતના એકાદશ સ્કંધની અંદર નવ યોગેશ્વરોને સંબોધન કરે છે. તે દત્તાત્રેય એ જ મારા જય મહારાજ, યોગીરાજ, યોગેન્દ્ર છે. બધા જ એમના શિષ્ય તરીકે એમની પાસેથી યોગવિદ્યા શીખેલા હોય. યોગીઓ પર જેનું અનુશાસન છે તે યોગીન્દ્રમ્. સ્વર્ગમાં જેમ દેવતાઓની ઉપર ઇન્દ્રનું શાસન, એમ યોગીઓ ઉપર યોગીન્દ્રનું શાસન.

**યોગીંદ્રૈશ્ચાપિ વંદ્યં.** એ વંદનીય છે. યોગીરાજ એમના પોતાના જીવનની અંદર અનેક યોગીઓના સાનિધ્યમાં આવ્યા

હશે. અનેક યોગીઓએ જય મહારાજને યોગીન્દ્ર તરીકે સેવ્યા. એ સ્વરૂપ કેવું વિશાળ, કેવું ભવ્ય હશે કે જે લક્ષ્મણદાસજી મહારાજને પ્રાપ્ત થયું. જીવનના બધા જ ભય, બીક મટી ગઇ. અને હું પોતે જ સત્ ચિત્ આનંદ સ્વરૂપ બની ગયો. સત્ચિત્આનંદ સ્વરૂપ પ્રાપ્ત થયું. જય મહારાજે યોગ દીક્ષા આપેલા અનેક દીક્ષિત એવા યોગીઓના સ્વરૂપમાં જય મહારાજને જ રમતા કરી દીધા.

**'યોગીન્દ્ર'** સંબોધન કરીને લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજની વ્યાપકતાનું દર્શન કરાવ્યું. જય મહારાજની પાસે જે કંઇ યોગવિદ્યા છે, જે અંતર્મુખતા છે એનું માપ આપી દીધું. કેટલી મોટી વિભૂતિ હશે, કેટલી મોટી હસ્તી હશે ! આ વિભૂતિ આપણને પ્રાપ્ત થયેલી છે. જય મહારાજ સમાધિ લઇને પણ આપણી વચ્ચે જ છે એમા શંકાને કોઇ સ્થાન નથી. **ભલે પાંચ ભૌતિક વિગ્રહ સમાધિમાં બિરાજયું છે પણ એમનું જે જ્ઞાન વિગ્રહ છે, શબ્દ વિગ્રહ છે એ તો દરેકના હૃદયમાં ચેતનવંતુ છે, જાગ્રત છે. એટલે જય મહારાજના સ્વરૂપની અંદર ચૈતન્યતા પડેલી છે અને એ શાશ્વત છે. આપણા દરેકમા એ બિરાજેલું છે. જ્ઞાન સ્વરૂપે હજી પણ બધાની વચ્ચે છે. સ્થૂળભાવ ગમે ત્યાં હોય, એનું ગમે તે થાય પણ સૂક્ષ્મ સર્વત્ર વિચર્યા કરતું હોય છે. સર્વત્ર વિલસતું હોય છે એમાંથી આપણને પ્રેરણાઓ મળે, અનુકંપા મળે, અનુગ્રહ મળે કે આ બધું મને મળ્યું.**

આટલા બધા, અસંખ્ય વ્યકિતઓ આવે, પોતાની પ્રાર્થના કરી જાય અને પોતાનું ઇચ્છિત પાર પડી જાય. જય મહારાજની પ્રાર્થના નથી તો એ શું છે ? ચેતન છે. જેને ચેતન સમાધિ કહેવાય. જાગ્રત સમાધિની અંદર જય મહારાજનું સ્વરૂપ અનેકોને પ્રેરણા આપતું હોય. શાંતિ આપતું હોય, સુખ આપતું હોય, એની

મનોકામના પૂર્ણ કરતા હોય.

લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું **યોગીંદ્રૈશ્ચાપિ વંદ્યં** સેવાયોગ્ય છે, વંદનીય છે અને એ વંદનથી આપણને શાંતિ મળે. માણસ સુખી થાય. આટલી મહાન શકિત આટલું વ્યકિતત્ત્વનું પ્રબળ અસ્તિત્વ.

મારા જન્મમરણના બધા જ દુઃખને કાપી નાખ્યા. જય મહારાજ અંતઃકરણની શુધ્ધિ કરે છે. સંતરામ નિર્મલ જોગી. બિલકુલ પારદર્શિતા. સહેજ પણ દાગ પડેલો દેખાય જ નહીં. બધા જ ભય દૂર કરીને જય મહારાજે વેદવાકય આપ્યું.

**તત્ ત્વમ્ અસિ.**

તે તું પોતે છું. બીજો નહી. પંચકોષરહિત જે છે તે તું પોતે જ છું. તત્ત્વમસિને વેદનું મહાવાકય કહ્યું, એ આ જ સ્વરૂપ છે તારું. ઇશ્વર પણ તું જ છું. તારામાં જે છે એ જ મારામાં છે. અન્ય કશું છે જ નહીં. તત્ત્વમસ્યાદિ વાકયથી પોતાના સ્વરૂપનું ભાન કરાવી દીધું. તું પોતે સ્વયં તત્ત્વ આત્મા છે. તું શરીર નથી, માત્ર ને માત્ર આત્મા છું. હવે આટલું ભારપૂર્વક કોણ શીખવાડે? જેને પોતાને અનુભવ હોય તે જ. ગણિત શીખવાડતો હોય તો તે એનો માસ્ટર હોય તો જ વિદ્યાર્થીઓને વર્ષો સુધી કલાસમાં ભણાવી શકે.

**તત્ત્વં તત્ત્વવિદેકાત્મા**

તત્ત્વ પણ તું છું. તત્ત્વને જાણવાવાળો પણ તું છું. તેને તું સ્થિર કરીને જો **'જી રે આપ સંભાળો વીરા આપમાં' તું તારા પોતામાં**

**જ પોતાપણાને જો બહાર કયાંય જોવાની કે જવાની જરૂર નથી તું પોતે જ તારામાં છું. શરરીભાવથી ભલે જુદાં હોય.**

પરમ તત્ત્વ એક જ છે. દરેક શરીરની અંદર આત્મા સ્વરૂપે એના પ્રતિબિંબ પડતા હોય છે **રૂપં રૂપ પ્રતિરૂપ બભૂતુઃ** આવા અનેક રૂપોમાં એ પોતે એક જ છે આટલી સાચી સમજણ જીવનમાં આવવી જોઇએ.

અજ્ઞાન એટલે શું ? જ્ઞાન તો પંડિતો, વિદ્વાનો ને હોય. વિદ્વાનને પંડિત કહેવાય અભણને અજ્ઞાની કહેવાય પણ સાચી સમજણ જેની પાસે હોય તે જ્ઞાની અને જેની પાસે સમજણનો અભાવ હોય તે અજ્ઞાની જેની પાસે અણસમજ રહી, ગેરસમજ રહી તે અજ્ઞાની. આપણે કંઇ વિદ્વાન નથી થવું. મોટા ગ્રંથો નથી ભણવા પણ સાચી સમજણ કેળવીએ તો આપણે સુખી, સમજદાર. જડતા ના કરીએ, ખેંચતાણ ના કરીએ.

જય મહારાજ આપણને આત્મભાવથી અને યોગીઓના ઇન્દ્ર તરીકે એ ઉપદેશ આપતા હોય કે તમે તત્ત્વ છો. પણ એને સમજવું કેવી રીતે ? મહારાજ જનકે બ્રહ્મ પ્રતિપાદન કરવા માટે વિદ્વાનોની એક સભા બોલાવી. ચર્ચાઓ થાય અને પછી એમાંથી નિષ્કર્મ નીકળે કે આ બ્રહ્મ, આ બ્રહ્મની સ્થિતિ છે. ઘણાબધા વિદ્વાનો એકત્રિત થયેલા, ચર્ચાઓ ચાલતી હતી અને યાજ્ઞવલ્કય ઋષિ ત્યાં જઇ પહોંચ્યા. ત્યાં અષ્ટાવક્રને બધાએ ઊભા થઇને એમનો આદર કર્યો. એમની રાહ જોવાતી હતી. જે જીતે એને લાખો ગાયોનું ઇનામ આપવાનું હતું.

યાજ્ઞવલ્કયએ આવીને બેસીને, તરત જ એમના શિષ્યોને

આજ્ઞા કરી કે આ બધી ગાયોને લઇ જાવ. બીજા બધા વિદ્વાનો ધુંઆપુંઆ થઇ ગયા. હજી, જ્ઞાનચર્ચા નથી થઇ. હજી શરૂઆત નથી થઇ અને તમે ઇનામ કઇ રીતે લઇ જઇ શકો? યાજ્ઞવલ્કયે કહ્યું જેને બ્રહ્મ ચર્ચા કરવી હોય તે મારી સામે આવીને ઊભો રહી જાય. બ્રહ્મ એ અદ્વૈત છે. એ અન્ય કંઇ છે જ નહીં. બ્રહ્મ એ ચર્ચાનો વિષય જ નથી અને જો એની ચર્ચા કરવા જાવ તો તે અન્ય થઇ જાય છે, દ્વૈત થઇ જાય છે.

બસ આમ કહીને જે લાખો ગાયોનું ઇનામ હતું એ બધું યાજ્ઞવલ્કય હાંકીને લઇ ગયા. હું બ્રહ્મથી જુદો છું જ નહીં એ જ્ઞાન જય મહારાજે આપણને આપ્યું, જે યાજ્ઞવલ્કય પાસે હતું. કોઇ ચર્ચા કે નિણર્ય થયો નહીં. છતાંય યાજ્ઞવલ્કય બધી ગાયો લઇ ગયા તોય એમને કોઇ રોકી શકયા નહીં. અને પેલા જે ઇનામના લોભથી આવેલા હતા એ વિદ્વાનો, પંડિતો પણ જતા રહ્યા. ખાલી હાથે જતા રહ્યા.

જય મહારાજ વંદનીય છે અને એમણે વંદન કરનાર શિષ્યોને કહ્યું હે શિષ્યો, ત્વમ્ તત્ત્વ અસિ. તમે બધા જ તત્ત્વો છો. એમણે પોતાના સાંનિધ્યમાં યોગીઓ બનાવ્યા. એમણે બધાને તત્ત્વનું દર્શન કરાવ્યું.

જય મહારાજે બોધ આપ્યો. એનું શરણ કરવા માટે **ગૃણંતં** સતત એનું ચિંતન મનન રટણ કરતા રહો. શાનું? તત્ત્વમસિ. હે ઉઘુલક, તું તત્ત્વ માત્ર છું, એવા ભાવથી એને ઓળખાવ્યો, માણસ પોતે નથી જાણતો કે તે તત્ત્વ છે.

**''વિષ્ણુદાસજી મહારાજે ગાયું છે.**

**તત્ત્વનું ટોળુ તુજને નડે, તું તો તત્ત્વાતિત**

**સ્વસ્વરૂપ ગયો વિસરી, સિંહ અજાની પ્રીત**

**ચટકો દઇ ચેતન કરે, જો (અણસાર) શાનમાં સમજાય**

**તો હરિગુરુ સંતકૃપા થકી, પૂરણપદ પ્રીછાય.''**

પૂરણપદ એટલે આત્માનું પદ. આત્માની અવસ્થા એ જ પૂર્ણ પદ છે. જેમ દેશમાં રાષ્ટ્રપતિનું પદ પૂર્ણપદ કહેવાય, એમ આત્માનું પદ એ સર્વોપરી પદ છે, પૂર્ણપદ છે. પણ તત્ત્વનું ટોળું, આ પાંચ તત્ત્વો પૃથ્વી જલ, તેજ, વાયુ, આકાશ એ નડી રહ્યાં છે. અને તું એનાથી પર છું. જે આત્મતત્ત્વ છે એ તું પોતે છું.

પણ માણસ સ્વસ્વરૂપ ભૂલી ગયો કે હું આત્મા છું કે શરીર છું. ઘેટાંના ટોળામાં ફરતો સિંહ ભૂલી ગયો કે હું સિંહ છું. બધાની માફક હું તો ઘેટું જ છું એની વચ્ચે જ ફરે, એ પ્રમાણે જ ખાય, પીવે. પણ કોઇ સિંહ જો ત્રાડ પાડે કે તું જો, તું તો મારા જેવો છું. પોતાની જાતને ભૂલી ગયેલો છું. ચટકો દઇ, અણસારની અંદર એને કહી દીધું. તું ઘેટાંનું સ્વરૂપ નથી. તું સિંહ છું.

એમ તું શરીર નથી આત્મા છું. એમ એક અણસારની અંદર, એક ચટકો ભરીને એને જાગ્રત કરી દીધો અને એ આત્મપદ સદ્‌ગુરુની કૃપા વગર સમજાતું નથી.

# પ્રકરણ – ૧૯૧

**શિષ્યાન્‌સંબોધયન્તમ્‌**

પ્રેમથી ઘણા જ વાત્સલ્યભાવથી સંબોધન કરી રહ્યા છે. જય મહારાજનું સ્વરૂપ અતિ શાંત અને પ્રેમમૂર્તિ છે. જય મહારાજ શિષ્યોને, આશ્રિતોને, સેવકોને આત્માનું જ્ઞાન, આત્માનુસંધાન કરાવી રહ્યા છે.

**પૂર્ણભકત્યા ગૃણંતં**

વેદનાં ચાર મહાવાકયો કહ્યાં છે એ ચાર મહાવાકયોનું એક મહાવાકય આ છે **'તત્ત્વમ્‌અસિ'**

માણસ જન્મ્યો છે ત્યારથી જીવનના છેલ્લા શ્વાસ સુધી લગભગ ભયના ઓથાર નીચે જ જીવતો હોય છે. કંઇક ને કંઇક બીક એના જીવનમાં બનેલી જ રહેતી હોય છે. એ બીકનું કારણ શું? એ કારણને જ જય મહારાજ નષ્ટ કરી રહ્યા છે. કારણ જ ઉખાડી નાખો એટલે કાર્ય જ ના થાય. કાર્યકારણનો સિદ્ધાંત છે **કારણ વગર કાર્ય થઇ શકતું નથી.**

જય મહારાજને ભવભયહરણ કહ્યા તે જીવનની સાચી સમજણનું જ્ઞાન આપે. અજ્ઞાન અને અણસમજની સ્થિતિ

મનમાંથી કાઢી નાખે, તો ઘણી બધી બીકનો આપો આપ નાશ થઇ જાય. વ્યવહારનો ભય લાગે, શરીર, એની પીડા રોગનો ભય લાગે. કલેશની બીક લાગે. આમ જીવનભર કંઇક ને કંઇક કયાંથી કયારે શું થશે એવી બીકથી માણસ સતત બીકનો માર્યો જ જીવતો હોય.

આ જીવનની અંદર જે બધાં ભયસ્થાનો છે એને દૂર કરવાવાળા આપ છો. અણસમજ જયાં સુધી દૂર ના થાય ત્યાં સુધી કલેશ, દુઃખ, અશાંતિ, ઇર્ષ્યા, ચીડ વગેરે રહ્યા જ કરવાનું, પણ આ બધી તો કલિયુગની સેના છે. એ ખાખ થઇ જાય. બળીને કશું ના રહે. આ વ્યવહાર, આ સંસાર માણસને દુઃખી કરતો હોય છે. અમથી અમથી બાબતમાં કંઇક નજીવું કારણ હોય તો પણ મનમાં શંકા, ઇર્ષ્યા, કલેશ, ચિંતા રહ્યા કરે. કહે કે ૭૦ વર્ષ થયાં. ૮૦ વર્ષ થયાં. અલ્યા પણ કેમનાં થાય, એ તો જો. કેટલા સંઘર્ષ, કેટલી ઉપાધિ! આ બધા ભવભય છે. જય મહારાજ આપણને ભવભયમાંથી બહાર કાઢી લે પણ નીકળવું છે કોને ? બહાર નીકળવું નથી.

**ગોવિંદના સર્જ્યા પડયા જીવ જાળ**

**ગુરુ તેની મુકિત કરે તત્કાળ**

ભગવાને તો સર્જીને કહ્યું કે જાવ, આ દુનિયાના ખાડામાં, પણ ત્યાં તો દુઃખી જ થવાનું ને! એણે જન્મ આપ્યો પણ રક્ષા કોણ કરે? આ ખાડામાંથી બહાર કોણ કાઢે? ગુરુ તેની મુકિત કરે. એ આ દુનિયાની માયાના કળણમાંથી, કીચડમાંથી બહાર જ ના નીકળી શકતો હોય એને બહાર ખેંચી લે. જીવન જીવવાની સાચી

સમજણ આપે.

મહાપુરુષો સંતો પાસે શું હોય? ત્યાગ હોય, ત્યાગથી જીવી જાણો. ઉંમર થઇ ગઇ હોય ને છોકરા જે ખાવાનું આપે એમાં થાળીય સરખી ના હોય, પાણીનો પ્યાલોય સરખો ના હોય, અરે! મારે આમાં ખાવાનું? આ છોકરા મારી આવી અવદશા કરે છે! આ દુઃખ! પણ જય મહારાજ ત્યાગમાં લઇ જાય કે આવો **'કરતલ ભિક્ષત'** હાથમાં જ ભિક્ષા લઇને ખાવાની, હરિદ્વાર, ઋષિકેશમાં જુઓ. ઊભા હોય સંતો, હાથમાં દો રોટી રખેંગે, ઉપર થોડી સબજી દાલ ખડે ખડે ઘોલો ઔર હાથ ધોકે ચલે જાવ. એ આનંદથી ખાય અને ઘરમાં સહેજ ગોબાવાળી થાળી આપી હોય તો મને આવી થાળી આપી! અરે ભાઇ, માટીનાં ઠોબરામાં આપે તોય ખાઇ લે ને! આ સંતો લાકડાના પાત્રમાં ભિક્ષા માગે છે. **'નારાયણ હરિ'** જે આપીએ એ લઇને, ખાઇને ચાલતા થાય. એમને અપમાન લાગે છે?

જય મહારાજ દુઃખમાંથી અશાંતિમાંથી બહાર કાઢવાવાળા છે. આવી જાવ બહાર, કેવી રીતે ? જેમ કળણના કીચડમાં માણસ હવાતિયાં મારતો હોય ને બહાર ના નીકળાતું હોય અને દોરડું નાખે કે લે દીકરા, પકડ આનો છેડો. અને એને બહાર ખેંચી લાવે. હાશ ! સંસારમાંથી જય મહારાજે મને ઉગારી લીધો.

પણ એ સાચી સમજણ કેળવાવી જોઇએ. જયાં પરિસ્થિતિ એવી હોય તો માન અપમાનને સહન કરવાં પડે. એકવાર ચારધામની યાત્રાએ ગયા હતા. મંદિરના ૧૦-૧૨ સંતો હતા.

૨૪ માણસનું ગ્રુપ હતું. એક ગાડી કરી લીધી હતી. ગંગોત્રી જવા નીકળ્યા. ઉત્તરકાશીએ પહોંચ્યા ને તકલીફ થઇ ગઇ. દોડાદોડ થઇ ગયેલી. રાત્રે મોડા થાકીને લંકાધારીએ પહોંચ્યા. ત્યાંથી પછી ચાલીને જવાનું હતું. બધાંને ભૂખ લાગેલી એક ઝુંપડીવાળાને કહ્યું કે ભાઇ, કંઇક બનાવ. એણે પરોઠા ને શાક બનાવવા માંડયું. બધા પડાપડી કરે. આખા દહાડાના ભૂખ્યા હતા. પૈસા આપવા છતાંય પેલા દુકાનવાળાના લપકારા સાંભળવા પડેલા. ઐસે તો કુંભમેલે મેં ભી નહીં હોતે. પૈસા આપીને ગાળ ખાધેલી. લે, ભાઇ! તને ગાળ ખાવાના પૈસા આપ્યા હતા. બધા હસતા હસતા કહે, ભાઇ, તારે જે કહેવું હોય એ કહે. પણ ખાવાનું લાવ બધાને ભૂખ લાગી છે.

**તો આવી પરિસ્થિતિમાં માણસ પોતાની જાતને નિયંત્રણમાં રાખે કે તારે જે ગાળો આપવી હોય એ આપ પણ રોટલો આપ જમતાં જમતાં પણ તારે જેટલી ગાળો બોલવી હોય એ બોલ, હું તો શાંતિથી ખાઉં છું. આ સમજણ હોય તો જ તમે સુખી થઇ શકો.**

એકવાર નારાયણદાસજી સાથે અમે બધા મંગલગૃહમાં જમવા બેઠા હતા. મહારાજશ્રીએ જમતા જમતા પ્રશ્ન પૂછયો કે 'સાધુનો સ્વભાવ કેવો હોવો જોઇએ? કોઇક કહે આવો, કોઇ કહે આવો. આપણે બાજુમાં જ બેઠેલા. આપણને પૂછયું કહ્યું, કૂતરા જેવો, બસ, સાચી વાત કેમ કે સાધુ તરીકે ભિક્ષા લેવા બોલાવે તો જાય અને કહે કે જા નથી અને ફરી બોલાવે. જેમ કુતરાને હડ હડ કરે, ને પછી ફરી બોલાવે એટલે પૂંછડી પટપટાવતુ, મોઢું ખુલ્લું કરીને આવે. એવી જ રીતે માન અપમાનથી રહિત થઇને એકવાર ધુત્કારી કાઢે તો પણ શું? જતો રહે પાછો અને ફરી પાછોય આવે.

સ્વભાવ એ રીતનો કુતરા જેવો રાખવાનો. આનું નામ સમજણ.

જય મહારાજ આપણને સમજણના માર્ગે લઇ જાય છે. માણસના જીવનમાં સમજણ ના કેળવાઇ હોય તો સંપન્નતા હોય તો પણ એ ખાઇ ના શકે. સારામાં સારી ઘરની સ્થિતિ હોય, ઘરમાં ડાયનિંગ ટેબલ હોય એની ઉપર થાળી, વાટકી, પ્યાલામાં બધું સરસ રીતે સ્વાદિષ્ટ અને સુગંધીદાર પીરસાતું હોય પણ કંઇક બની જાય ને, જા નથી ખાવુ છણકો કરીને હડસેલીને ઊભા થઇ જાય. ભૂખ્યા જ રહેવું પડે. આ દુઃખ માત્ર અણસમજનું છે. માણસના જીવનમાં સાચી સમજણ સિવાય ગમે તેટલો વૈભવ હોય છતાંય શાંતિ ના હોય. એ સુખને ભોગવી ના શકે, કારણ કે સમજણ નથી. જો માણસ સમજણ કેળવી લે તો કશું જ ના થાય.

આપણે અહીં એક ભાઇ આવે છે. રોજ આવે છે. કયારેક કયારેક ઘરે જાય તો ઘરવાળા ફાયરીંગ કરવા માટે ઊભા જ હોય આવ્યા? ઘર દેખાતું જ નથી ને. આમ કહે ઘણુબધું પણ એ ઊભા જ રહી જાય. પછી પેલા બોલતા બંધ થઇ જાય પછી કહે કે બોલ હવે કંઇ કહેવું છે? હજી કંઇ બાકી હોય તો કહી દે. સારું ત્યારે એક ઠંડો પ્યાલો પાણી આપ. એ પોતે પણ ઠંડા પાણીના પ્યાલા જેવા જ. પાણી પીને કહે ચાલ હવે જમી લઇએ.

આ છે સમજણ. સ્વાભાવિક છે કે ઘરમાં ચાર દિવાલોમાં રહેવાનું હોય કકળાટ હોય ને બધુ મગજમાં ભમ્યા કરતું હોય. ઊભરો ઠાલવી લે, પણ પછી કશું નહીં. આવી સમજણ કેળવવી પડે. આ સહનશકિત ને સમજણ શીખવાડે કોણ? આવા સત્સંગ દ્વારા જય મહારાજ શીખવાડે. જીવનની અંદર નજીવી બાબતમાં

દુ:ખો અને આપત્તિઓ ઊભી થતી હોય. હોય કશું જ નહીં તો પણ એમ ને એમ વાસણ ખખડયા કરે. પછી ગોબા પડે. એવા મગજમાં પણ ગોબા પડયા કરે પણ જો શાંતિ અને ધીરજ રાખો અને આવા સત્સંગના શરણે જાવ તો આવી નાની નાની બાબતોની અશાંતિઓ જય મહારાજ સહેજમાં દૂર કરી નાખે. **'ભવભય હરણ.'**

**તત્વમસ્યાદિ વાકયં.** વેદનાં મહાવાકયોથી તો કરે પણ સામાન્ય જીવનમાંથી તમને એવી સમજણ આપી દે કે આવાં અણસમજનાં નાટક ના થાય. કયાંક માણસની સમજણ કાચી હોય તો જ આમ થાય. પણ માણસ વ્યવહારુ હોય તો સાહજિકતાથી જે કંઇ આવેગ, આવેશ, ઊભરો ઠલવાઈ જાય. પણ પછી જાતે ટાઢા પણ થઇ જાય. જયાં સુધી સત્સંગનું શરણું ના મેળવાય અને સત્સંગ ના સેવાય ત્યાં સુધી ઊભરા આવશે પણ અધૂરા જ હોય. ફરી પાછા ગમે ત્યારે ઊભરા થાય. સત્સંગના દ્વારે સાચી સમજણથી માણસ એવી રીતે જીવી શકે કે પોતાનું ઘર એને સ્વર્ગ જેવું લાગે. આવી બાબતોમાં કલેશને ટાળી દે.

**'શિષ્યાન્ સંબોધયન્તમ્.'** આ રીતે શિષ્યોને સંબોધન કરે, આદેશ આપે. સૂચના આપે. સલાહ, શિખામણ આપે કે જો ભાઇ આપણા ઘરની અંદર આપણાથી આ રીતે ના રહેવાય. આપણે તો સત્સંગ સેવી રહ્યા છીએ પછી આવી નાની નાની બાબતોમાં કલેશ શા માટે કરવો? જીવનને શાંતિથી જીવવું. **ભગવાને શાંતિથી જીવવા માટે જન્મ આપ્યો છે. જીવનનું આત્મકલ્યાણ કરવાનું છે પણ એ વસ્તુ સમજાય જ નહીં. પહેલી શાંતિ મનમાં હોય તો જ ઘરમાં શાંતિ**

**આવે પણ આપણા મનની અંદર જ શાંતિ ના હોય.**

**કલેશહન્તાશિભોત્વમ્.** બાપજી, આપ તો અમારા જીવનનાં કલેશોને દૂર કરવાવાળા છો. સત્સંગમાં બેઠા હોઇએ, સારી રીતે શાંતિથી સાંભળીએ, સમજીયે અને જીવનને એ પ્રમાણે કેળવવા પ્રયત્ન કરીએ તો જ સુખેથી અને શાંતિથી જીવી શકાય. સાંભળ્યુ હોય, સત્સંગે પણ જતા હોઇએ, પણ સ્વભાવ જ કકળાટિયો હોય તો શું કરો ?

**જીવનના સ્વાદ એવા છે ઘડી કાંટા ઘડી ફૂલો**

**છતાંય જીભ લલચાતી કરી એવી ફરી ભૂલો.**

ફૂલો ખીલે પ્યારાં પણ કાંટાની વચ્ચે ખીલે

છતાં જીભ લલચાતી હોય. કાંટા ખાવા પાછા જાય.

આ છે જીવન અને જીવનની ગહરાઇની અંદર જય મહારાજ આપણને બોલાવે છે.

લક્ષ્મણદાસજી મહારાજ કહે છે, જય મહારાજનો સ્વભાવ કેવો છે? **'તત્ત્વમસ્યાદિ વાકયૈહિ, શિષ્યાન્ સંબોધયન્તમ્ નરકભહરમ્'** જય મહારાજ તો નરકના દ્વાર બંધ કરવાવાળા છે. એ તરફ જોવાનું જ નહીં. એ તરફ જવાનું જ નહીં પણ આપણે તો વારંવાર ગુસ્સો કરીએ છીએ ભગવાને ગીતાજીમાં કહ્યું છે.

**ત્રિવિધંનરકસ્યેદં દ્વારમ્ નાશનમ્ આત્મન.**

આ ત્રણ વિનાશનાં દુર્ગતિનાં દ્વારો છે. કામ, ક્રોધ તથા લોભ. આ ત્રણેયને છોડો તો ઘરમાં શાંતિથી જીવાય. એનાથી ઘરમાં ઉપાધિઓ, અશાંતિ, કલેશ, ઇર્ષ્યા, દુઃખ, સંઘર્ષ, રાગદ્વેષ

બધું જ આવી જાય. બધો ઉકરડો ઘરમાં આવી જાય પણ જો સત્સંગ કેળવ્યો હોય, સમજણ મેળવી હોય અને આ બધાથી દૂર રહેવા પ્રયત્ન કરીએ તો તમારાથી સાહજિકપૂર્વક જીવન જીવાય.

બસ, આ રીતે જીવનના વ્યવહારની ઉપાધિઓને કેવી રીતે દૂર રાખવી એ સદ્‌ગુરુ શીખવે છે. જે આ બધા કલેશમાંથી જીવન સંઘર્ષને પાર કરતાં શીખે એ જ સાચી શાંતિ મેળવી શકે.

આપણે પણ સત્સંગ દ્વારા જય મહારાજના સાંનિધ્યે, શરણે એવા પ્રકારના શાંત થઇએ. જય મહારાજ તો આપવા બેઠા જ છે કે લો, જીવનની શાંતિનું આ ભાથું લઇ જાવ. દુઃખી ના થશો, ઘરમાં જઇને સત્સંગ કરજો. આનું ચિંતન કરજો. આનો વારંવાર વિચાર કરતા રહેજો તો આ દુઃખથી, આ કલેશથી બચાશે.

।। જય મહારાજ ।।

# પ્રકરણ – ૧૯૨

તત્વમસિ ઉપદેશ વડે જે આ જીવનના અનેક ભય દૂર કરવાવાળા છે. એવા અમે આપના શરણે છીએ. આપ આશ્રિતોને તત્વમસિના ઉપદેશ દ્વારા સદ્‌ગતિ અપાવો છો. સન્મતિ આપો છો. સંત સ્વરૂપ આપો છો.

આ જીવનની અંદર જે નરકની યાતનાઓ છે એ બધી જ વ્યવહારિક અને દુન્યવી છે. આત્મતત્ત્વ એનાથી પર છે. એટલા માટે કહ્યું, **''તત્ત્વમ્‌અસિ''. ''અસિપદમાં ચિત્તધાર''**. તારુ મન તારી વૃત્તિઓ હું છું એની અંદર દૃઢ કર. આત્મવિશ્વાસ કેળવવાનો છે અસિપદમાં તારા આત્મપદમાં સ્થિર થઇ જા. હું આત્મા છું, ચૈતન્ય છું. આ જડ શરીર તે હું નથી. મારા વગર આ જડ શરીર રહી શકવાનું નથી. શરીરની જે કંઇ ચેતના છે તે મારી પોતાની છે. એ રીતે દૃઢ થા. નિશ્ચિય કર હું તત્ત્વ છું. પરમ તત્ત્વ તે હું છું. શરીર ભૌતિક, દુન્યવી છે, ક્ષણભંગુર છે. તું શાશ્વત છું. તારા નિજ સ્વરૂપને સતત સ્મરણમાં રાખ. તારા આત્મસ્વરૂપને સતત સ્મરણમાં રાખ. તારા આત્મસ્વરૂપને સહેજ પણ વિસ્મૃત ના થવા દઇશ. મારા પોતાનામાં મારી આત્મચેતના સિવાય આ શરીરમાં કંઇ શાશ્વત નથી શરીર બદલાતું રહે છે. વૃત્તિઓ બદલાતી રહે

છે. વિચારો, વિષયો પણ બદલાતા રહે છે. પણ અંદર જે ચૈતન્ય છે એ શાશ્વત છે, સ્થિર છે. એ બધાનો દૃષ્ટા છે. દરેક વખતે હું છું જ. પાપ વખતે પણ હું જ છું અને પુણ્ય વખતે પણ હું જ છું. હું જ એનો દૃષ્ય સાક્ષી છું.

શંકરાચાર્યજીએ કહ્યું, '**કોવાસ્તિઘોરોનરકઃ**' ઘોર નરક કયું? તો કહ્યું સ્વદેહ. આ શરીર એ જ મોટામાં મોટું નર્ક છે. બસ શરીર પ્રત્યે હંમેશા એવો ભાવ રાખો. શરીરમાં મોહ ઉત્પન થશે તો ભોગો, વિલાસિતા વૈભવો તરફ ઢળી જતાં વાર નહીં લાગે. એને કારણે જીવન નર્કમય બનશે. શરીર, મન અને ઇન્દ્રિયોથી જેટલા અતિશય ભોગો ભોગવાશે એટલું જ આ શરીર નર્ક બનશે. અનેક પીડાઓ, વ્યાધિઓ, અનેક રોગો શરીરને સતાવ્યા જ કરશે. એટલે હું આત્મા છું. સ્થૂળ, ભૌતિક શરીર કે ભોગો હું નથી. એ રીતે સંયમ રાખતાં શીખો. તારા જીવન, તારા શરીર પર સંયમ રાખ. આ શરીર માત્ર ભોગોનું સાધન નથી પણ '**શરીર માદ્યમ ખલુધર્મસાધનમ્.**'

આ શરીર ભોગ માટે નહીં પણ ધર્મનું ઉપાર્જન કરવા માટે છે. આ શરીરમાં પરમ તત્ત્વ પરમાત્માનો અંશ ના રહે તો આ શરીર ટકી ના શકે. સૃષ્ટિમાં પણ પરમ તત્ત્વ પરમાત્મા ના રહે તો આ સૃષ્ટિ પણ ના ટકી શકે. '**નક્ષત્રનેમિનક્ષત્રિ**' આ જે કંઇ આકાશમાં તારા, ચંદ્ર, નક્ષત્ર દેખાય છે સર્વની ધરી એકમાત્ર પરમાત્મા છે જે કેન્દ્રમાં છે અને એની ચારેય બાજુ આ સૃષ્ટિ ભમ્યા કરેછે. સમસ્ત બ્રહ્માંડ ભગવાનની જ પ્રદક્ષિણા કર્યા કરે છે. ચંદ્ર ફરે છે, પૃથ્વી ફરે છે, સૌર્યમંડળ ફરે છે, સૂર્ય ફરે છે એ જ પરિભ્રમણાત્મક સ્થિતિ છે એ બધી જ પરમાત્માને આધારિત છે.

આ શરીરને પણ પરમાત્માનો આધાર છે સમગ્ર શકિત પરમાત્મા થકી જ ધારણ થયેલી છે. આવી સમજણપૂર્વક જય મહારાજ આપણને નરકગામી વૃત્તિવાળા જીવનમાંથી બહાર કાઢે છે. શિષ્યને બોધ આપે છે કે જો, જીવનમાં આટલું ખોટું છે. આટલું સાચું છે. સાચું છે એનો સ્વીકાર કરવો, અને જે ખોટું છે એનો નિકાલ કરવાનો.

આ રીતે શિષ્યો, આશ્રિતોનું પરમ કલ્યાણ થાય એવો બોધ જય મહારાજ આપી રહ્યા છે. લક્ષ્મણદાસજી મહારાજે એ બોધનો સ્વીકાર કર્યો. **તત્ત્વમસ્યાદિ** જે મહાવાકયો છે એ વેદના વાકયોનો પરિપૂર્ણ રીતે સ્વીકાર કરવાનો છે. અને સંપૂર્ણ રીતે પોતાનામાં સમજણપૂર્વક ઉતારવાનો છે. તું એ પોતે જ છું. જેની ઉપાસના કરું છું. ભગવાન તારામાં જ બેઠેલા છે. તું ભગવાનનું જ સ્વરૂપ છે. પરમાત્માથી છૂટો પડેલો આ જીવાત્મા પણ પરમાત્માનો જ અંશ છે. જેમ એક નાનો સરખો તણખો ઘાસના કે રૂના ઢગલામાં પડી જાય તો એ પણ અગ્નિની જેમ ભડકે બળે છે. એમ આત્માને પણ પૂર્ણ રીતે જો પોતાનું વાતાવરણ મળી જાય તો એ પોતે પણ પરમાત્મા સ્વરૂપે પ્રગટ થઇ શકે છે. એ તું પોતે જ છું. અદ્વૈત કહ્યું, જેમ એક નારંગી કે દાડમ છે. આખું એક જ ફળ છે. પણ એને અંદરથી ખોલીએ તો એની અંદર ચીરીઓ, પેશીઓ, દાણા નીકળે. પણ ફળ તો એક જ. એમ આ સૃષ્ટિ પરમાત્માની એક જ છે. પણ એ સૃષ્ટિની અંદર ભિન્ન ભિન્ન જુદા જુદા દાણા છે. પણ આખરે તો પરમાત્માનું જ સ્વરૂપ છે.

આ જગતમાં સંસારના મોહની જે આસકિતઓ છે એ બધી જ આસકિતઓને દૂર કરી નાખ. આ શરીર ભોગવવા માટે

નથી. હું શરીર વડે કંઇક મારી ઉન્નતિ કરવા, પ્રગતિ કરવા માટે આવ્યો છું. જેવો સાધનનો ઉપયોગ કરીશું એવો એનો લાભ મળશે. એક છરી કે ચપ્પુ, કાતર જો કોઇ ડૉકટર, સર્જનના હાથમાં આવશે તો જીવન બચાવી લેશે. અને એ જ હથિયાર જો કોઇ તોફાની કે ચોર-ગુંડાના હાથમાં આવશે તો માણસનું જીવન લઇ લેશે. વસ્તુ એક જ છે.

એમ આ આપણું શરીર પણ એક જ છે. ઉપયોગ કેવી રીતે કરીએ છીએ એના ઉપર બધો આધાર છે. સારો ઉપયોગ કરીશું તો જીવન સુખી શાંત હશે, સદ્ગતિ થશે. પણ જો દુરુપયોગ કરીશું, દુરાચાર હશે તો દુઃખી થવાનું, દુર્ગતિ થશે. કેટલાય કલેશ અને રોગો ભોગવવા પડશે. જે વેદના સહન ના થાય.

માટે કહ્યું કે સાચી સમજણ જીવનમાં સ્વીકારતાં શીખીશું. જીવનની વાસ્તવિકતાને સમજીશું તો જરૂર આપણે પોતાની જાતને સ્વર્ગ નહીં મુકિતનું ધામ બનાવીશું. મોક્ષ પ્રાપ્ત કરી શકીશું. મૃત્યુ પછીનો મોક્ષ નહીં. જીવતે જીવતાં પણ આ શરીરમાં મોક્ષ પ્રાપ્ત થઇ શકે. જેને વિદેહી કહેવાય. શરીર હોવા છતાંય સંસારમાં બેઠા હોય છતાં, એના ભોગો એના વ્યવહાર બધાની વચ્ચે હોય છતાં એમાંથી પોતના મનને, પોતાની વૃત્તિઓને મુકત રાખે, એને બંધાવા ના દે, જો બંધાઇ ગયો તો છૂટી નથી શકવાનો. સદ્વૃત્તિઓ, અસદ્વૃત્તિઓ, દુરાચાર કે સદાચાર એ બધું જ માણસના પોતાના જીવનની અંદર, એની પોતાની વૃત્તિઓ ઉપર આધાર રાખે છે. વૃત્તિઓ સદ્વૃત્તિ હશે તો શાંતિ મળશે, જો દુરાચારવાળી વૃત્તિ હશે તો દુર્ગતિ થવાની, એટલે શરીરના

વ્યવહારને એવી રીતે રાખીએ, જીવનને એવુ સંયમમાં રખીએ કે કયારેય પણ આપણે આપણી જાતને, પોતાનાં શરીરને નરક ના બનાવી દઇએ.

આપણને આપણું જીવન જીવતાં ન આવડે તો આપણને ખુદને આપણા જીવનનો કંટાળો આવે. મહાપુરૂષો, ત્યાગીઓ જંગલમાં બેઠેલા હોય છે કશી જ સગવડ, સુવિધાઓ, સુખ નથી હોતાં, છતાં મસ્તીથી, આનંદથી જીવતા હોય છે અને આપણે ઘરમાં ગૃહસ્થ તરીકે બધી સુવિધાઓ હોય છતાંય સુખ શાંતિ કે નિરાંત હોય જ નહીં. પેલો સુખેથી જીવતો હોય કોઇ ઠેકાણું ના હોય, વૃક્ષ નીચે જ સૂઇ રહેતો હોય, પાથરવા માટે ગમછો પણ ન હોય, માટીમાં પથ્થરનું ઓશીકું કરીને સૂઇ જતો હોય છતાંય સુખશાંતિ ને નિરાંત હોય કેમ કે એના જીવનમાં સાચી સમજણ છે. એટલા માટે જ એ સાચું સુખ મેળવી શકે છે.

બધી સુવિધાઓ વચ્ચે પણ આપણને સ્વપ્નેય સાચું સુખ નથી મળતું. એમ થાય કે સાચું સુખ તો નથી જ. આટલો કંટાળો છે, આટલો અજંપો છે. આટલી ઉપાધિઓ, અશાંતિઓના ઢગલા વાળેલા છે, પછી ગમે તેટલી સુવિધાઓવાળા શયનખંડો હોય તોય ઊંઘ ના આવે અને

**સાસુઃ સદાધાર સમાધિનિષ્ઠ.** સુખેથી નિરાંતે સમાધિન માફક કોણ જીવી શકે? અધિહી. પોતાનામાં જ બધું સમાવી દે. કશું બહાર ના લેવા જવું પડે. સુખ પણ બહાર શોધવા ના જવું પડે. કોઇ સુવિધા પણ ના માગવી પડે. કે તું આપીશ મને? કશું જ નહીં. પોતાનામાં જ સમાઇ જાય. બહારની કોઇ ચીજની સહેજ

પણ જરૂર ના પડે. શ્વાસ રોકીને બેસી જાય. હવા શું કરવી હતી? માટે શ્વાસની પણ જરૂર નથી એને કહ્યું સમાધિ.

આવી ઊંચી નિષ્ઠા હોય અને એ તરફ આપણે સંયમ દ્વારા, સદાચાર દ્વારા આપણું જીવન એ દિશામાં લઇ જઇ શકીએ તો આપણે સાચું સુખ, સાચી શાંતિ મેળવી શકીશું. જય મહારાજ આપણને તત્ત્વજ્ઞાન આપી રહ્યા છે. આપણને સ્વસ્વરૂપનો બોધ આપી રહ્યા છે કે જેના વડે જીવનમાં કયારેય નરકનાં દર્શન જ ના થાય.

આ જય મહારાજના શ્રીમુખની વાણી છે. ચાર વેદનો સાર છે. અંતિમ સાર છે અને એ રીતે જય મહારાજ સૌને મુકિતનું ભાથું આપે છે કે સુખેથી જીવનભર સાથે રહીએ. પરસ્પર આપણે પોતાના સ્વરૂપને નિરખતા રહીએ.

# પ્રકરણ – ૧૯૩

**અન્નાદ્યૈઃ પંચકોશૈઃ**

જય મહારાજ શિષ્યોને સંબોધી રહ્યા છે. તું તારા સ્વરૂપને ઓળખ.

**''હું કહું છું વ્હાલા તાત, તું ઓળખ તારી જાત''**

જયાં સુધી માણસ પોતાની જાતને નથી ઓળખતો ત્યાં સુધી એની બધી જ ઉપાસનાઓ અધૂરી રહે છે. ગમે તેટલું સાધન ભજન કરીએ પણ આત્મરૂપી ઇશ્વર ના સમજાય, ત્યાં સુધી બધી જ ઉપાસનાઓ અધૂરી.

નરસિંહ મહેતા કૃષ્ણભકત છે. છતાંય તેમણે ભારપૂર્વક ગાયું કે આત્મતત્ત્વની ઊપાસના ન થાય ત્યાં સુધી બધી જ સાધના નકામી છે.

**જયાં સુધી આત્મા તત્ત્વ ચિન્યો નહીં**

**ત્યાં સુધી સાધના સર્વ જૂઠી.**

હવે ભકતકવિ કૃષ્ણ ઉપાસક છે છતાંય કહે છે આત્મતત્ત્વને જાણવું જરૂરી છે. અહીં જય મહારાજ પણ કહે છે

તત્ત્વમઅસિ. એ પોતે તું જ છું. કોઇપણ વસ્તુ કે ફળ આપણે ઘરમાં લાવીએ તો એની અંદરનું જે ઉપયોગી છે એ કાઢી લઇએ છીએ અને જે ઉપયોગનું ના હોય અ બધું કાઢીને ફેંકી દઇએ છીએ, તો જે ઉપયોગમાં આવનારું તત્ત્વ છે એને સત્ત્વ કહ્યું.

એમ તત્ત્વ એ તું પોતે છું. એ તત્ત્વ બીજો નહીં. આપણે એ તત્ત્વને સમજવાનું છે, ઓળખવાનું છે. બીજા શબ્દોમાં કહીએ તો વણસમજાયેલું સત્ય. The Unknown Truth. હવે જે સમજાતું જ નથી છતાંય સત્ય છે.

આપણા પોતામા આપણુ પરમ સત્ય એ આત્મા છે. છતાંય એ સમજાતો નથી. પોતાના જીવનની અંદર એને સમજવો, ઓળખવો, એનો પરિચય કરવો જરૂરી છે. એનો સાક્ષાત્કાર ભલે ના થાય. એ સ્થૂળ નથી એ સૂક્ષ્મ ચેતના છે જેને અપરોક્ષ કહેવાય. પ્રત્યક્ષ નથી છતાંય એનો સ્વીકાર કરીએ છીએ. આંખથી જોઇ નથી શકાતો અને બીજો સમજાવી પણ નથી શકતો.

પ્રત્યક્ષ અને પરોક્ષ બે વાત છે. જાતે જોયેલું અને સમજેલું અને કોઇના દ્વારા સમજાવેલું કે આને પરોક્ષ કહેવાય. જે જાતે જોયું એ પ્રત્યક્ષ કહેવાય. આ બેથી આગળ એક ત્રીજી બાબત પણ છે. જે પ્રત્યક્ષ કે પરોક્ષ નથી છતાંય એની અનુભૂતિ થાય.

ઘણીબધી બાબતો છે. મન હાથમાં આવે છે? દેખાય છે? સમજાય છે? છતાંય મન વગર ચાલે છે? તો જે મન સમજાતું નથી, ઓળખાતું નથી, આકાર નથી, પ્રકાર નથી, છતાંય આપણે એનો સ્વીકાર કરીએ છીએ એટલે અપરોક્ષાનુભૂતિ થઇ. નથી દેખાતું છતાંય એનો સ્વીકાર કરીએ છીએ. ગુરુત્વાકર્ષણ દેખાય

છે? છતાંય કોઇએ કહ્યું એટલે એનો સ્વીકાર કરી લીધો. મન પોતે અનુભવાય છે માટે એનો સ્વીકાર કરીએ છીએ.

એવી રીતે આત્મતત્ત્વ તું પોતે છું. ભગવાન જ તારા પોતામાં છે. તું અન્ય છું જ નહીં. આટલી બધી ઊંડાણની વાત કરે અને એ તત્ત્વને સાચી રીતે સમજાય એના માટે સંબોધન કરે કે **'ઓળખ તારી જાતને.'** તું માત્ર શરીર નથી. આ જે દેખાય છે, અનુભવાય છે તે સત્ય નથી. અને જે નથી દેખાતું એ સત્ય છે, જેને કહેવાય આત્મચેતના. અને જે દેખાય છે છતાંય સાચું નથી તે છે શરીર. આત્માને સમજવાનો છે, અનુભવવાનો છે. આત્મસાક્ષાત્કાર નહીં પણ એ સૂક્ષ્મ ચેતનાને આપણા પોતાની અંદર સમજવાની છે કે મારામાં જે આત્મ ચેતના છે એ સૂક્ષ્મ આત્મચેતના નથી દેખાતી. અવ્યકત છે છતાં એ પોતે હું છું. આત્મતત્ત્વ અંદર બેઠેલું છે. શાંતિથી એકાંતમાં બેસીને વૃત્તિઓને અંતર્મુખ કરીએ પછી શાંતિથી શોધીએ કે હું કયાં છું, હું શું છું, બસ એનું મનન ચિંતન કરતાં શરીરનો આખો જ સ્થૂળભાવ છે એ જુદો પડી જશે. અને આત્માને અનુભવી શકાશે, જોઇ શકાશે. શરીરના માધ્યમ વડે સૂક્ષ્મચેતન તત્ત્વને ઓળખી શકાશે, સમજી શકાશે. માત્ર સમજવાનું જ છે. કારણ કે અવ્યકત અને સૂક્ષ્મ છે માટે હાથમાં નથી આવવાનું. આપણું મન કોઇ દિવસ હાથમાં આવે છે? મન કયાં છે એ કેવી રીતે ખબર પડે. જયાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ. આ સાબિતી છે. એવી રીતે **જયાં જયાં વિચાર છે ત્યાં ત્યાં મન છે. વિચાર વગર મન સાંભળી શકતું નથી. જો વિચાર ના હોય તો મનનું અસ્તિત્વ પણ ના રહે. વિચારો શાંત થઇ જાય તો મન પણ નહીં રહે.**

**''પાર પડયા કેમ જાણીએ, જયારે મનમાં મન સમાય.'' આપણું મન આપણા વિચારો આપણા મનમાં જ સમાઇ જાય, બહાર નીકળે જ નહીં, શાંત થઇ જાય એને યોગિક ભાષમાં ઉન્મુનિ અવસ્થા કહે છે. મનનું ઉન્મૂલન કરી નાખવું, ઉખાડી નાખવું. જયારે સાધનભજનમાં બેસીએ ત્યારે મન બિલકુલ કાઢી નાખેલું હોય એનું સહેજ પણ ના ચાલે. જેમ બહુ તોફાની છોકરું હોય, કોઈક દિવસ મા-બાપ કંટાળે, અકળાય ને ઘરની બહાર કાઢી મૂકીને બારણાં બંધ કરી દે. જા ! કર તોફાન. એમ મનને પણ બહાર કાઢી મૂકે. મનનું ઉન્મૂલન કરી નાખવાનું જયારે પણ સાધનભજનમાં બેસીએ ત્યારે મનને બહાર કાઢી નાખવાનું કે હમણાં તું બહાર રહે. અત્યારે તારો સમય છે જ નહીં. તારે અંદર આવવાનું જ નહીં. જા બહાર રમ્યા કર. કયાં જશે? બારણે જ બેસી રહેવું પડશે.**

આ રીતે પોતાના સ્વસ્વરૂપનું અનુંસધાન કરવાનું. વૃત્તિઓને પોતાની અંદર સમાવી લેવાની, મનની જે જે ક્રિયા પ્રવૃત્તિ છે એનું નામ વૃત્તિ, સદ્‌વૃત્તિ હોય, અસદ્‌વૃત્તિ હોય, દુર્વૃત્તિ હોય, લોભ વૃત્તિ, ક્રોધ વૃત્તિ, કામવૃત્તિ, આ બધી જ વૃત્તિઓ મન દ્વારા ઊભી થતી હોય છે. મન પોતાને ગમે તેવી પ્રવૃત્તિ કરે, પણ મનને ચૂપ કરી દો. બોલવાનું નહીં. હાલવાનું-ચાલવાનુંય નહીં. વિચાર સરખોય નહી કરવાનો. એ જે ચૂપ અવસ્થા છે એ જ તત્ત્વમસિ, ત્યાર પછીથી એ આપણા તત્ત્વને સમજવા દેશે, ઓળખવા દેશે, અનુભવવા દેશે કે આત્મતત્ત્વ મારામાં છે.

પહેલાં આપણે શરીરભાવ રાખીએ છીએ. મારા શરીરમાં આત્મા છે એમ નહીં પણ હું પોતે આત્મા છું અને આ શરીર મારી સાથે છે. ત્યાં જઇને ઊભું રહેવાનું છે. આખા શરીરની અંદર એક

એક કોષમાં એ ચેતના છે. ત્યારે તો ક્રિયા થાય છે. એ વ્યાપ્ત છે. દરેકે દરેક દાણામાં અંકુર હોય છે અને પોતપોતાની જાત પ્રમાણે બધાના અંકુર સરખા હોય છે. એ અંકુર ઉગવા માટે જ હોય છે અને એ દાણા જયારે ધરતી પર પડે ને અનુકળતા થાય એટલે ઉગવાના જ છે. કેમ કે દરેકની અદર ચેતના છે.

**એમ આપણી આત્મચેતના, આત્મશકિત પણ શરીરના દરેકે દરેક કોષની અંદર છે જ. જેમ જડ ચેતનામાં પરમાત્મા છે એમ આખા શરીરની અંદર, બધાની અંદર એ સૂક્ષ્મ ચેતના વ્યાપેલી છે જ. હવે એ જે વ્યાપક આત્મચેતના છે એનો અનુભવ કરવાનો છે. શરીર આત્મચેતના થકી જ ચાલે છે. જો આત્મચેતના ના હોય તો શરીર મૃત છે. એ જે અનુભવ થાય એ આત્માનો પરિચય. ભલે હું શરીરમાં ના દેખાતો હોઉં છતાં છું તો હું જ આખા શરીરનું સંચાલન કરનાર. આખા શરીરનું તત્ત્વ હું છું. મારા વગર આ શરીર ટકવાનું નથી. હું જયારે આ શરીરમાંથી સૂક્ષ્મ સ્વરૂપે નીકળી જઇશ તો આ શરીર કશા કામમાં નથી આવવાનું.**

શરીરની દરેક બાબતનું આ રીતે ઝીણવટથી ચિંતન થયા કરે. સતત એનું સ્મરણ થયા કરે. શરીર બદલાતું રહે છે. તે વિકૃત્તિઓવાળુ છે. હું આત્મા તરીકે એની અંદર અવ્યય છું. સહેજ પણ વધતો ઓછો થતો નથી. ગુરૂ મહારાજે આપણને આપણો પરિચય કરાવી દીધો. આને ગુરુગમ કહેવાય. ગુરુગમને જેટલી પચાવીએ, સમજીએ એટલું જ આત્મતત્ત્વ સમજાશે. જય મહારાજ આપણને જે સાચી સમજણ આપે છે એના દ્વારા આપણે આપણી પોતાની આત્મચેતનાનો અનુભવ કરી લેવો.

શરીર જન્મ્યું છે તો મરવાનું જ છે. એ નાશ પામવાનું જ છે. પણ એની અંદર રહેવાવાળો હું ઘર ખાલી કરીને જતો રહેવાનો છું. મારે ક્યાં મરવાનું છે? મરે તો શરીર છે. હું સૂક્ષ્મ છું. શરીરનું બધું જ તંત્ર મારા લીધે ચાલે છે. જે આત્મચેતના છે એ આપનું સ્વરૂપ છે.

જય મહારાજે ચરમસીમાના જ્ઞાનની સ્થિતિ આપી દીધી છે. આ સ્થૂળ તું નથી. શરીર તો સ્થૂળ છે. ગમે તેટલું જાડું, લાંબું, પહોળું વધ્યા જ કરશે. એ પાતળું થશે, વજન વધશે, ઘટશે. પણ એ વધ-ઘટ શરીરને છે, આત્માને નથી. હું તો જેવો છું એવો છું. એ નથી માંદો પડતો, નથી જન્મતો, નથી મરતો. આ પ્રકારની સાચી સમજણ આપી બધી યાતનાઓ દુઃખમાંથી બહાર કાઢી લે છે.

# પ્રકરણ – ૧૯૪

પરમતત્ત્વ તું છું, એ સંબોધન, એ ગુરુઆજ્ઞા વેદમાંથી પ્રાપ્ત થઇ છે.

**વેદ વચસાદીપ પ્રકાશઃકૃતઃ અજ્ઞાનમ્ચનિહત્ય.**

જય મહારાજ વેદવાકયના અજવાળે અજ્ઞાનના અંધકારનો નાશ કરી દે છે. જ્ઞાન વડે દીવા જેવું અજવાળું કરે છે. અંધારું દૂર કરે છે. નરકનો ભય પણ જીવનમાંથી હંમેશાને માટે હાંકી કાઢે છે. ગુરુ મહારાજ જ્ઞાનનું અંજન આંખમાં આંજે છે અને અજ્ઞાનથી બિડાયેલી આંખોને ઉઘાડે છે.

**અજ્ઞાન તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજન શલાકયાઃ**

જ્ઞાનરૂપી આંજન આંજીને જ્ઞાનરૂપી ચક્ષુને ખોલે છે. વેદના તત્ત્વજ્ઞાન વડે જીવનમાં અજવાળું થાય છે. લક્ષ્મણદાસજી મહારાજ બોલ્યા છે કે,

**તંનૌમી પ્રતિપાલકમ્ શરણમ્ દત્તમ્ હરિ પ્રાંજલિ**

આપ સાક્ષાત્ શ્રી દત્તહરિ છો, અમારા જીવનને આપ પોષી રહ્યા છો. અમે તો અજ્ઞાની જીવ હતા એ અજ્ઞાનને હણી

નાખીને વેદવાકયોથી આપ જ્ઞાનનો પ્રકાશ કરો છો. વેદ વાકયો કયાં?

**"તત્ત્વમસિ, પ્રજ્ઞાનં બ્રહ્મ્, અહમ્ બ્રહ્માસ્મિ, અહમ્ આત્મા બ્રહ્મ્"**

આ ચાર વેદનાં મહાવાકયો છે. જેને ચાર વેદાન્ત કહેવાય, વેદનો સાર કહેવાય. એ વેદવાકયથી જ્ઞાનનું પ્રતિપાદન કરે છે. જે અણસમજ છે એને બહાર કાઢી નાખીને જીવનનો સાચો અર્થ, જીવનનું સાચું મૂલ્ય જય મહારાજના શ્રીમુખથી બતાવવામાં આવ્યું છે. દીવો પ્રગટે એટલે ગમે તેટલો ગાઢ અંધકાર હોય તો પણ એને ભાગી જવું પડે. એ અંધકાર એને છોડી દેવો પડે.

જય મહારાજ આપણા જીવનમાં જ્ઞાનનો દીવો પ્રગટાવે છે.

**દીપપ્રકાશઃ કૃતઃ યેનાયં ખલુ સંતરામ વપુષા**

સમજણનો દીવો જય મહારાજ પ્રગટાવી આપે છે. એને સાચવવાનો આપણે છે. દીવો પ્રગટાવી આપ્યો પણ આપણને જ ઊંઘવાનું મન થતું હોય અને એમ થાય કે દીવો ઓલવાઇ જાય તો સારું. ઊંઘવાની ટેવ પડી ગઇ હોય અને દીવો ઊંઘવામાં અડચણરૂપ થાય. આ સંસારનું અજ્ઞાન બહુ ગાઢ છે. અજ્ઞાનનો અંધકાર ઘણીવાર પ્રિય લાગતો હોય છે અને એ અજ્ઞાનના અંધકારમાં માણસને ડૂબી રહેવાની ઇચ્છા થાય.

જય મહારાજ તો અજ્ઞાનનો અંધકાર દૂર કરે છે. **"ઉઠ જાગ મુસાફીર ભોર ભઈ અબ રૈન કહાં જો સોવત હૈ. જો સોવત હૈ વો ખોવત હૈ."**

નિત્યવંદન કરનારને જય મહારાજે પોતાના સ્વજન તરીકે સ્વીકારી લીધા છે. આ જ મારો પરિવાર, મારું કુટુંબ છે. **'ઉદારશ્ચરિતાનામ્ વસુધૈવ કુટુંબકમ્'** જેની ઉદારતા છે. જીવનમાં સર્વને એ પોતાના કુટુંબ તરીકે સ્વીકારીને ચાલતા હોય છે. જે સંકુચિત છે એના માટે **અપમનિજપરોતિ ગણના લઘુ ચેતસા** જે મંદબુદ્ધિવાળો છે એ આ મારો ને આ પારકો એમ કહે છે. પણ જય મહારાજનું કુટુંબ તો સદાકાળ વ્યાપક છે. સૌમાં છે, સૌના છે. પોતાનાથી કોને જુદા કરશે? સર્વ સૃષ્ટિમાં સમાયેલા છે અને જયારે સૌને આપે ત્યારે બધાની આંખ ઉઘાડે. આ જ્ઞાનનું અંજન ગુરુ મહારાજ કરી આપે છે. દૃષ્ટિ ફેરવી આપે.

**આત્માની સ્થિતિ-અવસ્થા સદ્‌ગુરુની કૃપા વગર સમજાય નહીં. સદ્‌ગુરુ શ્રીહરિ છે અને શ્રીહરિ સદ્‌ગુરુના મુખે જ બોલતા હોય છે. જે કંઇ શિષ્યને સમજાવવું છે, એને જે કંઇ જ્ઞાન આપવું છે એ ભગવાન શ્રીહરિ સદ્‌ગુરુના મુખે બોલતા હોય છે.**

આપણે પોતે પણ આપણામાં પોતાની જાતને શોધીએ. હા, શરૂઆત કરશો તો પહેલાં જીવનનો કચરો જ હાથમાં આવશે. અનેક સ્વભાવોની કુટેવોનો કચરો ભર્યો હોય. પણ કચરો ભર્યો હોય તો એને કાઢી નાંખીશું તો સાફ થવાનો જ છે. માટે કચરાને ઉલેચી નાખવો પડે. કચરાપેટીમાંથી ય કચરો કાઢી નાખીને ધોઇને સાફ કરીએ તો સરસ સાફ થઇ જાય. એમ જીવનનો કચરો પણ સાફ કરવાનો, આપણા સ્વભાવનો, આદતનો, વ્યવહાર, દૃષ્ટિ, બોલ-ચાલ બધાને સાફ કરવા પડે. ઘરમાં જયાં જુઓ ત્યાં બધે જ કચરો છે. આંખમાં, કાનમાં, મોઢામાં, દિલમાં, મગજમાં બધે કચરો છે. એ બધો કચરો ના ધોવાય ત્યાં સુધી આપણું સ્વરૂપ

અંદર દેખાય નહીં. જીવનને ચોખ્ખું કરવાની શરૂઆત કરશો તો પહેલાં કચરો જ હાથમાં આવશે. હું કેવો પાપી છું. મારામાં કેટલા બધા દુર્ગુણો છે. અરે બાપજી! અમે તો ગૃહસ્થી કહેવાઇએ. અમે તો નાના માણસ અમે શું કરી શકીએ. અમે પાપી જ છીએ. અરે ! કોણે કહ્યું કે પાપી છો? આ બધું બોલવાનું ભૂલી જાવ. **તમે પોતે જ જય મહારાજને સંબોધન કર્યું છે.**

**તત્ત્વમસ્યાદિ વાકયૈઃ, શિષ્યાન્ સંબોધયન્તમ્**

ગુરુ મહારાજ જૂઠું બોલે ખરા? ખોટા રસ્તે લઇ જાય ખરા? પણ એ જે સંબોધન કરી રહયા છે એ આપણને ગળે નથી ઉતરતું. શિષ્યને આટલો સરસ ઉપદેશ, જ્ઞાન સંબોધન આપી રહ્યા છે. લે દીકરા, જીવનની અંદર વાસ્તવિકતા આપું છું. જીવનનું વાસ્તવિક સ્વરૂપ બતાવી રહ્યો છું. તારું સ્વરૂપ આ છે. તેં જે માની લીધું છે તે તું નથી. ગુરુ મહારાજે જે તને કહ્યું છે એની ઉપર વિવેકથી વિચાર કર.

જય મહારાજ સ્વયં પોતાના શ્રીમુખે કહે, તત્ત્વમસિ તું તે છું. છતાંય કહે, ના બાપજી અમે કયાંથી હોઇ શકીએ? અમારાં કયાં આ ભાગ્ય? અમે તો પાપી માણસ છીએ. **જે પોતાની જાત ઉપર હીન દૃષ્ટિ કરે, પોતાના વિષે હલકો વિચાર કરે એ હલકા વિચાર માણસને હંમેશા હલકી દિશા તરફ જ લઇ જાય. હલકા માર્ગે લઇ જશે સારા વિચારો હશે તો તમને સન્માર્ગે લઇ જશે.** પણ એવા સંસ્કાર જ બેસી ગયા છે. એવી જડતા જ આવી ગઇ છે. કે અમે તો હીન છીએ. પતી ગયું, તો પછી હીન વિચારો જ આવતા જાય.

પણ ભૂલી જા એ બધાને. આપણને તો શરીર માટેનો

સંસ્કાર દૃઢ થયો છે. હું શરીર છું. હાય ! વાગી ગયું. દાઝી ગયો, માંદો પડયો કકળાટ થઇ જાય. પણ હું આત્મા છું એમ જ વિચારવા માંડો તો આ શરીરની જે પીડા ઉપાધિઓ છે એ આપોઆપ હટી જશે. મનમાં એક પછી એક ઘણા વિચારો આવે છે. એ વિચાર બહુ પ્રબળ હોય તો તમને ધમાલ પણ કરાવી મૂકે. રડાવી નાખે, આનંદ પણ કરાવે. તો **જો કોઇ પણ એક વિચાર આવે છે અને જે દૃઢ થાય છે એની જ બધી પ્રક્રિયાઓ આપણા મન, શરીર, વ્યવહાર ઉપર થયા કરે છે.**

તો એ રીતે આપણા મનની વૃત્તિઓને આત્મપ્રેરક બનાવી દઇ વિચારોને દૃઢ કરી દઇએ. જેમ શરીરના વિચારો દૃઢ થાય છે એમ બેઠા હોઇએ તો પગ આઘોપાછો કરવો પડે, થાક્યા હોય તો દુઃખે, જરણી ચડી જાય. તો જે શરીરની પીડા સ્પષ્ટ વર્તાય છે કેમ કે એની તરફ લગાવ છે. અમથા અમથા પણ ખંજવાળવા બેસી જઇએ છીએ.

શરીરભાવથી થોડકા ઉપર ઊઠીએ, ગુરુ મહારાજે સમજાવ્યું તે મુજબ વિચાર કરીએ કે હું એકલો શરીર થોડો છું? શરૂઆત આનાથી કરવાની. અત્યારે સંસાર એકદમ જલ્દી નીકળવાનો નથી. હું શરીર એકલો નથી, આત્મા પણ છું. એનો તો વિચાર કરો. શરીરના તો બહુ વિચાર કર્યા. હું શરીર નથી પણ આત્મા છું એમ જાગ્રત થવું પડે. આત્મા માટેની એટલી આપણી ઉત્કટતા હોય કે મારે આ બધું શું કરવું છે? શરીર પોષાય એટલું બહુ થઇ ગયું. શરીર ઢંકાય એટલું બહુ થઇ ગયું. એથી વધારાનું મારે શું કરવું છે? સંત બે ભગવા કપડાં જ કેમ પહેરે છે? એક જ રંગ અને એક જ એનો પોશાક શરીર ઢાંકવા પુરતો જ માથે

વ્યવહાર. ભિક્ષા માગવા નીકળ્યા, જે મળ્યું એ બસ. પણ મારે તો પીઝા ને બર્ગર જ ખાવા છે. તો પછી મારે શરીરને જોઇએ એટલો જ આધાર આપવાનો એથી વિશેષ નહીં. તો જ શરીરભાવ હલકો થશે. હળવો થશે.

જેમ શરીર હું છું તેમ આત્મા પણ હું છું એમ થોડું થોડું વિચારતા થાવ. તો જરૂર એક દિવસ જાગૃતિ આવશે. એમ કરતાં કરતાં ધીરે ધીરે **'અપરોક્ષ સુખાભિલીનમ્.'** માત્ર અપરોક્ષ અનુભૂતિ નહીં પણ અપરોક્ષ સુખની અંદર જય મહારાજ લીન છે.

જય મહારાજે સ્તુતિના અંતમાં વેદાંત પીરસેલું છે. વેદનાં ચાર મહાવાકયોનું જ્ઞાન અહીંયા આપ્યું છે. છેલ્લા બે જ શ્લોક છે આ પ્રસનમ્ બ્રહ્મરૂપમ્. તું પ્રજ્ઞાન્ બ્રહ્મ્ સ્વરૂપ છું. તું સાક્ષાત્ બ્રહ્મ છું. આ રીતે વેદ વાકયના પ્રકાશથી જીવનના અંધકારનો જય મહારાજ નાશ કરે છે.

# પ્રકરણ – ૧૯૫

**અન્નાદ્યૈ પંચકોષૈઃ**

જે માત્ર એક જ છે. જેની લક્ષણા પણ માત્ર અદ્વૈતની છે. એ એક જ લક્ષ્ય હોય.

લક્ષ્મણદાસજી મહારાજ કહે છે કે મારા ગુરુ મહારાજે મને જાગ્રત કર્યો. મને મારા સ્વરૂપનું દર્શન કરાવ્યું. તું જેની ઉપાસના કરુ છું એ જ તારા પોતાનાં છે અને એ તું છું. તારા સિવાય તારું અસ્તિત્વ છે જ નહીં.

જુઓ, મારા ગુરુ મહારાજ, સદ્‌ગુરુદેવ મારા પોતાનાં જ છે. મારાથી જુદા નથી. જયાં જુદાપણું થાય ત્યાં દ્વૈતબુદ્ધિ ઉત્પન્ન થાય છે. અને દ્વૈતભાવ થતાં વ્યવહારદોષ લાગે. **'હું અને તું'** નો. પણ જો અદ્વૈત હોય તો વ્યવહાર ભેદ હોય જ નહીં. વ્યવહાર ભેદ થાય એટલે અજ્ઞાન ઉત્પન્ન થાય. અજ્ઞાન આવે એટલે રાગદ્વેષ ઉત્પન્ન થાય. એમાંથી કલેશ, અશાંતિ ને બધુ જ.

**નિગમગતિગિરા કથ્યતે યદ ભ્રુવંતં**

સેંકડો ઉપનિષદો, પુરાણો, એનાં ભાષ્યો બધાં જ કહે છે કે તારા પોતાની અંદર તત્ત્વ રહેલું છે એ સ્વયં પરમાત્મા છે પણ

અજ્ઞાનને કારણે ઓળખાતું નથી.

**અજ્ઞાનં ચ નિહત્ય વેદવચસા**

વેદ વાકયોથી જય મહારાજે અજ્ઞાનનો સંહાર કરી નાખ્યો.

**'અજ્ઞાનનો સંહાર કરી ગુપ્ત ગોળી ચાલાવી રે.'**

ગુપ્ત ગોળી કંઇ? સમજણની. જ્ઞાનની. પોતાના આત્મતત્ત્વની. તું જાગ્રત થા. ઋષિઓ પણ પોતાના શિષ્યોને કહે છે, **'મૈત્રૈયી તત્ત્વમસિ'** એને પોતાને એમ થાય કે સદ્‌ગુરુ ભગવાન મને તત્ત્વથી બોલાવે છે. એમ તત્ત્વભાવ જાગ્રત થાય, તત્ત્વભાવનો અભ્યાસ થતો જાય. એમ થતાં થતાં એ પોતે જ તત્ત્વ બની જતો હોય છે કે જય મહારાજ મારા પોતાનામાં જ બિરાજેલા છે. મારી વૃત્તિઓ જય મહારાજમાં જ પરોવાયેલી છે. બસ, એકત્વ થઇ ગયું. બે આંકડા એકબીજામાં પરોવાયેલા હોય એમ સદ્‌ગુરુ શિષ્યમાં ને શિષ્ય સદ્‌ગુરુમાં ઓતપ્રોત છે. એટલે ત્યાં અદ્વૈત આવી ગયું. આત્મભાવથી એમાં કોઇ ભેદ રહેતો નથી. પોતાના સ્વરૂપમાં જ સ્થિતિ કરનારને અન્ય કશું જુદું દેખાતું જ નથી. દ્વૈત લાગે જ નહીં. જે બધું પોતાનામાં છે તે જ સર્વની અંદર છે.

જયાં સુધી જ્ઞાનનો આત્મભાવ ના થાય ત્યાં સુધી મનને સ્થિતિ આપવા માટે કોઇ ને કોઇ વિગ્રહની અંદર શ્રદ્ધા, વિશ્વાસથી બેસાડવું પડશે. કારણ મનને આશ્રય જોઇએ છે. જયારે પરમ તત્ત્વ કે આત્મા એ તો નિર્વિકલ્પ છે, નિરાકાર છે. તો નિરાકારમાં મન સ્થિર ના થાય ત્યાં સુધી કોઇ વિગ્રહ, કોઇ

મૂર્તિ કે ગુરુ ભગવાનને પોતાની સમક્ષમાં રાખો.

**'જલ મધ્યે જેસે મીન, સદા નિર આધાર હૈ.'**

જેમ માછલીને પાણી એનો આધાર છે એમ તત્ત્વ વડે મને મારા પોતાના આત્માનો આધાર છે. બીજા કોઇ આધારની જરૂર નથી. જળમાં જીવે છે, જળમાં સ્થિતિ કરે છે. એમ આપણે આત્મામાં સ્થિતિ કરવી. પોતાના સ્વરૂપની અંદર સ્થિતિ થાય. એના માટે જય મહારાજે કહ્યું **પ્રજ્ઞાનમ્ બ્રહ્મ** એમાંથી કલેશાતિત. કલેશથી વર્જિત, જયારે પણ પોતાના સ્વરૂપની આત્માની અનુભૂતિ થાય ત્યાર પછીથી શારીરિક વ્યવહારોથી ઉત્પન્ન થતો કોઇપણ કલેશ સ્પર્શ ના કરી શકે. મને શું કરવાનું છે? હું શરીર કયાં છું? એ બ્રાહ્મી અવસ્થાની. એ સ્થિતિની અંદર દેહાધ્યાસ સહેજ પણ ના રહે એને સુવિધા મળી,ના મળી એના તરફ ઉપેક્ષા. જરાય અપેક્ષા નહીં. એને પોતાને એમ થાય કે પ્રારબ્ધ અનુસાર આ શરીરનો ભાગ જયાં સુધી છે ત્યાં સુધી મારે એમાં રહેવાનું છે. એને ખબર છે કે હું ઘર નથી એમ જયારે આત્મભાવથી જીવાતું હોય ત્યારે શરીર ભાવ સંપૂર્ણ વિસરી જાય. એને બીજી કોઇ જિજિવિષા નહીં, લાલસા નહીં કે જીવવું છે, લોભ પણ નહીં. શરીર સુખની પણ કોઇ આશા નહીં.

ઇશાવાસ્ય ઉપનિષદ કહે છે

**અગ્નિર્યથેકો ભુવનમ્પ્રવિષ્ઠરૂપમ્ રૂપમ્ પ્રતિરૂપમ્ બભૂવું.**

અગ્નિના એક દીવામાંથી અનેક દીવા પ્રગટાવાય. એ બધા દીવાના આકાર જુદા જુદા દેખાય છે બધા જ દીવામાં એક જ અગ્નિ હોય છે. એકમાંથી જ અનેક દીવા પ્રગટયા છે. એમ આ

સર્વ જીવન-શરીર બધાં એક જ પરમાત્માના દીવા છે. આ ઉપનિષદના ઋષિનું ચિંતન છે.

આત્મસ્વરૂપ અને પરમાત્મા સ્વરૂપને એને અંશાઅંશી ભાવથી એનું જોડાણ છે. અનેક જલ પાત્રોની અંદર સૂર્યના અલગ અલગ પ્રતિબિંબ દેખાતા હોય. જેને કહેવાય **રૂપમ રૂપમ પ્રતિરૂપમ્ બભૂવું.**

ગીતાજીમાં પણ કહ્યું છે કે દરેકમાં પરમાત્માના અંશરૂપી એનું કિરણ, પ્રતિબિંબ હોય છે જે એ પરમાત્માના પ્રકાશનું છે. આત્મા એ જ પ્રકાશ છે. આત્મપ્રકાશ જ આ શરીરને જાગૃત રાખે છે.

મારા પોતાનામાં જય મહારાજ બિરાજેલા છે. જો એ ભાવ રહે તો કયારેય પાપવૃત્તિ જન્મે જ નહીં. સતત આત્મસ્વરૂપની અંદર જ સ્મૃતિ રહ્યા કરતી હોય તો શરીર અને શરીરના ભોગ ભાવો તરફ વૃત્તિ સહેજ પણ જાય જ નહીં. કારણ કે વૃત્તિ આત્મામાં ભળી ગઇ છે. મન વૃત્તિઓને લઇને સંસારમાં જાય અને એ જ મન પોતાની વૃત્તિઓને અંતર્મુખ કરીને પોતાનાં સ્વરૂપમાં જાય. મન પાસે સાધન છે પતનનું અને ઉન્નતિનું, સદ્‌ગતિનું અને દુર્ગતિનું, જ્ઞાનનું અને અજ્ઞાનનું. બસ મનની વૃત્તિઓ કઇ છે? પાપવૃત્તિ છે, લાલચ વૃત્તિ છે, ક્રોધ વૃત્તિ છે, તો એ તરફ મન જશે. પણ જો મનની અંદર સાત્વિક વૃત્તિ હશે, સંયમની, સદાચારની વૃત્તિ હશે તો મન આત્મા તરફ જશે.

દાણા પૂમો કહે કે મહારાજ, મન આત્મામાં કેવી રીતે જઇ શકે ? તો જેમ મન ભોગોમાં જાય છે. કેવી સહજ રીતે પહોંચી

જાય છે? કોઇ મહેનત કરવી પડે છે? કેમ કે શરીર, ઇન્દ્રિયો બધું એની પાસે છે. તો એવી જ રીતે મન સાહજિકતાથી જ આત્માની નજીક છે. પણ મનને શરીર તરફ વહી જવાના જન્મ જન્માંતરના સંસ્કાર પડેલા છે. ગતિ એ તરફ જ વહયા કરે છે. સતત અભ્યાસ અને સતત સંસ્કાર પડી ગયાને લીધે મનને આત્મા તરફ જાગૃતિ થતી નથી. અને વૃત્તિ પણ જાગ્રત થતી નથી. કારણ કે સંસ્કાર દૃઢ થઇ ગયા છે. જયારે કોઇ સિધ્ધ મહાપુરુષની વૃત્તિઓ ભગવાનમાં જ લાગેલી હોય તો ઊંઘમાંય **'શ્રીરામ જય રામ'** બોલ્યા કરે. કેમ કે વૃત્તિ ત્યાં સ્થિર થઇ ગઇ છે.

**મનમાં, વ્યવહારમાં, જીવનમાં કલેશ ઉત્પન્ન થવાનું કારણ આપણે પોતે જ છીએ, આપણો વ્યવહાર છે, આપણું મન છે. કલેશને મનમાં ઉત્પન્ન જ ના થવા દેવો. આવેગોને મનમાં ઉત્પન્ન જ ના થવા દેવા.**

ભગવાન બુદ્ધ ધ્યાન અવસ્થામાં બેઠેલા હતા. એવામાં એમનો કોઇ સંબંધી આવ્યો અને ગાળો ભાંડવા માંડી. બે કલાક સુધી ગાળો ભાંડી બુધ્ધે આંખ ઉઘાડી જ નહીં. શાંતિથી પોતાની સ્થિતિમાં બેસી રહ્યા. પેલો બોલતાં બોલતાં થાકયો. પરસેવો લૂછયો પછી એક લાંબો શ્વાસ નાંખ્યો. થોડો શાંત થઇને ઊભો રહ્યો એટલે બુદ્ધે આંખો ખોલી કહ્યું, 'વત્સ તારે ત્યાં કોઇ મહેમાન આવે અને મહેમાનને માટે ઘણી બધી તૈયારીઓ કરી હોય પણ એ આવે ત્યારે એમાંથી એક પણ વસ્તુ સ્વીકારે નહીં, આવીને જતો રહે કે મારે જમવાનું નથી, ઉતાવળ છે તો એ બધી તૈયારી અને વસ્તુઓ કયાં રહે?' સંબંધી કહે, 'મારા ઘરમાં ને ઘરમાં રહે.' બુદ્ધે કહ્યું, 'તેં મને બે કલાક સુધી ગાળો ભાંડી એમાની એકપણ ગાળ મેં

લીધી નથી.'

આ સ્થિતિ, આ અવસ્થા રહેવી જોઇએ, પોતાના મનથી ઉપેક્ષાવૃત્તિ. શારીરિક ભાવ મનમાં સહેજ પણ જાગ્રત ન થાય, વૃત્તિઓને આવેગમાં આવવા જ ના દે. ગમે તેવી પરિસ્થિતિ સામે આવીને ઊભી હોય તો પણ બધા જ પ્રકારની અનુકૂળતા હોય. ઘણીબધી સરસ મીઠાઇ ને વાનગીઓ મૂકેલી હોય અને માલિક કહીને ગયા હોય કે આ જો જો હોં. હું આવું છું. તમે સંભાળજો. અને એ વ્યકિત બધી મીઠાઇની સામે જૂએ, એને એમ થાય કે કોઇ જોતું તો નથી ને. ને એમાંથી કંઇક થોડુંક ભાવતું એણે મોંઢામાં મૂકી દીધું. એ ચૂકી ગયો. પોતાના મનની વૃત્તિઓને એ પકડી રાખી શકયો નહીં. બહેકાઇ ગયો. એમાં એની સંપૂર્ણ પરીક્ષા પૂર્ણ થઇ ગઇ. કોઇપણ વ્યકિતની નૈતિકતા, ચારિત્ર્ય જાણવું હોય તો એને આવી બનાવેલી રસોઇમાં એકલો મૂકીને હટી જાવ. જુઓ, એ પોતાની જાતને સંભાળી શકે છે ખરો! ગુરુનાનકજીએ તો કહ્યું,

**જીતે રીસે જી તેમ જગત**

જેણે રસના જીતી એણે આખી દુનિયા જીતી લીધી. બીજી એક જગ્યાએ કહ્યું,

**મન ટી પૂજીતા, શબરી બૂજીતે**

જેણે મનરૂપી દુશ્મનને જીતી લીધો એણે બધા દુશ્મનોને જીતી લીધા. આપણી વૃત્તિઓ કયાં છે એની ઉપર બધો આધાર છે. ભલે ઘરમાં ગમે તેવી પરિસ્થિતિ હોય તમે વ્યવસ્થિત થઇ જાવ. સામેવાળો માણસ ગમે તેટલો આવેગમાં આવેશમાં આવ્યો હશે તો પણ એ સામેવાળી વ્યકિતની પ્રતિક્રિયા જોયા પછીથી

આપોઆપ શાંત થઇ જશે. કારણ કે તમે તમારી જાતને નિયંત્રણમાં રાખી શકયા છો, સામેવાળો તો નિયંત્રણમાં નથી જ. એ તો બહેકી ચૂકયો છે. પણ જો એની સામે જો તમે બહેકી ગયા તો અશાંતિ થવાની પણ જો એક તરફ સંયમ હશે તો એ થાકશે.

વૃત્તિઓને સંભાળી રાખવી બહુ અઘરી છે. જેટલી વાતો સાંભળીએ છીએ એટલી સહેલી નથી. માણસે પોતાની જાતને જીતવાની છે. દુનિયાને નહીં, દુશ્મનોને નહીં, દુશ્મનો તો આપણી અંદર જ બેઠા છે. પહેલાં એને જીતવાના છે. તો જ તમે તમારા જીવનની અંદર વિજયી થયા, સફળ થયા પણ આપણા અંદરના દુશ્મનો આપણને લૂંટયા જ કરતા હોય. અંદર આપણું શરીર જ ખાતા હોય. ભર્તૃહરિએ કહ્યું છે.

**કાલોનયાતોવયમે વ યાતાઃ તૃષ્ણાનિ જીર્ણા વયમેવ જીર્ણાઃ ભોગાનભુકતા વયમેવ ભુકતાઃ તયો ન તપ્તં વયમેવ તપ્તાઃ.**

આપણે ભોગોને નથી ભોગવતા પણ ભોગો આપણને ભોગવીને આ શરીર છોતરા જેવું કરીને જતા રહે છે. પછી એ શરીર નિરસ પડયું હોય, શકિતહીન થઇ ગયેલું હોય, પછી બધુ જ પડયું હોય છતાંય એને ભોગોમાં રસ જ ના હોય. કેમ કે પેલા ભોગો એને ભાગવીને, આખા શરીરને નિચોવી નાખીને રસકસ વગરનું કરીને જતા રહ્યા. બધા ભોગ પડયા છે પણ હવે શું થાય? દાંત જ નથી ને! પાપડ ખાવાની ઇચ્છા હોય તોય ના ખવાય. એમ આખુ શરીર નકામું થઇ જાય.

આપણી વૃત્તિઓ હાથમાં ના હોય, આપણી જાતનું નિયંત્રણ આપણું મન ના કરી શકતું હોય તો અવદશા થવાની.

માટે  આ બધી નિકટની દુર્ગતિઓ ગુરુ મહારાજ છોડાવી લે. માત્ર આત્માનું સ્વરૂપ એ જ સત્ય છે. બાકી અન્ય જે કંઇ છે તે મનથી ઊભુ કરેલું છે. સ્વપ્નનું જગત મન ઊભું કરે છે. ત્યાં કોઇ બ્રહ્મા પણ નથી આવતા. મન એ આત્માનો જ અંશ છે, શકિત છે. અને આત્મા એ પરમાત્માનો અંશ છે. **જેમ પરમાત્મા સૃષ્ટિનું સર્જન કરી શકે છે. જળ, પહાડ, માણસ, વનસ્પતિ બધુ જ. એમ મન પણ સ્વપ્નની અંદર બધી જ સૃષ્ટિનું સર્જન કરી શકે છે. પણ એ એના પૂરતું મર્યાદિત હોય. મન જયાં જાગ્રત થઇ ગયું એટલે એની સૃષ્ટિનો પ્રલય થઇ ગયો. જેને નિત્ય પ્રલય કહેવાય.**

મનની સૃષ્ટિ જ માણસને દુઃખી કરતી હોય છે. મન પણ સર્જક છે. જય મહારાજે તત્ત્વમસ્યાદિ સંબોધીને નર્કના ભયને ખંખેરી નાંખ્યું. ઝાડ ઉપર બહુ બધા મંકોડા ને કીડીઓ હોય એને નીચેથી દબાવો તો બધા ખરી પડે. બધાય ધીરે ધીરે નીચે પડી જાય. બસ એ જ રીતે તત્ત્વમસિ કહીને જ્ઞાન વડે જય મહારાજે શિષ્યોના વૃક્ષને હલાવ્યાં ને બધાં જંતુઓ નીચે ખરી પડયાં.

# પ્રકરણ – ૧૯૬

અજ્ઞાનનો અંધકાર માનવજીવનને પાપના ખાડામાં લઇ જાય છે. અણસમજ માણસને દુરાચાર ના ખાડામાં ફેંકી દે છે. પોતાના જીવન માટેની સાચી સમજ જ માણસને સાચું સુખ ને શાંતિ આપી શકે છે. જેના જીવનમાં સાચી સમજ નથી એ માણસ કયારેય સુખી થઇ શકતો નથી અને સાચી સમજ આપવાવાળા એક માત્ર ગુરુ ભગવાન આપણા જય મહારાજ છે.

માણસને સાચી સમજણ કોણ આપે? જેમ મા સારામાં સારો ખોરાક બાળકને પીરસે એમ સદ્‌ગુરુ ભગવાન જ શિષ્યને સારામાં સારુ જ્ઞાન, સમજણ પીરસે છે. લે, આ તારા જીવનમાં કામ લાગશે. લક્ષ્મણદાસજી મહારાજે આપ્યું **'તત્ત્વમસિ'** કેવી ઊંડામાં ઊંડી, સાચામાં સાચી સમજ. પણ એ સાચી સમજ ગુરુગમ સિવાય સમજાય નહીં. **ગુરુ જયારે સાચી સમજણ આપે અને એ સમજણ આપણા જીવનમાં પચે અને એ પચ્યા પછી એની શકિત આપણને કામ લાગે ત્યારે કહેવાય કે ગુરુગમ પ્રાપ્ત થઇ.** સત્સંગ મળે, વાતોય સાંભળીએ પણ એમાંથી સમજાય નહીં. ગળે ઉતરે નહીં. જીવનમાં અનુસરાય નહીં. ત્યારે એ ગુરુગમથી દૂર જતો માણસ છે. આપેલી સાચી સમજણને પચાવી ખોરાકની માફક એમાંથી

શકિત ઉર્જા મળે ત્યારે એમ થાય કે આ આહાર મેં ખાધો. અને જીવનમાં શકિત આવી. એમ સત્સંગ દ્વારા સાચી સમજણ ખીલે, વિકસે અને એના દ્વારા આપણું જીવન સુખમય શાંતિમય જીવાય ત્યારે સમજવાનું કે સત્સંગ મને સારામાં સારી રીતે પચ્યો છે. પણ જો કલેશ, રાગદ્વેષ, વિકૃત્તિઓ, વિકાર આ બધું હેરાન કર્યા જ કરતું હોય તો સમજવાનું કે ખૂબ સારું ભોજન જમ્યા પછીથી એ નડે અને એમાંથી તાવ, ઝાડા, ઉલ્ટી થઇ જાય, ના પચ્યું. સારામાં સારો ઉપદેશ આપવામાં આવ્યો હોય, બોધ આપ્યો હોય, સાચી સમજણ આપી હોય પણ એ સમજણ સહેજે ના પચે. મગજમાં પેસે જ નહીં. પછી એ જીવન સુખમય કે શાંતિમય કેવી રીતે થવાનું હતું? એ જીવન નરક જેવું જ જીવાય કે બીજું કંઇ? ઉપાધિઓ દુઃખ, કલેશ, ઇર્ષ્યા, દ્વેષ, માણસ ઘડીભર પોતાના મનથી શાંત રહી જ ના શકતો હોય, મન એને સતત હેરાન કર્યા કરે.

**એ નર્કને જય મહારાજ દૂર કરી શકે છે.**

**કર્મ કીચડમાં કાઢી રહ્યો રે !**

**આવી વળગી છે દ્વૈતની વેઠ રે.**

**જન્મારો એળે વહી ગયો.**

નર્કગામી જીવન જીવીને જન્મારો પૂરો થઇ જાય. જીવન નિષ્ફળ ગયાનો નિસાસો પોતાને જ લાગે. મારા જીવનનો મેં સહેજ પણ ઉપયોગ ના કર્યો. સારો ઉપયોગ તો ના જ કર્યો. કોઇ બીજું નિસાસો નાંખે તો પાપ લાગે. પણ આપણો જ નિસાસો આપણી ઉપર હોય તો શું થાય ? દુર્ગતિ થાય. એ નિસાસાની યાદમાં ને યાદમાં માણસ નર્કમાં જાય.

સમજણ એ તો દીવો છે. જો આપણા મનમાં, જીવનમાં સમજણનો દીવો હોય તો એ દીવાના અજવાળાથી બધું જ દેખાય. જેમ ઘરમાં દીવો કરીએ તો ઘરનો કચરો પણ દેખાય અને આખું ઘર સારુ પણ દેખાય. એ દીવાના અજવાળે ઘરનો, અંતઃકરણનો કચરો કાઢી નાખીએ તો ઘર સાફ થઇ જાય. આપણા વિચારો, આપણા સંસ્કારોનું જીવન શુદ્ધ ના હોય, જીવન દુષિત, કલુષિત ખરડાયેલું હોય તો લાચાર થઇને જીવવું પડે. કે હું ખટડાયેલો છું. એ દુઃખ પીડા, લાચારીનો ઉપાય એને મળે જ નહીં. એ પોતે સમજતો હોય કે મારી આવી ભયંકર લાચારીની સ્થિતિ છે પણ જાય ક્યાં? પણ જો સંતનું, સદ્ગુરુનું શરણું મળે અને એ સત્સંગ આપે અને એ સત્સંગ વડે જીવન જીવવાની સાચી સમજ આપે તો એમાંથી બહાર નીકળી શકાય. જય મહારાજ અંદર પડેલાને પણ બહાર કાઢી લાવે. ભલે ને ગમે ત્યાં પડેલો હશે તેને બહાર કાઢી લાવશે. **એક વખત જો મુખેથી બોલે પ્રભુ હું તમારો રે! દોડીને દરવાજો ખોલે, એવો એનો નાતો રે! ભગવાને ગીતાજીનાં નવમાં અધ્યાયમાં કહ્યું, અપિ ચેતસુદુરાચારો... દુરાચારી માં દુરાચારીને પણ ભગવાન નર્કમાંથી બહાર કાઢે છે.** ભયંકરમાં ભયંકર દુરાચારી હોય, નરકગામી હોય એની બીજી કોઇ ગતિ જ ના હોય અને માણસ જો અનન્ય ભાવથી મને ભજે તો એનો ઉધ્ધાર કરી લઉં છું. ચપટી વગાડતામાં એનો ઉધ્ધાર કરી દઉં છું. જે શ્રદ્ધાપૂર્વક મને ભજે છે એનો ચપટીની અંદર ઉધ્ધાર કરી લઉં છું. અને ક્ષિપ્રમ્ ભવતિ ધર્માત્મા. એ તરત જ ધર્માત્મા બની જાય. વાલિયામાંથી વાલ્મિકી બની જાય. લૂંટારામાંથી, આદિવાસીમાંથી ઋષિ બની જાય.

લક્ષ્મણદાસજી મહારાજે અહીં પોતાની અનુભૂતિ કહી દીધી. **'આવ્યો તમ શરણે એ સાચો રે,** તમારે શરણે આવ્યો છું. હું બીજું કંઇ જાણતો નથી. હું અભણ છું, અજ્ઞાની છું પણ આપને શરણે આવી ગયો છું. જેમ ખૂબ ધસમસતા પૂરમાં તણાતી વ્યકિતને કોઇ વૃક્ષનું થડિયું હાથમાં આવી જાય અને એ બચી જાય. એમ સદ્‌ગુરુના સાનિધ્યે શરણ મળી જાય અને એના આધારે એ બચી જાય. આમ શિષ્યોને, આશ્રિતોને, ભકતોને તારવાની શકિત જય મહારાજ પાસે છે એ લક્ષ્મણદાસજી મહારાજે આપણને બતાવ્યું. નહીં તો આપણને કયાંથી ખબર પડવાની હતી! કે નરકની દુર્દશા દુર્ગતિમાંથી બચાવી લેવાવાળા જય મહારાજ છે.

**'ધર્મરાયના દૂત આવે તેને રાખે વારી'**

જે સદ્‌ભાવપૂર્વક આપને શરણે આવે એને પછી યમદૂતો લેવા આવે તો પણ એને ઊભો રાખે કે ઊભા રહો, નથી લઇ જવાનો એને.

જય મહારાજ આ રીતે આપણા સૌનો ઉધ્ધાર કરવા માટે જ આ ધરાતલ ઉપર પધાર્યા છે. અને આ સ્થાનને આપણા સૌના માટે તીર્થ બનાવ્યું છે. ભગવાન વનમાં જતા હતા ત્યારે સુમિત્રાજી પાસે લક્ષ્મણજી આજ્ઞા લેવા ગયા. સુમિત્રાજી કહે, તું આજ્ઞા લેવા શા માટે આવ્યો? તારા ભાગ્યમાં ભગવાનની સેવા અને ભકિત લખી છે માટે જ રામ વનમાં જઇ રહ્યા છે તું પૂછવા ના આવીશ જા.

કેવી ઊંચી વાત ! કે તારા પ્રારબ્ધમાં ભગવાનની સેવા લખી છે માટે તુ જા. **જય મહારાજની સેવા પણ આપણા ભાગ્યમાં છે. માટે જય મહારાજ અહીં આવ્યા છે.** આપણું પ્રારબ્ધ ગણો કે

આપણું પુણ્ય ગણો. નહીં તો વિચરતા જોગી બીજે કયાંક બેસી ગયા હોત તો? પાછા ગિરનારમાં જ જતાં રહયા હોત તો? અહીં જ આવ્યા કેમ ? આપણા બધાનાં પ્રારબ્ધ હતાં એટલે જય મહારાજ અહીં આવ્યા. અનેક જીવોનો ઉધ્ધાર અને કલ્યાણ કરવા માટે આવ્યા.

તત્ત્વમસ્યાદિ વાકયૈઃ તું જેને ભજું છું એ પોતે જ તારામાં બેઠેલા છે. પણ જયાં સુધી પાપ બુદ્ધિ પડેલી હોય ત્યાં સુધી અંદર બેઠેલા પણ નહીં દેખાય. હું પાપી છું. અપરાધી છું એવું મનમાંથી કાઢીને ફેંકી અંદર બેઠેલા જય મહારાજને જો.

**બસહું નિરંતર તાસુ મન જાસુ સો રાઉર નિજ ગેહુ**

તમે એના હૃદયમાં બેઠેલા છો અને એ તમારું કાયમનું ઘર છે. **આપણે આપણા અંતઃકરણમાંથી જે પાપની વૃત્તિઓ, વિચારો છે એને કાઢી નાખીશુ તો અંદર બેઠલા ભગવાન દેખાશે.** પણ સતત પાપનાં વિચારો એ આપણા પોતામાં બેઠેલા ભગવાનને અજ્ઞાનને કારણે દેખવા દેતા નથી.

તત્ત્વમસ્યાદિ વાકયૈઃથી જય મહારાજ શિષ્યોનો ઉધ્ધાર કરે છે એની નર્કગામી મતિને દૂર કરી સદ્‌ગતિ આપે છે. આત્મા સુધી પહોંચાડે છે.

એ શાંતિ સ્વરૂપ કેવું વૈભવશાળી હશે! અમે શાંતિ કેવી વિશાળ આનંદ આપનારી હશે કે લક્ષ્મણદાસજી મહારાજ વારંવાર યાદ કરે છે વંદન કરનાર કોઈપણ આવે એના મનને, એના તનને શાંતિ આપે છે એટલા માટે તો સંતરામ નામ છે. **'સતતમ્ સંત ઈતિ સંતહ' સદાય બધાની વચ્ચે દેખાય. બધાની વચ્ચે બધાના હૃદયમાં બેઠેલા છે અને સહુને શાંતિ આપવાવાળા છે.**

# પ્રકરણ – ૧૯૭

અન્નાદ્યૈઃ પંચકોષૈઃ

આપ યોગમાં સ્વયં ઇન્દ્ર છો. યોગ ઉપર આપનું સંપૂર્ણ આધિપત્ય છે માટે જ આપ યોગીન્દ્ર છો. આપ યોગ ઉપર આપનું શાસન ચલાવો છો. યોગ જેમના હાથ નીચે છે. જેમની પાસે એ સત્તા સામર્થ્ય છે કે આ ભવોભવનાં નરકગામી કર્મોનો સંપૂર્ણ નાશ કરી દે. એનામાં જે જે ખોટ સંસ્કાર, દુષણો, ખોટા વિચારો છે એનો નાશ કરવાવાળા છે. જેની પાસે સામર્થ્ય હોય, સત્તા હોય એ જ બીજાને બચાવી શકે, મદદ કરી શકે. ગુરુ ભગવાન, જય મહારાજ તો ઇન્દ્રની સત્તા ધરાવે છે. તેમની પાસે સંયમની, સદાચારની, સાત્વિકતાની સત્તા છે.

યોગીન્દ્ર એટલે જેમણે પોતાના આત્મતત્ત્વની સાથે યોગ કરી લીધો છે અને એની ઉપર પૂરેપુરું આધિપત્ય છે. આપ અમારા જીવનનાં દુષણો, કુવૃત્તિઓ દુરાચારને દૂર કરવાવાળા છો. આ બધું તો જેની પાસે સામર્થ્ય હોય એ પણ નથી કરી શકતો. શકિતશાળી માણસ પણ પોતાના સ્વભાવને પોતાની આદતો, કુટેવોને જલ્દી છોડી નથી શકતો. પોતાની કુટેવો અને વ્યસનો

આગળ માણસ પોતાનું જીવન ઘટી જાય, અને તો પણ એમાંથી છૂટી શકે નહીં. હવે જો માણસ પોતાના જ જીવનને માટે હારી જાય તો એનું કોણ? એને કોણ જીતાડે? તો જે જીતેન્દ્રિય હોય એ જ બીજાની ઇન્દ્રિયોને જીતાડી શકે. યોગીન્દ્ર એટલે જ બીજા અનેક યોગીઓને પણ યોગની દીક્ષા આપે. યોગની વિદ્યા આપે એને આશ્રિત તરીકે પણ રાખે. જેમ રાજા પોતાની પ્રજાને રાખે એમ યોગીન્દ્ર અનેક યોગીઓને પોતાના શાસનની અંદર રાખે.

જીવનની જેટલી બીક છે એ બધી જ બીકને દૂર કરવાવાળા છે. જીવનમાં કેટલી બધી બીક હોય છે. એ બધામાંથી મુકત કરાવે છે. જેની પાસે શકિત હોય, સામર્થ્ય હોય એ જ આ કરી શકે. શરણે ગયેલાને પણ સાચવી શકે, બચાવી શકે. જે સાચા દિલથી શરણે જાય અને પોતાના જીવનની અંદર કંઇક પ્રાપ્ત કરવા ઇચ્છે, કંઇક છોડવા ઇચ્છે એ બધું જ એને છોડાવે. એને વિજય અપાવડાવે, જીવનની નિરાંત આપે. નિરાંત મળી જાય એટલે માણસ કેટલો સુખી થઇ જાય કે હાશ! હું તો પરવારીને બેઠો છું. કોઇ ફિકર નથી કારણ કે આવા ભગવાન જેવા સામર્થ્યનું શરણ મળી ગયું છે. સામાજિક, લૌકિક, સાંસારિક કોઇપણ ઉપાધિ આવે તો પણ એની બીક લાગે જ નહીં. જાણે અંગ્રેજીનું પેલું સૂત્ર શિખવાડી દીધું હોય  આવવા દો. જે પરિસ્થિતિ આવે એની સામે ઝઝૂમવા તૈયાર છીએ. કેમ કે યોગીન્દ્ર મળ્યા છે.

બધું જ ખતમ કરીને નિરાંત આપે. બધા પ્રકારની નિરાંત આપી દે કે જાવ, તમારો ખર્ચો પણ લઇ જજો. કયાંય કમાવા પણ ના જશો. કશી ફિકર ચિંતા પણ ના કરશો. જે જે એમના આશ્રિતો થઇને બેઠા છે એમને કોઇને કયાંય પણ યોગક્ષેમ માટે કમાવા

જવાનું ખરું ? યોગીન્દ્ર છે. યોગીઓનું ભરણપોષણ કરનાર પણ એ જ છે એને ભૂખની પણ ચિંતા નહીં.

આવું મોટું શરણ મળેલું હોય કે એ શરણની અંદર કશું જ બાકી ના રહેવા દે. બધું જ પરિપૂર્ણ કરી દે. હવે બેસીને માત્ર આત્માનુસંધાન કર. કોઇ ઉપાધિ કરીશ નહીં. ખાવાનું શોધવા પણ ના જઇશ કેમ કે યોગી છે. જયાં જશે ત્યાં ભિક્ષા તો મળી જ જવાની છે. એવા ભાવથી એને નિશ્ચિંત બનાવી દે. નિશ્ચિંત બનાવ્યા પછી શું કરવાનું ? **તત્ત્વમસ્યાદિ વાકયૈઃ** આપી દીધું. ચરમ સીમાનો બોધ આપી દીધો. એથી આગળના કોઇ બોધ ઉપદેશની આવશ્યકતા નથી. માત્ર **અસિપદમાં ચિત્ત ધાર.**

જય મહારાજનાં પદોમાં ભકતોએ પણ ગાયું છે 'મૈં હી હૂં' અહંકાર નહીં, આત્માનુસંધાન. 'મુજે કયા ફિકર? મૈં હી ખુદા હૂં.' જેને ખુમારી કહેવાય. જેમ રાજા બાદશાહની ખુમારી પોતે બહાર નીકળીને કોઇની સામે નજર કરે. વરસાદ પણ બંધ થઇ જાય. વૈરાગ્ય, ત્યાગની ખુમારી આ રીતનું એક જીવન આપી દે.

આપણું પોતાનું તત્ત્વ આખા શરીરનું, આખા જીવનનું તત્ત્વ શું? શરીર એકલું નહીં. શરીરમાં તો ગુમડાં પણ થશે ને બિમાર પણ પડશે, અકસ્માત પણ થશે ને રોગ પણ આવશે. પણ જે અવ્યય, અક્ષર, આત્મતેજ, આત્મશકિત છે તે કામ કર્યા જ કરતી હોય. મારું સર્વસ્વ, મારું સ્વરૂપ આત્મા છે. એમાં એવી જબરદસ્ત ખુમારી હોય કે જેને નશો કહી દીધો, આત્માનુભૂતિનો નશો કહેવાય, બન્યો જ રહે. બન્યો જ રહે.

નામ ખુમારી નાનકા ચડી રહે દીન રે

ભાંગ સુપારી તમાકુ પરભાત ઉતર જાયેગી.

આ બધા જે વ્યસન છે એ રાત્રે ચડે ને સવારે ઉતરી જાય. પણ આત્માનુભૂતિની ખુમારી રાત દિવસ ચડી રહે મહાપુરુષો પોતની સ્થિતિમાં બેઠા હોય અને એમને આંખો મદહોશ હોય, એના દર્શન કરતા થકાય નહીં. બસ એ અવસ્થાનાં દર્શન કર્યા જ કરો. ત્યાંથી નજર હટે જ નહીં. કેટલી સરસ એમની સ્થિતિની શોભા છે!

''**અહમ બુદ્ધાસ્મિ**'' હું જાતે જ છું. અહંકાર નહીં પણ પોતાનાં સાત્વિક સ્વરૂપની અનુભૂતિને કહ્યું ''**અહમ્ બ્રહ્માસ્મિ.**'' પરમ સત્ય આત્મા છે અને આનંદ સ્વરૂપ પણ એનું જ છે. ચિત્તની વૃત્તિઓ મારા પોતાના સ્વરૂપની જ હોય. ત્યારે પછીની અવસ્થા આવે સચ્ચિદાનંદ. ચિત્ત પણ આત્મસ્વરૂપમાં ભળી જાય. એ બહાર ના ભટકે. ચિત્તવૃત્તિમાં એટલે સામર્થ્ય હોય, એટલી શકિત હોય કે જે વૃત્તિઓ દુનિયાની બહાર ભટકયા કરે છે એને બદલે બધી વૃત્તિઓ બધી પોતાનામય બની જાય. ચિત્ત હંમેશા પોતાનામાં જ લાગેલું રહે.

ચિત્ત એટલે આપણી મનોવૃત્તિઓ. એ મનોવૃત્તિના સ્વરૂપને નામ આપી દીધુ આનંદ સ્વરૂપ. પોતાનાં આત્માનું જ સ્વરૂપ બતાવી દીધું કે તું સત્ ચિત આનંદ સ્વરૂપ છું. એનાથી જુદો તું છું જ નહીં. આપણું ચિત્ત આપણા પોતાનામાં જ સ્થિર થઇ જાય. કયાંય ભટકે નહીં. આ સ્થિતિ, અવસ્થા એટલે વેદ વાકયો વડે ઊંચામાં ઊંચી અવસ્થાનું જ્ઞાન આપી દીધું.

પ્રજ્ઞા એટલે આપણી બુદ્ધિ. આપણી બુદ્ધિ પણ આનંદમય

અને સતમય બની જાય. એટલે સત્ત્વરૂપી આત્માને પ્રથમ રાખ્યો અને છેલ્લે આનંદરૂપી આત્માને સાથે રાખ્યો અને વચ્ચે ચિતને રાખ્યું છે. સત અને આનંદ વચ્ચે ચિતને મૂકયું છે. સત્ ચિત્ત આનંદ. આત્માનું સ્વરૂપ આનંદનું સ્વરૂપ છે. અને ચિત્ત વડે મારું પોતાનું જ છે. હું આત્મા સ્વરૂપ છું. આ વૃત્તિ એનામાં સ્થિર થઇ જાય. ''સચ્ચિદાનંદરૂપમ્ શિષ્યાણામ્ જ્ઞાનન્તમ્ વિગત મલયુતમ.'' એ પ્રકારનું જ્ઞાન આપી દીધું.

સત્ ચિત્ત આનંદની વાત કરવા બેસીએ તો વર્ષોના વર્ષો નીકળી જાય. જેમ લક્ષણે એકવધિમ કહ્યું, જહદ-અજહદ એમ ત્રણ લક્ષણાઓ છે એ લક્ષણાઓનું સ્વરૂપ થોડું અઘરું પડે. પણ આ તો તત્ત્વનું ઊંડાણ છે. એ તત્ત્વના ઊંડાણ સુધી પહોંચતા આ બધાનો અભ્યાસ હોવો આવશ્યક છે. જય મહારાજની સ્તુતિમાં લક્ષ્મણદાસજી મહારાજ આપણને એટલા સૂક્ષ્મ જ્ઞાન સુધી લઇ જાય છે. ભલે આપણે ત્યાં સુધી ના પહોંચીએ. આપણે તો એમ કહીએ કે મહારાજ, આપનામાં અમારી શ્રદ્ધા છે, ભકિત છે. આપ અમારો આધાર છો. સર્વસ્વ છો. અમારું ચેતનવંતુ જ્ઞાન પણ આપ છો. શબ્દ સદગુરુ સુરત ચેલો. આપ જે કંઇ જ્ઞાન આપો છો તે આપનું જ સ્વરૂપ છે. એના સાદા ઊંડાણ સુધી ઉતરવા માટે બહુ સૂક્ષ્મતાથી અંદર જવું પડે.

કોઇપણ ગ્રંથમાં અંતમાં જે જ્ઞાન આપવામાં આવ્યું હોય તે આખા ગ્રંથનો સાર હોય તમે ભાગવતમાં જુઓ એકાદશ સ્કંધની અંદર કેટલું બધું જ્ઞાન આપી દીધું. ગીતાજીમાં અઢારમાં અધ્યાયમાં ગીતાનો આખો નિચોડ આપી દીધો. નામ રાખ્યુ મોક્ષ સંન્યાસ, રામાયણમાં પણ પાછળ સોહમસ્મૃતિ છે. આ રીતે દરેક

ગ્રંથોના સાર, જ્ઞાન અને તેની સાચી સમજ દ્વારા પોતાના જીવનનો ઉધ્ધાર કરી લેવાનો.

અહીંયાં પણ લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજની જે આખી સ્તુતિ કરી છે એના ઉપસંહારના છેલ્લા બે શ્લોકની અંદર બધું જ તત્ત્વ આપી દીધું. આ બધુ જ વેદના અંતનું જ્ઞાન કહેવાય. અંતિમ ભાગ એ જ સાચું જ્ઞાન. લક્ષ્મણદાસજી મહારાજે અહીં જય મહારાજના તત્ત્વનું દર્શન કરાવી દીધું છે. આપ તો સૌની વચ્ચે બિરાજેલા છો. સૌમાં આપ જ છો. કેવી રીતે એને સાબિત કરશો? આત્માનો પરિચય કેવી રીતે થઇ શકશે? શરીરધારી તો છીએ જ. આપણે બંગલો રાખ્યો હોય તો બંગલાનું નામ રાખી દઇએ. એમ આ શરીરનું નામ રાખી લીધું. કેમ કે ઓળખવો તો પડે ને! સરનામું તો જોઇએ ને! તો નામ એ પણ સરનામું છે. કોઇપણ માણસને ઓળખવો હોય તો નામથી ઓળખાય. પણ જયાં સુધી નામ હાથમાં ના આવે ત્યાં સુધી પેલો, પેલો. પેલો વેપારી પણ સમજણ શું પડે? આ નામવાળા બંગલામાં આ ભાઇ રહે છે. નામ એ આપણે નથી. નામ એ આપણું નથી. પણ આપણા બંગલાનું નામ છે. હું તો બ્રહ્મ સ્વરૂપ છું. હું શરીર સ્વરૂપ નથી. હું આત્મચેતના છું.

જય મહારાજ શિષ્યોને, આશ્રિતોને, સત્સંગીઓને જ્ઞાન આપ્યા જ કરે. જ્ઞાન વડે જ સમૃદ્ધ સંપન્ન થવાય. ભલેને પૈસો ગમે તેટલો હોય પણ સમજણે ગરીબ હોવ તો તરત રડવા માંડશો.

એક સંત હતા. આપણા પરિચિત હતા. પહેલાં અહીં પણ આવતા. ગીતાજી ઉપર કથા એટલી સરસ કરે કે આખી વાડી

હકડેઠઠ ભરાઇ જાય. પણ એમને તાવ આવ્યો તો નાના બાળકની જેમ રડવા બેઠા. કથા બહુ સરસ કરે પણ પોતાનો પરિચય ના મળે.

અહીં તો જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજને આત્મસ્વરૂપનાં દર્શન કરાવ્યાં છે. બાપજી, આપે સત્સંગ વડે નિર્ભયતા આપી. નિર્ભય થઇ જાવ. કોઇનાથી કશાથી બીવાની જરૂર નથી. ખોટું કર્યું હોય, પાપ કર્યું હોય તો બીવું પડે. પણ ખોટું કર્યું જ ના હોય તો નિર્ભય થઇને ફર્યા કરો. જીવનમાં અપરાધ ના હોય, પાપ ના હોય તો નિર્ભયતા આવી જ જવાની છે. ભલે દુનિયા લાખ મહેણાં ટોણાં મારે પણ આપણા અંતઃકરણથી એમ થાય કે હું કોઇ પણ ગુનાના અપરાધમાં નથી. હું ચોખ્ખો છું. તમે મરદ ની માફક રહી શકો. કેમ કે મેં કશું ખોટું કર્યું નથી જેને જે બોલવું હોય તે બોલે. ગાળો ભાંડવી હોય તો ગાળો ભાંડે. આપણે શું લેવા દેવા? જાતે સમજશે ને થાકશે કે ભાઇ આપણે ભૂલ્યા હતા. નિર્ભયતા જંગલના સિંહની માફક હોય. શિયાળ કે કૂતરું ભસે એથી સિંહને શું થવાનું હતું? પોતાના સ્વરૂપની નિર્ભયતા એને અખંડ આનંદ અપાવે. હું આનંદસ્વરૂપ છું. મારે ચિંતા ફિકર શાની? જે આનંદસ્વરૂપ હોય એને ચિંતા હોય તો આનંદસ્વરૂપ શાનો? આનંદથી ભજન કર્યા કરે, સેવા કર્યા કરે, ચિંતન કર્યા કરે, બિલકુલ નિર્ભય થઇને.

આ નિર્ભયતા જય મહારાજનું શરણ આપે છે. જ્ઞાન આપીને, સાચી સમજણ આપીને જીવનનો સાચો રાહ, સાચી દિશા જય મહારાજે આપી છે.

# પ્રકરણ – ૧૯૮

**અન્નાદ્યૈઃ પંચકોષૈઃ**

**એકત્વમ્ લક્ષ્યમ્** આ જય મહારાજનો આદેશ છે. એક લક્ષ્ય એટલે પોતાના ઇષ્ટ, આરાધ્ય. એ પરમાત્મા સ્વરૂપને પોતાનામાં જ જોવાનું, જે સૌથી શ્રેષ્ઠ છે, જે સૌથી સર્વોપરી છે અને માત્ર એક જ છે. આત્મ તત્ત્વ, આત્મચેતના સર્વત્ર એક જ રહેલી છે.

**યથા પ્રકાશયતિ એકા ક્રિશ્નમ્ લોકમમ્ ઈમં રવિ.**

સમગ્ર સૃષ્ટિમાં એક જ સૂર્ય ઉગે છે. પણ એના પ્રતિબિંબ અનંત હોય છે. જયાં જુઓ ત્યાં કોઇપણ પ્રવાહીમાં એક જ સૂર્યનું પ્રતિબિંબ હોય છે. બીજો સૂર્ય હોતો જ નથી. એમ પરમાત્મા સર્વમાં એક જ પ્રકાશિત થઇ રહ્યો છે. એકત્વમ્ આદ્યમ. આદ્ય છે, સર્વોપરી છે, સર્વત્ર છે, સર્વમાં છે, એ કયાંય જુદો નથી. પુષ્પદંતે પણ કહી દીધું. આ બધા જેનામાં છે એને પણ હું વંદન કરું છું. જે સર્વમાં છે અને સર્વ એનામાં છે એને મારા વંદન છે.

પરમાત્મા એકથી અન્ય છે જ નહીં. જીવેય કયાંય નથી. એટલા માટે કહ્યું તત્ત્વમસિ. તું એ જ છું જેની તું ઉપાસના કરું છું,

આરાધના કરું છું. તારા પોતાનામાં જો. તારામાં જ એ બેઠેલો છે. તારાથી એ સહેજ પણ દૂર છે જ નહીં. કહેવાનું તાત્પર્ય એ છે કે **ઈશ્વર અને આપણી વચ્ચે સહેજ પણ અંતર છે જ નહીં. સમયનું પણ નહીં અને સ્થળનું પણ નહીં.** જો પોતાની વૃત્તિઓ અંતર્મુખી હોય તો અવશ્ય જે પ્રાપ્ત કરવું છે તે સહજમાં પ્રાપ્ત થઇ શકશે. વૃત્તિઓને વશ રાખવી પડે. વૃત્તિઓને પોતાનામાં સ્થિર કરવી પડે વૃત્તિઓ ભટકતી છે. જયાં ત્યાં ભટકયા કરે છે. **કોઇપણ કાર્ય કરવું હોય તો મનની એકાગ્રતા જોઇએ. સામાન્ય નાનું કામ હોય તો પણ એમાં લક્ષ તો આપવું જ પડે.** રસોઇ કરવાની અંદર સહેજ ભૂલ થઇ જાય તો કયાં તો ઊભરાય, કયાં તો ચોંટે, કાં તો ઓછુંવત્તું પડી જાય કયાં તો બળી જાય. દરેક કાર્યની અંદર એકાગ્રતાની આવશ્યકતા છે. તો આત્માનુસંધાન માટે પણ એટલી એકાગ્રતાની જરૂર છે. વૃત્તિઓ અંતર્મુખ કરીએ. ધીરે ધીરે અભ્યાસપૂર્વક પોતાને પોતાનામાં જ સમાવવા માંડીએ. પોતાના વિચારોને પોતાનામાં પાછા લાવીએ પોતાની વૃત્તિઓને પોતાનામાં વાળીએ. આપણી અંદર શુ છે, કોણ છે, અંદર કેવું છે? કોઇપણ કાર્ય કે ક્ષેત્રની અંદર જીજ્ઞાસા ઊભી કરવી પડે. અંદરથી આપણને પોતાને એમ થાય કે મારે કંઇ સમજવું છે, જાણવું છે એ જાતનો આપણો સંકલ્પ હશે તો જ આપણી વૃત્તિઓ એ કામમાં લાગશે. કોઇપણ સંકલ્પ કરીએ તો આપણી વૃત્તિઓ કેવી કામે લાગી જાય છે! સારા ખોટા દરેક કાર્યની અંદર. એ જ રીતે પોતાના સ્વસ્વરૂપને માટે અંદર પૂછયા કરો. હું કેવો છું? કોણ છું? કયાં છું? **માટે એને સમજતો તો ખરો મારે એની નજીક તો જવું જોઇએ. હું એના પરિચયમાં તો આવું.** મને સમજાય તો ખરું કે મારો આત્મા અને હું કોણ છું?

આવા પ્રશ્નો અંદર એક પછી એક જાગ્રત થાય. એ રીતે સતત આત્માનુસંધાન કરવા માટેનો પ્રયત્ન બન્યો રહેવો જોઇએ. તો પ્રકૃત્તિ અને વિજ્ઞાન એમ કહે છે કે એક વખત એના વિચાર અને સ્તર સુધી મન પહોંચશે જ જયાં સુધી મારા આત્માનું સ્તર છે ત્યાં સુધી હું એને સમજું એને ઓળખું એને માણું, એને અનુભવું. ભલે એ અવ્યકત છે, ના દેખાય કોઇ વાંધો નહીં. પણ એને સમજું તો ખરો.

**એકતત્ત્વ આદ્ય લક્ષ્યમ્.** પોતાના સ્વસ્વરૂપ માટેનું આ લક્ષ્ય બન્યું રહેવું જોઇએ. શરીર આપ્યું છે તે આત્માનુભૂતિ માટે જ આપ્યું છે. કોઇ ને કોઇ પ્રકારના વિચારથી, કોઇને કોઇ પૂજાથી કોઇને કોઇ જિજ્ઞાસાથી સતત આત્માનુસંધાન કરતા રહીશું તો ચોકકસ એક દિવસ એને અનુભૂતિ થશે.

જય મહારાજ સતત સંબોધન કર્યા કરે છે કે તું ત્યાં પહોંચ કે જયાં તારે પહોંચવાનું છે. એ તરફ જ ચાલ. સતત જેનો આદેશ હોય, ઉપદેશ હોય, જે એક જ પ્રકારનું જ્ઞાન આપ્યા કરે. તું તારા લક્ષ્ય તરફ આગળ વધ. કયાંય ઊભો રહીશ નહીં, કોઇની રાહ જોઇશ નહીં.

**લક્ષણે એકત્વમ્ અધિમ્.** જે લક્ષણાઓ છે એ લક્ષણાઓના આધારે જહદ-અજહદનાં લક્ષણોના આધારે પણ તારે તારા ગંતવ્ય-લક્ષ્ય આભા સુધી પહોંચવાનું છે. પ્રજ્ઞા બ્રહ્મ એ જ તારું સ્વરૂપ છે. પ્રજ્ઞા એટલે આપણું ચિત્ત, આપણી સ્મરણશકિત અને એ પ્રજ્ઞાને સ્થિર એકાગ્ર કરવાની પોતાની બુદ્ધિ, સમજણ શકિતને પ્રજ્ઞા કહેવાય. ભગવાને ગીતામાં પણ કહ્યું, 'કાચબો જેમ પોતાના અંગોને સંકેલી લે છે તેમ આપણે પણ આપણી વૃત્તિઓને ધીરેધીરે

અંદર સંકેલી લેવાની. જે બર્હિમુખતા છે, મનની વૃત્તિઓ જિજ્ઞાસાથી બહાર ભટકયા કરે છે એને પોતના તરફ વાળવાની છે. એના માટે બ્રહ્મસૂત્રનું પહેલું સૂત્ર છે.

**અશાતો બ્રહ્મ્ જિજ્ઞાસા.**

**પોતાનામાં હું પોતે છું. આત્મતત્ત્વ છું.**

આત્માનુસંધાન કરવા માટે મારે બ્રહ્મ્‌ને જાણવો છે. જેને અહમ્ બ્રહ્માસ્મિ કહ્યું, પ્રજ્ઞાનમ્ બ્રહ્મ્ કહ્યું. હવે બ્રહ્મ્ સ્વરૂપ સુધી પહોંચવાની ઇચ્છા છે. પોતાના આત્મસ્વરૂપ સુધી પહોંચવાની જિજ્ઞાસા છે. એ જિજ્ઞાસાથી બ્રહ્મ્તત્ત્વ સુધી પહોંચવાનું છે. સતત એની જિજ્ઞાસા હોય. પોતાનામાં સતત એના વિચારો કે આ શું હશે? કયાં હશે? કેવું હશે? કેવી રીતે મળશે? કેવી રીતે સમજાય!

બ્રહ્મ્ એ નિરાકાર છે. છતાં એનો અનુભવ મળે. ભલે સાક્ષાત્કાર નહીં થાય, આત્માનુભવ કરાય. જેને આત્માનુભૂતિ કરી. એની જિજ્ઞાસા વડે તત્પરતા રહેવી જોઇએ કે મારે જાણવું છે. મારે આત્માને સમજવો છે. મારે ઓળખવો છે. ભલે એ અવ્યકત છે, નિરાકાર છે પણ હું સમજું તો ખરો. એ માટે સૌથી પહેલું સૂત્ર છે કે દરેક જણે આત્માનુસંધાન કરવું. એનામાં જિજ્ઞાસા, ઉત્કંઠા હોવી જરૂરી છે. કોઇપણ કાર્ય માટે જો તમારામાં ધગશ ના હોય, ઉત્સાહ ના હોય તો તમે કશું કામ નથી કરી શકતા. લૌકિક કાર્યો માટે પણ સાચી ઉત્કંઠા, જિજ્ઞાસા જોઇએ. કે લાવો મારે જાણવું છે, કરવું છે, ભણવું છે એમ બ્રહ્મ્તત્ત્વને જાણવા માટે એનું અનુસંધાન કરવા માટે એની લગન લાગવી જોઇએ. જેને જિજ્ઞાસા કહે છે. માત્ર ઉપર છલ્લું નહીં, ચાલો ફરવા ગયા ને ફરી ને પાછા

આવ્યા એમ નહીં. એ તો ખાલી લટાર મારી હતી. એનો કોઇ ઉદ્દેશ નથી હોતો. પણ કોઇ લક્ષ્ય લઇને જઇએ કે એ કામ કરવાનું છે ને પુરું થવું જ જોઇએ. એ કરીને જ આવવાનું છે. આ એક પ્રકારની ઝંખના કહેવાય. સતત એ બની રહેવી જોઇએ.

બ્રહ્મ જિજ્ઞાસાને અહીં જય મહારાજે પ્રસંનં બ્રહ્મરૂપમ કહ્યું. જે પ્રજ્ઞા છે એના વડે જ બ્રહ્મ્ને જાણી શકાશે. એના વડે જ આત્માને, ઇષ્ટદેવને, પોતાના આરાધ્યને જાણી શકાશે. તેની સાથે આપણી વૃત્તિઓ કે જેને સામાન્ય ભાષામાં દાનત કહીએ છીએ. **વૃત્તિ સારી હોય, દાનત સારી હોય તો જ આપણે સફળ થઇએ.** પણ જો એ ના હોય તો તમે નિષ્ફળ જ જવાના.

માણસના જીવનમાં જેવા પ્રકારની પ્રવૃત્તિ હોય છે એ પ્રમાણે એના જીવનની સ્થિતિ બનતી હોય છે. પ્રવૃત્તિ હલકા પ્રકારની હશે તો માણસ હલકા પ્રકારનું જીવન જીવશે. જો વૃત્તિ પ્રવૃત્તિ સારા પ્રકારની હશે તો સ્વચ્છ, પવિત્ર સંતનું જીવન જીવી શકશે. કારણ એમાં તપ છે, ભોગ છે, ભજન છે એની પાસે સાચી સમજણ, જ્ઞાન, સંયમ, સદાચાર ને સાત્વિકતા છે. એ બ્રહ્માકાર વૃત્તિ થઇ. જયારે વિષયાકાર વૃત્તિઓ હોય તો માણસ એનામય બની જતો હોય છે. એક પોઝીટીવ કહેવાય તો બીજું નેગેટીવ કહેવાય. બ્રહ્માકારરૂપ થાય એ હકારાત્મક વૃત્તિ થઇ કે મારે મારી વૃત્તિઓને ઊર્ધ્વગામી બનાવવી છે. અને એના વડે મારે મારા જીવનને સાર્થક કરવું છે, મારે મારું ધ્યેય, લક્ષ્ય પામવું છે.

લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજ માટે કહ્યું કે આપ અમને પ્રસંનમ્ બ્રહ્મરૂપમનો ઉપદેશ આપવાવાળા છો. શ્રુતિ

સત્પઠિતમ્. સન્માર્ગ કયો છે? જે બ્રહ્મચિંતનનો માર્ગ છે, ભાગવત માર્ગ છે એ જ સાચો, સન્માર્ગ છે, બાકી તો

**કુપથમ્ તમવિજાનીયાત્ ગોવિંદ રહિતાગમં**

ભગવાનના સ્મરણ, ચિંતનને સાથે રાખ્યા સિવાયનો જે કોઇ રસ્તો લીધો હોય એ બધો જ દુરાચારનો રસ્તો છે. જીવનના **કોઈપણ સમયે, કોઈપણ માર્ગે, વિચારે જવું હોય ત્યારે ભગવાન ને સાથે રાખજો.**

આપણે આ જગતમાં અંશ સ્વરૂપે આવ્યા છીએ અને જેણે આપણને મોકલ્યા છે તો આપણું લક્ષ્ય આત્માનુસંધાન કરવાનું છે. પરમાત્માની પ્રાપ્તિ એ આપણું લક્ષ્ય છે. એ પ્રાપ્તિના માર્ગને છોડીને આપણે અન્ય કોઇ માર્ગે જઇએ તો એ દુરાચાર છે. જો દુરાચાર ને માર્ગે માણસ એટલો બધો એકાગ્ર થઇ જાય છે તો સદાચારના માર્ગે કેમ ના થવાય? પણ એ તરફ આપણી વૃત્તિઓ નથી. એ તરફ આપણું લક્ષ્ય નથી. મન ટેવાયું નથી એનો અભ્યાસ નથી મળ્યો.

**'લક્ષ્યકૃતે એકરૂપમ'** લક્ષ્ય પોતાનું ધ્યેય કે હું કયાં જવાં નીકળ્યો છું, કયાં જવું છે, એ લક્ષ્યની ઉપર લાગ્યો રહે તો પોતાનું લક્ષ્ય પરમાત્માની અંદર રાખ્યુ હશે તો અવશ્ય પરમાત્માના સ્વરૂપ સુધી આત્મા પહોંચી શકશે. પણ એના માટે જય મહારાજે આજ્ઞા આપી છે એ પ્રમાણે લક્ષ્ય ને રૂપ એક થાય એના માટે પ્રયત્ન કરવો પડે. પણ આપણો પ્રયત્ન કેટલો? જરાય નહીં. દિવસમાં ૧, ૨ કે ૫ સેકન્ડ કાઢી છે ખરી? ના. નિત્ય નિયમ, સાધન ભજન કરવા બેસીશું તો પણ. લક્ષ્ય ઉપર તો એકાગ્ર થયા

જ નહીં હોય ભજન કરતાં કરતાં પણ મન બીજે ભટકતું હશે. વૃત્તિઓ સ્થિર ના થઇ હોય **કુર્મુગાંનિસર્વાસા ઇન્દ્રિયાણી.**

જેમ કાચબો કંઇક ભય આવે એટલે પોતાનાં બધાં જ અંગોને તરત અંદર સંકેલી લે એટલે પોતે સલામત છે. મોટો વાઘ આવે કે અજગર આવે. કશું ના કરી શકે. એના પંજા ઘસીને પાછો જતો રહે. પણ એની અંદર લાલચ હોય કે લાવને સહેજ જોઇ લઉં તો શિયાળવારૂપી વૃત્તિઓ એને મારી જ નાખશે. ખાઇ જ જશે. સહેજ ડોક કાઢવા જશે તો ખાઇ જશે પણ ઉતાવળ કર્યા વગર ધીરજથી પોતાની જાતને પોતાનામાં જ સંકેલી રાખે, બહાર જવાની કે જોવાની વૃત્તિ જ ના કરે. **ઇન્દ્રિયાણી સંયમાણિ.** બધાને પોતાનામાં સંકેલી લો. કાચબાની માફક વૃત્તિઓને પોતાનામાં સંકેલી લો.

વિદેશમાં નથી જવું. ઇરાકમાં તો પથરા પડે છે એટલે ત્યાંથી વૃત્તિઓ પાછી વાળી લીધી. એમ દરેક જગ્યાએથી પોતાની વૃત્તિઓને સંકેલો કે શું છે આમાં ? શું મળ્યું અત્યાર સુધીમાં? કેટલા સુખી થયા આની અંદર? એમ સાચી સમજણપૂર્વક અને ત્યાગથી એ માર્ગથી પોતાની તરફ ધીરેધીરે સંકેલવા માંડે અને હવે અત્યાર સુધી જયાંથી આવ્યા એ તરફ પાછા તો જઇ શકાવાનું નથી. હવે તો જયાં છીએ ત્યાંથી આગળ જ જવાનું છે. રસ્તો તો આટલો બધો કપાઇ ગયો છે. હવે બાકી કેટલો રહ્યો! ખબર નહીં. **ચેતે તો ચેતાવું તને રે! ચેતી તું જાને!**

પુનિત મહારાજ જાગ્રત કરે છે. '**તત્ત્વમસ્યાદિ...** આવા સદ્‌બોધ વડે જય મહારાજ, સૌને જાગ્રત કરે છે. ચેતો, જાગી જાવ,

હવે ઊંઘશો નહીં, સમય બગાડશો નહીં. જીવન થોડું રહ્યું છે. કેટલું હવે? આમ, મહાપુરુષો, દિવ્ય આત્માઓ દરેક જીવમાત્રને આ એક જ શ્રેયનો, કલ્યાણનો માર્ગ બતાવે છે કે આ રસ્તે આવો. પ્રજ્ઞાનં બ્રહ્મ ના ચોખ્ખા ઉપદેશ વડે પોતાના જીવનના સાચા લક્ષ્યનો માર્ગ જય મહારાજ બતાવી રહ્યા છે.'

# પ્રકરણ – ૧૯૯

**અન્નાદ્યૈઃ ........**

લક્ષ્મણદાસજી મહારાજ આપણને જય મહારાજના સાંનિધ્યમાં પરમ પદ સુધી પહોંચાડે છે.

**પરમ પદ વિદમ્ શ્રી ગુરુ સંતરામમ્**

પદ એટલે એક અવસ્થા, એક સ્થિતિ. આપણી પોતાની સ્થિતિ જેને આત્મપદ કહીએ છીએ. બ્રહ્મપદ કહીએ છીએ. પરમ પદ કહીએ છીએ. જેને પૂર્ણપદ કહ્યું. **જય મહારાજના ઉપનિષદનું નામ છે પદસંગ્રહ.** કોઇપણ એક અવસ્થાની અંદર સ્થિતિ કરીએ એને કહ્યું પદ. અહીંયાં તો આત્મપદની જ વાત છે. આપણા પોતાના સ્વરૂપની અવસ્થા-સ્થિતિને સાચવી રાખવા માટે જે જ્ઞાન આપ્યું છે એ ઉપનિષદ છે પદસંગ્રહ. આત્મસ્થિતિનો સંગ્રહ કરવો એને એકધારી એમાં ને એમાં ટકાવી રાખવાની મારી આત્મસ્થિતિને હું બચાવી રાખું. મને મળી છે એમાં ખૂબ સરસ આનંદ આવે છે. સંતોની એક એક રચના છે. એનું નામ પદ એટલા માટે પાડ્યું કે દરેકમાં આત્મસ્થ વિદ્યા રહેલી છે. દરેક ભજનમાં પદમાં એક એવી અવસ્થાનાં દર્શન કરાવે છે કે મને જય

મહરાજના તરફથી કેટલું બધું મળે છે.!

પરમાત્મા આપણા માલિક છે. આપણા પોતાનામાં જ વસી રહ્યો છે.

**મન ચળો વિહંગી પદ, ત્યારે બ્રહ્મપદ પામવા.**

આ સંસારના કદાવ, કીચડ અને ગંદકીમાંથી મનનાં વિચારોને ઉપર ઊઠાવીને આકાશમાર્ગે લઇ જવા. જયાં શુદ્ધતા છે. પવિત્રતા છે. જયાં સંસારનો કોઇપણ સડો કે દુર્ગંધ છે જ નહીં. મનની રાગદ્વેષ, ઈર્ષાવાળી સ્થિતિમાંથી ઉપર ઉઠો. વિચારોને ઊર્ધ્વગામી બનાવો. સારી વસ્તુનું ચિંતન કરો. જેવા વિચારો આપણે અંદર ઊગાડીશું એવા આપણા મનમાં પ્રગટશે.

**ઇદમ્ શરીર કૌન્તેય ક્ષેત્રમિત્યભિધીયતે.**

**ભગવાને ગીતાજીના ૧૩માં અધ્યાયમાં કહ્યું કે અર્જુન, આ શરીર તો ખેતર છે. અહીં કર્મની ખેતી કરવાની છે. સદ્-અસદ્ના જેવા વિચારો મનમાં હશે તેવો પાક ઉગશે. મન સડેલું હશે, બંજર હશે તો કાંટાવાળાં કામ વગરનાં ઝાંખરાં ઉગી નીકળશે તો વાગ્યા કરશે. એનાથી દુઃખી થવાય, માટે સદ્વૃત્તિઓને પોષી વિચાર અને કર્મની ખેતી સારામાં સારી કરીએ. આપણને પણ ગમે અને બીજાને પણ વહેંચીએ. એને પણ થાય કે તમે કેટલી સારી ખેતી કરો છો. તમે તો બહુ સારું મેળવ્યું છે. ખેડૂત સારી ઉપજ મેળવે, સારુ કમાય એમ આપણે પણ આપણા મનમાં, આપણા વિચારોમાં આપણા કર્મમાં જેવી ફળદ્રુપતા હશે અને સારી ખેતી કરીશું તો આપણને પણ જ્ઞાનની, શાંતિની, સમજણની સારામાં સારી ઉપજ મળશે. અને એ આપણી આવક થશે.**

પોતાની સ્વવૃત્તિઓનો સંગ્રહ કરી રાખવો. વૃત્તિઓને બહેકાવા ના દેવી, ગમે ત્યાં કીચડમાં, ગંદકીમાં, દુરાચારમાં ફેંકવી નહીં. જેટલા આપણે સદ્‌વૃત્તિઓની સામે ચાલીને જઇશું એટલી જ સદ્‌વૃત્તિઓ આપણામાં ફળીભૂત થશે. અને એ ફળનું સ્વરૂપ શું મળશે? શાંતિ, સદાચાર, સંયમ. એ ન હોય તો તમારા જીવનને અબજો રૂપિયા હોય તોય શું કરવાનું? શાંતિ ના હોય, ઊંઘ ના આવે. ભૂખ લાગી હોય તો ખાવાનો રોટલો પણ ના ભાવે. રોટલો તો શું પકવાન હોય તો પણ ના ભાવે. શું કરવાનાં એને?

માટે સૌથી પહેલી આવશ્યકતા છે. આપણી વૃત્તિઓને આપણામાં સંકેલી લેવાની અને શકય તેટલો પુરૂષાર્થ કરી ભગવાનને પ્રાર્થના કરી એની પાસે સહાયતા માંગો કે, પ્રભુ, તું મને સહાય કરજે. મારે સદાચારી, સંયમી થવું છે મારા આત્માને ઓળખવો છે. જાણવો છે. મારી પ્રાર્થના સાંભળજો. મને મદદ કરજો. મને મારા સ્વરૂપ સુધી જવાય એવો માર્ગ બતાવજો. આ પ્રાર્થના સદ્‌ગુરુને કરીએ એટલે ગુરુ મહારાજ એ પૂર્ણપદ આત્મપદ સુધી જરૂર એક ને એક દિવસ પહોંચાડશે. એની ભૂખ લાગી છે તો કોઇને કોઇ રીતે ખાવાની વસ્તુ મળી રહેશે જ. ભિખારી પણ પોતાની ભૂખને માગી માગીને સંતોષતો હોય છે તો આપણી જે જ્ઞાનની ભૂખ છે. સાચી સમજણની ભૂખ છે. એના માટે જય મહારાજને પ્રાર્થના કરો તો કયાંકથી ને કયાંકથી એ સ્થિતિને લાવી મૂકશે કે ધીરે ધીરે આપણી એ ભૂખ સંતોષતી જશે. આપણને કંઇક ને કંઇક તો મળતું જશે. એમ થશે કે આજે મને થોડુંક તો મળ્યું.

આમ, સદ્‌વૃત્તિઓનો સંગ્રહ કરો જેટલો સારા વિચારોનો, વાંચનનો, સારું જોવાનો, સારી વાર્તાનો સંગ્રહ કરીશું એટલું જ

આપણે પોતાની અંદર, પોતાના જીવનમાં સુવાસ અનુભવી શકીશું. આપણને પોતાને સંતોષ થશે, નિરાંત થશે કે હાશ મને મળે છે. પણ જો જીવનની અંદર વાસનાઓ, દુર્વિચારો એ બધું જ કર્યા કરશો તો પોતાનું આખું જીવન ગંધાતુ લાગશે, બીજાને તો લાગશે જ પણ આપણને પોતાને પણ આપણું જીવન સડેલું લાગશે. માટે સદ્ગુરુનો સત્સંગ પ્રાપ્ત થાય, સમજણ કેળવાય એમાંથી જે કંઇ આપણને મળે એમાંથી આપણે આપણું પોતાનું કરી લઇએ.

કોઇના ઘરે પ્રસંગે ગયા હોઇએ અને જમણ બનાવ્યું હોય. બધાને જમણ પીરસાય. જેની થાળીમાં જે આવ્યું તે જમે. જેટલું જમે એટલું એનું, બાકી છંડાયું, બન્યું, પીરસાયું એમાંથી આપણું કેટલું? આપણે જમ્યા એટલું જ. એમાંથી જે ઉર્જા બની એટલી જ આપણી. **એમ સત્સંગની અંદર પણ સાંભળ્યું આપણે બધાએ એમાં આપણે પણ એક બેઠા છીએ. આપણને સત્સંગ મળ્યો એમાં આપણા મગજમાં જેટલું ઉતરે, આપણે જેટલું સમજયા એટલું જ આપણું. અને એ સમજયા પછીથી સંયમ, સદાચાર સાથે સાત્ત્વિકતાની વૃત્તિઓ આપણામાં આવે ત્યારે આપણે સમજવાનું કે આપણને સત્સંગ પચ્યો.** અને એ પચ્યા પછીથી શકિત ઉર્જા મળે એમાંથી આત્મબળ પેદા થશે. જય મહારાજના અનેક સંતોના અનુભવોનુ આત્મ પદનો જેમાં સંગ્રહ થયેલો છે એ છે પદસંગ્રહ.

**જીવનમાં જેવી સ્થિતિ આપણે બનાવવી હોય એવું આપણે જીવવું પડશે** જેમ કંઇક સારું કામ કરીને કમાવા જાવ છો. વિચારીએ છીએ કે સારું કમાઇ લઇએ. એ પદ કમાવાનું છે. એમાંથી જ આપણે આપણા જીવનની અવસ્થા પ્રાપ્ત કરવાની છે. સંયમની

અને સ્થાવરની સંપત્તિ પ્રાપ્ત કરવાની છે. જેમ ગૃહસ્થ માણસને અઢળક સંપત્તિ મળે અને એને એમ થાય કે હું બહું પૈસાવાળો છું. એમ સાધન ભજનની સંપત્તિ એટલી બધી હોય કે મોટા મોટા અબજોપતિ પણ એની પાછળ દોડતા દોડતા જાય. એના પગ પકડે તો સંપત્તિ કોની પાસે થઇ? એણે પોતાના વિચારોને, પોતાની સ્થિતિ, અવસ્થાને એટલી ઊંચાઇ સુધી પહોંચાડી કે બધાયની નજરે ચડી કે આ માણસ તો વિભૂતિ છે, દિવ્ય છે, સદાચારી છે, સંયમી છે. એના પ્રત્યે ભાવ જાગે. ભલે બીજા કામ માટે સમય ના હોય પણ એના દર્શન માટે જઇએ. એની વાતો સાંભળીશું, કથા સાંભળીશું. તો એ કેવી સંપન્નતા હશે!

**ભકિતપદ વ્હાલામાં વ્હાલું રે!**

**ગુરુમુખે કૃપા કરીને આપ્યું રે.**

મહારાજની ભકિત કરીશું, સેવા કરીશું તો એની અંદર વૃત્તિઓ એટલી બધી લાગી જશે કે એને બીજું વિચારવાાની નવરાશ નહીં મળે. જય મહારાજની સેવા, સ્મરણ જે કંઇ કરીએ એની અંદર વૃત્તિઓ એટલી લાગેલી હોય કે મન બીજા વિચારો કરવા તરફ વળે જ નહીં. શરીરને બીજી ઝંઝટમાં પડવાની ઇચ્છા જ ન થાય. આમ પોતાની અવસ્થાને આપણે તૈયાર કરવાની છે. તમે સાત્ત્વિક પદ પણ મેળવી શકો છો અને દુરાચારની સ્થિતિ પણ પ્રાપ્ત કરી શકો છો. માટે તો જય મહારાજની સ્થિતિ તરફ આગળ વધવું છે. મારે જય મહારાજની સ્થિતિ તરફ આગળ વધવું છે, મારે જય મહારાજની સેવા ભકિત કરવી છે, સ્મરણ કરવું છે, દર્શન કરવાં છે, મારે એમને પ્રાપ્ત કરવા છે. લક્ષ્મણદાસજી મહારાજે એમના પોતાના અનુભવ પ્રમાણે કહ્યું.

**ચૈતન્યમ્ શિષ્મ મધ્યે.**

જુઓ, અંદર શોધો. આપણા પોતાનામાં જ જય મહારાજ બેઠેલા છે. પણ આપણે શોધવા પ્રયત્ન જ નથી કર્યો.

**ચૈતન્યમ્ શિષ્યમધ્યે, નિગમગતિગિરા કથ્યતે યદ્શ્રુવન્તમ્.**

બધા કહે છે, સરસ્વતી કહે છે, વેદો કહે છે, મહાપુરૂષો કહે છે પણ આપણા મગજમાં સમજણ દોષ છે. આટલા બધા કહે છે પણ સમજાતું નથી. લક્ષ્મણદાસજી મહારાજને અનુભૂતિ થઇ. લક્ષ્મણદાસજી મહારાજ તો એક સંત છે, વિભૂતિ છે. એમના વાકયમાં તો કાઇ કચાશ હોય નહીં.

આ સાચી સમજણ લઇને જો માણસ જીવન જીવતાં શીખે તો અવશ્ય એ સન્માર્ગની યાત્રા કરે. પોતાના જીવનનું લક્ષ્ય અવશ્ય પામી શકે. માનવ જીવન-માનવ શરીર પરમાત્માને પ્રાપ્ત કરવા માટે આપ્યું છે. નિષ્કામ ભાવથી, સેવાથી કોઇ ને કોઇ માર્ગ શોધી કાઢવો કે જેના વડે આપણું હૈયું હંમેશાં સ્વચ્છ રહે, નિષ્કામ કરે. જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજને કહ્યું કે,

**નિષ્કામ કર્મ ભિષ્તાતઃ**

જો જ્ઞાનની ભકિતમાં આગળ ન વધાતું હોય તો સેવાભકિતથી આગળ વધો. પણ એ સેવા કઇ? નિષ્કામ અને નિઃસ્વાર્થ સેવા. એમાં કોઇપણ અપેક્ષા નહીં. કોઇપણ ઇચ્છા નહીં. કોઇ મને વાહ વાહ કહે એની મને જરૂર નથી. કોઇ મારો ખભો થાબડે એની પણ અપેક્ષા નહીં. જે કંઇ થાય એ અકિંચન નિર્લોભ ને નિર્વ્યાજ થાય.

**શુદ્ધઃ અંતઃ કર્મો ભવેન**

એનાથી અંતઃકરણની શુદ્ધિ થશે. આ જય મહારાજના શ્રીમુખનાં વચનો છે. અંતઃકરણ શુદ્ધ કયારે થશે? જયારે મનના મેલ દૂર થશે. ત્યારે જ તમે તમારી આત્મસ્થિતિને પ્રાપ્ત કરી શકશો, કોઇપણ રીતે મારે મારી આત્મસ્થિતિને મેળવવી છે અને એને સંગ્રહી રાખવી છે.

એના માટે પહેલાં વૃત્તિઓને વશ કરવી પડે. જેમ ઘોડાને લગામથી વશ કરીએ, બળદને એની નથથી વશ કરીએ. એમ આપણી વૃત્તિઓને પણ વશ કરવાની. આપણે વૃત્તિઓને વશ નથી થવાનું. જો વૃત્તિઓને વશ થશો તો વૃત્તિઓ કયાંય ને કયાંય લઇ જઇને ફેંકી દેશે. શોધ્યાય નહીં જડો. જીવન કયાં પતી ગયું હશે એય ખબર નહીં પડે! મારી વૃત્તિઓએ મને વેડફી નાખ્યો? મારું આખું જીવન બરબાદ કરી નાખ્યું? માટે મનની વૃત્તિઓને જયાં ત્યાં ના વિખેરાઇ જવા દેતા.

ધીરેધીરે અભ્યાસ કરતાં શીખીએ. એકદમ તો સાયકલ પણ ચલાવતાં નથી આવડતી. પડવું પડે. વાગે, શીખીએ એમ કરતાં કરતાં વૃત્તિઓને ધીરેધીરે આપણા પોતાનામાં વશ કરતાં શીખીએ. એકવાર વૃત્તિઓ વશ થઇ પછી આપણી સ્થિતિ, આપણી અવસ્થા ઊર્ધ્વગામી બનતી જશે. એટલે પદોની સહાયથી આપણે આત્મપદની સ્થિતિને શોધીએ. સુખસાગર જય મહારાજ આપવા માટે બેઠા છે. લક્ષ્મણદાસજી મહારાજ પણ આપવા બેઠા છે.

**નારણ મનમાં રે... વિનવે**

**સુખ સાગર ગુરુ પૂરણધામ.**

**આપ સંભાળો વીરા આપમાં**

જુઓ, તમારી જાતને તમારામાં સંભાળી લો. ઓળખી લો. તમે ક્યાં આઘા છો? તમે ક્યાં જુદા છો? જે લાભપ્રદ છે એ જ મારું પદ છે અને એ પોતે જ હું છું.

**ચૈતન્યમ્ શિષ્ય મધ્યે, નિગમ ગતિ ગિરા કથ્યતે યદ્ બ્રુવંતં**

આટલા બધા કહે છે, વેદો તો ઢોલ વગાડી ને કહે છે. જે તત્ત્વ આત્માનું છે એ હું પોતે છું એને સમજીએ. મહાપુરુષો બોલે છે, સંતો બોલે છે. પરમ દિવ્ય ચેતના એવા જય મહારાજ પણ બોલી રહ્યા છે. જય મહારાજ તો પરમ પદના જાણકાર છે. જેમ વિશારદ કહીએ એમ પરમપદ વિશારદ પરમ પદ વિદ્દ, એમને શરણે આપણે બેઠેલા છીએ. એમના શરણે કંઇ આપણે ભટકવું પડે? રખડવું પડે? દુઃખી થવું પડે? ના.

આપણી સ્થિતિને પોતે તૈયાર કરવાની છે. પોતાની સમજણની પરિપકવતા વધારવાની છે. ઉંમરની જરૂર નથી. પરિપકવતાની જરૂર છે. આદ્ય શંકરાચાર્યનું જીવન ૩૨ વર્ષની ઉંમર પહેલાં તો સમાપ્ત થઇ ગયેલું. ઉંમર નહોતી, સમજણ હતી. વિવેકાનંદજી ૩૬ ની ઉંમરે જ જતા રહ્યા. ઉંમરની નહીં, આપણી પોતાની પરિપકવતાની આવશ્યકતા છે. માણસના જીવનની કિંમત એની પરિપકવતા ઉપર છે. ઉંમરને કોઇ પૂછતું નથી.

ઘણા ૯૦ વર્ષના હોય છે. છતાંય ભૂતની જેમ ફરતા હોય છે. **'પરમપદ વિદમ્ શ્રી ગુરુમ્ સંતરામમ્'** કહીને લક્ષ્મણદાસજી મહારાજે આપણા માટે બધા જ દરવાજા ખોલી દીધા છે.

# પ્રકરણ – ૨૦૦

**અન્નાદ્યૈઃ.....**

જેની વાણીમાં તેજ છે એ જ આવા તત્ત્વ પ્રકારનો ઉપદેશ બોધ આપી શકે છે. જય મહારાજ તો પરમ દિવ્ય ચેતના છે, શાશ્વત છે, સર્વત્ર છે. એમાં દિવ્યતા રહેલી છે. અને એ દિવ્યતા જ દિવ્ય વાણીને સંબોધી શકે છે. **જેની પાસે પોતાનું આત્મતત્ત્વ છે. એ બીજાને પણ તત્ત્વ સમજાવી શકે છે. જેની પાસે જે હોય તે જ બીજાને આપે.**

**તત્ત્વમસ્યાદિ વાકયેહિ, શિષ્યાન્ સંબોધયન્તમ્**

જેનું ચિંતન, જેનો વ્યવહાર, જેના વિચારો માત્ર તત્ત્વમાં જ રમ્યા કરતા હોય. એની સાથે વાત પણ તત્ત્વની જ થાય. જેમ વેપારી પાસે જાવ તો વેપારની વાત કરે. ડૉક્ટર એન્જીનિયર પાસે જાવ તો એની જ વાત કર્યા કરે. જય મહારાજ તો તત્ત્વ સ્વરૂપ છે એટલે જ આશ્રિત સેવકોને, શિષ્યોને હંમેશાં સંબોધન કર્યા કરે. તત્ત્વમસિ, જાગ, તું બેઠો છું કેમ? કેમ સૂઇ રહ્યો છું? તું પોતે જ તત્ત્વ છું. તત્ત્વમાંથી જ તું છું. તત્ત્વનો જ તું છું.

**નિબોધત જાગ્રત પ્રાપ્ત વરાત્ બોધત્.**

ઋષિઓએ ઉપનિષદમાં કહ્યું, જાગો, ધ્યેયને પ્રાપ્ત કરવા માટે. જય મહારાજે આપણને ધ્યેય બાંધી આપ્યો. હવે શોધો. સંશોધન તો કરવું જ પડશે. બજારમાંથી જ વેચાતું લઇ આવ્યા અને લાવીને એને સાફ કરીને વ્યવસ્થિત કરી એને ઠેકાણે તો પાડવું જ પડશે. પછી જ એને ઉપયોગમાં લેવાશે. એમ તત્ત્વમસિ બોધ આપ્યો. ખૂબ જ સાચવીને, સારી સમજણ પ્રમાણે એને ગોઠવી દીધું. સ્વચ્છ કરી દીધું. ત્યાર પછી સમજી લીધા પછી, ગોઠવી દીધા પછીથી જયારે જયારે આવશ્યકતા હોય, જરૂરિયાત હોય એનું ફરી સ્મરણ કરવાનું કે હું તત્ત્વમસિ છું. કોઇપણ વિકૃતિઓ, કોઇપણ વાસનાઓ જયારે સામે આવીને ઊભી રહે કે તરત થાય કે તું અહીં કયાંથી? કોઇ સારા ઘરનો છોકરો હોય અને કોઇક એવી જગ્યાએ પહોંચી જાય તો અરે, તું અહી કયાંથી? કોઇ દિવસ એવું વિચાર્યું ના હોય એટલે એને પોતાને એમ થાય કે ભાઇ મને ખ્યાલ ન હતો. એ સંસ્કાર આપણામાં હોય **તત્ત્વમસિના સંસ્કારો જય મહારાજે આપણામાં નાખ્યા હોય એટલે ખોટા રસ્તે, ખોટા વિચારે, ખોટા કાર્યમાં ગયા હોઇએ તો હું અહીંયા કયાં આવી ગયો એમ અંદરથી આપણો અંતરાત્મા બોલે. આ ખોટી જગ્યાએ આવી ગયો છે. એને પાછો વાળી દે. થાય કે આપણને જય મહારાજ પાછા વાળી લાવ્યા છે.**

આપણને છેક સોમનાથથી પાછા વાળી લાવ્યા છે. એક વાર આવેશમાં વિચાર આવ્યો કે બસ જતાં રહેવું છે. અંદર ભયંકર તોફાન ચાલતું હતું. યહાં સે નિકલ જાયેંગે, મોજ કરેંગે, દો રોટી નારાયણહરિ તો કહીં સે ભી મિલ જાયેગી. મગજમાં આવા વિચારો ચાલતા હતા. પણ સોમનાથમાં ગીતા મંદિરમાં પેસતાં જ

એના દરવાજાની બે બાજુએ આરસના પથ્થરમાં ગીતાના બધા જ શ્લોકો છે. ૧૮માં અધ્યાયનાં ૪૭-૪૮ શ્લોક ઉપર નજર પડી.

**સહજં કર્મ કૌન્તેય સદોષમપિ નત્યજેત્**

જીવનના સાહજિક કાર્યનો ત્યાગ કરવો નહીં. આખું તોફાન શાંત થઇ ગયું. કેમ કે અભ્યાસ હતો. સેકડો વાર ગીતાજી વાંચી છે. કંઠસ્થ કરી છે પણ એ શ્લોક તે દહાડે જે કરી ગયો એવું કયાંય કયારેય નહોતું કર્યું. કોઇપણ કાર્ય આપણને થોડુંક ના ગમતું હોય પણ સહજ હોય કે આના વગર ચાલશે નહીં. તો? લાઇટ વગર ચાલે? પણ કરંટ લાગે તો? મરી જઇએ ને છતાં એને સંગ્રહી રાખીએ છીએ. એના જે દોષ છે એનાથી બચીને એનો ઉપયોગ કરીએ છીએ. સવારે ૧૦-૧૫ મિનિટ દુર્ગંધમાં બેસવું પડે એના માટે ખાવાનું છોડી દેવાય ખરું? સહજ કાર્ય છે. એમ જીવનનાં સહજ કાર્યોમાં કયારેય અડચણ કે મુશ્કેલી આવી જાય તો એનો ત્યાગ ન થાય. એ શ્લોકે આપણું ભયંકર તોફાન શમાવી દીધું અને ત્યાંથી આપણે પાછા વળ્યા. **પડેલા સંસ્કાર આપણા જીવનમાં થતી કોઇ પણ ભૂલમાંથી પાછા વાળીને લાવશે. શબ્દ સ્વરૂપે ત્યાં સદ્ગુરુ સામે આવશે.**

ગુરુ મહારાજ શબ્દ સ્વરૂપે સામે આવીને ઊભા રહેશે. કયાં જવું છે? ચાલો ઘરે પાછા. એ આપણને જીવનની અંદર કોઇ ખોટા સ્થળે કુકર્મના માર્ગે નહીં જવા દે. પાછા વાળી લાવશે. કેમકે આપણને શબ્દ સ્વરૂપે જય મહારાજનું શરણ મળ્યું છે. જય મહારાજ સાક્ષાત્કાર આપવા નહીં આવે. આ જે છે એ જ સાચો સાક્ષાત્કાર. **જય મહારાજનું સ્વરૂપ આપણી વચ્ચે શબ્દ સ્વરૂપે જ છે.**

**શબ્દ સ્વરૂપે સૌની સાથે છે.**

**ઘણી દયા કરી આતમ સુખ આપો તો મનમાં લઇએ.** એથી આગળ આપણાથી ના બોલાય. આ મારી ઇચ્છા છે. પછી મનમાં લીધેલું મૂકીએ જ નહીં એમ નહીં. જય મહારાજને બાંધવા નહીં. બસ, અમને આત્મસુખ આપો.

**જીવનને નરક બનાવવાની વૃત્તિઓ અનેકવાર જાગ્રત થતી હોય છે. પણ સત્સંગ દ્વારા જીવન સચવાઇ જાય છે. સત્સંગની એટલે જ આવશ્યકતા છે. સત્સંગ પરિપકવ થાય પછી વાંધો નહીં.** વૃક્ષ, ઝાડ, ઉગાડવું હોય તો, નાનો છોડ રોપીને એને ખામણુંય કરવું પડે. પાણી પણ પાવું પડે. વાડોલિયુંય કરવું પડે પણ પછી એ વૃક્ષ થઇ જાય પછી કશાંયની જરૂર ના પડે. એમ સત્સંગ દ્વારા સમજણ પરિપકવ થઇ જાય પછી સ્વતંત્ર રીતે આપણે આપણી જાતને સાચવી શકીએ. આ તરફ દૃષ્ટિ ન કરાય, આ વિચારાય જ નહીં. આવી દૃઢતા આવી જાય. ખોટા કામ તરફ કયારેય વૃત્તિ જાય જ નહીં. કેમ કે આપણે સત્સંગી છીએ. આપણાથી જય મહારાજ ના કહ્યા પ્રમાણે નરકના રસ્તે પગ મૂકાય જ નહીં. અને જો કદાચ એમ થાય તો જય મહારાજ આપણને પાછા વાળી લાવશે.

નરકભપરમ્ કહ્યું, નરક કોને કહ્યું? નરક કયાં આગળ છે? સ્વર્ગ કયાં આગળ છે? સ્વર્ગ અને નરક આ ધરતી ઉપર જ છે. આ જીવનમાં જ છે. કયાંય આઘું નથી. સમજો અને વિચારો. જયારે જયારે ભગવદ્ભજન સત્સંગ અને કયાંક શાંતિમાં બેઠા હોઇએ તો સ્વર્ગ સમજી લેવાનું. કોઇ ઉપાધિ, કોઇ કલેશ, કોઇ આવેશ, કોઇ વિકૃત્તિ વાસના ના હોય, કોઇના માટે ઇર્ષ્યા સરખી ના હોય, એને

કહ્યું સ્વર્ગ. બધી જ રીતે મનની પ્રસન્નતા આનંદ હોય.

પણ જયારે મન મેલું થઇ જાય. વૃત્તિઓ ભટકતી થઇ જાય. ન કરવાનાં ખોટાં કામ તરફ મન દોડયા કરે, પછી પીડાવું દુઃખી થવું એ છે નરક. નરક જોવું હોય તો હોસ્પિટલમાં જાવ. કોઇને પાટા બાંધેલા હશે, કોઇને બોટલ ચઢાવેલા હશે. કોઇ આઇ.સી.યુ.ની અંદર હશે ને કોઇને વેન્ટિલેટર પર રાખ્યા હશે. જોવાય નહીં આ દુનિયાનું નરક એટલે હોસ્પિટલ.

જો વિકૃતિઓ આપણા મનમાં આવી તો આપણને નરકના ખાડામાં ધકકો મારી જ દેશે. પછી દરેક પોતપોતાની રીતે કયાંય હાથ પગ ભાગે ને કયાંક માર ખાઇને આવે. કયાંક ઇજજત, આબરું પણ ગુમાવવી પડે. જીવવા જેવું જીવન ના મળે ત્યારે સમજવાનું કે નરક આવી ગયું. જીવતા જાગતા આ જીવનની અંદર જ નરકનાં દર્શન થઇ જાય.

જય મહારાજ તો જીવનને સ્વર્ગ બનાવવા માટે બોધ આપે છે, 'તત્ત્વમ્' તે જ તું છું. નરકમાંથી બહાર કાઢી લે. પાછા વળો, ત્યાં જવાનું નથી ને કદાચ ના માને તો કાનપટ્ટી પકડીને બે આપીને પણ લઇ આવે. એટલે એમ થાય કે આવી બન્યું. થોડી સજામાં પાછા વાળી લાવે. સમજ હોય, સત્સંગી હોઇએ તો થોડીક સજા થાય.

ઘરમાં નિત્ય સફાઇ રાખીએ તો ઘર કેટલું સુઘડ રહે. પણ કંઇ સફાઇ ના થતી હોય તો ચારેય બાજુ ઉકરડાની માફક પડયું હોય. એની અંદરથી વાસ પણ આવે ને જીવ-જંતુ પણ થાય ને એથી આપણે રોગી થઇએ. આપણા ઘરમાં જ આપણે નરક ઊભું કરી દીધું. આ રીતે જેમ ઘર સાફ રાખીએ તેમ અંતઃકરણની પણ

શુદ્ધિ રાખવી પડે.

**સત્સંગ મુકિતનું દ્વાર છે રે.**

**સત્સંગ એ તો સુખી જીવનનો એક દરવાજો છે.** આ ઘરમાં પેસીશું તો બધી સુખ સુવિધાઓ હશે. સત્સંગ અને ભગવદ્ચર્યા એવા જીવનમાં લઇ જશે કે જયાં હંમેશને માટે નિરાંત અનુભવાય જીવનના છેલ્લા શ્વાસે એમ થાય કે હું જીવી જાણ્યો, મને જીવતાં આવડયું. **જીવનનો છેલ્લો શ્વાસ સંતોષમય જાય ત્યારે સમજવાનું કે આપણું જીવન સાર્થક થયું છે.** પણ જો છેલ્લા શ્વાસે લ્હાય ઉકાળા હોય તો સમજવાનું કે જીવતાં જ આવડયું નથી.

**શિષ્યાન્ સંબોધયન્તમ્.**

જય મહારાજ સંબોધન કરે છે કે તમે જીવન કેવી રીતે જીવશો? **આ દુન્યવી ઠાઠથી સુંદર નહીં પણ અંદરનું વાસ્તવિક જીવન શાંતિવાળુ હોવું જોઇએ.** બહુ સરસ રીતે ઠાઠમાઠથી નીકળ્યા હોઇએ પણ શરીરમાં કેટલાય રોગ હોય. એ જીવન નથી જોઇતું. અંદરથી નિરાંત હોવી જોઇએ. બહારાથી ભલે મેલાં ઘેલાં કે ઇસ્ત્રી વગરનાં કપડાં હોય પણ અંદરનો આપણો ઠાઠ વ્યવસ્થિત હોવો જોઇએ. આપણે પોતે કોલેજમાં ભણતા પણ કયારેય ઇસ્ત્રીવાળાં કપડાં પહેર્યાં નથી. કોઇ દિવસ કોલેજમાં પ્રોફેસર કાઢી નહોતા મૂકયા કે ઇસ્ત્રી વગર આવ્યો છું. બહારથી ભલે ગમે તેવા દેખાઇએ અંદરનું આપણું જીવન એવું હોય કે આપણને પોતાને સંતોષ થાય.

નરકની વૃત્તિઓ આપોઆપ છૂટી જાય. જો આપણે જીવનને સાચવીને જીવીશું તો જરૂર જય મહારાજ આપણા નરકના ભયને દૂર કરી દેશે.

# પ્રકરણ – ૨૦૧

**અન્નાદ્યૈ.....**

તત્ત્વમસ્યાદિ વાકયથી શિષ્યોના જીવનની અંદરના જે કોઇ ભય છે, પાપ છે એ બધાને જય મહારાજ દૂર કરનારા છે. ભગવાને ગીતાના ૧૬માં અધ્યાયનાં આરંભમાં પણ કહ્યું

**અભયં સત્ત્વ સંશુધ્ધિ**

ભગવદ્શરણ અને ભગવદ્ સ્મરણ સિવાય જીવનમાં નિર્ભયતા પ્રાપ્ત થતી નથી. દુરાચારભર્યું જીવન તો ભયથી જ ભરેલું છે. વ્યાવહારિક જીવન તો અનેક દુર્ઘટનાઓના ભયની સાથે સંકળાયેલું છે. જેના કારણે માણસ જરાય નિર્ભયતાથી બેસી શકતો નથી. સતત ડરનો એની ઉપર ઓથાર હોય. આ થશે, આમ થશે, શું થશે? માણસ શાંતિથી જીવે કેવી રીતે? એને શાંતિનો પરિચય કોણ કરાવે? **જીવનમાં નાના મોટા ભયના કારણે માણસ પોતે જાતે ખીલી શકતો નથી. તમે કોઇ સંત, મહાપુરૂષોને જોજો. એ ખીલેલા હશે. જયારે કોઇ ગૃહસ્થીને તપાસો તો એ કરમાયેલો હશે.** કોઇને કોઇ પરિસ્થિતિ એને અંદરથી વીંધી નાંખતી હોય, ચૂંથી નાખતી હોય, તો આમાંથી બચવાનો ઉપાય શું? કયું સાધન ? તો લક્ષ્મણદાસજી મહારાજ આજ્ઞા કરે છે,

ચાલો જય મહારાજની પાસે. જય મહારાજનું શરણ, એમનો સત્સંગ એ જ આપણા માટે બચવાનો એકમાત્ર ઉપાય છે. બાકી સંસાર તો ડુબાડશે જ. ગુરુ મહારાજ દયાળુ છે. એ રસ્તો બતાવનાર એમના શરણમાં બેસી જઇશું તો નરક નહીં આવી શકે.

**કલેશહન્તાસિભોત્વમ્, કલેશ પંચાદિ હારમ્**

આપ પાંચેય પ્રકારના કલેશ દૂર કરવાવાળા છો. એવા મોટા શકિતશાળી છો. એવી સૂક્ષ્મ ચેતના છે, આધ્યાત્મિક શકિત, સંપન્નતા છે કે શરણે આવેલાના બધા જ પ્રકારના ભય દૂર કરી દે. તમે જો જો, સંતો નિર્ભય હશે. એમને કોઇની બીક નહીં હોય અને જેની પાસે જે હોય તે એ બીજાને આપી શકે. જય મહારાજ પાસે નિર્ભયતાનો ખજાનો છે. જેમ કોઇને ઉછીના પૈસા જોઇતા હોય તો લે, લઇ જા. કંઇ વાંધો નહીં, વ્યાજ નહીં આપું તો ચાલશે. એમ જય મહારાજ પાસે નિર્ભયતા છે. એમને એ પાછી નથી જોઇતી. તમારી પાસે જ રાખજો. આવા ઉદાર છે. સંત શરણ એવું શકિતમાન છે કે જે જીવનને નિર્ભય બનાવશે.

જય મહારાજ પોતાના સ્વરૂપમાં શાંતિથી સમાઇ ગયેલા છે. એમનાં નિર્ભયતાની સ્થિતિમાં દર્શન કરતાં કરતાં આપણામાં પણ નિર્ભયતા આવી જાય. જય મહારાજને આપણે સેવીશું તો જય મહારાજ આપણને પૂર્ણ અભય આપશે. વ્યવહારની, સંસારની બીક તો નહીં જ પણ મૃત્યુની પણ બીક નહીં. મહાપુરૂષો સમાધિમાં બેસી જાય તો કાળને દૂર ઉભા રહેવું પડે. કાળ નજીક પણ ના આવી શકે. સમાધિમાં બેસી ગયા પછી વર્ષો સુધી બેઠેલા રહે.

શંકરાચાર્યજીએ કહ્યું છે કે જેને આપણે આટલું બધું સાચવીએ છીએ, આટલું બધું શણગારીએ છીએ એ જ નરક છે.

જય મહારાજ નરકની બીક ટાળવાવાળા છે.

તું અસિ છું. એ સમજ આપણા પોતાનામાં રહે. ઘરમાં, પરિવારની વચ્ચે રહેતા હોઇએ. પણ આપણી સમજણ ના ભૂલાય. ઘર કે શરીર છોડીને ભાગી જવાની વાત નથી. પરિવારની વચ્ચે જે જીવન છે એ જ જીવવું પડશે. કદાચ ભાગી જઇએ તો બીજો કોઇ આશ્રય લેવો પડશે. ખાધાપીધા વગર, **આબુદા** વગર કંઇ ચાલશે? માટે જયાં છો ત્યાં સુખી છો, સારા છો પણ સમજણને ટકાવી રાખવાની. પરિવારમાં બધો જ વ્યવહાર કરવો. બધાયની સાથે બેસો, સંબંધ રાખો, પણ હું તત્ત્વ છું. આ શરીરનું નરક હું નથી.

જીવનની સાચી સમજ આ છે. શરીરને સમજ દ્વારા આપણે કેળવવાનું છે. આત્મભાવની સમજ કેળવવાની છે. સામાન્ય વ્યકિત જીવનભર શરીરભાવ કેળવ્યા કરે છે. આત્મભાવ કયાંય દેખાતો નથી. અવળા રસ્તે ચાલીએ છીએ. સુખી થવું છે પણ દિશા તો અભણની પકડી છે. અજવાળા તરફ જવું છે પણ અંધારાની દિશા પકડી રાખી છે. ગમે તેટલું દોડાદોડ કરીશું તોય અંધારું જ હાથમાં આવવાનું છે. તો સત્સંગ, સાધન ભજન તરફ દોડો તો કયારેય અંધારુ નહીં આવે. વિચારોમાં, સમજણમાં કયારેય અંધારું નહી આવે. કારણ સતત જાગૃતિ છે.

**જાસુ વચન રવિ કર નિકર, બંદઉ ગુરુપદ કંજ.**

જય મહારાજનાં ચરણોમાં પદગાન કરીએ છીએ કે જેના વચનની અંદર અજવાળું છે, ઘોર અંધારી રાત હોય, વાદળો ગડગડતાં હોય અને કશું જ ના સૂઝતું હોય. પણ જયાં જય મહારાજના શ્રીમુખનું એક વચન મળી જાય તો અજવાળું થઇ

જાય. પછી ભલેને અંધારામાં ઊભા હોઇએ, કેમ કે જીવનની સાચી સમજ આપણી પાસે છે.

લે એક મંત્ર લઇ જા, તું માણસ નથી તું આત્મા છું. તું જડ નથી તું ચૈતન્ય છું. તું મૂર્ત નથી તું અમૃત છું. શાશ્વત છું. ક્ષણિક નથી અક્ષર છું. તત્ત્વમસિના ઉપદેશથી જય મહારાજે નિર્ભય બનાવી દીધા. બસ આટલી સમજણને પકડી રાખવાની. એનાથી સહેજ પણ આગળ પાછળ નહીં જવાનું. ઘોર અંધારું હોય ને હાથમાં બેટરી હોય તો બેટરીના અજવાળે જેટલો રસ્તો કાપવો હોય એટલો કાપી શકાય. પણ બેટરીને એકબાજુ મૂકી દઇએ તો? અંધારામાં કયાંય અથડાઇશું, ઠોકર વાગશે. જય મહારાજ સાચી સમજણની, જ્ઞાનની, સત્સંગની બેટરી આપે છે. એના અજવાળે ચાલો, તારા શરીરમાં જે ચેતના બેઠી છે એ સાક્ષાત જય મહરાજનો જ અંશ છે પણ કાયર થઇ ગયા છીએ. બીકણ થઇ ગયા છીએ. સાચી સમજણ આપણા પોતાનામાં બેઠેલી છે જ, પણ જડતી નથી, ખોવાઇ ગઇ છે. ખોવાઇ ગયેલું એ સાધન આપણને મળે ત્યારે એમ થાય કે હવે આપણે નિર્ભય થઇ ગયા.

**''નિર્ભય થઇને ઠરી ઠેકાણે બેઠા આવી નિર્મલ દશા,''** નિર્મળતા હોય તો જ નિર્ભયતા રહે. જો માણસ મેલો ઘેલો હોય તો ભૂત-પ્રેત, પિશાચ એની પાછળ પડી જાય. પણ શુદ્ધ હોય, પવિત્ર હોય તો ભૂત-પ્રેતે ભાગી જવું પડે. એટલે સાચી સમજણનું અજવાળું, જ્ઞાન એનામાં હોય તો એને કશું ના થાય. ચાર રસ્તા વચ્ચે કુંડાળું કરી વચ્ચે કોડિયાની અંદર લાડવો, ભજિયાં બધું મૂકયું હોય એ ખાઇ જવાવાળા જોયા છે. નિર્ભયતા, કશી બીક ના લાગે. જયારે આપણે તો પગ મૂકતાં બી જઇએ.

તો જયાં ગુરુ મહારાજે આપણને નિર્ભયતા આપી હોય, સાચો માર્ગ બતાવ્યો હોય તો કોઇ કયાંય કોઇ બીક લાગતી નથી. રાજા હરિશ્ચંદ્ર એક ધાર્મિક, ક્ષત્રિય રાજા હતા. ભગવાનનાં ભકત હતા. સ્મશાનની ચિતા ઉપર ખીચડી રાંધીને ખાંતા, આવી ધર્મની, સત્યની નિર્ભયતા. થયું એમને કશુંય? ભગવાને આવીને બધુ માફ કરી દીધું. રાજ પણ પાછું સોંપી દીધું. હરિશ્ચંદ્ર પાછા રાજા થઇ ગયા. નહીંતર એમને ભૂતો ના વળગે? કાશીના સ્મશાનમાં હરિશ્ચંદ્ર એ ખીચડી રાંધીને ખાધી હતી.

**નિર્ભયતા તો આપણા પોતાનામાં હોય છે પણ બીક જ બહારથી આવે છે.**

**સર્વમ્ મિષ્ઠ જાયમ જગત**

**સિયા રામમય સબ જગ મની**

બધે જ મારા ભગવાન બેઠેલા છે. મારે બીક કોની રાખવાની? ઋષિમુનિઓ જંગલમાં રહેતા હોય, એમના આશ્રમની ચારેય બાજુ હિંસક પ્રાણીઓ ફરતાં હોય પણ એ નિર્ભય હોય. બર્મામાં બૌદ્ધ મઠોમાં સાધુઓ વાઘની જોડે રહેતા હોય છે, નાનાં નાનાં બચ્ચાંઓ હોય ત્યારથી જ. તમે જાવ ને તમારાં નાનાં છોકરાં વાઘને અડે, રમે, ફોટા પડાવે પણ વાઘ કશું ના કરે. આ નિર્ભયતા. એ સંતો સૂઇ જાય ત્યારે વાઘ પણ આજુબાજુ જ સૂતેલા હોય.

આમ ઋષિઓ પોતાના જીવનમાં આ રીતે તત્ત્વને સમજી ચૂકયા હોય. નિર્ભય થઇને જીવતા હોય. જય મહારાજ પણ આપણને નિર્ભયતા આપે છે.

# પ્રકરણ - ૨૦૨

અન્નાદ્યૈઃ.....

પ્રજ્ઞા એ જ બ્રહ્મ સ્વરૂપ છે. એ પ્રજ્ઞાને બ્રહ્મમય બનાવવાની છે. એ પ્રજ્ઞા જ બ્રહ્મરૂપ થઇ શકે છે. પ્રજ્ઞા બ્રહ્મ વડે જ આત્મતૃપ્તિ થાય છે.

લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજને સંબોધન કર્યું. પ્રજ્ઞાનમ્ બ્રહ્મ. આપ પરમ તત્ત્વ છો. આપની પ્રજ્ઞા બ્રહ્મ સ્વરૂપને પ્રાપ્ત કરી ચૂકી છે. સત્ ચિત્ આનંદ સ્વરૂપ પરમાત્માનું છે. એમાં જ આપણે પોતે રમવાનું છે. જયાં સુધી આત્માની ઓળખ ન થાય ત્યાં સુધી જ મૂર્તિ પૂજાનો આદેશ છે. તમે શ્રદ્ધા ભકિતથી પૂજા કરો, અર્ચના કરો, ભકિત કરો. પણ જયારે આત્મામાં શ્રદ્ધા થઇ જાય, જયારે આત્માને પ્રાણ વડે સમજો ત્યાર પછી આત્મપૂજા કરો. આત્મપૂજાને વેદોમાં શ્રેષ્ઠ પૂજા કહી છે.

અહીં લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજને કહ્યું આપે તો અમને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે. આપ સૌને બોધ આપો છો, સમજ આપો છો, જ્ઞાન આપો છો.

**પલુટી પ્રેમ પલકની પાર, પાસ પોતા પણથી રે.**

**જયાં સદ્‌ગુરુ પૂરે વાસ, નિત્ય અસિ પદથી રે.**

અસિ સુધી પહોંચવા માટે પણ સદ્‌ગુરુની આવશ્યકતા પડે છે. અહીં કહ્યું, જયાં સદ્‌ગુરુ સ્વયં વાસ પૂરે છે. લક્ષ્મણદાસજી મહારાજે પણ કહ્યું કે જય મહારાજ આપ જ અસિ પદથી અમારામાં બિરાજો છો. એટલે જુદા નથી જ. શરીરની પાંચ ઇન્દ્રિયો છે એ પાંચેય ઇન્દ્રિયો એક કુટુંબ થઇ ગઇ. એને જુદા ન પાડી શકાય. પાંચ કર્મ, પાંચ તત્ત્વો હવે અભિન્ન અંગ થઇ ગયાં. શરીર અને આત્મા પણ અભિન્ન અંગ થઇ ગયું. પણ શરીરને પ્રકૃતિ કહી અને આત્માને બ્રહ્મ કહ્યો. એને પુરૂષ પણ કહેવાય. શરીરમાં પુરૂષ માત્ર એક પરમાત્મા જ રહેલો છે.

**પ્રાણિનામ્‌ દેહમાશ્રિત.**

દરેક શરીરમાં આત્મા-પ્રાણ સ્વરૂપે હું પોતે જ છું. અલગ નથી. જીવમાત્રમાં, પશુમાં પણ આત્માને પુરૂષ કહ્યો છે. અને શરીર માત્રને પ્રકૃત્તિ કહી છે. તમારી પ્રકૃતિ કેવી છે? સારી છે. કુશળ છે. પણ તમારી આત્મા કેવી છે એમ કહેવાશે? પ્રકૃતિ કેવો છે? એમ નહીં બોલાય. આ અભિન્નતા દરેકની અંદર સ્થિત છે. બધામાં જય મહારાજનું સ્વરૂપ બેઠેલું જ છે. પણ જયાં સુધી અદ્વૈત ન થાય ત્યાં સુધી દ્વૈતભાવે એને ઉપાસવાના. એની ભકિત કરવાની. ચૈતન્ય મહાપ્રભુ કે મીરાંબાઇની માફક અભિન્નતા ન આવે ત્યાં સુધી ભકિત ભાવે ભગવદ્‌ સ્વરૂપની સેવા કરવાની.

વ્યાવહારિક જીવન જયાં સુધી પૂર્ણ ન થાય, પુરું ન થાય ત્યાં સુધી અધ્યાત્મિક જીવનમાં પ્રવેશ મળતો નથી. **પરિપકવ ઉંમર થાય અને વ્યવસાયથી નિવૃત્તિ થઇએ એમ વ્યવહારથી પણ નિવૃત્ત**

**થવાની આદત પાડજો. વ્યવહાર હંમેશા બાધક છે, અવરોધક છે.** જયારે પણ શાંતિથી સાધન ભજનમાં બેઠા હોઇએ, આનંદ આવતો હોય અને એમાં એકરૂપ થઇ ગયા હોઇએ અને ત્યાં વ્યવહાર પાછો આવે તો આપણને અળગા કરી નાખે. ભેગા થવા જ ના દે. વ્યાવહારિક નિવૃત્તિ જ જીવનને સાચી શાંતિ દેશે. વ્યવહારને કેળવવા માટે આખો વ્યવહાર બાધક છે, અદ્વૈતને એક બાજુ મૂકી દઇશું એટલે જય મહારાજ કહે છે એ સમજાશે. તું ઓળખ તારી જાતને. તારા આત્માને ઓળખ.

**આત્માવા નિધિ જાતિસવ્યમ્**

આત્મા ઓળખવા જેવો છે. એનું ચિંતન કરવા જેવું છે.

**કેવલં સાક્ષી બ્રહ્મ કેવલં સાક્ષી ભૂતા**

ત્યાં જઇને જ ઊભું રહે. એથી આગળ બીજું કશું છે જ નહીં. સદ્‌ગુરુ નિત્ય આપણામાં જ છે, આ તો મારો હક છે. હું એનો હકદાર છું, એમ આપણે ભારપૂર્વક કહી શકીએ. બ્રહ્મ તત્ત્વ જયારે પણ અનુભવાય ત્યારે માણસ અવાક થઇ જાય. કંઇ બોલવાપણું રહે જ નહીં. બ્રહ્મ બોલવાનું રહેતું જ નથી. બોલીને બોલાય તો બોલે તે બીજું થાય.

બોલવા જાય તો બોલનારો અને બોલવાનો વિષય એ જુદા પડી ગયા. અહીં તો અદ્વૈતની જ વાત છે. ગુરુ મહારાજે કહી દીધું **'ચૈતન્યમ્ શિષ્યમધ્યે'** લક્ષ્મણદાસજી મહારાજે સ્તુતિ કરી કે આપ તો સર્વમાં બિરાજેલા છો. ચૈતન્ય તત્ત્વ પરમ તત્ત્વ છો. હવે કયાં અળગાપણું રહ્યું! મહારાજ છેક સુધી જોડે રહેજો અને જોડે રાખજો. આપણે મનથી આપણી સાથે રાખવાના છે. આપણાથી

તો જય મહારાજ જુદા પડી શકે એમ છે જ નહીં પણ આપણે એમનાથી જુદા પડીએ તો હરિૐ તત સત્. એ જ્ઞાન આપણે કેળવવાનું છે.

જય મહારાજે કહ્યું તત્ત્વ તું છું, આપણને બોલ આપ્યો **'કથ્યતે યત્‌બ્રુવંતં'** ગીતા, નિગમ ઉપનિષદ્, વેદો પણ કહે છે, એક વાર નહીં હજારો વાર કહે છે. પરમાત્મા સ્વયં આપણામાં ચૈતન્ય સ્વરૂપે બેઠેલા છે, અને તે જ હું છું. હું જયારે આ શરીર ખાલી કરીને જઇશ ત્યારે શરીરની કોઇ કિંમત નહીં રહે. ભગવાને શરીરમાં ચૈતન્ય મૂકી આપ્યું. એ આટલાં વર્ષો ચાલ્યું અને એના લીધે આપણે આયુષ્ય ભોગવ્યું.

જય મહારાજના આ કથનને આપણે અનુભવવાનું છે. **ચૈતન્યમ્ શિષ્યમધ્યે.** ગમે તેટલા દૂર ગયા હોઇએ પણ એ સ્મૃતિ ના ભુલાય. મારી સાથે છે એવો ભાવ રહ્યા કરે તો એટલો બધો સંતોષ મળે એટલી સફળતા મળે કે વાત ના પૂછો.

**પ્રજ્ઞાનમ્ બ્રહ્મ.** પ્રજ્ઞાનમ્ બ્રહ્મથી આત્માની અનુભૂતિ થાય અને એ આત્માની અનુભૂતિનું સાતત્ય સતત બન્યું રહે. સહેજ પણ વિસ્મૃતિ ના થાય. ભલે વ્યવહારમાં છીએ, પરિવારમાં છીએ પણ જયાં છીએ ત્યાં જ સમજણપૂર્વક પોતાના સ્વરૂપને અદ્વૈતમાં બેસાડી દઇ શાંતિથી વ્યવહાર થયા કરે, જીવન જીવાયા કરે અને એ રીતે આ શરીરમાં પ્રારબ્ધ અનુસાર રહેવાનું છે ત્યાં સુધી રહીએ. અને જે દિવસે જવાનું છે એ દિવસ માટે તૈયાર રહીએ. આ રીતનો આખો ભાવ સતત બન્યો રહેવો જોઇએ. તો મૃત્યુનો ભય કયારેય ન લાગે.

અમારામાં આપ જ છો અમારે કશું જુદું છે જ નહીં. હા, સ્થૂલ ભાવ છે ત્યાં સુધી ગુરુ શિષ્યનો ભાવ બન્યો રહેશે. પણ સૂક્ષ્મ જયારે આવી જાય ત્યારે સ્થૂલ ભાવ દૂર થઇ જાય. માત્ર આત્મભાવ રહે હનુમાનજી પોતે જ કહે છે.

**દેહભાવિન દાસોહમ, જીવભાવેન બ્રહ્મશંકા!**

હનુમાન સેવક તરીકે રહ્યા, એમ ગુરુ શિષ્યમાં પણ વ્યાવહારિક સંબંધ જે છે એ દુનિયાનો વ્યાવહારિક સંબંધ તો મર્યાદાઓ વચ્ચેનો રહેવાનો જ. પણ જયારે તત્ત્વદર્શનથી જોવાય તો ગુરુ-શિષ્યમાં કોઇ જાતનો ભેદ રહેતો જ નથી.

**ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં,**

**અંતે તો હેમનું હેમ હોયે.**

સ્મશાનમાં જોઇ આવજો. કોઇની રાખ જુદી પડે છે! એ બધા જ શરીરનાં ત્યાં હોય અને એ રાખોડી જ બ્રહ્મ સ્વરૂપ હોય સ્મશાનમાં ચારેય બાજુ બીજી કંઇ જ નહીં હોય, કેટલાયની રખ્યા થઇ ગઇ હશે ત્યાંય એમાં કોઇ ભેદ નથી. કોઇ જુદું નથી કોઇ રંગ જુદો નથી એ પ્રમાણે સર્વમાં પરમાત્મા તત્ત્વ એક જ રહ્યું છે.

# પ્રકરણ – ૨૦૩

**અન્નાદ્યૈઃ....**

પ્રજ્ઞાનમ્ બ્રહ્મ કહી, તત્ત્વમસિ બોધ આપીને જય મહારાજ પોતાનું સાચું સ્વરૂપ શરણાગતનું, પોતાના આત્મ સ્વરૂપનું દર્શન કરાવી રહ્યા છે.

**સંબોધયન્તમઃ** ઉપદેશ આપીને કહ્યું. શોધ, આ છે તત્ત્વમ્ અસિ. તું તત્ત્વ છું. તું પોતે જ છું એને શોધ. ગુરુના સાંનિધ્યમાં જતાં એક શિષ્યે પૂછયું, પ્રભુ, ગુરુ મહારાજ, આપની પાસે વિદ્યા શીખવા માટે આવ્યો છું. આપ મને આત્મવિદ્યા આપો. એમણે ઘણા બધા સમય સુધી જુદી જુદી બાબતોને જોવાની બ્રહ્મદૃષ્ટિ આપી.

બ્રહ્મને શોધવા માટે યાત્રાઓ કરાવી, વાયુ બ્રહ્મ, આકાશ બ્રહ્મ, પવન બ્રહ્મ, અન્નપણ બ્રહ્મ છે. આમ ઘણી જગ્યાએ ફેરવ્યા પછીથી તત્ત્વમસિ. તું એ બ્રહ્મનું તત્ત્વ છે. લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજની સ્તુતિ કરી કે આપ તો બ્રહ્મ તત્ત્વ છો. બ્રહ્મ સંબંધ કરાવનારા આપ છો.

લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું, પ્રભુ હવે આપે મને જગાડયો છે. મારું સાચું સ્વરૂપ આપે સમજાવ્યું. શિષ્યમાં આપ

પોતે જ નિવાસ કરો છો. આપ પ્રજ્ઞાનમ્ બ્રહ્મ રૂપ છો.

તત્ત્વમસિ સચ્ચિદાનંદ રૂપ સત્ ચિત્ અને આનંદનું સ્વરૂપ એ પરમાત્મા છો. જેને આપણે સત્યમ્ શિવમ્ સુન્દરમ્ કહીએ છીએ.

સત્યમાં જ આનંદ છે. આનંદમાં જ ચિત્ત છે અને ચિત્ત અને આનંદની અંદર બ્રહ્મ રહ્યો છે. સચ્ચિદાનંદ રૂપમ્ આ એ પરમ સત્ય સ્વરૂપ છે. **સ્તુતિના આ વાકય ઉપરથી આવ્યું સંતરામ મહારાજ સત્ય છે.**

સત્ય સ્વરૂપ છે. ''**સત્ય સ્વરૂપ એવં કરૂણા નિધાનમ્**'' અચલ સત્ય છે. આદિ સત્ય છે.

ભાગવત્જીના પહેલા શ્લોકની અંદર પણ કહ્યું, સત્યમ્ પરમ ધીમહિ. પરમ તત્ત્વ એ જ સાચું તત્ત્વ છે. એથી આગળ આ સૃષ્ટિ છે જ નહીં અને એ સૌથી ઉપર છે એને જ સત્ય કહેવામાં આવે છે. **સચ્ચિદાનંદરૂપાય શ્રી સદ્‌ગુરુ દેવાય નમઃ**

આપ સત્ ચિત્ આનંદ સ્વરૂપ છો. અમને સંસ્કૃત બોલતાં ફાવે નહીં, સમજાય પણ નહીં માટે જય મહારાજે લખી દીધું, ભકતોએ લખી દીધું '**શ્રી સંતરામ મહારાજ સત્ય છે**'. જે સત્ય કયારેય પણ ચલાયમાન થતું નથી. એ પરમાત્મા, એ બ્રહ્મ તે આપ પોતે આ વિગ્રહ ધારણ કરીને આવ્યા છો.

**યેનાયં ખલુ સંતરામ વપુષા યોગશ્ચ વિસ્તારિતો,**

યોગનો વિસ્તાર કરવા આપ પધાર્યા છો. આમ જય મહારાજના સ્વરૂપને પરમ આદિ સત્યથી સહેજ પણ આઘુ નથી જવા દીધું. લક્ષ્મણદાસજી મહારાજે સ્તુતિ કરીને કહી દીધું કે જય

મહારાજનું આટલું ઊંચું સ્થાન છે.

જય મહારાજનું સ્વરૂપ આપણે સમજીએ તો એક સાધુ હતા, તપસ્વી, યોગી હતા પણ લક્ષ્મણદાસજી મહારાજે એનાથી પણ વિશેષ ભાવમાં જય મહારાજનું દર્શન કર્યું. લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજને સચ્ચિદાનંદરૂપ તરીકે સંબોધ્યા. તેમને તે દર્શન થયું હશે તો જ સંબોધન કર્યું હશે ને! સત્ ચિત્ અને આનંદ તો વ્યાપક બ્રહ્મ્ છે. પરમ બ્રહ્મ-સત્ય, સકળ સૃષ્ટિની અંદર જડચેતનની અંદર રહેલું છે. તે પરમ સત્ય છે આનંદ સ્વરૂપ છે. **આપણે બધાય આનંદ સ્વરૂપ છીએ. સત્ય અને આનંદ સ્વરૂપ આપણામાં છે જ પણ કલેશ બહારથી વ્યવહારમાંથી આવે છે દુનિયામાંથી કકળાટ ઊભો થાય છે. આપણું આત્માનું સ્વરૂપ સૂક્ષ્મ છે જ પણ દુનિયાનો વ્યવહાર, આ સંસાર જૂઠને આપણી ચારેબાજુ લાવીને ખડકી દે છે. આપણા સત્ય સ્વરૂપને ઢાંકી દે છે. જૂઠના વ્યવહારના કારણે આપણુ પોતાનું પરમ સત્ય સ્વરૂપ આપણે પોતે જ જોઇ શકતા નથી. આપણો વ્યવહાર આપણા જીવનને આવરી લે છે.** પ્રપંચનો વ્યવહાર, જૂઠાનો વ્યવહાર, વાસનાઓનો વ્યવહાર, વિકૃત્તિનો વ્યવહાર આ બધા જ વ્યવહારો માણસને એવો આવરી લે છે કે પોતાના સ્વરૂપ સુધી પહોંચી જ ના શકે.

આપણે પોતે જ આપણા પોતાના કર્મ વડે આપણા સ્વરૂપ સુધી પહોંચી શકીએ. મહાદેવજી આકાશ માર્ગે જતા હતા. ત્યારે રામ લક્ષ્મણ વનમાં વિચરતા હતા. મહાદેવજીએ જોયું કે આ તો માનવ સ્વરૂપ ભગવાન પોતે વિસરી રહ્યા છે. જય સચ્ચિદાનંદ જગપાવન કહીને એમણે અંતરિક્ષમાંથી ભગવાનને પ્રણામ કર્યા.

આમ ભગવાન શિવને પણ રામમાં સત્ ચિત્ આનંદ સ્વરૂપનાં દર્શન થયાં.

આપણા પોતાનામાં આત્માનું પરમ સત્ય છે એનું દર્શન કરો. આનંદ તો સત્યની અંદર રહેલો જ છે. જે સત્ય સ્વરૂપ છે એમાં કલેશ નથી દુઃખ નથી અશાંતિ નથી માત્ર આનંદ છે.

**આનંદમ્ બ્રહ્મ ઇતિ વ્યજાનાત્**

ઉપનિષદમાં ગુરુ મહારાજ શિષ્યને ભણાવે છે કે આનંદ એ જ બ્રહ્મ છે. અહંકારની જે કંઇ વિકૃતિ છે એ બધી વિકૃત્તિઓ આપણા આત્માને શોધવા દેતી નથી. આપણા આત્માને સમજવા દેતી નથી. આ જગતનો વ્યવહાર, સંસાર વૃત્તિઓને અંદર જવા દેતો નથી. બહાર જ ફેંકયા કરે છે. કેમ કે બહાર તમે સામનો કર્યા જ કરો છો. વૃત્તિઓ જો અંતર્મુખ થાય તો આત્મામાં ભળી જાય કોઇની સાથે સંઘર્ષ નહીં કારણ કે એ સત્ય સ્વરૂપ છે. સંઘર્ષ તો હંમેશાં અસત્યની સાથે કરવો પડે છે. તમે તમારા પોતાના સ્વરૂપમાં જતા રહો તો આનંદ જ આનંદ છે. કોઇપણ જાતનું દુઃખ પીડા કલેશ છે જ નહીં!

જય મહારાજ કલેશાતિત.... છે. ભગવાન પોતે કલેશથી મુકત છે. આ એમની સંપત્તિ છે અને બાપની જે સંપત્તિ હોય તે છોકરાઓને મળે જ. જો આપ કલેશાતિતની સંપત્તિની અંદર હંમેશને માટે બિરાજતા હોય તો એ કલેશાતિતમાંથી અમને થોડો હિસ્સો આપો કે મારા કલેશો હંમેશ માટે દૂર થાય.

કેટલો સરસ ભાવ છે **'કલેશાતિતમ્ કજેશામ્'** મારા જય

મહારાજ કલેશોથી પર છે તો અમે એમના છોકરા છીએ તો અમારી પર કલેશ કેવી રીતે આવી શકે? કલેશથી મુકત થવું હોય તો જય મહારાજના શરણે આવો. જે કીચડમાં પડેલા હોય તે બીજા કીચડમાં પડેલાને કેવી રીતે બહાર કાઢી શકે? જય મહારાજ તો કલેશના કીચડથી પર છે એ દરેકને ઉગારી લે. કોઇ પણ માણસ કાદવમાંથી બહાર નીકળવા જાય એમ અંદરને અંદર ઉતરતો જાય. પણ કોઇ સમર્થ કિનારે ઊભા હોય તો એ એને આધાર આપીને ખેંચી લે. એમ કલેશોમાંથી આપણા જીવનને દૂર કરવા માટેનું કોઇ સાધન હોય તો તે જય મહારાજનું શરણ છે. સત્સંગ વડે તો આપણે જય મહારાજને આ સ્વરૂપનો રોજ પાઠ કરતા, રોજ વાંચી જતા, પણ જય મહારાજના સ્વરૂપને સમજયા જ ન હતા. એ તો આ સત્સંગ મળ્યો છે તો જય મહારાજના સત્ય સ્વરૂપને આપણે સમજી શકીએ છીએ. સત્સંગ, સ્વરૂપની નજીક લઇ જાય છે. સત્સંગની જેટલા આપણે નિકટ પહોંચીશુ. એટલા નિકટથી તે આપણને સ્પર્શશે. આપણા જીવનને એક નવો રંગ આપશે. નવી ઉર્જા આપશે. સત્યની નજીક લઇ જશે.

આપણે હંમેશાં અસત્ય વ્યવહારમાં જ ભટકયા કરીએ છીએ. અંદર રામ બેઠો છે. આત્મારામ, સત્ય સ્વરૂપ આત્મા અંદર બેઠેલો છે એના તરફ જવા પ્રયત્ન કરો. અંદર જવા પ્રયત્ન કરો. અભ્યાસ કરો, સત્સંગ કરો, એનું ચિંતન મનન કરો. અવશ્ય આપણે આ વ્યવહારના અસ્તિત્વમાંથી કયારેક બહાર નીકળીને આત્મસ્વરૂપ સત્યની તરફ પહોંચી જઇશું.

આત્માથી પરિપૂર્ણ બ્રહ્મના સ્વરૂપમાં આપ સ્વયં

બિરાજેલા છે. અમે આપના અંશ છીએ. આપમાં ભળવાનો અમારો હક છે. પણ અજ્ઞાનના કારણે અમે આપનામાં નથી ભળી શકતા. ઘણાંબધાં અજ્ઞાન આપણને પરમાત્મા સુધી–આત્મા સુધી, સદ્‌ગુરુ ભગવાન સુધી પહોંચવા દેતાં નથી. લક્ષ્મણદાસજી મહારાજ તો પરિપૂર્ણ રીતે છેક સુધી પહોંચી ગયા છે. એમણે ગુરુ મહારાજના પૂરેપૂરા સ્વરૂપને માણી લીધું છે. કશું જ માણવાનું બાકી નથી રહ્યું.

જેમ સરસ રસોઇ બની હોય. સરસ સુગંધ આવતી હોય, દેખાતી હોય અને એમ થાય કે ચાલો જમીએ. સરસ જમી રહ્યા પછી હાશ થાય કે તૃપ્ત થઇ ગયા, સંતોષ થયો, ઓડકાર આવ્યો અને જે અન્ન જુદુ દેખાતું હતું, એમાં સુખ દેખાતું હતું કે કેટલું સરસ સ્વાદિષ્ટ ને સુગંધિત છે. હમણાં ખાઇશું. પણ એને આરોગ્યા પછી એ આપણામાં આવી ગયું. એ અન્ન આપણાથી જુદું રહ્યું નહીં. એ આપણા પોતાના શરીરમાં ઉર્જારૂપ બની ગયું. આમ આપણે રસોઇને આત્માસાત કરતા હોઇએ છીએ. કયારેક કયારેક તો આઇનાની સામે ઊભા રહીને કપડાં, અલંકાર એ જ હું છું. હું કેવો સરસ લાગુ છું! આ બધી બાબતોને જ મહત્વ આપીએ છીએ. પણ હું સરસ દેખાઉં છું એ અજ્ઞાન છે.

ભલે એ અજ્ઞાન છે પણ સત્સંગીએ સત્યને આ રીતે પોતાનામાં સ્વીકારી લેવાનું છે. હું સત્યથી કેટલો સરસ લાગું છું. હું સત્ય સ્વરૂપ આત્મા સુધી પહોંચ્યો છું. હું કલેશ વગરનો શાંત છું, સુખી છું. જય મહારાજનો આ આપણને મળેલો બોધ છે અને આ સત્સંગ દ્વારા આપણે જય મહારાજ સુધી પહોંચવાનું છે.

# પ્રકરણ – ૨૦૪

વૃત્તિઓ જયારે જયારે મન વડે લૌકિક જગતમાં ભળે છે ત્યારે આત્મા દેખાતો નથી. આત્માની અનુભૂતિ થતી નથી અને જયારે મન વૃત્તિઓને પોતાનામાં સમાવી સ્વરૂપની અંદર પહોંચે છે ત્યારે આત્મા સિવાય કંઇ જ દેખાતું નથી. વૃત્તિઓ કયાં અટકે છે, કયાં સ્થિર રહે છે એના ઉપર બધો અધાર છે. મન જયારે પણ બહિર્મુખ થશે ત્યારે વૃત્તિઓ પણ એની પાછળ દોડશે અને દુઃખી થશે. પણ જો મન વૃત્તિઓ સાથે અંતર્મુખ થયું તો તે શાશ્વત સુખને પ્રાપ્ત કરશે. કયારેય એના જીવનમાં દુઃખ જડશે જ નહીં.

માણસ અજવાળું શોધવા નીકળેછે પણ અંધારા તરફ દોટ મૂકે છે એટલે અજવાળું કયારેય એના જીવનમાં દેખાય જ નહીં. એ સાંસ્કારિક વૃત્તિઓના અંધારામાં વધારે ને વધારે ગરકાવ થતો હોય છે. પણ જો એ પ્રકાશમાં મુખ રાખે તો કયારેય આ સંસારનાં અંધારાં એને દુઃખી કરી શકે નહીં. એને સ્પર્શી શકે નહીં.

આપણા મનની જે કંઇ પ્રવૃત્તિઓ છે, એને વૃત્તિઓ કહેવામાં આવે છે. આપણે એ વૃત્તિઓને જે તરફ વાળીશું, પાણીની માફક એ તરફ વળી જશે. મન એક છે. વૃત્તિઓ અનેક છે. વારાફરતી કોઇપણ વૃત્તિ ગમે ત્યારે આવીને આપણને

કોઇપણ સ્થિતિની અંદર મૂકી દે છે. બહેકાવી પણ નાખે, મૂર્ખ પણ બનાવે, સમજણ વગરનો પણ બનાવી દે. પણ એ જ વૃત્તિ જો અંતર્ગામી બને, ઊર્ધ્વગામી બને તો માણસને સદાચારી બનાવશે. અંતર્મુખ બનાવશે, એને સુખ શાંતિ બધુ મળશે.

કેમ કે સચ્ચિદાનંદરૂપ આત્મા સ્વયં આનંદ સ્વરૂપ છે. આનંદ આત્મા હંમેશાં સત્ય સ્વરૂપ છે. માટે આત્માને સમજો. આત્માને જ સત્ય સમજો. આપણે જેની તરફ જવાનું છે તે અસત્ય નથી, શાશ્વત છે, વિશ્વસનીય છે. આત્માની અનુભૂતિ કર્યા પછીથી અનિર્વચનીયતા આવી જાય. આત્માની અનુભૂતિ કર્યા પછી બોલવાની ઇચ્છા જ ના થાય. બોલીને શું કરવું છે? બ્રહ્મ સ્વરૂપ આત્માની અનુભૂતિ કરી લીધી, એને સમજી લીધો, ઓળખી લીધો, હવે બીજા કોઇની જરૂર પણ કયાં છે? મેળવવાનું હતું એ તો મળી ગયું. હતું તો ખરું પણ એનીય વિસ્મૃતિ થઇ ગઇ હતી. આપણી આત્મા માટે જયાં સુધી અજ્ઞાન સ્થિતિ છે ત્યાં સુધી છે છતાંય નથી. પણ જયારે પીઢતા આવે, સમજણ આવે, સત્સંગ દ્વારા સમજાય ત્યારે થાય કે આ તો મારી પાસે હતું અને મને મળ્યું. આત્મતત્ત્વ પણ વિસ્મૃત થઇ ગયેલું છે. અને એનો પરિચય નથી.

ઘણા બધા શાસ્ત્રોએ પણ કહ્યું છે કે આત્મા સત્ ચિત આનંદ સ્વરૂપ છે. પણ જયાં સુધી સમજાયું નથી ત્યાં સુધી આપણે એને નથી અનુભવી શકતા. પ્રાપ્ત નથી કરી શકતા. આપણા ચિત્તની અંદર પણ બ્રહ્મ છે, આનંદ છે પણ એના માટે સતત જાગ્રત રહેવું પડે. એ સતત જાગૃતિ હશે તો સચ્ચિદાનંદની અનુભૂતિ પોતાનામાં થશે.

એક વાત યાદ રાખજો. પરબ્રહ્મ પરમાત્મા કે આત્મા એ કોઇ સ્થૂલ સ્વરૂપ નથી. સૂક્ષ્મ સ્વરૂપ છે. અવ્યકત છે. એને મન પણ ના સમજી શકે, ઇન્દ્રિયો પણ ના સમજી શકે. એટલા માટે એને અગમ અગોચર પણ કહ્યું, આત્મા પરમાત્મા એ ઇન્દ્રિયોના વિષય જ નથી.

**તને મેં મંદિરે મસ્જિદે શોધ્યો**

**તને મેં પહાડ ને પથ્થરે શોધ્યો**

**ગીરની કંદરામાં શોધ્યો, હતો દિલમાં જ તું બેઠો**

**ખબર ન હોતી મને એની.**

જય મહારાજે એક જ વાત કહી, ત્યારે મારું આતમ જાગ્યું. મારા પોતાનામાં જ આત્મતત્ત્વ હતું, જય મહારાજ આપણને જગાડી રહ્યા છે 'કલેશાતિતમ્' મારા આરાધ્ય દેવ જય મહારાજ કલેશોથી પર છે. એમણે મને પણ કલેશાતિત બનાવી દીધો. 'આનંદમ્ બ્રહ્મ' બધા જ સ્વરૂપોથી પોતે અનુભવાઇ ગયેલા છે ટેવાઇ ગયેલા છે. આપણે આપણા ઘરની અંદર બધા જ સમય પર્યંત બધી રીતે ટેવાઇ ગયેલા હોઇએ, અને પોતાની અનુભૂતિ વડે પોતે જ સમજી ને ટેવાઇ ગયા હોઇએ એટલે બહારની ગમે તેટલી ઉપાધિઓ એની અંતર્મુખતાને સ્પર્શી જ ના શકે, હેરાન કરી જ ના શકે. પોતે પોતાના સ્વરૂપની અંદર બેસી ગયા. બહાર ભલે ને જે થતું હોય તે. એ હું નથી, મારું નથી, મને સ્પર્શતુ નથી. એમ જો થોડીક વૃત્તિ કેળવે તો અંતર્મુખ થતાં વાર ન લાગે.

કયારેય કયારેક નિરાંતે બેસજો. એકાંતમાં એકલા બેસવાનો પ્રયત્ન કરજો. મનની વૃત્તિઓને ધીરે ધીરે હળવાશથી પાછી વાળી

લેવાની. પતંગ ચડાવાનો બહુ શોખ હોય. ચડાવીએ. પછી દોરી મૂકી, ખૂબ દોરી મૂકી, પછી લો હવે, પાછી ખેંચી લો. પતંગ ઉતારી લીધી. એમ વૃત્તિઓ આપણી ગમે તેટલી દૂર ઊડી હોય એને પોતાનામાં ખેંચી લો. દૂર સુધી ઊડાડેલા પતંગની દોરી આપણા હાથમાં હતી એને આપણે પાછી ખેંચી લીધી એમ આપણી વૃત્તિઓની દોરી આપણા હાથમાં હોય એને ધીરે ધીરે પાછી ખેંચી લેવી. ''**સૃષ્ટિમાં એક સાહેબ છે એની દોરી ખેંચો ઊંચી સાધુ હો તો સમજી લેજો, જોગ કલાની કૂંચી.**'' આ ભગવત્ પ્રાપ્તિની ચાવી છે ધીરે ધીરે વૃત્તિઓને પોતાનામાં સમાવતાં શીખીએ. અનુભવીએ. આજે નહીં તો કાલે કયારેક તો વૃત્તિઓ સમાપ્ત થશે જ. શાંત થશે જ. એક દિવસ એવી સમજણ આવશે કે બધી જ વૃત્તિઓ શાંત થઇ જશે. જયારે છેલ્લા શ્વાસ ચાલતા હશે તે વખતે દરેકને એવી પરિસ્થિતિ તો આવવાની જ છે. એ વખતે જો આપણે સમજેલા હોઇશું તો થશે કે, બસ હવે શરીર છૂટી રહ્યું છે એની તૈયારી છે. મન કયાંય ના ભટકે. જીવનમાં જે કંઇ સાંભળ્યું છે, સત્સંગ કર્યો છે તો હવે પોતાની જાતને પોતાનામાં સમાવી લઇએ.

# પ્રકરણ – ૨૦૫

જીવનને જે સાચું જીવતાં શીખવાડે એ સત્સંગ. સત્સંગમાં તત્ત્વજ્ઞાન પણ હોય, જીવનનો વ્યવહાર પણ હોય. વ્યવહાર અસત્ય છે. તત્ત્વજ્ઞાન એક માત્ર સત્ય છે. છતાંય જયાં સુધી એને વ્યવહાર ના આવડે ત્યાં સુધી એ સત્સંગના સત્ય સુધી પહોંચી શકતો નથી. વ્યવહારને સત્સંગ સ્વરૂપ આપવું પડે. સંસ્કાર સ્વરૂપ આપવું પડે. સંસ્કાર આપેલા હશે તો ઊગશે. **એકલો પૈસો આપેલો હશે ને સંસ્કાર નહીં આપ્યા હોય તો પૈસાની બરબાદી કરી નાંખશે. પણ સંસ્કાર સાથેની સંપત્તિ માણસને સંયમમાં લઇ જશે. સદાચારમાં લઇ જશે. સુખી રાખશે.**

સંયમ વગર જીવનમાં સુખ શાંતિ કયાંથી? કોઇ ને કોઇ કુટેવ જો પડી ગઇ તો એ શરીરથી-આરોગ્યથી દુઃખી થશે અને પૈસાથી પણ દુઃખી થશે. મળેલા પૈસાનો દુવ્યર્ય થાય, ઇજજત પણ બગડે, આરોગ્ય પણ બગડે અને જે સંપત્તિ છે એ ખતમ થઇ જાય. આપણે જે પૈસો કમાયા છીએ એના માટે પરસેવો પાડયો છે,

મહેનત કરી છે. એની જરૂર પડવાની છે માટે એનો સદ્‌વ્યય, સદ્‌સંચય પણ થવો જોઇએ. માટે એને વાપરી ના નાખો. થોડો ઘણો સંચય કર્યો હોય તો ગમે ત્યારે જરૂરિયાત પડે તો કામ લાગે.

જય મહારાજનું સાંનિધ્ય-એમનું શરણ, સત્સંગ દ્વારા સદાચારના માર્ગે લઇ જાય છે. સંયુકત રહેવું એ રામરાજયની અંદર નિવાસ કરવા બરાબર છે. જેમ રામરાજયમાં ચારેય ભાઇઓ જુદા નથી પડયા, સાથે જ જમ્યા છે, સંપત્તિ પણ એક સરખી જ રાખી છે. તો એ જ રીતે આપણી જે સંયકુત કુટુંબની પરંપરા છે ભગવાન રામની પરંપરા છે. આપણે ભગવાન રામના વંશજો છીએ અને એ સંસ્કાર આપણને મળેલા છે. એને માટે જ ભગવાનની આપણી ઉપર કૃપા છે કે સુખી છીએ, સંપન્ન છીએ.

વિભકત કુટુંબમાં સંયમ નહીં રહે, માણસ બહેકી જશે. જયારે સંયુકત કુટુંબમાં ઇર્ષ્યા નહીં થાય, કલેશ નહીં થાય. સહનશીલતા આવશે. પરસ્પર એકબીજાનાં સુખદુઃખનાં ભાગીદાર બનશો. જયારે વિભકત કુટુંબમાં કંઇ થાય તો ફોન કરશે, ખબર પૂછવા આવશે અને પછી જતાં રહેશે, પછી આખો દિવસ કોણ? જયારે સંયુકત કુટુંબમાં એકબીજાની કાળજી લેવાશે.

તો આમ સત્સંગના સંસ્કારથી સુખી જીવન હોય છે અને જીવનનો એ જ સાચો આનંદ છે. માટે સત્સંગને પણ સાથે રાખજો અને સંત સેવનને પણ સાથે રાખજો. જીવનમાં જેટલા સાધુ સંતની નજીકમાં હશો એટલા સચવાઇ જશો અને જેટલા એમનાથી દૂર રહીશું એટલી જ પગ લપસવાની ભીતી રહેવાની. સત્સંગ અને સંત સાંનિધ્ય હશે તો જ સંસ્કારિતા સચવાશે.

# પ્રકરણ – ૨૦૬

**સ્થૂલ સૂક્ષ્મ કારણ તે તે મારું નહિ હું મારી**

શરીર પણ હું નથી સૂક્ષ્મ પણ હું નથી માટે એને અક્ષરાતિત કહ્યું. **અક્ષરાતિત અલખ હરિ, આપ અખંડ અવિનાશ.**

તું તે અખંડ છું. અવિનાશી છું, તારુ મૃત્યુ છે જ નહિ. જે પાંચ ભૌતિકતા અને પંચકોષ છે એ સ્થૂળતા વાસ્તવિક નથી ક્ષણભંગુર છે, શાશ્વત નથી. માટે આપણે આપણી વૃત્તિઓને ઉપર ઉઠાવી લેવાની છે શરીરમાં અધ્યાસ નહીં. શરીરની સહેજપણ આસકિત નહીં. સામાન્ય જીવ તો બધી જ રીતે શરીરને જ પંપાળ્યા કરશે. શરીરને જ પોષ્યા કરશે. સ્થૂળ શરીરમાં જ પોતાનું અસ્તિત્વ સમજી લીધું છે. એથી આગળ સહેજ પણ ખસવા તૈયાર નથી. આગળ ઘણો લાંબો માર્ગ છે પણ એને આગળ ખસવું જ નથી. શરીરની આસકિતના કારણે એક ડગલું, એક ઇંચ પણ આગળ ખસવાની તૈયારી નથી.

વર્ગમાં પરીક્ષા લેવાઇ ગઇ હોય આખું વર્ષ ભણ્યો હોય એનું પરિણામ આવી ગયું હોય. ફરી સત્ર ખૂલે ત્યારે એને ઉપરના વર્ગમાં મોકલવામાં આવ્યો હોય, છતાં એ કહે કે આ વર્ગ મને ખૂબ

ગમે છે. હું તો અહીંથી જવા જ માગતો નથી તો એની પ્રગતિ કેવી રીતે થશે? લોકો પણ એને અકકલ વગરનો મૂર્ખ, ગાંડો કહેશે એ જ રીતે ઇશ્વરે આપણને આ જીવનયાત્રાનો માર્ગ પ્રશસ્ત કરી આપ્યો છે. આ શરીર આપ્યું છે અને આ શરીર વડે આગળ જવાનું છે પણ શરીર એટલું બધું ગમી ગયું છે કે એમાં જ બધી આસકિત પેસી ગઇ છે. અને આ શરીર સિવાય બીજું કંઇ દેખાય જ નહીં. આ જડતાને કારણે મૃત્યુની બીક લાગે છે.

**લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજને સ્તવ્યા છે. એમણે કહ્યું કે રંધાયેલા અન્ન વડે પોષાયેલુ આ શરીર કેટલું સારું રહી શકશે? એ શરીર એક દિવસ વિકૃત થશે, એમાં પણ દુર્ગંધ આવશે. જેમ બગડેલા અન્નને ફેંકી દેવુ પડે છે એમ અન્ન વડે પોષાયેલા આ શરીરને પણ ફેંકી દેવું પડશે.**

પણ આપ તો એનાથી પર છો. જય મહારાજનું સ્વરૂપ પરમ કલ્યાણવાળું છે. સૌના કલ્યાણ માટે જ એમણે દેહ ધારણ કર્યો છે. જીવિત સમાધિ એમ ને એમ લેવાય છે? નાક-મોં બંધ કરીને બેસી જુઓ, કેટલા આકળ વિકળ થવાય છે! કારણ કે હજી શરીરના આશ્રિત છીએ ને એનો અધ્યાસ પડેલો છે. માટે દેહભાવ છૂટતો નથી. હું શરીર છું. આ મારું શરીર છે. હું આટલો સરસ લાગું છું. મને આ થયું છે આ બધી જ વૃત્તિઓ મનની અંદર ભમ્યા કરે.

જો વૃત્તિઓ મનની અંદર ભમ્યા કરે, આપણી ઇચ્છાઓ, વિચારો એ શરીર પૂરતાં જ રમ્યા કરતાં હોય, કોઇ જ અંદર જવા માટે તૈયાર જ ના હોય, ઘરને બહારથી જ જોયા કરે, ભમ્યા કરે કે

આ ઘર મારું છે. પણ અલ્યા, ઘરની અંદર તો જા. ના, મારે અંદર નથી જવું. પણ અંદર જઇશ તો તું પોતે કોણ છું એ ઓળખી શકાશે. ઘરમાં રહેવાવાળો તું છું. માત્ર તું ઘર નથી તુ તત્ત્વ છું. તું આત્મા છું. આ શરીરનું તત્ત્વ છું, વલોણામાંથી માખણ કાઢવામાં ન આવે, ત્યાં સુધી એ વલોણું કહેવાય. અને માખણ કાઢી લઇએ પછી એ છાશ કહેવાય એમ આપણા પોતાનામાં આપણું ચૈતન્ય છે, ત્યાં સુધી આપણે જીવંત છીએ ત્યાં સુધી આપણે માણસ છીએ પણ એ આત્મારૂપી ચૈતન્યનું એ માખણ કાઢી લીધું પછી એ મડદુ થઇ ગયું, જેમ આપણે છાશને ૧૦ પૈસે લિટર આપી દઇએ છીએ. પહેલાંના જમાનામાં તો છાશ ઉકરડે રેડી આવતા. કહેવાનું તાત્પર્ય એ છે કે શરીરની કોઇ ગણના નથી. ગણના માત્ર આપણામાં રહેલા આત્માના ચૈતન્યની છે પણ આપણે ઊલટું કરીએ છીએ. આત્માની અવગણાના થઇ રહી છે. જીવનના દરેક પ્રસંગે, એક એક શ્વાસે જે શરીરની અવગણના કરવાની છે એના બદલે આત્માની અવગણના કરીએ છીએ. શરીર માટે આટલો બધો હોબાળો કરીએ છીએ. આટલી બધી પ્રવૃત્તિ કરીએ છીએ એ કોના આધારે? એકમાત્ર અંદરના ચૈતન્ય આત્માના આધારે. એને કયારેય કંઇ પૂછયું છે? એની કોઇ સંભાળ લીધી છે? આંખ, નાક, કાન એ બધા તો સાધનમાત્ર છે. જોનાર, સુંઘનાર, સાંભળનાર આત્મા છે મૃતદેહની આંખ ઊઘાડી હોય છતાં એ કશું જ જોતો નથી.

**શરીરમાદ્યં ખલુ ધર્મ સાધનમ્**

**શરીર તો ધર્મ કરવા માટેનું સાધન છે. જેમ બહાર જવું હોય તો વાહન એક સાધન છે. એમ શરીર પણ જન્મથી મૃત્યુ સુધી પહોચવાનું**

**એક સાધન છે. એથી વિશેષ કશું નથી. જેમ ઉપયોગ કરી લીધા પછીથી વાહનને આપણે છોડી દઇએ છીએ. એમ ઉપયોગ થયા પછીથી, સમય પૂરો થયા પછીથી આ શરીરરૂપી વાહનને આપણે છોડી દેવાનું છે.**

લક્ષ્મણદાસજી મહારાજ જય મહારાજમાં એક ચૈતન્ય તત્ત્વના દર્શન કરે છે. જય મહારાજ સ્વયં ચૈતન્ય સ્વરૂપ પરબ્રહ્મ છે. સ્થૂલ શરીર તો આપણા સૌના કલ્યાણ માટે છે. પંચકોષ વગરનું જે અસ્તિત્વ છે તેને જ આપણે મનન કરવાનું છે. દર્શન કરવાનું છે. જય મહારાજના એ પરમ કલ્યાણ સ્વરૂપ ચૈતન્યનું પૂર્ણ રીતે સ્મરણ કરવાનું છે. એમાં જ પૂર્ણભકિત રાખવાની છે.

**'પૂર્ણભકત્યા ગૃણન્તમ્'** સતત ચિંતન કરવાનું. જેમ આપણે કોઇ વિચાર કે કોઇ વાત હોય તેને મનમાં વાગોળ્યા જ કરીએ કે આવું થયું, આવું કર્યું, આમ કરવું હતું ને આમ જવું હતું, આમ ન થયું, આ આવું બોલી ગયો, મારાથી આવું થઇ ગયું, એવા વિચારો વારંવાર મનમાં આવ્યા કરે એને કહેવાય ગૃણંતમ્. પણ આ તો વ્યાવહારિક વાત થઇ. અહીં શું વિચારવાનું કહ્યું? પોતાના પરમ કલ્યાણનું સતત ચિંતન કરવાનું અને જીવન વ્યવહાર એમા જ ડૂબેલો રહે. પણ આપણે તો એનાથી ઊલટું શરીરનાં વ્યવહારમાં રહીએ છીએ માટે શરીરની વ્યથાઓ, પીડાઓ, દુઃખ, ઉપાધિઓ બધું ભોગવવું પડે છે.

''ગૃણન્તમ્'' સતત એનું ચિંતન કર્યા કરો, સતત એનું સ્મરણ કર્યા કરો. એક વ્યવહારની વાત છે કે જે વિચારની અંદર તમે ગૂંચાઇ ગયા, ગૂંથાઇ ગયા, એમાંથી જો બહાર નીકળવાનો પ્રયત્ન કરશો તો પણ જલ્દીથી નીકળાશે નહીં. આપણને આપણા

વિચારો જ ગૂંચવી નાખે છે. વ્યવહાર આપણને બાહ્ય બાજુએ ગૂંચવ્યા કરે. **આ જગતની કોઇણ બાબત આપણને વિક્ષિપ્ત ના કરવી જોઇએ.**

**જગનો નાદ રહે નહિ ઉર વિશે,**

**ભટકું નહીં ભૂતળે**

**સોહમ્ નાદ સદા રહે હૃદયથી,**

**વિરમું વિભુ સ્વાન્તરે**

બહુ ઊંચી અવસ્થા થઇ ગઇ. હું મારા પોતાનામાં જ વિરમી જાઉં. અંદર વિલીન થઇ જાઉં.

લક્ષ્મણદાસજી મહારાજ જય મહારાજના સાંનિધ્યમાં જય મહારાજનું દર્શન કરાવીને અંતર્મુખ થવાની વાત કરે છે, આજ્ઞા આપે છે.

|| જય મહારાજ ||

# પ્રકરણ – ૨૦૭

અન્નાદ્યૈ પંચકોષેઃ...

સ્થૂળભાવ જયાં સુધી શરીરમાં હશે ત્યાં સુધી આત્મભાવ બનશે જ નહિં. પોતાનાં સ્વસ્વરૂપ આત્માના બદલે સતત શરીરની જ આસકિત રહે છે અહીં લક્ષ્મણદાસજી મહારાજ જય મહારાજને પ્રાર્થી રહ્યા છે કે આપ તો આ સ્થાન પ્રાપ્ત કરી ચૂકયા છો કે જેણે પોતાના શરરીરની અંદર સહેજ પણ આસકિત રાખી નથી. ત્યારે તો જીવિત સમાધિ લીધી છે. દેહાસકિત હોય તો જીવિત સમાધિ કેવી રીતે લઇ શકાય?

આપણી પોતાની વૃત્તિઓ શરીરમાં, શરીરની ઇન્દ્રિયોમાં ઇન્દ્રિયોનાં ભોગોમાં અને વિષય વાસનાઓમાં એટલી બધી બર્હિર્મુખ છે કે કયારેય આપણે શરીર ના ભાવોથી અલગ થઇ શકતાં નથી. લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે આપ તો અન્નઆદિ પંચકોષોથી રહિત એવા પરમ શિવ પરમ તત્ત્વની અંદર સતત બિરાજો છો. આપનામાં પૂર્ણતા છે. જયાં પોતાના આત્મ સ્વરૂપમાં જ પૂર્ણતા હોય એ કેટલી ઊંચી અવસ્થા કહેવાય! એને સતત ટકાવી રાખવી પડે. સતત જાગ્રત રહેવું પડે. વાહન ચલાવતા હોઇએ તોય સતત જાગ્રત નથી રહેવાતું. મન કયાંક ને કયાંક ફરતું

હોય, નજર કયાંક ફરતી હોય ને વાહન ચાલતું હોય.

જીવન યાત્રાને સરળતાથી એકમાર્ગે લઇ જવા અંદર અંતમુર્ખ થવુ પડે. સામાન્ય જીવન જુઓ. કયારેય પણ કોઇ પણ કામ કરવા બેઠા હશો તો વૃત્તિઓ તો બહાર જ ફરતી હશે. કાર્યની અંદર એકાકાર થવું બહુ જ મુશ્કેલ છે. કથાના મંડપમાં શાકભાજી લઇને જાય. શાક ફોલતા ફોલતા કથા શું સાંભળવાની? એમાં તો એકાગ્રતા જોઇએ. સંપૂર્ણ અનુરાગથી, સંપૂર્ણ એકાગ્રતાથી ધ્યાન દઇને સાંભળવાનું છે.

દેહી છતા વિદેહી થયાં

તમે ભેદ ભવારથ સર્વે ગ્રહ્યા

એ ભેદ છે, રહસ્ય છે. જેને આપ સમજી ચૂકેલા છો. એની સાથે 'ભવારથ' આ જન્મનું રહસ્ય આપ જાણો છો. મનુષ્ય જન્મ થયો છે એનો હેતું શું? પરમ તત્ત્વ, પરમાત્મા અને આત્મા વચ્ચેનો ભેદ આપ જાણો છો. આ જીવન, આ શરીર શેના માટે મળ્યા છે એને પણ આપ ખુબ સારી રીતે સમજયા છો. પશુ પંખીઓમાં સમજ છે ? કે આત્મા સ્વરૂપ સુધી, પરમાત્મા સુધી કંઇ રીતે પહોંચાય? આપણા જન્મનો સાચો અર્થ ભેદ ભવારથ છે જન્મનું રહસ્ય શું છે?

તત્ત્વમસિ તે તું પોતે જ છું. હનુમાનજીએ દરિયો ઓળંગવાનો હતો. તેઓ ચૂપ બેસી રહ્યા હતાં. જાંબુવનજીએ કહ્યું, 'જાગો હનુમાનજી કેમ બેસી રહ્યા છો?'

**''કાહા ચૂપ સાધી રહ્યો બલવાના**

**પવન તનય બલ, પવન સમાના''**

પોતામાં રહેલી આત્મશકિતની જાગૃતિ સદ્ગુરુ કરાવે છે.

'શિષ્યાન્ સંબોધનયન્તંય' દરેકને પોતપોતાનાં નામથી સંબોધન કરવામાં આવે તો એ વ્યકિત સમજે છે કે આ મારા માટે જ કંઇક આદેશ કે ઉપદેશ છે એવી રીતે 'તત્ત્વમસિ' સંબોધન બધા માટે કર્યું. એ દરેકનું નામ છે. દરેકનું વ્યકિતગત નામ ભલે જુદું રહ્યું પણ જય મહારાજ સર્વને સંબોધે છે. જેનું નામ દઇએ એ આવવાનો જ છે. એમ તત્ત્વ કહ્યું તો આત્મા અંદર જાગ્રત થાય જ. કેમ કે એનું સંબોધન કર્યુ છે. શરીરનું સંબોધન નથી કર્યું. શરીર અને આત્મચેતના બંને અલગ છે.'

શરીર વગર શું છે? સામાન્ય માણસની સમજ પ્રમાણે કશું જ નહિ. શરીર ના રહ્યું એટલે કશું જ ના રહ્યું. પણ શરીર પછી પણ આત્મા રહે છે. પંચતત્ત્વ રહિત પછી જે ભાવ બાકી રહે છે એ વલોણામાંથી નીકળેલું માખણ આપણું ચેતના તત્ત્વ છે.

**છાશ તો નહીં પીવે રે લાલ વ્હાલો મારો**

**માખણનો ખાના દો, છાશ તો નવ પીવે.**

પુનિત મહારાજે કહેલું છે, આ સંસાર તો છાશ છે. સંસારનો બધો વ્યવહાર ખાટો લાગે અને એ તો માખણનો ખનારા છે. આપણું તત્ત્વ આત્માને લઇ લેનાર છે. આત્મા સ્વરૂપને સમજી લેનાર છે.

જય મહારાજ ! આપે અમને સંબોધન કર્યું છે આપે અમારા સ્વરૂપનું સાચું દર્શન કરાવ્યું છે. અને આપે જ અમારું નામ પાડયું છે. તત્ત્વમ્ જય મહારાજે પુત્ર તરીકે, વારસ તરીકે કહ્યું. હવે આપણે જય મહારાજનાં તત્ત્વ સ્વરૂપમાં જ આવી ગયા. હવે એ સ્થિતિને સતત ટકાવી રાખવાની વાત કરી તત્ત્વમસિની સ્થિતિને સતત ટકાવી રાખવી. કોઇપણ કાર્યની અંદર એકાગ્ર થઇએ એટલે

એ કામ સારુ થાય.

‘‘હીરા મોતીની હાટડી, સદ્‌ગુરુ ખોલન્તમ હાર. હીરા મોતીની હાટડી અંદર જ ભરેલી છે. ગુરુ મહારાજ એને ઉઘાડી આપે.

તત્ત્વપદ ત્વંપદ ત્યાગીને, અસિપદમાં પધારો રે.

આપણને આપણા પોતાના સ્વરૂપ માટે જાગ્રત કર્યા. ઘરમાં ઊંઘતા હોઇએ ને ચોર આવે ને કોઇક આવી ને જગાડે કે ‘જાગો જાગો, ઘરમાં ચોર છે.’ તો પછી આપણે નહીં ઊંઘીએ. તરત જાગી જઇશું. એમ આપણા જીવનની અંદર પણ સદ્‌ગુરુ જાગ્રત કરે કે જાગો, સૂઇ શું રહ્યા છો?

ઉઠ જાગ મુસાફિર ભોર ભઇ, અબ કાહે સોવત હૈ

જો સોવત હૈ વો ખોવત હૈ, જો જાગત હૈ વહ પાવત હૈ.

જો આપણી મનોવૃત્તિ જયાં ત્યાં ભટકે તો સુખ સહેજેય ન થાય નર્કાગારની માફક દુઃખી થવાય. એમાંથી સદ્‌ગુરુ બહાર કાઢી લાવે. નરકભયહૃરમ્ તમને નરકના દુઃખમાંથી બહાર કાઢી લીધા. સામાન્ય જીવો જાણી જોઇને દુઃખનાં કુંડમાં કુદકાં મારતા હોય ધકકામુકકી કરતાં હોય. અંદર જ ખદબદતા હોય કોઇ એને બહાર કાઢે તોય પાછા અંદર પેસી જાય. સદ્‌ગુરુ એને ખેંચી બહાર કાઢી લાવે. રજતના ગુરુએ પૂછયુ કે તું કેમ આવ્યો? તો કહે કે જ્ઞાન લેવા માટે આવ્યો છું. પછી એને એના માતા-પિતા લઇ ગયા કે આના લગ્ન કરાવવા છે. ગુરુએ જોયું કે આ તો ત્યાગીને ઊંચી કક્ષાનો જીવ છે. ઘેર લઇ તો ગયા, લગ્ન પણ નકકી થયા, ઘોડી પણ ચડયો. વરઘોડો વાજતે ગાજતે જતો હતો. ગુરુથી ના રહેવાયું. રસ્તામાં અધવચ્ચે જઇને ઊભા રહ્યા.

રજત તે ગજબ કિયા, શિર પર બાંધા મોર
આયા થા હરિ ભજન કો, જા રિયા નરક કી કોર.

રજત ઉતરી પડયો. બીજાને માથે સાફો પહેરાવી બેસાડી ભાગી નીકળ્યો. સદ્‌ગુરુ જાગ્રત કરે છે. આ નરક છે, ત્યાં ના જશો. પણ ખદબદતા કીડા ખેંચી જાય. ચાલો, આપણે લગ્ન કરાવવાનાં છે. પરણાવાનાં છે. બાકી નથી રાખવાનો. એવું તો ચાલતું હશે? પરણાવવો તો પડે જ. ખેંચી જાય એને ખદબદતા કીચડમાં લઇ જાય કોઇ એને પાછો કાઢે તોય પાછો લઇ જાય. જય મહરાજ મુકિત આપવાવાળા છે પણ જો શિષ્યોને જ એ ના જોઇતું હોય તો ? ના બાપજી, મુકિત નથી જોઇતી. હજી ઘર સંભાળવાનું છે.

આપણે જયારે જય મહારાજનાં સત્સંગનું શ્રવણ કરી રહ્યા છીએ. તો જય મહારાજ આપણને સન્મતિ આપે, સદગતિ આપે એ જ પ્રાર્થના.

# પ્રકરણ – ૨૦૮

જીવન સત્સંગના માટે તત્પર હશે તો વિશ્વના અનેક રહસ્યો સમજાશે. સત્સંગ જીવનનું લક્ષ્ય, ધ્યેય અને જીવન બધાને સાર્થક કરશે, કૃતાર્થ કરશે.

શરીરભાવ અને આત્માભાવ બંને અલગ અલગ દિશાઓ છે. શરીરભાવમાં હંમેશા સંસાર અને એનો વ્યવહાર હશે. જયારે આત્મભાવ એટલે સર્વસ્વથી અળગા બનીને માત્ર પોતાનામાં જ, નિજ સ્વરૂપમાં જ એકાગ્ર બનીએ, ધ્યાનસ્થ થઇએ. ત્યારે મન એકદમ સ્થિર બને. પોતાનામાં ગયા પછીથી સહજભાવથી શરીર, ઇન્દ્રિયો, મનનો, બહારનો વ્યવહાર સહેજ પણ સ્પર્શે નહીં. એનાથી અલગ થઇ જવાય. એટલી સુંદર સ્થિરતા આવે, અંતર્મુખતાયે આપણી વૃત્તિઓ આપણા પોતાનામાં જ સમાહિત થઇ જાય. મન, વિચાર સહિત બધું જ શાંતિ થઇ જાય એટલે સુધી કે ''વૈરાગ્યનિધી પરમસુખમ્'' જ્ઞાન એજ પરમ સુખ છે, એ ભાવનો અનુભવ થાય સંપૂર્ણ આત્મભાવ કે, મનને કયાંય પણ જવાની ઇચ્છા જ ના થાય. આ બધુ ધીરે ધીરે અભ્યાસથી જ પ્રાપ્ત થશે. એનો અભ્યાસ કરવો પડે. મનની સ્થિરતા માટે જેટલાં એકાગ્ર થઇશું, જેટલાં શાંત થઇશું એટલું જ જલ્દીથી આગળ વધી

શકાશે એટલે મન સાથે નિત્ય વાતો કરો કે તું આ શું કરું છું? કયાં ભટકું છું? તારા પોતાનામાં તું બેસ.

મન તું અળગું તે કયાં અથડાય બીજો નથી બોલતો તું તો જોઇ લેને તારા રૂપને, ખોળી લેતાં તુજ ખોવા પડે બીજો નથી બોલતો.

જો આપણા પોતાનામા જ આપણને રતિ થઇ જાય, અનુરાગ થઇ જાય તો બહાર કશુંય શોધવાની ઇચ્છા નહીં થાય. બહારના કરતાં પણ વિશેષ સુખ અંદર પોતાના અનુસંધાનમાં થશે સમય મળે ત્યારે અનુભવ કરજો કે આપણા પોતાનામાં કેટલી શાંતિ છે. આપણે કેટલા બધા સંપન્ન છીએ. આટલી શાંતિ અને સુખ હોવા છતાં ભિખારીની માફક બહાર સુખ શોધવાની માટે નીકળશે કે અહીંથી મળશે, આનાથી મળશે. દર દર ભીખ માંગતા હોઇએ. પણ જે સાચુ સુખ છે તે અંદર છે. અને સાચુ સુખ આપવાવાળો, અનુભવવાવાળો હું પોતે અંદર છું જો શરીરની અંદર હું પોતે ના હોઉં તો બહાર જે દુઃખ આપવાવાળા સુખો છે. એનો અનુભવ કોણ કરતું હશે? આમ,જયાં સુધી સાચી સમજ નહીં આવે ત્યાં સુધી આ ભટકણ નહીં ટળે.

**''સતગુરુ સાચા રે મળ્યા તેના તનના તાપ જ ટળ્યા. ભટકણ ભાગ્યું રે, વાસના લિંગ ગયું.''**

સદ્‌ગુરુના સાંનિધ્યથી શીરરની પીડાઓ અને ઉપાધિઓના તાપ દૂર થઇ ગયા. તારુ સ્વરૂપ કયું છે એ જો. આ શરીર તો આજે મારું છે તો કાલે સાજું માંદુ થશે. પરમ દિવસે ખતમ પણ થઇ જશે શું કરશો ? માટે તું તારા રૂપને જોઇ લો.

તત્ત્વમત્યાદિ વાકયૈહિ. હું તત્ત્વ છું એની જય મહારાજના દર્શનની સાથે લક્ષ્મણદાસજીએ અનુભૂતિ કરી અને કહ્યું, 'પૂર્ણભકત્યા ગૃણન્તમ્' તું જ પૂર્ણ છું. તારી પૂર્ણતાનું હંમેશા ચિંતન કર્યા કર. તું અધૂરો નથી મનની વૃત્તિઓ અધૂરી છે. માટે મન અધૂરાપણું અનુભવે છે. અને એ પુરું થવા માટે બહારના સુખ શોધે છે. કે હું સુખી થઇશ. આ સુખ વડે મને બધુ જ મળશે. પણ કશું જ મળતું નથી. પાછું ફરીએ તો ખાલી ને ખાલી જ હોય છે.

પણ મારું સુખ એ તો હું પોતે છું. મારા સુખને મારે જે રીતે પામવું હોય, જે રીતે ભોગવવું હો એ હું એકલા બેઠા બેઠા નિરંતર ભોગવ્યા કરીશ. માટે શું કામ બીજા પાસે સુખ માંગવા પડે કે મને સુખ આપો, મને રોટલો આપજો, મને તમારે ત્યા નિવાસ આપજો, કે મારી સાથે રહેજો, જયાં જયાં સુખ શોધવા જઇએ ત્યાં ત્યાં આપત્તિઓ વહોરી લેવાની છે. પછી થાય કે એકલા હતા ત્યારે કેટલા સુખી હતા. જેમ જેમ ભેગું કરવા માંડયુ એમ એમ સુખ શાંતિ શોધ્યાય જડતાં નથી. માટે આ મહાપુરૂષો આપણા કાન ઉઘાડવા માટે નગારા વગાડીને કહે છે કે સાંભળો. જય મહારાજનાં સાંનિધ્યમાં ગયા તો સાચું સમજાયું. વૃત્તિઓને કંઇક અંદર વાળી અંતર્મુખ કરી અને એનાથી આપણે પોતે ઠર્યા અને સાચા સુખની થોડીઘણી અનુભૂતિ થઇ.

ખોટા સુખમાં નવ મોહીએ રે
સંસારનું સુખ સૌ ખોટું રે.

જય મહારાજે કહ્યું છે, પણ ગળે ઉતરે તો ને! ભલે સંસારી તરીકે જીવીએ પણ એને ઉપર ઉપર રાખો. અંદરથી આપણા

પોતાનો ભાવ સાચવી રાખવો. ઉપલક વ્યવહાર જે કરવાનો હોય તે ભલે કરતાં હોઇએ પણ આપણી પોતાની અંદરની સ્થિતિ ને બરોબર સાચવી રાખવાની. એમાં સહેજ પણ આપણે ઓછા ના ઉતરીએ. વ્યવહારની અંદર તો ઉપાધિઓ, કલેશ બધુ આવવાનું. પણ એ બધું ઉપરછલ્લું રાખીને આપણા પોતાનામાં જ બેસી રહીએ. જેથી અંદર હાશ રહે, શાંતિ રહે. વ્યવહાર ભલે ગમે એવો હોય. પણ એ વ્યવહારની સાચી સમજ આપણા પોતાનામાં હોવી જોઇએ. આ વ્યવહાર એ તો ભ્રમણા છે. એ વ્યકિતની હઠને કારણે છે. પછી હઠ મગજમાંથી નીકળી જશે એટલે પાછું બધું ખોવાઇ જશે. બધું ભુલાઇ જશે જીવનનાં વ્યવહારને વાસ્તવિક નહીં સમજવાનો એ ક્ષણભંગુર છે.

જેમ શાળામાં ભણવા ગયા. એક વર્ગમાંથી ઉત્તીર્ણ થઇને ઉપરનાં વર્ગમાં. આખા વર્ગમાં લખેલી નોટો એ બધુંય ક્ષપભુંગર... એક વર્ષ માટે કામનું ખરું. આખુ વર્ષ સાચવી રાખીએ કે પરીક્ષામાં પાસ થવા માટે કામ લાગશે પણ એમાંથી આગળ વધી ગયા એટલે એ બધું કચરો થઇ ગયું. પસ્તીવાળો પછી એને ભલે ને ૨ રૂા. માં લઇ જાય કેમ? કારણ કે એ કચરો છે. આટલી સમજણ તો આપણામાં છે. એ જ રીતે જીવનની અંદર ચિંતનથી, સત્સંગથી, સારા વિચારો વડે જયારે પણ આગળ વધીએ ત્યારે પાછળની પસ્તીનો વિચાર કાઢી નાખવાનો. જો આટલી સમજણ આપણા પોતાનામાં બેસી ગઇ તો એક દિવસ એવો આવશે કે આપણે ટોચ સુધી પહોંચી જઇશું અને એમાંથી બહાર નીકળી જઇશું. અને ત્યાંથી જીવનનો નવો તબકકો શરૂ થશે હવે શું જોઇએ? નોકરી કે આવક કયાંથી મળશે? એ તબકકો પૂરો થઇ

ગયો. પછી એ તબકકાનું કશુંય કામ નહીં લાગે. આ છે ક્ષણભંગુરતા. એ જેમ આપણે શિક્ષણની અંદર અનુભવીએ છીએ એવી જ રીતે જીવનના દરેક વ્યવહારની અંદર આપણી સમજશકિત, આપણા વિચારો ક્ષણભંગુરતાની સાથે રહેવા જોઇએ. ભલે હમણાં આવ્યા છે, હઠ કરે છે, ઝઘડો કરે છે. પણ બે ત્રણ દિવસ પછી એ મગજમાંથી નીકળી જશે એ ક્ષણભૃંગરતાની સાચી સમજ જો મળી જાય તો આપણને આપણા આત્મા સ્વરૂપ તરફ ગતિ મળી જશે.

જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજને સંબોધન કર્યું. 'સંબોધયન્તમ્ શિષ્યાન્' જય મહારાજનાં સાંનિધ્યમાં ભગવાનદાસજી મહારાજ મણીરામજી મહારાજ, ગંગારામજી મહારાજ, સાનીજી મહારાજ બધા અને સાથે બીજા સેવકો પણ બેઠા હશે. એ બધાને સંબોધન કર્યું, 'તત્ત્વમસિ' 'નરક ભય હરમ્' તમારા જીવનનું નરક, નરકી જીવન પુરું થઇ ગયું.

નરક ભયહરમ્ કહી દીધું. પણ એ સમજણ આવવી જોઇએ, કેળવવી જોઇએ. આટલા વખતથી સત્સંગ કરીએ છીએ, આટલું વાંચીએ છીએ, આટલું સાંભળીએ છીએ, પણ એના વડે આપણા દૈનિક જીવનમાં, આપણાં સ્વભાવમાં કેટલું પરિવર્તન આવ્યું તેનું માપ કાઢજો. વ્યવહારમાં અનેક માણસોના સંપર્કમાં આવવું પડે. ઘર પરિવારમાં બધા સાથે કેટલી બધી સમસ્યાઓ અને સંઘર્ષ પણ થતાં હશે એ બધામાં આપણે કેટલા બધા અશાંત થઇએ છીએ, કેટલાય દિવસો સુધી એ તોફાન મનમાંથી હટે નહીં, આ થયું ને તેમ થયું. ઊંઘેય ના આવે. ત્યારે સમજવાનું કે હજુ આપણને સત્સંગ પચ્યો નથી.

એકવાર એક પ્રસંગને લઇને એક માણસ સાથે ખૂબ ગુસ્સે થવું પડયું. બીજા લોકો કહેવા માંડયા 'મહારાજ, ગુસ્સે ના થશો.' ત્યાંથી આપણને અંદર લઇ ગયા. પછી બીજા મહેમાન આવ્યા એમની સાથે હસીને વાત કરી. પેલા ભાઇ કહેવા લાગ્યા, 'મહારાજ પેલા જોડે આટલા ગુસ્સે થયા કે મારે તમને વાળી લાવવા પડયા અને આ માણસની સાથે તમે આટલું હસીને વાત કરી. જાણે કશું થયું નથી.'

આ સ્થિતિ એ આપણા વ્યવહારમાં દૈનિક જીવનની અંદર કેળવી લઇએ તો લાંબુ દુઃખ ટકે નહીં. લાંબો સંઘર્ષ કે અશાંતિ મનમાં રહેવી ના જોઇએ. એનો નિકાલ થઇ જાય. આ છે નરક ભયહરમ! કોઇ પણ પરિસ્થિતિ ભલે ગમે તેવી હોય એને લાંબુ ટકવા દેવાની નહીં. તમે જુઓ, દુનિયા તો શાંતિથી બેઠી છે. જીવે છે. દુનિયાનું સ્વરૂપ તો શાંત જ છે, આપણા જ મગજ ખરાબ થઇ ગયેલા હોય છે. બીજા માણસો તો શાંત જ હશે. આપણે પણ શાંત રહી જાવ. એના માટે કોઇ ડૉકટરની દવા કામ નહીં લાગે. આપણી અંદર ચાલતું તોફાન આપણે જ ઊભુ કર્યું છે. આપણને પોતે આપણા જીવનને સંભાળવું પડશે, આપણા જીવનની લગામ આપણા પોતાનાં હાથમાં રાખવી પડશે. તો જ એ નિયંત્રણમાં રહેશે. સંયમમાં રહેશે. પણ જો પોતાની જાત જ પોતાનાં કહયામાં ના હોય તો શું કરશો? અનુભવ કરજો. ખૂબ ગુસ્સો આવે ત્યારે આખુ શરીર ધ્રુજે. બસ ધીમી થઇ ગઇ હોય એને વધારે એકસીલેટર આપી ચલાવવા જાવ તો શું થાય? બસમાં બેઠેલા બધાય ધ્રુજે. આ સ્થિતિ આપણી ના હોવી જોઇએ. કોઇ ક્રોધ કે આવેશ આવે ત્યારે આપણું આખું શરીર આપણે નિયંત્રણમાં નથી

રાખી શકતાં, ધ્રુજી ઉઠીએ છીએ કેમ કે ક્રોધ સીમાની બહાર નીકળી ગયો છે અને શરીર એને સહન કરવા માટે અશક્ત છે. ઘણાને આ અનુભવ થઇ ગયો હશે. અનિયંત્રિત ગુસ્સો મહિના મહિના સુધી મગજમાંથી હટે નહીં ત્યારે સમજી લેવાનું કે આપણે સાવ ભોટ છીએ. આપણે આપણી જાતને સંયમમાં રાખી શકતાં નથી.

જમવા બેઠા હોઇએ, બહુ સ્વાદિષ્ટ લાગ્યું હોય, ઘણા દિવસે મળ્યું હોય તો આવવા દો, આવવા દો. પછીથી શી દશા થાય? માટે પોતે સમજવાનું કે મારા પેટને કેટલું આપવું. પણ આપણું અજ્ઞાન એ જ આપણું દુઃખ, જાનકીદાસજી મહારાજે નિયમ કરાવ્યો હતો ૧૨-૧૩ વર્ષની ઉંમરમાં જ, કે દિવસમાં ૩ કે દિવસમાં ૪ વખત જ ખાવાનું સવારનો નાસ્તો, બપોરે જમવાનું પછી બપોરે નાસ્તો ને સાંજે જમવાનું. આજેય આટલા નિરોગી છીએ. નહિંતર મહંતો તો કેવા હોય! મોટા મોટા પેટ! પણ આપણે જીવન જીવવામાં એક નિયંત્રણ લઇ લીધું.

પોતાનો સંયમ પોતાની જાતે જ કેળવી લઇએ તો કયારેય અશાંતિ કે દુઃખ ન થાય. જેમ બળદને નિર્ધારિત માર્ગે લઇ જવા માટે, એને નિયંત્રણમાં લાવવા માટે લગામ રાખવામાં આવે છે એમ આપણા જીવનની અંદર પણ લગામની એટલી જ આવશ્યકતા છે એ લગામ આપણા પોતાનાં હાથમાં જ હોવી જોઇએ. આપણે ઘોડા પર બેસવું છે, હાથી પર નથી બેસવું. હાથી પરની લગામનો અંકુશ મહાવત પાસે હોય, આપણી પાસે ના હોય. ભલે થોડા નીચાં બેસીએ પણ લગામ તો આપણી પાસે છે ને! એ સંયમની લગામ હંમેશા આપણને સજાગ રાખશે, સભાન

રાખશે.

એ જાગ્રત અવસ્થાની વાત જ અહીં જય મહારાજે કરી છે. ગુરુજનોનો મોટો ઉપકાર છે કે એમના બોધ વડે આપણને નારકી, દુઃખી, સડતું પીડાતું જીવન નિવારી શકીએ છીએ. સ્થૂલ ભાવ ને દૂર કરી દઈને વ્યવહારથી ઉપર ઉઠીને એમને સેવીને અનુસરીએ. અને એના વડે જ આપણા જીવનને સદાયને માટે સંયમની અંદર, સદાચારમાં રાખી શકીએ.

# પ્રકરણ – ૨૦૯

અન્નાદ્યૈ....

જય મહારાજનું દર્શન સતત તત્ત્વમય છે, તેઓ સ્વયં સ્વસ્વરૂપમાં વીલીન છે, સદાય સ્વરૂપમાં જ સ્થિર રહે છે. તેઓ તત્ત્વ સ્વરૂપ છે. સાથે સાથે તેઓ બીજાને સંબોધન પણ તત્ત્વથી કરે છે. કે તમે પણ આત્મસ્વરૂપ છો. તમારું સ્વરૂપ પરમાત્માથી અલગ નથી. જે સૃષ્ટિમાં છે એ જ શરીરમાં છે. એ જ આપણા મનની ચેતનાશકિતનું સર્જન કરે છે. સૃષ્ટિકર્તામાં જે શકિત છે, આખી સૃષ્ટિનું સર્જન કરવાની, પહાડથી માંડીને પાંદડા સુધી જે સર્જે છે એ જ શકિત આપણા મનની પણ છે. એ હિમાલય કરતાં પણ મોટા પહાડોનું સર્જન કરી દે છે. સમુદ્રનું પણ સર્જન કરી દે. એ સર્જન શકિત આપણામાં હોય શકે ખરી? સર્જન શકિત આપણામાં છે, દરેકનામાં છે.

થોડાંક જાગ્રત થાવ. તમે સર્જી ચૂકયા છો! પણ એના તરફ લક્ષ નથી. સૂઇ જઇએ છીએ ત્યારે કશું જ નથી હોતું. સ્વપ્નમાં આપણું મન કેટલું મોટું સર્જન કરે છે. પહાડ, પશુ, પક્ષી, નદી વૃક્ષો, ઝરણાં, સમુદ્ર, તળાવ બધું જ બનાવી દે છે. આપણી

જાતનું પણ સર્જન સ્વપ્નમાં થાય છે. આ મનની સૃષ્ટિ એ સ્વપ્ન છે. એમ પરમાત્મા નાં મનની સૃષ્ટિ પણ સત્ય નથી. ઉપનિષદમાં છે કે પરમાત્માએ સંકલ્પ કર્યો કે 'એકોહમ્ ભવિષ્યમ્ પ્રજાયતે'

એકમાંથી અનેક થાઉં. આપણે પણ સૂઇ ગયા. સ્વપ્નમાં સર્જન કરી દીધું. આપણા આગળ પાછળનાં જન્મોનું પણ સર્જન થઇ જાય. જે આપણે ના જોયેલું હોય, ના જાણેલું હોય એનું પણ સર્જન થઇ જાય. એટલે પરમાત્માની પાસે જે સૃષ્ટિનાં સર્જનની શકિત છે એ દરેક માણસ પાસે છે.

સીતાજીની શોધમાં દરિયાકિનારે બધા વાનરો બેઠા હતા. જટાયુએ કહ્યું કે જે દરિયો ઓળંગીને પાછો જાય એ જ આ કામકાજ કરી શકે. બધાએ વારાફરતી કહ્યું કે મારું માપ મારી શકિત આટલી છે. હું આટલું જ કરી શકું. આટલાથી વધારે ના કરી શકું. હનુમાનજી પાસે શકિત હતી પણ ચુપ થઇને બેસી ગયેલા. કે હું તો નાનો માણસ છું, સેવક છું, મારામાં કયાં એ શકિત હોય ? પણ જાંબુવનજીએ જાગ્રત કર્યા કે હનુમાનજી જાગો.

કકા ચુપ સાધી રહે બલવાના

પવન તનય બલ પવન સમાના

તમારામાં આ શકિત છે. તમે આ કાર્ય કરી શકો એમ છો. એમ આપણે પણ મનમાં હજારો સર્જનો કર્યા હશે પણ આજે જાગ્રત થયા કે આપણા મનની અંદર સમગ્ર સૃષ્ટિનું સર્જન કરવાની શકિત છે. આપણું મન અમેરિકાનું પણ સર્જન કરી શકે અને અમેરિકા સુધી ફરી પણ આવે. બોલો, કેટલી મોટી શકિત છે. જાગ્રતમાં હોઇએ તો માટીનો એક મંકોડો કે કીડી પણ બનાવતા

નહીં આવડે. આત્મચેતન આટલું મોટું સર્જન કરે છે. આપણા બધામાં અપાર સર્જન શકિત છે.

સ્વપ્નમાં તારા, નક્ષત્ર અને સૂર્ય પણ દેખાય. સ્વપ્નમાં એ સૂર્ય કયાંથી આવ્યો? રાત્રે સૂર્ય હોય ખરો? માટે જ જય મહારાજે કહ્યું કે ''તત્વમસિ'' તું તે જ છું. પણ અજ્ઞાન અવસ્થા છે અજ્ઞાનના કારણે આપણું પોતાનું તત્ત્વ સ્વરૂપ આપણે સમજી શકતાં નથી. આપણે માત્ર શરીરનાં જ વ્યવહારો જાણીએ છીએ, સમજીએ છીએ. જીવનપર્યંત એની સાથે જ રમ્યા કરીએ છીએ. જયારે આવી દિવ્ય ચેતનાઓ, દિવ્ય મહાપુરૂષો છતે શરીરે પોતાના સૂક્ષ્મ આત્મસ્વરૂપમાં જ રમ્યા કરતાં હોય છે. (તત્ત્વમસિ અખંડ આનંદ, ત્રિગુણાતિતા ટાળે ભવ ફંદ.)

આપણી પાસે આપણા પોતાનું સર્જન પણ છે પુણ્ય પણ છે. મનની સર્જનની સૃષ્ટિ જાગ્રત થઇ એટલે સ્વપ્નનો પ્રલય થઇ ગયો. આપણા મનની અંદર નિત્ય પ્રલય થતો હોય છે. જયારે જયારે પણ આપણે સૂઇ જઇએ છીએ, ગાઢ નિદ્રામાં જતાં રહીએ એ છે નિત્ય પ્રલય, રોજનો રોજ થયા કરે. આ બધી જ ક્રિયાઓ આપણી આત્મચેતનાના આશ્રયે આ મન કરે છે. અને આત્મચેતનાનાં આશ્રયે આ શરીર સંસારના બધા વ્યવહાર કરે છે. અને એના જ આશ્રયે મન અને ઇન્દ્રિયો વડે જે કંઇ વ્યવહાર થાય છે એનાથી સુખી કે દુઃખી થાય છે. પણ એ શકિત આપણા પોતામાં જ રહેલી છે.

જય મહારાજે આપણને સાચી દિશાનું દર્શન આપ્યું. કે આ માર્ગ છે. આપણી જે આત્મચેતના છે એ વ્યાપક છે, કાયમની છે. સૃષ્ટિનું સર્જન પણ એ જ કરે છે. પ્રલયમાં ભલે બધું જ નાશ

પામી જાય પણ જે સૂક્ષ્મ આત્મચેતના છે એ નાશ પામતી નથી.

તું તત્ત્વ છું. આ મરનારુ શરીર એ તું નથી. એ સંસ્કાર ને સ્પષ્ટ કરી દો. મરનાર શરીર જ હું નથી તો બાકી શું રહ્યું? આત્મચેતના અમર છે. એ અમરત્ત્વ મને પ્રાપ્ત થઇ ગયું અને દેહભાવ નીકળી ગયો. એને આવવું હોય તો આવે, રહેવું હોય તો રહે. જયારે આપણા સાધન ભજનમાં બેસીએ ત્યારે શરીરને એકબાજુ મૂકી દેવાનું. જેમ ખૂબ અગત્યની વસ્તુ હોય તો આપણે એને બરાબર વ્યવસ્થિત રીતે સાચવીને અંદર બંધ કરીને મૂકી દઇએ અને જરૂર પડે ત્યારે કાઢીએ છીએ. એમ સાધન ભજન વડે એકલા થઇ જાવ. શરીરને એકબાજુ મૂકી દો. શરીરની જરૂર પડશે ત્યારે હું તેને વાપરીશ. તમે અલગ થઇને જુઓ. કેવો આનંદ આવે છે! અનુભવે જોઇશું કે શરીર ત્યાં બેઠું છે સૂતું છે. શરીરને જોનારો હું છું. હું શરીર કયાં છું?

જય મહારાજ સૌને જાગ્રત કરી રહ્યા છે. જાગો. શરીરભાવ, દેહભાવનો ત્યાગ કરો, આત્મભાવનો નિત્ય અભ્યાસ કરો. નિત્ય સ્તુતિ કરો. નિત્ય એના તરફ લક્ષ રાખો. એક દિવસ એવો આવશે કે શરીર ભાવ છુટી જશે.

''તમે દેહિ છતાં વિદેહી થયાં''

છતાં શરીરે વિદેહી થયા. આ સ્વ સ્વરૂપનું દર્શન છે. અને એ સ્વસ્વરૂપ એ જ આપણે પોતે, આવી દઢતાં સતત વિચારો દ્વારા જ કેળવી શકયા. માત્ર સવારે ૧૦-૧૫ મિનિટ ભગવાનનું નામ દઇ દીધું અને પછી ૨૩ કલાક ૩૫ મિનિટ, આખો દિવસ ગમે તે કર્યા કરું એમ નહીં. ભલે વ્યવહારુ જીવન જીવ્યા કરો, ગમે

તે કામ કરતાં હોઇએ, ગમે તે વ્યવહારમાં હોઇએ પણ આપણું ચિંતન ચાલ્યા કરે.

શ્રી સંતરામ ગુરૂવર્યમ્ ચિન્ત્યમૂર્તિમ્

હ્યજ્ઞાનકાનન વિના શનહવ્યવાહમ્ ઉત્સાહવધનમ્

અમારો ઉત્સાહ વધારતા રહેજો. અમારા જીવનનો ધર્મનો તત્ત્વનો, સત્સંગનો ઉત્સાહ વધારતા રહેજો.

જાતસ્ય હિ ધ્રુવમ મૃત્યુ ધ્રૃતમ્ જન્મ મૃતસ્ય ચ

જન્મે છે એનું મૃત્યુ ચોકકસ થઇ જ જાય છે. અને મરેલાનો જન્મ પણ નિશ્ચિત થઇ જ તો હોય છે. જો ભગવાન પોતાના શ્રીમુખે આટલું દૃઢતાપૂર્વક કહેતા હોય તો આપણે પણ આપણા મોહ, એટલે કે નિર્વાણ મૃત્યુ ને દૃઢ કરી લેવું પડે. એનાથી બ્હીવાનું નહીં, આવવાનું તો નકકી જ છે. માટે એના માટે નિર્ભય થઇ જાવ. સામેથી એને આહવાન આપવાનું કે આવ... કે કે દેહધ્યાસ નથી રહ્યો.

શિષ્યાન્ સંબોધયન્તમ્

શિષ્યને પણ પોતાનું તત્ત્વરૂપ આપે છે કે લો, તત્ત્વ સ્વરૂપ લેતા જાવ. પોતાની પાસે છે તે આપે છે. જો તેઓ આ રીતે આજ્ઞા આપીને સંબોધન કરતા હોય તો આપણે પણ આપણા સ્વરૂપને સમજવું પડે. તું તત્ત્વ છું, એ ધારણા બનવી જોઇએ. એનું ચિંતન, સતત આપણામાં વર્તન થતું રહેવું જોઇએ. વાગોળાવું જોઇએ.

જય મહારાજ પોતે તત્ત્વને સમજયા છે. પોતે તત્ત્વ સ્વરૂપ છે. અને આપણને સંબોધન કરે છે. સ્વસ્વરૂપનું સતત ચિંતન

કરતાં રહીએ. સંસારનો વ્યવહાર એવો છે કે તમામને ભૂલાવી દે.

અહીંથી બહાર નીકળ્યા પછી તમારી જાતને પૂછયું છે ખરું કે 'તું તત્ત્વમસિ છે ખરો?' એને અંદર શોધવું પડે. કે ખિસ્સાનાં પાકીટની અંદર જોઇએ કે જય મહારાજે કહ્યું હતું કે આટલું તારી પાસે છે, તો જોઉં તો ખરો. છે કે નથી ?'

આ પ્રશ્ન પુછતા પુછતાં જ પોતાના આત્મસ્વરૂપ સુધી પહોંચી શકાશે. માણસને કોઇપણ વસ્તુ આપીએ તો કહીએ કે ખાસ અગત્યની છે સાચવજે પણ આપનારો આપીને જાય કે તરત જોવાનું મન થાય કે લાવ, શું છે જોઉં તો ખરો. એવી જિજ્ઞાસા થાય.

જય મહારાજનાં આ સંબોધન વડે આપણને પણ આપણા આત્માસ્વરૂપની જિજ્ઞાસા થવી જોઇએ.

# પ્રકરણ – ૨૧૦

પ્રજ્ઞાનમ્ બ્રહ્મ વેદનું મહાવાકય છે. તારી પ્રજ્ઞા, તારી સ્મૃતિ તે જ બ્રહ્મ છે. સ્મૃતિ અને પ્રજ્ઞા જયારે પણ બ્રહ્મ્ સ્વરૂપ બને એટલે આખા જીવનમાં પરિવર્તન આવી જાય. વિચારોમાં વાણીમાં, વ્યવહારમાં બધે જ. ‘જેની પ્રજ્ઞા થઇ સ્થિર’ એ સ્થિપ્રજ્ઞનાં લક્ષણો છે. પોતાની સમજણ પોતાની બુદ્ધિને સ્થિર કરવી એને કહ્યું. ‘સ્થિતપ્રજ્ઞ’ સ્થિતપ્રજ્ઞના ભાવમાંથી પસાર થતા થતા આખરે ‘પ્રજ્ઞાનમ્ બ્રહ્મ્’નું પરિણામ મળવું જોઇએ. મારી બુદ્ધિથી વિચારથી, પ્રજ્ઞાથી હું બ્રહ્મ છું. મારું સ્વરૂપ આત્માનું છે. શરીર મારું સ્વરૂપ છે જ નહીં. હું સ્વયં આત્મસ્વરૂપ જ છું. અન્ય કઇ જ નહી. જયારે જયારે પણ અન્ય ભાવ જાગે છે ત્યારે ત્યારે માણસ દેહભાવ પર જતો રહે છે.

લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું, આપ પ્રજ્ઞાનું બ્રહ્મ્ સ્વરૂપ છો. જેની પ્રજ્ઞા ‘હરિ સ્થિરમ્’ મતિ સ્થિર થઇ જાય પછી તો જોઇતું હતું જ શું? પણ જયાં મતિ જ બહેર મારી ગઇ હોય તો? અકકલ રહે જ નહીં. એ અકકલને આપણે રાક્ષસ બનાવી દઇએ છીએ. આપણી મતિને આપણે એવી દુરાચારી બનાવી દઇએ છીએ કે એનું સ્વરૂપ વિકૃત થઇ જાય. આપણને જય મહારાજ જ

કહે છે એમના પણ હજારો મુનિઓ પણ આ પ્રમાણે કહે છે 'શ્રુતિશત પઠિતમ્' તું સત્ ચિત આનંદ સ્વરૂપ છું. બીજુ નહીં પ્રજ્ઞાનમ્ બુદ્ધ સ્વરૂપે હું શાશ્વત સત્ય છું તુ એવો આનંદ છું કે જે આનંદ કયારેય ખૂટે નહીં.

'કલેશાનેત' કોઇ ઉપાધિ, કોઇ જ અશાંતિ નહીં સારો કે ખોટો કોઇપણ પ્રકારનો કલેશ જીવનમાં હોવો જ ના જોઇએ. બસ અહર્નિશ અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપ બન્યું રહેવું જોઇએ. જય મહારાજનું પણ સત ચિત આનંદ સ્વરૂપ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ પછીથી જ કલેશાતીત ની અવસ્થા આવે. સચ્ચિદાનંદ સ્વરૂપે મારા પોતાનામાં હું એકલો જ રમ્યા કરું. જેમ નાનું બાળક મસ્ત હોય. એને મૂકી રાખ્યુ હોય અને હાથ પગ ઉછાળ્યા કરતું હોય. હસતું હોય, રમ્યા કરતું હોય. કોઇ ઉપાધિ એને નડે નહીં. આનંદ એ જ એનું સાચું સ્વરૂપ. ગીતામાં ભગવાને કહ્યું 'નિર્દોષં હી સમં બ્રહ્મ'

બ્રહ્મ્ નિર્દોષ છે નાનું કૂતરાનુ બચ્ચું હોય તો પણ એને પકડવાનું મન થશે કેમ કે એનામાં નિર્દોષતા છે. એનામાં છળ નથી, કપટ નથી, વેરઝેર નથી. માટે ભગવાને ગીતામાં કહ્યું કે બ્રહ્મનાં દર્શન કયાં થશે? 'નિર્દોષમ્ સમય બ્રહ્મ્' સાધક પણ પોતાના સ્વરૂપને સત ચિત આનંદ સ્વરૂપની અવસ્થામાં મૂકી દે એટલે એ પણ નિર્દોષ થઇ જાય.

ઉદાર ચરિતાનામ્ ધૈવ કુટુંબકમ્

આ મારું છે, આ તારું છે એ તો જેની બુદ્ધિમાં ભેદ છે એ કરશે પણ જે બુદ્ધિ ભેદ રહિત છે એ કોઇને પરાયા કે પોતાના નહીં ગણે. કોઇના પ્રત્યે દ્વેષ નહી, કોઇના પ્રત્યે વધારે પડતી આસકિત

પણ નહીં. સાહજિકતા એ કલેશાતિત છે.

જયારે આપણે સાધન ભજનમાં હોઇએ, માળા ફેરવતા હોઇએ ને કોઇનો ફોન આવે તો બધુય એકબાજુ મૂકી દઇએ છીએ. અરે ! આ તો તમે અપમાન કરો છો. જયાં સુધી આપણો નિત્ય નિયમ પૂરો ન થાય ત્યાં સુધી વાત ન થાય, નહીંતર તો એ ખંડિત થઇ જાય. તમે ભગવાનનાં નામનું અપમાન કરી ફોનની વાતને મહત્ત્વ આપી દીધું. જમવા બેઠા હોઇએ અને એ પડતું મૂકી ફોન પર વાત કરીએ. અન્ન એ દેવ છે. આ અન્નનું અપમાન છે. નિત્યનિયમ વચ્ચે તમે બીજા સાથે વાત કરવા બેસી જાવ તો તમે જેની આરાધના, ઉપાસના કરો છો એની અવહેલના કરો છો. તે સયમે બીજું કશું જ ના થવું જોઇએ. કોઇની સામે ઇશારોય નહીં. મારી પ્રાર્થના એ પ્રભુ સાથેનું અનુસંધાન છે.

આ બધા કલેશ છે. સાચો આનંદ લેવો હોય તો આ બધાને એક તરફ મૂકી દેવા પડે.

જય મહારાજ આપણા છે અને આપણે જય મહારાજનાં છીએ. તો આપણામાં કલેશ કેમ રહે? કલેશ વિચારોમાં, મનમાં રહેતો હોય છે. માણસને કોતરી ખાતો હોય છે. મગજથી સહેવાય નહીં, ખવાય નહીં, સૂવાય નહીં. જો કલેશ આટલો બધો નિર્દય હોય તો શા માટે એને આપણામાં પેસવા દઇએ? આપણી જાતનું નિયંત્રણ આપણે કરવું પડે.

જય મહારાજ પોતાનાં સ્વરૂપમાં અંતર્મુખ થઇને બેસતા. આજથી ૨૦૦ વર્ષ પહેલાં જંગલમાં કે અંદર કુટિરમાં બેઠા હોય ત્યારે બહારથી વાઘ ને સિંહનું સ્વરૂપ દેખાય. અરે, મહારાજની

કુટિરે વાઘ છે કોઇ જશો નહીં.  જય મહારાજના સાધન ભજનની અંદર કોઇ વિક્ષપય ના આવવો જોઇએ.

પ્રજ્ઞાનમ્ બ્રહ્મ સ્વરૂપની અંદર નિત્ય સતચિત આનંદનો અનુભવ કર્યા જ કરે છે. કલેશાતિત છે. મારો બાપ કલેશાતિત હોય ને હું જ છાજિયા લેતો હોઉં? કેવું લાગે? બાપ પૈસાદાર હોય ને છોકરો ભિખારી હોય! જય મહારાજ કલેશાતિત હોય અને હું એ સંપન્ન બાપનો દીકરો પગમાં ફાટેલા ખાસડાં પહેરું. લોકો ટોકી ખાય.

જો જય મહારાજનો સત્સંગ કરીશું, સમજીશું તો જય મહારાજ અવશ્ય આપણને ધીરે ધીરે એમનાં સ્વરૂપ સુધી લઇ જશે. જય મહારાજ બધાને આપે છે એ કલેશાંતિત અવસ્થા સૌને માટે ખુલ્લી છે. સત્સંગનાં સ્વરૂપને સમજીએ, સત્સંગની વાતોને વિચારીએ, વાગોળીએ, અને ગળે ઉતારીને એમાંથી શક્તિ, ઊર્જા મેળવીએ. તો આપણને પણ જય મહારાજ સ્વરૂપની પ્રતીતિ થાય. જયારે જયારે પણ આપણને કલેશાતિતની સહેજ સહેજ સ્થિતિ આવતી જાય, થોડો થોડો કલેશ દૂર થતો જાય તો સમજી લેવાનું કે જય મહારાજ આપણી પર પ્રસન્ન થયા છે. અને આપણામાં એમનો આર્વિભાવ થઇ રહ્યો છે. જય મહારાજ મારામાં નિવાસ કરવા માટે પધારી રહ્યા છે.

''કલેશાતિતમ્ કજેશામ્'' આ કલેશાંતિત જય મહારાજ મારા બાપ છે. 'મમ ઇશ્વર' મારા સાક્ષાત્ ભગવાન છે. આપણે બાપ તરીકે એમને સ્વીકારીએ પણ એ આપણને દીકરા તરીકે સ્વીકારે ત્યારે ને! એમનેમ તો એમની સંપત્તિની વસિયત થોડી લખી આપે.

શમાદિષ્ટ ક પ્રદવૈ ભવાભ્યામ્

આ બધી સંપત્તિઓ અઢળક છે કલેશાતિત થવા માટે આપણે સત્સંગના શબ્દોને સમજીએ, એમાંથી શકિત મેળવીએ, જેટલી શકિત મળશે એવી સ્થિતિ મળશે. સદાને માટે જય મહારાજને એવી રીતે ભજીએ કે આપણા જીવનની અંદર મુકિતનો આનંદ આપણને પ્રાપ્ત થાય.

# પ્રકરણ – ૨૧૧

અન્નાદ્યૈ.....

પ્રજ્ઞાનમ્ બુદ્ધરૂપમ્ જય મહારાજના સ્વરૂપને લક્ષ્મણદાસજી મહારાજ તત્ત્વના વેદાંતની ચરમ સીમા ઉપર સ્થાપિત કરે છે, આપણને દર્શન કરાવ્યું છે.

આપની પ્રજ્ઞા બ્રહ્મ્ સ્વરૂપ બની ચૂકેલી છે. આપ સ્વયં બ્રહ્મ સ્વરૂપ જ છો. આ સમગ્ર સૃષ્ટિનું જે આદિ કારણ છે એ બ્રહ્મ આપ છો, આપ પરમાત્માનું સ્વરૂપ છો જેનો અમે અંશ છીએ. સ્તુતિના અંત ભાગમાં જ્ઞાનની તત્ત્વની ચરમસીમા છે. જે આપણને પ્રજ્ઞાનમ્ બ્રહ્મ્ સુધી લઇ જાય છે. જય મહારાજ સમગ્ર સૃષ્ટિનું જે ચેતનાત્મક તત્ત્વ છે એ પોતે જ છે. આ સૃષ્ટિ સ્વરૂપ પોતે છે. જેમાંથી આ સૃષ્ટિનું સર્જન થયું છે.

'શ્રુતિશત પઠિતમ્' એ આનંદ પરબ્રહ્મ્ સ્વરૂપ છે. અન્ય કશું જ નથી. એ અવસ્થા કેવી હોય? ભયમુકત નિર્ભય હોય.

'રામ નામ જો હૃદયે ધરે'

એ રામ સ્વરૂપ આત્મારામને પામી ચૂકેલો છે. એની પાસેથી શું લેવાનું હોય? સરકાર કયો ટેકસ લે? ભિક્ષા માંગીને નિર્વાહ કરતાં

હોય એને રામ પણ શું કરી શકવાનો હતો?

કોઇપણ જાતની સહેજપણ પીડા નહીં. નહીં તો માણસને કેટલી બધી પીડા હોય છે. શારીરિક, આર્થિક, કૌટુંબિક, સામાજિક કે માણસને આખોને આખો ખાઇ જાય. આ કલેશો માણસના સામાન્ય જીવનની સાથે વણાઇ ગયેલા છે. અમારે પણ આવું છે. તમારે એકલાનું થોડું છે? આ જગતની સ્થિતિ છે.

જય મહારાજ જયારે અહીં બિરાજતા ત્યારે એક ખેતમજૂર કયારેક કયારેક ટોણો મારતો જાય કે વાહ બાપજી! તમારે તો નિરાંત છે. બેઠા બેઠા ખાવાનું કે કશું કામ કાજ કરવાનું નહી. એક દિવસ બાપજીએ કહ્યું, આવ દીકરા અહીં બેસ. શું કામ કરે છે. તો કહે કે મજૂરી કરું છું. કેટલું આપે? આખા દાહડાની પાલી મળે. બાપજી કહે, તું અહીં બેસીજા હું તને એક રૂપિયો અપાવી દઇશ. પેલાને થયું કે ચાર દહાડાની મજૂરી એક દહાડામાં મળે. બેસી જવા દે. બેઠો. અડધો કલાક થયો. પોણો કલાક થયો. પછી ઊંચો નીચો, આઘો પાછો થવા માંડયો. માંડ કલાક પૂરો થયો ને બાપજી આંખો બંધ કરીને બેઠાતા ને પેલો ધીમે રહીને ઉઠીને નાસવા માંડયો. બાપજીએ કહ્યું, ઊભો રહે, પાછો આવ. તો કહેવા લાગ્યો, ના બાપજી આ બેસવાનું કામ અમારું નહીં. તમારો રૂપિયો મારે નથી જોઇતો. મારાથી નહીં બેસાય. મારી પાયલી કમાઇ ખાઇશ.

તો કલેશાતિત એમનેમ નથી થવાતું. બેઠા બેઠા નથી મળી જતું. એમાં તપ છે. કલેશાતિતની અવસ્થા સામાન્ય માણસને તો પચે પણ નહીં. બિલાડી ખીર ખાય તો ઊલટી જ થઇ જાય ને! એવી માણસની પણ સ્થિતિ લાવી દે.

કોઈપણ કાર્યના આરંભમાં એની અંદર દુઃખ, અશાંતિ હોય, હોય ને હોય જ. ભગવાને ગીતામાં કહ્યું,

'સર્વારમ્ભાદિ દોષેણ' કોઈપણ ક્રિયાનો આરંભ કરો. એમાં દોષ તો રહેવાનો જ. તુલસીજીએ કહ્યું, 'જડ ચેતન ગુણદોષ મયી' ગુણદોષથી ભરેલી આ સૃષ્ટિ છે. કયાંય પણ શુદ્ધ અવસ્થા તો મળશે જ નહીં. એ તો કોઇ દિવ્ય ચેતના, વિભૂતી હોય તો જ દર્શન થાય. 'કલેશાતિતમ્' આ સ્થિતિ કયારે આવે? સંકલ્પ કરો કે કોઈપણ ઇચ્છા નહીં કરવાની, કોઈપણ માંગણી નહીં કરવાની માત્ર સાહજિક અવસ્થા. ઇચ્છા માત્ર દુઃખનું કારણ છે. જય મહારાજ તો પરિપૂર્ણ છે. કશી જ ખોટ નથી. કશી જ જરૂરત નથી. સંકલ્પ માત્ર દુઃખનું કારણ છે. જય મહારાજે પોતાના શ્રીમુખથી કહ્યું છે કે 'ઇચ્છા કરવાની જ નહીં.'

એવા ઘણા પ્રસંગો છે. બનેલી બીનાઓ છે. આજથી ૪૫ વર્ષ પહેલા લક્ષ્મણદાસજી મહારાજની શતાબ્દી હતી. સાંજે મહારાજશ્રી અંદરથી અગરબત્તી, દીવા કરીને નીકળ્યા અને પછી કહ્યું કે સવાર માટે અગરબત્તી નથી. મંદિર વધાવીને મહારાજ શ્રી બહાર ઊભા રહ્યાં ત્યારે અગરબત્તીવાળા એક શેઠ કે જે કયારેય ના આવે તે આટલો મોટો અગરબત્તીનો ભારો લઇને આવીને ઊભા રહ્યાં. મહારાજશ્રી આ લો સેવા માટે. ઇચ્છા થઇ, વિચાર આવ્યો કે અગરબત્તી નથી.

એ શતાબ્દી વખતે ખાંડનું નિયંત્રણ, રેશનિંગ ચાલતું હતું. મોટો ઉત્સવ હતો. ૧૫૦૦ તો સાધુઓ હતાં. બીજા યાત્રીઓ, મેળો કથાવાળા વગેરે તો જુદા, આ બધાને જમાડવાના. ૧૫-૧૫

દિવસ સુધી ચાલનારો પ્રસંગ હતો. એટલે બધી ગણતરી પ્રમાણે ખાંડ, સીધું સામાન તેલ, ઘી, લોટ બધુ જ ભરી દીધેલું. ચાલું ઉત્સવ પ્રસંગે ખાંડની બે-ત્રણ લારીઓ આવી, ૩૭ ગુણો હતી. મેળ વગરનો આંકડો હતો. ઉતરાવી, કોને ત્યાંથી આવી? કોણે મોકલી? કંઇ જ ખબર નહીં. આખો ઉત્સવ પતી ગયો પછી કોઠારમાં જોયું કે હવે કેમ છે? તો જોયું કે બધી જ ખાંડ વપરાઇ ગયેલી. પેલી પણ એક અડધી ગુણ જ બાકી રહેલી. મહારાજશ્રી આપણને કહે કે થેલી ૩૭ ગુણ એટલે જ આવી હતી કે તમે બધાં કયાં અટવાશો. આ રેશનિંગમાં કયાં લેવા જશો?

કરમસદમાં ઠંડીના દિવસોમાં આપણે પાટ ઉપર બેઠા હતા. માથે ટોપી અને ઓઢી કરીને બેઠા'તા ત્યાં એક સંત આવ્યા. મહારાજ, ઠંડ બહોત લગ રહી હૈ એક ટોપી ચાહિયે. બીજી કયાં લેવા જઇએ? માથા પર હતી તે ઉતારીને આપી દીધી. ત્યાં જ એક ૯૫ની ઉંમરના એક સાંકળકાકા હતાં. આવીને બેઠા થેલીમાંથી ટોપી કાઢી, મહારાજ આ ટોપી અમેરિકાથી મારા દીકરા એ તમારી માટે મોકલી છે. તરત જ પહેરી લીધી. એટલે સાહજિકતાથી જે મળે એનો આનંદ આવે. એ અગરબત્તી આવી, ખાંડ આવી, ટોપી આવી પણ કયારેય એના માટે ઇચ્છા નહીં કરવાની. શું કરીશ? કોણ મને આપશે? કોને કહીશ તો લેતો આવશે? કોઇ વાત નહીં કરવાની જય મહારાજ સ્મર્તૃગામી છે. બધુંય જાણે છે.

અયાચકવૃત્તિ, સાહજિકતાથી જીવન ચાલે એનું નામ અયાચકવૃત્તિ નહીં કોઇ ફંડ નહીં કોઇની પાસે માંગવાનું. જે કંઇ આવ્યું એનાથી ચલાવી લઇએ. સૌને ખવડાવીને એમાંથી ટુકડો રોટલો ખાવાનો, ખાઇને ખવડાવાનું એમ નહીં, પણ કોઇને

ખવડાવીને ખાવ.

'રામે દીધો છે રૂડો રોટલો'

સૌરાષ્ટ્રમાં ૩ વર્ષ દુકાળ પડયો હતો ત્યારે મહારાજશ્રી એ ત્રણ કેમ્પ ખોલ્યા હતાં. જેમાં ગાયો, ભેંસો, બળદો માટે ઘાસ પણ મોકલવાનું. ખેડૂતોને, મજૂરોને અનાજ પણ વહેંચવાનું. વિચાર કરો. આટલા બધા ખર્ચને કેવી રીતે પહોંચી વળાય ! મહારાજશ્રીએ પ્રાર્થના કરી કે દેવું કરીને કરી લઇશું કારણ કે ખેડૂતો આપણને વર્ષોથી આપે છે. એમને પાછુ આપવાનું છે. નડીયાદની કોઓપરેટિવ બેન્કોને ખબર પડી કે તો સામેથી તૈયારી બતાવી કે મહારાજશ્રી ને જેટલા જોઇતા હોય એટલા સેવામાં વગર વ્યાજે આપીશું કામ ચાલ્યા કર્યું. જય મહારાજની જ પ્રેરણા થતી હશે કે આવતી કાલનો જે ખર્ચ હોય તે સાંજ સુધીમાં આવી જાય. એમ આખો દુકાળ પુરો થઇ ગયો. મહારાજશ્રીને કોઇ ના ઉછીના લેવા પડયા નથી કોઇને કોઇ આવી જાય કે મારે ત્યાંથી આવતી કાલ માટે દુષ્કાળની સેવા છે. અયાચકવૃત્તિ તે દિવસોમાં ખાલી બારદાન વેચેલા એના જ ૫૬,૦૦૦/- રૂા. થયેલા. કરમસદમાંથી તે દહાડે ૧ લાખ રૂા. ખર્ચેલા. બાપજી કહે આ પૈસા લઇ જા. આપણે કહ્યું, મહારાજ જે દહાડે જોઇશે એ દહાડે લઇ જઇશ. કશું જુદું થોડું છે. એ કાર્ય પણ મહારાજનું ને આ કાર્ય પણ મહારાજનું. ઇચ્છા માત્ર દુઃખનું કારણ છે. આ જય મહારાજનો આદેશ છે. કોઇની પાસે માંગ્યુંને ન લાવે તો? ને માંગ્યુ હોય કંઇ ને લાવે કંઇ તો? મનમાં થોડો કલેશ થાય. પણ કલેશને સ્થાન આપવાનું નહીં.

આપણે એક વખત કરમસદમાં મોરારીબાપુની કથા રાખી

હતી. બાપુ આગળ ધકેલ ધકેલ કરે. એક વર્ષ થયું, બે વર્ષ થયા ત્યાંની સ્થિતિ પ્રમાણે આપણે થોડીક બચત કરી રાખી હતી. બીજે વર્ષેય ના પાડી તો આપણે મકાનમાં ખર્ચી નાંખ્યું. ત્રીજે વર્ષે બાપુ કહે કે આ વર્ષે ચોકકસ કથા કરીશું. આપણી પાસે કશુંય ના મળે. એટલી મોટી કથા માટે કંઇક તો જોઇએ ને! ૭૮-૭૯ની સાલ શું થશે! પછી વિચાર્યું, સુઇ જા છાનો માનો. મહારાજનું કામ છે ભગવાન કરશે તને શું ચિંતા?

બીજે દિવસે અમેરિકાથી પત્ર મળ્યો કે ''મહારાજશ્રી મારા માતૃશ્રીના નિમિત્તે જે યજ્ઞ કર્યો હતો તે બહુ જ સરસ થયો. યજમાનને પૂજાની વિધિમાં બેસાડવા માટે આપે કહેલું. તો મોરારીબાપુની કથા અમે સાંભળી છે અને એનો કેટલો ખર્ચો થાય એની ગણતરી કરી રાખજો. હું ૩૧ ઓગષ્ટે આવુ છું. એ આવ્યા પછી આપણે કહ્યું કે આટલો ખર્ચો થશે ૬૫,૦૦૦/- ની વાત કરી તો તેઓ ૮૫,૦૦૦/- આપીને ગયા. એ દિવસોમાં આ બહુ મોટી રકમ ગણાય. અવસર સારી રીતે પતી ગયો. એમને હિસાબ આપવા તો કહે કે આમાં તમે પૂનમનો તો હિસાબ મૂકયો નથી.'' આપણે કીધુ કે 'તમે કથા કરાવી તો પૂનમનો હિસાબ તમારામાં થોડો મુકાય?' તો કહે ના એનું પણ કહી દો. એ જમાનામાં ૨ લાખ રૂા. એમનેમ મૂકી દીધા. પૂનમનો, કથાનો જે ખર્ચો હતો તે બધો આપી દીધો. સંકલ્પ વગર થઇ ગયું.

મહારાજશ્રીની જે કલેશાતિત અવસ્થા છે એ પોતાના સ્વજનને, આશ્રિતને પણ કયારે કલેશ થવા જ ના દે.

# પ્રકરણ - ૨૧૨

**પ્રજ્ઞાનં બ્રહ્મરૂપં....**

પ્રજ્ઞાનમ્ બ્રહ્મ કે જે કલેશાતિત સચ્ચિદાનંદ બ્રહ્મ્ સ્વરૂપ છે. જય મહારાજ પ્રજ્ઞાન સ્વરૂપ છે, બ્રહ્મ સ્વરૂપ છે, કલેશાતિત છે, સચ્ચિદાનંદ છે.

જે બ્રહ્મ ચૈતન્ય છે, જેને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ચાર પણ પ્રાર્થના કરે છે. એ બ્રહ્મપદ કેવું હશે? એ બ્રાહ્મી અવસ્થા કેવી ઊંચી હશે કે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ પણ એને પ્રાર્થે.

**ત્રૈલોકયં વિશ્વમેતત્ સુરવરમુનિભિઃ પ્રાથ્યમાનં યદંગં,**

બ્રહ્મની સ્થિતિ એટલે આ જગતની સર્વોપરી સ્થિતિ એવી વિભૂતિઓ, દિવ્ય ચેતનાઓ, તપસ્વીઓ હોય કે જેમણે પોતાની વૃત્તિઓને સીધી જ બ્રહ્માકારની અંદર મૂકી દીધી હોય, સ્થિત કરી દીધી હોય સમગ્ર સૃષ્ટિની અંદર જે કંઇ પરમ તત્ત્વ છે એ જ બ્રહ્મ. એ જ બ્રાહ્મી સ્થિતિ.

**કલેશાતીતં કજેશાદિભિરપિ સતતં પ્રાર્થ્યમાનં સુરેશૈરઃ**

આ બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થયા પછી મન કયાંય ભટકતું નથી. મોહ માયામાં કયાંય આસકત થતું નથી. કોઇપણ

વસ્તુસ્થિતિ કે પરિસ્થિતિને જોયા પછી સહેજ પણ લોભ તું નથી. એ સ્થિતિમાં એ વિભૂતિ જયારે સ્થિર થઇ જાય. તો એમાં કંઇ જ બાકી ના રહે. પોતાના સ્વરૂપમાં, પોતાની બ્રાહ્મી સ્થિતિમાં એવી દશા આવી ગઇ હોય કે એને પોતાને એમ થાય કે હવે પરમની પ્રાપ્તિ કરી લીધી. જેમ કોઇ પરમ ગતિ પામે એટલે પૂર્ણાહુતિ થઇ ગઇ. જયારે આ તો જીવિત અવસ્થાની અંદર પરમની પ્રાપ્તિ અને પૂર્ણતા મળી જાય જેને કહેવાય બ્રહ્મ્ સ્થિતિ, સચ્ચિદાનંદ સ્વરૂપની અંદર સદાયને માટે સમાઇ જાય એને કોઇ ગતિ ના હોય. એને કયાંય આવવા-જવાનું ના હોય. **બ્રાહ્મી સ્થિતિ એટલે પોતાની અંદર જ પોતે સ્થિર થઇ જાય.** મન, ઇન્દ્રિયો, વૃત્તિઓ કયાંય ભટકે નહીં એની પરંપરા પણ છે. જો એ ભટકી ગયો તો શું થાય એ સ્થિતિ પણ બ્રાહ્મી સ્થિતિમાં બતાવી દીધી છે.

**સંગાત્સંજાયતે કામઃ કામાત્ક્રોધોભિજાયતે,**

**ક્રોધાદ્ભવતિ સંમોહઃ સંમોહઃત્સ્મતિવિભ્રમ.**

**સ્મૃતિભ્રંશાદ્બુધ્ધિનાશો બુધ્ધિ નાશો પ્રણશ્યતિ.**

એનું પતન થઇ ગયું. એ બ્રાહ્મી સ્થિતિથી વિરુદ્ધમાં લઇ જાય છે. પતન તો સામાન્ય માણસનું વિચારે વિચારે થઇ જાય છે. કોઇપણ વિચાર એને પતનના ખાડામાં જઇને ફેંકી આવે. જયારે બ્રાહ્મી સ્થિતિમાં તો એની ઉર્ધ્વગતિ જ હોય એની ઉન્નતિ જ હોય.

જય મહારાજના એ સ્વરૂપને પ્રાર્થતાં લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે આપ કલેશાતિત સચ્ચિદાનંદ બ્રહ્મ્ સ્વરૂપ પોતે છે. આ માત્ર સ્તુતિ નહીં, માત્ર ગુણગાન કે પ્રાર્થના નહીં પણ

વાસ્તવિકતા છે. **'પાર્થ્યમાનં સુરેશૈઃ'** દેવો અને ઇન્દ્રો પણ જેને સતત પ્રાર્થે છે કે આપ અમારા ઇષ્ટ છો, આપ અમારા સર્જનહાર છો. એ ચૈતન્ય બ્રહ્મને જ સતત પ્રાર્થે અને એ રીતે પોતે ચૈતન્ય કયાં છે? કયાં બેસતું હશે? કયાંથી મળશે? એ આપણા સોની વચ્ચે આપણને પ્રાપ્ત થયેલા છે.

અંદર બધું જ છે, છતાંય નથી જાણતા. આત્મા છે ખરો શરીરમાં પણ એ અગોચર છે. સૂક્ષ્મ છે. સર્જન અંદરથી હૃદયને કાઢીને જોઇ શકશે પણ આત્માને નહીં જોઇ શકવાનો. આત્માની અનુભૂતિ પણ થવાની. **'અગોચરીમાં રામજી મળ્યાં'** જયાં ઇન્દ્રિયો ફરી જ ના શકે. રામજી એટલે આત્મારામ. ગમે તેટલી શોધો પણ આત્મચેતના દેખાવાની છે કયાંયથી? એની તો અનુભૂતિ કરવાની છે. બાકી ડૉકટરનો વિષય સર્જરીનો છે. તત્ત્વ નો નહીં.

મહાપુરૂષોએ કહ્યું **'અગોચરી'** તમારી આંખો તો ઇન્દ્રિયો છે ને ગોચરી છે. તે કયાંથી જોઇ શકવાની હતી? આત્મા તો અગોચર છે પોતાની અંદર. સ્વની અંદર વૃત્તિઓને સ્થાપિત કરીને પોતાના સૂક્ષ્મ અવ્યકત આત્માની અનુભૂતિ કરવાની છે. એ કંઇ હાથમાં નથી આવવાનો કે હાથ, નાક, આંગળીની જેમ પકડી શકાય. એ અગોચર છે, વિચરે છે પણ ખરો અને ઇન્દ્રિયોનો તો વિષય જ નથી. ઇન્દ્રિયોનો વિષય તો આ સંસાર છે. એને જોયા કરે ને ભોગવ્યા કરે. અને મહાલ્યા કરે. ઉપનિષદના ઋષિઓએ તો કહ્યું કે **'પંચમુખાની ઇન્દ્રિયાણી બર્હિમુખી'** ઇદ્રિયો બહારની આખી દુનિયા જોઇ શકે છે. પણ અંદર દીવા નીચે અંધારું. બહાર આખી દુનિયાની સાથે વ્યવહારો થતા હોય, વિચારો થતા હોય પણ અંદર તો કશું જાણતા નથી કેમ કે ઇન્દ્રિયો બહારનું જુએ છે.

બહારનું અંધારુ દેખાય છે પણ અંદરનું અજવાળું દેખાતુ નથી.

અંદર તો અંધારુ છે જ નહીં. અંદર તો અજવાળું જ છે કે જેના લીધે આખું શરીર પ્રકાશે છે. પણ આપણે અંદર અજવાળાને ના જોતાં દુનિયાના અંધારામાં ભટકયા કરીએ છીએ. ઠોકરો ખાઇએ છીએ.

**ચાચરીને મર તે વળ્યા, ખેચરીએ આવીને ચઢયા.**

જ્ઞાનથી જ્ઞાન પ્રાપ્ત થશે. કોઇ હોશિયારી, સાધનથી પ્રાપ્ત નહીં થાય.

કાયાગઢ પર ગિરનારી મળ્યા.

જેમ ગિરનારના પહાડ પર ભગવાન દત્તાત્રેય બિરાજે છે એમ આ કાયાની અંદર પણ એ જ બિરાજે છે. **'ત્યાં આવ્યું તારકમન'** તમને એમાંથી બહાર કાઢવા માટે તત્ત્વમસિ નો મંત્ર આપ્યો. પછી અમરમંત્ર આપ્યો. તારકમંત્ર અને અમરમંત્રની વચ્ચે બધી મુદ્દાઓ છે. અમરમંત્ર છે ૐકાર. સતત એનુ અનુસંધાન વૃત્તિઓને અંતર્મુખ બનાવ્યા પછી થઇ શકશે. આત્માનુસંધાન કરવાનો બીજો કોઇ ઊપાય નથી. એકાંતમાં વૃત્તિઓને સ્થિર કરી અંતર્મુખ બનાવો. ઇન્દ્રિયોથી આંખ, નાક, કાન, હાથપગ જો અંતર્મુખ બની જુઓ, છેક ઉપરથી નીચે અંદર ફરો. એકવાર અંતર્મુખ થવા માટે પણ ઓહમ સોહમના ભાવથી સતત અંદર ને અંદર પગથી માથા સુધી વિચરો. બહાર નહીં જવાનું. ધીરે ધીરે અભ્યાસ વડે અંતર્મુખતા આવશે. સતત એનો અભ્યાસ કરવો પડશે. જે બહાર જોઇએ છીએ, ફરીએ છીએ એને બદલે અંદર જોવાનું, અંદર ફરવાનું. આંખો તો અંદર ફેરવવાની અને

વૃત્તિઓને સતત શરીરના એક એક અંગમાં, એક એક કોષની અંદર ફરતી જોવની.

દુનિયામાં તો બહુ ફર્યા, ઘણીબધી વાતો કરી, ઘણાં બધાં દશ્યો જોયા. હવે અંદરનાં દશ્યો જુઓ, એટલે કહ્યું **'ચૈતન્યમ્ શિષ્યમધ્યે'** એ જે પરમ ચૈતન્ય, સૃષ્ટિનું આદિબ્રહ્મ છે એ જ આપણા પોતાનામાં જય મહારાજ સ્વરૂપે આવીને બેઠેલા છે.

આવી સ્થિતિ નિરંતર બની રહે. પોતાના સ્વ સ્વરૂપના અનુસંધાનની એ અવસ્થાને અંતર્મુખતા કહેવાય. એ અંતર્મુખતા આપણામાં રહેલી ચેતનાની અનુભૂતિ કરાવશે. એ જ આત્માસાક્ષાત્કાર. જેમ કરંટ દેખાતો નથી, પકડાતો નથી પણ એનો અનુભવ કરાવડાવે કે લે આ વાયરથી અનુભવ કર. તને ખબર પડે કે કરંટ છે. નથી દેખાતો તોય છે. આપણા શરીરમાં એ ચેતના અવ્યકત સ્વરૂપે છે એ ઉર્જા છે. એ ઉર્જાની અનુભૂતિ આપણામાં રહેલી હોય તો એનો એટલો બધો સ્પષ્ટ અનુભવ થાય કે સામો માણસ કદાચ એને અડે તો એને પણ ઝાટકો લાગે.

આમ આત્મસ્થિતિ માટે સતત એની અંદર અભ્યાસ કરવો પડે. સતત એની અંદર રમ્યા કરવું પડે. એક આખો અભ્યાસ છે.

**લક્ષ્મણદાસજી મહારાજ સ્તુતિના આધારે કહે છે કે માત્ર હું જ નથી કહેતો પણ શાસ્ત્રો ને સારસ્વતો બધા કહે છે કે આ જ વસ્તુ સત્ય છે. એ જ પરમ તત્ત્વ છે. આવા સુંદર ભાવપૂર્વક આપણા પોતાની અંદર જ આત્માનુભૂતિ કરાવી આપતા હોય એનું નામ છે સદ્‌ગુરુ. સદ્‌ગુરુ ક્યાંય દૂર નહીં લઇ જાય. પોતાનામાં જ પોતાની અનુભૂતિ કરાવી દેશે 'પોતે રહ્યા પોતાને સાથ.' આપણે પોતે જ પોતાની અંદર. 'એ રામનામ જે હૃદયે**

**ધરે.' કોઇ એને કશું નુકશાન, ભય, કે પતન પણ ના કરાવી શકે. કારણ પોતે એક સ્થિતિએ પહોંચી ગયો છે. દેહાતિત થઇ ગયો છે.**

જેણે પોતાનો આત્મસંયમ કેળવ્યો, પોતાના આત્માનું બળ કેળવી લીધું પછી એ કોઇનાથી ના બ્હીવે. મૃત્યુથી પણ નહીં. મોટામાં મોટો ભય તો મૃત્યુનો હોય છે. કેમ કે મને તો કૃષ્ણ પોતે મળી ગયા છે. કોનાથી જુદા પડવાનું? ભલે શરીર રહે કે ના રહે પણ મારો કૃષ્ણ તો મારી જોડે છે ને! મીરાએ કેટલી અદ્‌ભુત વાત કરી છે. એ કૃષ્ણત્ત્વ કયાં જવાનું હતું? **ચૈતન્ય મહાપ્રભુ નામ સંકીર્તન કરતાં કરતાં ભગવાન જગન્નાથની અંદર સદેહે સમાઇ ગયા. શરીર શોધ્યે ના જડે. બધાએ શોધ્યા પણ મળ્યા જ નહીં. મીરાં દ્વારકાના સ્વરૂપની અંદર સમાઇ ગયા. બસ એ પોતે આત્મતત્ત્વ, પરબ્રહ્મની અંદર વિલીન થઇ ગયાં. પછી આ શરીરને કયાં ભય લાગવાનો?**

'કલેશાનિતમ્' આવા સુંદર ભાવસ્વરૂપ જય મહારાજ આપ બિરાજો છો. અમને પ્રાપ્ત થયા છો. **અભિષ્ટદમ્ નિત્યમીડે.** જય મહારાજ તો આપવા જ ઇચ્છે છે. આપણી અનેક માગણીઓ હશે પણ અભિષ્ટની નહીં હોય. લૌકિકની હશે વ્યવહારની હશે, બાપજી, આ નહીં, આ આપોને, મને મારું રમકડું આપોને, છોકારાં માગે તો બહુ આપો મહારાજ. પણ વૃધ્ધો આવે તો કહેશે, મહારાજ આશીર્વાદ આપો. કંઇક સાધનભજન આપો.

આમ, પોતાનું મનવાંચ્છિત લેવાની ઇચ્છાવાળા વ્યવહારિક રીતે પણ લઇ શકે છે. અને આધ્યાત્મિક રીતે પણ જય મહરાજ પાસેથી મેળવી શકે છે.

# પ્રકરણ – ૨૧૩

**શોભાઢયાચ્છીમહેશાત્ પ્રતિચિદિશિગતં મંદિરંભાતિ યસ્ય.**

**વિપ્રાદ્યૈશ્ચાપિ યુકતાચ્છતપથનિણુણાત્ પત્તનાન્નદ સંજ્ઞાત્.**

પરમબ્રહ્મ સ્વરૂપ આદ્યબ્રહ્મ જે સ્વયં જયોતરૂપે પ્રકાશી રહ્યા છે. સંતરામ નામનો વિગ્રહ ધારણ કરીને જે દિવ્યબ્રહ્મ આ જગતમાં પ્રગટયું, જેમણે પોતાના પ્રાગટય વડે જગતને બ્રહ્મનું દર્શન કરાવ્યું. બ્રહ્મ ઓળખાવ્યો.

મારી જાત જણાવી રે, સોહમ્ બ્રહ્મરૂપ તારું.

પાંચ ભૌતિક વિગ્રહના આશ્રયે, એના માધ્યમે જય મહારાજે બ્રાહ્મી સ્થિતિનાં દર્શન કરાવ્યાં. મારું આપ ઓળખાવ્યું. ત્રિવિધિનાં તાપ ટળ્યાં. ત્રણ પ્રકારની ઉપાધિ–આધિ, વ્યાધિ ને ઉપાધિ એમાંથી પોતે તો મુકત છે જ. પણ આપે ભકતોને પણ એ જ સ્થિતિ, એ જ અવસ્થા પ્રાપ્ત કરાવી. આવી દિવ્ય ચેતના, દિવ્ય સ્વરૂપ આપણા સૌના હ્રદયમાં વસે છે.

બીજું કશું છે જ નહીં. જે આદિબ્રહ્મ છે એમાંથી જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ઉત્પત્તિ છે. એ જ શકિતઓ છે. બ્રહ્મ એક જ છે. એની શકિતઓનાં જુદાં જુદાં નામ છે. એ બધાનો આવિર્ભાવ

પરબ્રહ્મનો, આદિબ્રહ્મનો છે. એ જ સૌના શરીરમાં, સૌના હૃદયમાં આશ્રય કરી રહ્યો છે, નિવાસ કરી રહ્યો છે એ સર્વત્ર છે, સર્વત્ર છે.

**ચૈતન્યં શિષ્યમધ્યે નિગમગતિગિરા કથ્યતે યદ્ બ્રુવંનં.**

ઈશ્વર સર્વવ્યાપક છે. એટલું સમજાવવા માટે બધાં જ ધર્મશાસ્ત્રો એક સાથે કહે છે. અન્ય બીજું કશું છે જ નહીં. **'ઈશ્વરસર્વભૂતાનામ્'** ભગવાને ગીતામાં પણ એ જ કહ્યું, 'હે અર્જુન બધાના હૃદયની અંદર હું જ છું.' એ જ રીતે ઉપનિષદોની અંદર ઋષિઓએ પણ એ જ કહ્યું.

**રૂપમ્ રૂપમ્ પ્રતિરૂપમ્ બભૂવા અનિકથયેયે જીવન પ્રવિષ્ઠા!**

**ઈશાવાદિવસર્વમ્ યતકતકિંચિત જગત્યા જગદ.**

બધાની અંદર પરમાત્માનો વાસ છે. બસ, એને સમજણપૂર્વક માણો એને તપસ્યાથી, ત્યાગથી અનુભવો, જગતની અંદર પરમાત્મા તત્ત્વ એક જ છે. સર્વવ્યાપક છે, સર્વમાં છે. **'યેનત્યકતેન'** એને ત્યાગ કરીને ભોગવી જાણે.

**બધાં જ શાસ્ત્રોમાં જે છે એ જ જય મહારાજમાં છે અને જય મહારાજના પદ ઉપનિષદમાં છે એ બધે જ છે. એટલે પદ એ માત્ર પદ નથી, ઉપનિષદ છે. જય મહારાજની વાણી અને જય મહારાજના સંતોએ આત્માની અનુભૂતિ કરાવી છે. ઉપનિષદો પણ આત્માની અનુભૂતિ માટે છે. પદસંગ્રહ એ જય મહારાજના સંતોની અનુભૂતિની વાણી છે. એ આપણને સૌને વારસામાં મળી છે. સત્સંગમાં મળી છે. આવો આનંદ અને આવું તત્ત્વ આપણને બીજે કયાંથી મળવાનું હતું?**

બધાં જ શાસ્ત્રો, બધા જ ઋષિઓ એક જ વાત કરે છે. **ચૈતન્યમ્ શિષ્યમધ્યે.** સર્વત્ર પરમાત્મા બિરાજેલા છે, સર્વવ્યાપક છે. જઠરાગ્નિ સ્વરૂપે પણ એ જ છે. **'પ્રાણાપાનસમાયુકતઃ પચામ્યન્નં ચતુર્વિધમ્'** જે કંઇ પ્રાણીમાત્ર ખાય છે એના જઠગગ્નિમાં હું જ બેઠેલો છું અને બધું હું જ પચાવું છું.

લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજની અનુભૂતિનાં દર્શન આપણને કરાવ્યાં. જય મહારાજ ચરાચર વ્યાપક છે. ઉચ્ચ સ્થિતિ, ઉચ્ચ અવસ્થાનું દર્શન આપણને જય મહારાજના સાનિધ્યમાં મળ્યા જ કરે. પણ એ સમજવું પડે, વાગોળવું પડે, પચાવવું પડે. ત્યારે જ એમાંથી સાર મળે.

તત્વમસિ કહ્યા અને છેલ્લે સર્વવ્યાપક, સર્વની અંદર હું જ છું. એક વ્યાપક દૃષ્ટિ કે સંઘની અંદર હું પોતે જ બેઠેલો છું એવું ભગવાને કહ્યું. આવી સુંદર અવસ્થાની અનુભૂતિ જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજને કરાવી.

આવી ઉચ્ચ સ્થિતિ સદ્‌ગુરુ ભગવાન પોતાના શિષ્યને પ્રસાદીમાં આપે છે. પ્રસાદીમાં આપે એટલે પોતાની પ્રસન્નતાથી આપી દે. **'યદિ પ્રસન્ન યોગીશઃ'** જય મહારાજની આટલી સ્તુતિ કર્યા પછી કહ્યું, 'જો આપ રાજી હો, આપવા ઇચ્છતા હો તો બીજું કશું નથી જોઇતું. મારી બધી વૃત્તિઓ અંતર્મુખ રહ્યા કરે. મારે બહાર કયાંય જવું નથી. કશું જોવું પણ નથી. જોઇતું પણ નથી. બસ, સ્વરૂપની ઝાંખી સતત થયા કરે. આપના સ્વરૂપનાં દર્શન આપે કરાવ્યાં, આપનાં સાનિધ્યનું સુખ આપ્યું. આતમસુખ આપ્યું પછી કયું સુખ જોઇએ? આતમસુખ સર્વોપરી સુખ છે. આત્મસુખ જેવું બીજું કશું

સુખ છે જ નહીં. આત્મામાં જ બ્રહ્મનાં દર્શન થશે. આત્મામાં જ પરમાત્માનાં દર્શન થશે. આમ સર્વતોમુખી ભાવ જય મહારાજના અંદરથી જ પ્રાપ્ત થાય સાંપડે. આપણને એમ થાય કે આટલી પ્રસાદી જય મહારાજ આપણને આપે.

**પ્રસાદ કોને કહેવાય તે ખબર છે? જે પ્રસન્ન થઇને આપે એને પ્રસાદ કહેવાય. 'પ્રસાદતુ પ્રસન્નતા!'** આપણે કેવા રાજી થઇને બધાને પ્રસાદ વહેંચીએ છીએ. એ પ્રસન્નતા છે. પ્રસન્નતાનું બીજું નામ છે પ્રસાદ, જયારે પ્રસાદ વહેંચાતો હોય, મળતો હોય તો બે હાથથી લઇ લેવાનો કે આ તો કૃપા છે. આ પ્રસન્નતા છે. ખાવાની વસ્તુ તો ઘરમાં ઘણી બધી પડેલી હોય છે. એની કંઇ ભૂખ હોતી નથી પણ અહીંયા તો આટલો જ પ્રસાદ મળતો હોય તો બે હાથ ધરીને લઇએ. કેમ કે જય મહારાજ, આપની પ્રસન્નતાની અમને ખૂબ જરૂર છે. વહેંચાતા પ્રસાદને કોઇ દિવસ ના ન પાડશો. એમાં આ સત્સંગનો ભાવ આવી ગયો.

કેટલા રાજી થઇને, ઉત્સાહથી પદસંગ્રહનાં ભજન ગાઇએ છીએ! કેવો આનંદ આવે છે! અને પછી પ્રસન્નતામાં ને પ્રસન્નતામાં પ્રસાદ વહેંચાય આપે કેટલો? આપણા ઘરમાં એટલાની ખોટ છે ખરી? ઘણું બધુ ભગવાને આપ્યું છે છતાંય આ તો જય મહારાજનો પ્રસાદ છે. લેવો જ પડે. એનું નામ પ્રસન્નતા. લેનારને પ્રસન્નતા થાય. આપનાર પણ પ્રસન્ન થાય એવા ભાવે જે કંઇ મળે એ સદ્‌ગુરુની પ્રસાદી કહેવાય. એવા પ્રસાદીના ભાવની અંદર અંતર્મુખતા પણ મળી જાય. એ પ્રસાદમાં સાત્વિકતા હોય. એવાં ભાવ હોય કે પ્રસન્નતાની અનુભૂતિ કરાવે. જેવું અન્ન તેવો ઓડકાર. આવો પવિત્ર પ્રસાદ લઇશું તો અંદરથી પણ કંઇક સારુ

ઉગશે.

બહારથી આવ્યા છો. જમી લો. તો કહે, ના મહારાજ, હોટલમાં જમીશું. અરે, ગમે તેવી રુખીસુખી દાળરોટી પણ પ્રસાદની દાળરોટી કહેવાય. એમાં સાત્વિકતા હોય. એ ખાઇને એમાંથી ભજન થાય. ભલે શેઠીયાઓ ગમે તેટલું આપી જાય પણ જે ખેડૂત એના પાકને એના ખેતરમાં પકવી, એનું પોટલું માથે મૂકી પરસેવે રેબઝેબ થઇને અહીં લઇને આવે એની પરસેવાની કમાણી કહેવાય, એના પરસેવાની કમાણીનો જે રોટલો ખાવ એમાંથી જ તમને સાત્વિકતા મળે કારણ કે એ શુદ્ધ અન્ન છે, પવિત્ર અન્ન છે. કેટલી શ્રધ્ધા અને સહભાવના સાથે પરસેવે રેબઝેબ થઇને લઇને આવ્યો હોય. કોઇ લેવા આવે તો કહે કે 'હમણાં ઊભો રે, એને અડીશ નહીં. પહેલાં બાપજીને સન્મુખ થાય પછી મહારાજ આગળ ઊભો રહે એમની નજર આપે કે હારું પહોંચ્યું. પાછું માથેથી ઉતારવા પણ ના દે એ જે ભાવથી લઇને આવ્યો હોય એના સ્પંદનો સ્પર્શ કર્યા વગર ના રહે.

અને હોટલમાં જાવ અને ખાવ એટલે એના જે સ્પંદનો છે એ સ્પર્શ્યા વગર ના રહે. તમને ઉલટીઓ પણ કરાવડાવે, ગુસ્સો પણ કરાવડાવે. એટલે મનને સાચવવા માટે પણ લગભગ બને ત્યાં સુધી બહાર હોટલની કોઇપણ ચીજવસ્તુ ખાવી નહીં. ઘરમાં બનાવેલી વસ્તુઓ પવિત્ર હોય, શુદ્ધ હોય, માનો પ્રેમ હોય, સદભાવ હોય, એની અંદર હૃદયની લાગણીઓ પણ હોય. એ અન્ન ખાધુ હશે તો આપણને પ્રસન્ન રાખશે. અને એમાંથી જ સાત્વિક ભાવ પ્રગટ થશે.

જય મહારાજની પ્રસન્નતાનો પ્રસાદ, બ્રાહ્મીભાવનો પ્રસાદ થોડો આપે તો પણ બસ છે. પ્રસાદ તો ઘણો બધો બનાવ્યો હોય. પણ આપણે કેટલો લેવા જવાનો? બહુ થઇ ગયો આ તો. કૃતાર્થ થઇ ગયા. મને તો મહારાજ મળી ગયા જય મહારાજની પ્રસન્નતા મળી હવે મારે બીજું શું જોઇએ? આ તો જમ્યા બરાબર થઇ ગયું. એ જે અંદરના ભાવો છે એ વિચારને, વર્તનને વ્યવહારને બધાને પવિત્ર કરશે. પણ અન્ન શુદ્ધ હોવું જોઇએ. અન્નમાં સહેજ પણ વિકૃતિ ના હોવી જોઇએ. એ ભિક્ષાનો ઘણો જ સંયમ આપશે. સદાચાર આપશે.

આપણા ઘરના અન્નને પણ એમ ને એમ ના ખાશો. થાળી પીરસાઇ જાય ત્યાર પછી ૫, ૧૦, ૧૫ સેકન્ડ જે કંઇ નામ-જપ, મંત્ર સ્મરણ કરી અન્નશુધ્ધિ કરી એવા ભાવથી જમીએ કે બાપજી આપનો પ્રસાદ લઉં છું. એનાથી સાત્વિકતા, અંતર્મુખતા મળે મનથી સંકલ્પ કરો. જય મહારાજ અંદર બેઠેલા જ છે પણ જે મંત્ર છે. એની ભાવના અંદર શકિતશાળી પ્રકાશ નાખે છે ગમે તેવું ભિક્ષાનું અન્ન લઇને આવ્યા હોય. પણ ઘરે આવી સંતો ભિક્ષા લેવા બેસે એટલે ૐ **બ્રહ્માર્પણં બ્રહ્મહવિર્બ્રહ્માગ્નોબ્રહ્મણા હુતમ્ બ્રહ્મૈવ તેન ગન્તવ્યમ્ બ્રહ્મકર્મસમાધિ અન્નપૂર્ણે સદાપૂર્ણે શંકરપ્રાણ વલ્લભે ધયન. વૈરાગ્ય સુધ્યર્થયા ભિક્ષામહોર જ પ્રાર્થયે ૐ અપાનાય સ્વાહા, પ્રાણાય સ્વાહા, ઉધનાથ આહા.**

**આપનો પ્રસાદ છે, અમે લઇએ છીએ... બસ, એ જય મહારાજનો પ્રસાદ થઇ ગયો. પ્રસાદ લો એટલે એ સાત્વિક થઇ જાય. એ ગમે તેવું અન્ન હોય તો પણ એ અન્નની શુદ્ધિ થઇ જાય. એમાં**

**આપણી શ્રદ્ધા કામ કરશે.**

એટલે જય મહારાજની પ્રસન્નતાની પ્રાપ્તિ પણ થાય. એમના સ્વરૂપની પ્રાપ્તિ થાય. એમ કહીએ કે બાપજી પ્રસાદ આપવા ઇચ્છો છો તો અંતર્મુખતાનો પ્રસાદ આપો. એ ભાવે એ શાંત સ્વરૂપ, પરબ્રહ્મને ચરણે આપણે પ્રસાદીની અરજ કરીએ. એ આપણને કેવી રીતે આપશે? **અભિષ્ટદમ્ નિત્યમીડે.** મહારાજનાં દર્શન કરો છો બસ, આપી દેવાની ઇચ્છા કરશો એ આપી દેશે.

# પ્રકરણ – ૨૧૪

**પ્રજ્ઞાનમ્ બ્રહ્મરૂપં**

શરીરભાવ અને આત્મભાવ. જીવ જયારે પરમાત્મા તત્ત્વનું અનુસંધાન કરે છે ત્યારે આત્મભાવ જાગ્રત થાય છે. દુનિયાના વ્યવહારકિ સંબંધોમાં મન જાય છે ત્યારે એ મન દેહાધ્યાસી બની જાય છે.

સ્વમાન દરેકને પ્રિય હોય છે. મહાપુરૂષો તત્ત્વ વડે પોતાના સ્વસ્વરૂપની અંદર સ્વાભિમાન માનપૂર્વક જીવતા શીખવે છે. કોઇનું પણ ઓશિયાળુ ના થવું. કોઇને પરાધીન જીવન ના સ્વીકારવું. એ તત્ત્વમસિથી બતાવે છે.

**ચૈતન્યમ્ શિષ્યમધ્યે.**

તું સ્વયં પરિપૂર્ણ છું. સુખ સ્વરૂપે પણ તું પરિપૂર્ણ છું. સુખ મેળવવા માટે કોઇની પાસે ભીખ માગીશ નહીં. જેને ખુમારી કહેવાય. આત્મસુખ એ ઊંચામાં ઊંચું સુખ છે. શરીર સાથેના સંબંધોમાં જે લૌકિક સુખ છે એ સુખ પરાવલંબી છે. કયાંક ને કયાંક ઓશિયાળા થવું પડે. જયારે આત્મસુખ એ સ્વાવલંબી છે. આપણા પોતાના શરીર ઉપર પણ આશા રાખવી એ પણ

પરાધીનતા છે. શરીર આખરે લૌકિક છે. દુન્યવી વ્યવહાર અને સુખોની પાછળ દોડવાનું જ છે એટલે એ નિરાશ પણ કરે અને સ્વમાન પણ નહીં સાચવવા દે. અપમાનિત પણ થશે. એટલે આત્મસુખ એ એક જ માત્ર સ્વાવલંબી છે. આપણું પોતાનું છે. આત્મસુખને માટે કયાંય કોઇની પાસે ઓશિયાળું થવુ જ ના પડે. ભીખ માગવી જ ના પડે કે મને સુખ આપો ને!

પણ આત્મભાવમાં પણ એટલી જ સમજણ જોઇએ. આપણા વિચારો અને વ્યવહારની એટલી જ ઊંચાઇ જોઇએ. જેટલા પણ પરાવલંબન, પરાધીનતાથી ઉપર ઉઠીશું એટલા જ સુખી થઇશું. કોઇપણ વ્યકિત માંદો પડે અને પરાધીનતા આવી જાય એને પોતાને એમ થાય કે હું કેવું જીવું છું? આ રીતે પરાધીનતાથી જીવવાનું ? એમાં ખાવું-પીવું, ન્હાવું-ધોવું બધું જ આવી જાય. પરાધીનતા મનમાં ખટકે.

જય મહારાજનું શરણનું આપણને પોતાને જ સ્વમાનપૂર્વક જીવાડે કે તું તત્ત્વમસિ છું. તું પોતે આ શરીર નથી, શરીરમાં રહેવાવાળો છું. આપણા શરીરની અંદર કેટલી પરાધીનતા છે? પાપી પેટના લીધે કેટલાં ફાંફાં મારવાં પડે છે? પરાધીનતા ખરી કે નહીં? એને સવાર સાંજ પાપ કે પુણ્ય કરીને ગમે ત્યાંથી વેઠ કરીને પણ લાવવું પડે. આ શરીરની પરાધીનતા છે.

સ્વાવલંબન એકમાત્ર તત્ત્વમસિ છે. તું સામાન્ય નથી, તું શરીર નથી. આત્મા એ તારું સ્વરૂપ છે. લક્ષ્મણદાસજી મહારાજ ગુરુ મહારાજનાં શરણમાં લઇ જઇને આપણને આ સમજણ આપે છે. કે આવો, નિત્ય પાઠ કરીએ. નિત્ય સ્તુતિથી લક્ષ્મણદાસજી

મહારાજ આપણને જય મહારાજની સમીપમાં લઇ જાય. જય મહારાજ આપણને આત્મગૌરવ શીખવે. કે **તમારામાં હું બેઠો છું. પછી લાચારી કોની? આવી ઊંચામા ઊંચી માનસિક અવસ્થા માણસ જયાં પણ જીવતો હોય ત્યાં રાખવી.**

તું તત્ત્વ છું. જાગ, જાગ, જાગ. એ જગાડવા માટે કેટલી બધી વાતો આવા દિવ્ય મહાપુરૂષો, દિવ્ય વિભૂતિઓ, પરમાત્મા સ્વરૂપે આવીને કહેતા હોય, કે જો, વૃત્તિઓ એવી છે, દુનિયાનો વ્યવહાર એવો છે કે જબરદસ્તીથી ખેંચે.

**શબ્દરૂપી સીડીએ ચડતાં, માયાએ નાંખ્યો તાણી કહું છું રૂડા રામને ભજી લે.**

રામને ભજી લે, નહીંતો વૃત્તિઓ, શરીરના ભાવો, વ્યવહારો તમે જયાં હશો ત્યાંથી ખેંચી નાખશે. પગ પકડીને નીચે પછાડશે. મનને ચંચળ થતાં વાર નહીં લાગે. ભાગવતમાં ભગવાન દત્તાત્રેય અને કૃષ્ણ ભગવાને વાત કરી કે આ વિષયનાં રોડાં રસ્તામાં એટલા બધાં પડયાં છે કે ડગલેને પગલે ઠોકરે ચડે છે. જો અટકી ગયા તો ઠોકરો પાડી નાંખશે, એ બધામાંથી પાટ નિકળવાનું છે. જયાં ને ત્યાં બેસો એટલે ઠોકરો તો લાગવાની જ છે. વિકૃત્તિઓની, વાસનાઓની સ્વાર્થની એ ઠોકરો વાગી ને પડી ગયા એટલે પતી ગયું.

દરેકના જીવનના માર્ગમાં ઠોકરો નિશ્ચિત છે પણ ઠોકરોને સાચવીને નિકળીએ. હેરાન તો દરેક ને કરશે પણ ઠોકરોમાંથી જાળવીને સાચવીને, અથડાતા, કુટાતા બહાર નિકળે જવાનું. જય મહારાજે આપણને આપણા સ્વરૂપની જે એંધાણી બતાવી દીધી અને જે કહ્યું

એ પ્રમાણે ચાલવાનું, પણ ના ચાલીએ તો ? આવી વિભૂતિઓ, મહાપુરૂષો તત્ત્વપદ દ્વારા જાગ્રત કરીને ખુમારીપૂર્વક જીવાડે. હું તો મારા સ્વરૂપમાં છું. એને દુનિયા સ્પર્શે જ નહીં, કશી અસર ના થાય.

તારામાં બેઠેલો હું જ છું. તું કયાં ઠોકરો ખાઉં છું? કયાં રખડું છું? કયાં ભટકું છું? પણ માણસ ભૂલ ખાય છે. પોતાનામાં બેઠેલા પરમાત્માને જય મહારાજને જાણતો નથી, અને આંખ આડા કાન કરીએ છીએ.

લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું, મારા બાપ મારા હૈયામાં બેઠેલા છો. ઘણી વાર કોઇ માણસ અહીંયા જ બેઠેલો હોય ને એના તરફ લક્ષ ના હોય એમ આપણે પોતે પણ આપણું લક્ષ્ય ચૂકીએ છીએ. મારા પોતાનામાં જ બેઠેલા છે છતાં હું આપને સમજી ના શકયો. આપને હું અનુભવી ના શકયો, સાક્ષાત્કાર કરતા પહેલાં અનુભવાવું જોઇએ. જમતાં જમતાં એટલા બધા કોળિયા ખવાઇ ગયા કે બસ હવે હું ધરાઇ ગયો. એ જે તૃપ્તિ, સંતોષ આપણને થયો એનો અનુભવ થવો જોઇએ. ગરમીમાં પાણીના બે પ્યાલા પીધા. હાશ ! મારી તરસ છીપાઇ એમ જય મહારાજના તત્ત્વને આપણા પોતાનામાં અંદરથી અનુભવવાનું છે. એનાથી તૃપ્તિ અનુભવવાની છે. જેમ આપણા શારીરિક વ્યવહારની અંદર આપણને સંતોષ અનુભવાય છે એમ મારામાં જય મહારાજ છે.

આવી ઊંચી અવસ્થાને સમજતાં વાર લાગે કોઇ મહાપુરુષનું શરણ મળે અને એ જગાડે, સમજાવે કે જુઓ આ વસ્તુ છે. લક્ષ્મણદાસજી મહારાજ દ્વારા આપણને જય મહારાજ મળ્યા

છે, જય મહારાજનો સત્સંગ મળ્યો છે. એ સત્સંગ વડે જાગ્રત રહેવાનું છે. આપણી અંદર છે જ. બહાર શોધવા જશો નહીં. શાંતિથી બેસી જાવ. અનુભવ કરો મનને પણ કહો કે બહાર શોધવા જવાનું નથી. નકામાં ફાંફાં મારીને ઠોકરો ખાઇશ નહીં. જો, અહીંયાં આપણા ઘરમાં જ છે. આપણા પોતાનામાં જ છે, એમ ધીરે ધીરે અભ્યાસ થઇ જાય. શાંતિથી મનને પાછુ ધીરે ધીરે વાળી લાવવાનું. ધીરે ધીરે અભ્યાસ થતાં એને ટેવ પડશે. મન, વૃત્તિઓ અંદર આવી જઇને નિરાંત અનુભવશે. **પ્રાર્થના કરીએ કે જેમ બધી જ નદીઓ સમુદ્રમાં જાય છે એવી રીતે મારા જીવનની બધી જ વૃત્તિઓ મારા પોતામાં અંદર આવી જાય.**

**અહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી**

**ભયા ના પુણ્યોના મુજ પ્રભુ મહાસાગર મહીં.**

જેમ નદીઓ વહે છે એમ આપણી વૃત્તિઓ પણ વહેતી જ હોય છે. વહેતી વૃત્તિઓને જયાં ત્યાં ભટકવા જવા દેવાને બદલે પ્રભુ મારામાં જ આવે.

**તમસો મા જયોતિર્ગમય, અસતો મા સદગમય મૃત્યુરમા અમૃતણમય.**

વૈદિક પ્રાર્થના વડે પણ આપણી વૃત્તિઓને ધીરે ધીરે આપણા પોતાનામાં સમાવવાની છે. આ બધા જ ચિંતન વડે ધીરે ધીરે આપણા પોતામાં પાછું આવવું, જેને કહેવાય અહં બ્રહ્માસ્મિ. ૐ ૐ એ મારું સ્વરૂપ જ છે. જેમ કારકમંત્ર કહ્યો અને પછી આ રીતે પૂર્ણ મંત્ર આપ્યો. પૂર્ણમંત્ર એ ૐકાર સ્વરૂપ છે ૐ એટલે જ હું.. **ઓહમ એ અમરમંત્ર છે.** હું પોતે જ આ છું એ મૂલમંત્ર છે. એકધારા

પ્રવાહથી જય મહારાજ આપણને ઊંચી સ્થિતિ પર લઇ જાય છે. આ પ્રક્રિયા જીવભાવ મહીંથી આત્મભાવ તરફ જવાની છે. એનાથી **'મૃત્યુમાં અમૃત્‌ગમય.'** જયા જ્ઞાન આવ્યું ત્યાં દેહાધ્યાસ તો રહેવાનો જ નથી. હું શરીર છું જ નહીં. પોતાની મસ્તીથી આનંદ કર્યા કરે. ભલે ને શરીરને જે થવાનું હોય તે થાય.

પોતાના શરીરભાવથી પણ ઉપર ઊઠી ગયા હોય એવી વિભૂતિઓ બહુ ઓછી છે. બાકી તો ગમે તેટલું જ્ઞાન હશે પણ જયારે શરીરની પીડા ઉપડશે ત્યારે બધું જ જ્ઞાન ભૂંસાઇને સાફ થઇ જશે. એ જ્ઞાન કયાંયનું કયાંય ખોવાઇ જાય, બાકી જ્ઞાનથી ઉપર ઊઠયા હોઇએ પણ શરીરની વ્યાધિ અને પીડા જયારે થાય ત્યારે ઉપર ઊઠેલો પણ શરીરભાવમાં પાછો બેસી જાય. પાછો હટી જાય.

લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે આપણે જય મહારાજથી જરાય વિખૂટા નથી. એમ એ આપણાથી વિખૂટા નથી. આપણામાં જ છે. આવા સ્વરૂપની અનુભૂતિ આપણને જય મહારાજ કરાવડાવે છે. ગુરૂ જ એ છે કે જે આ સંસાર નહીં પણ સંસારનાં બંધનો છોડાવે. દેહભાવનાં બંધનો છોડાવે અને પોતાના નિજ સ્વરૂપમાં બેસાડી દે. સદ્‌ગુરુ પોતાના નિજ સ્વરૂપમાં લાવીને સ્થાપી આપે.

# પ્રકરણ – ૨૧૫

પૂર્ણબ્રહ્મ સદ્‌ગુરુ ભગવાનના શરણોમાં રાત વંદન કરીયે. એમની દયા, એમનો ઉપકાર, એમની કૃપા આપણા માટે અમૂલ્ય છે. **સદ્‌ગુરુનું નિર્વ્યાજ હેત એ જ શિષ્યનું કલ્યાણ છે.** સદ્‌ગુરુ શિષ્ય પાસેથી કયારેય કોઇ અપેક્ષા ના રાખે. માત્ર શરણે આવેલા સદ્‌શિષ્યનું પરમ કલ્યાણ એ જ સદ્‌ગુરુનું કર્તવ્ય.

સદ્‌ગુરુ પાસેથી મેળવેલા સંસ્કારને ઉજાગર કરવા માટે, આપણી સાંસ્કૃતિક પરંપરામાં ગુરૂપૂર્ણિમાનું પર્વ છે. ગુરૂ પૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ આજના સત્સંગમાં આપણે ગુરુવંદના કરીશું. સદ્‌ગુરુના ઉપકારને કેવી રીતે ભૂલાય? સદ્‌ગુરુએ જ શિષ્યને સાચુ જીવન જીવવાની દિશા આપી, એનો માર્ગ બતાવ્યો, એનો વિચાર આપ્યો કે જેના વડે શિષ્ય પોતાનું પરમ કલ્યાણ કરી શકે. સદ્‌ગુરુ હંમેશાં માર્ગ બતાવશે. તે આર્ષદ્રષ્ટા છે કે જેની પાસે જીવવના આદર્શો અને દિશા શીખવા માટે આપણે જઇએ છીએ. સદ્‌ગુરુ આપણા જીવનને જાગ્રત કરે છે. શિષ્યને અજ્ઞાન, અભાન અવસ્થામાંથી ઊઠાડે છે.

ઉપનિષદના ઋષિઓ પણ ગુરુ તરીકે પોતાના શિષ્યોને

આદેશ આપે છે.

**ઉતિષ્ઠિત જાગ્રત પ્રાપ્યતઃ વચન નિબોધત**

**''તને જે શ્રેષ્ઠ બોધ આપવામાં આવ્યો છે એના વડે તું ઉઠ, કમર કસ અને તારા જાગૃતિના માર્ગે ચાલવા માંડ.''**

જાગૃતિ કઇ ? સમજણની અને ઊંઘ એટલે અજ્ઞાનની ઊંઘ. અજ્ઞાનની ઊંઘમાંથી જાગ્રત કરનાર સદગુરુ છે. સદ્‌ગુરુના જ જ્ઞાન અંજન વડે સાચી દૃષ્ટિ ખુલશે, આંખ ઉઘડશે કે જો, અત્યાર સુધી તારી પાસે દૃષ્ટિ ન હોતી. તું અત્યાર સુધી જે કંઇ જીવ્યો છું, તેની અંદર માત્ર નિમ્નતા સિવાય કંઇ જ નથી. જીવનને ઉન્નતિના માર્ગે લઇ જનાર સદ્‌ગુરુ છે. સદ્‌ગુરુ હમેશાં પોતાના શિષ્યનું પરમ કલ્યાણ ઇચ્છશે.

એકવાર ગુરુ શિષ્ય વનમાંથી પસાર થઇ રહ્યા હતા. રાત પડી ગઇ. સંધ્યાકાળે તેઓએ એક જગ્યાએ પોતાનાં સંધ્યા, નિત્યક્રમ કર્યો અને વૃક્ષ નીચે વિશ્રામ કર્યો. થાકને લીધે શિષ્ય ઊંઘી ગયો. ગુરુ અવસ્થાવાળા હતા એટલે જાગતા હતા. એમણે એક સર્પ આવતો જોયો. એ શિષ્ય સૂતો હતો એ તરફ જઇ રહ્યો હતો. ગુરુએ શિષ્યને જગાડયો નહીં કે થાકેલો છે ને, ભલે ઊંઘે પણ એમણે સર્પને રોકયો કે તું આ શા માટે કરું છું ? સર્પ કહે, આને કરડવા માટે આવ્યો છું. આનું મૃત્યુ નિશ્ચિત છે. ગુરૂ કહે, આને ના કરડીશ. મને કરડી લે. કારણ કે એણે હજી સાધનભજન કર્યાં નથી. મારા સુધી પહોંચ્યો નથી. માટે એને હજી સદ્‌ગતિ અને જ્ઞાન પ્રાપ્ત કરવાનાં છે. અને મેં એ બધું પ્રાપ્ત કરી લીધું છે. માટે મને કરડ. એટલે સર્પને થયું આપ એની પર દયા કરો છો માટે મૃત્યુ

આપ સ્વીકારી લો છો ને? ગુરુજીએ કહ્યું, 'હા, એને સન્માર્ગે લઇ જવો, સદ્‌વિચાર અને સદ્‌ગતિ આપવી એ ગુરુ તરીકેનું મારું કર્તવ્ય છે.' સર્પ પાછો ફરી ગયો.

તો સદ્‌ગુરુ હંમેશાં શિષ્યનું પરમ હિત થતું હશે એ પ્રકારે જ વિચારશે. નહીંતર એવી કઇ વ્યકિત હોય કે જે મૃત્યુને સ્વીકારી લે? ગુરૂને કોઇપણ પ્રકારનો લોભ ના હોવો જોઇએ. અપેક્ષા સિવાય સાહજિકતાથી જે મળે એ જુદી વસ્તુ છે પણ કયારેય લોભ, લાલચને ખાતર કોઇને સાધક, શિષ્ય બનાવીને એને ગુમરાહ ના કરે. મહાપુરૂષો, ઋષિઓએ તો સદ્‌ગુરુના કર્તવ્યને અમૃતનું કર્તવ્ય કહ્યું છે સદ્‌ગુરુ એ શિષ્યનું જ શિલ્પ છે. સદ્‌ગુરુ જ શિષ્યને કંડારી શકે છે. જેમ એક શિલ્પી પથ્થર કોરીને મૂર્તિ કાઢે એમ સદ્‌ગુરુ માનવનું ઘડતર કરીને એને દેવ બનાવે છે. નરમાંથી નારાયણ બનાવી શકે છે.

પરમ હિત ઇચ્છનાર સદ્‌ગુરુનું સ્તર, એની ઊંચાઇ એટલી હોય કે એમના માટે શિષ્યને સમર્પિત થઇ જવાની ઇચ્છા થાય. સદ્‌ગુરુ માટે અંદરથી સાહજિકતાથી શ્રદ્ધા ભાવ પ્રગટ થાય. કોઇ બોલાવે ને ગુરુ કરી લો એમ નહીં સહજભાવથી એમના પ્રત્યે તિવ્ર, ભકિત જાગે, આપણું મન ઠરે, એમ થાય કે મારા જીવનને આમને ચરણે ધરીશ તો જરૂર મારું પરમ કલ્યાણ થશે. કારણ કે એને કોઇ જાતનો સ્વાર્થ નથી.

શંકરાચાર્યે ખૂબ સુંદર ગુરુ શિષ્યની વ્યાખ્યા આપી છે.

**ગોવાગુરુવીઓ યો હિતપદૈષ્ઠા**

ગુરુ કોણ ? કે જે શિષ્યના હિતની જ વાત કરે, સ્વાર્થની નહીં.

કોઈપણ ભેટ, પૂજા, સ્વાગતની નહીં. માત્ર તારું પરમ કલ્યાણ કેમ થાય? સાથે સાથે શિષ્યની પણ વ્યાખ્યા આપેલી છે.

**ગોવા ગુરૂવિયો હિતોયદક્ષ શિષ્યસ્તુરો? ગુરુભાવ એવ.**

શિષ્ય કોને કહેવાય? એને ગુરૂમાં પૂરેપૂરી શ્રદ્ધા હોવી જોઇએ. સમર્પિત થઇ ગયા પછીથી એમના પ્રત્યેની શ્રદ્ધા, વિશ્વાસ અખૂટ અને અટલ રહે. કારણ કે સદ્‌ગુરુ ત્યાગી છે, વિરકત છે, જ્ઞાની પણ છે એને ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ કહેવામાં આવે છે. પોતાના સ્વસ્વરૂપની અંદર સદા સ્થિત હોય, અંતર્મુખી હોય. સદ્‌ગુરુમાં અંતર્મુખતાના ભાવના સ્પંદનો, એનું વાતાવરણ સામેથી સદ્‌ગુરુ શિષ્યને ખેંચી લાવે. જેમ યદુ રાજાને અવધૂત તરીકે ભગવાન દત્તાત્રેયનું આકર્ષણ થયું. અરે ! આ વિભૂતિ કેવી ઓજસ્વી, તેજસ્વી, વિરકત છે! કેટલું મહાન સુખ એની પાસે છે આવું જીવન સુખ તો અમારા રાજમહેલના વૈભવમાં પણ નથી. અહીંયાં વૃક્ષ નીચે પથ્થરને ઢેલીને જે નિરાંતે સૂતા છે અને એનો જે આનંદ છે તે અમે રાજા તરીકે અમારા જીવનમાં જોયો નથી. યદુ સમર્પિત થઇ જાય છે. એમના ત્યાગમાં, તપના તેજમાં. કે આપ મને જ્ઞાન આપો. અને યદુ રાજાએ ભગવાન દત્તાત્રેયને પોતાના સદ્‌ગુરુ તરીકે સ્વીકારી લીધા.

સદ્‌ગુરુ કેવા હોવા જોઇએ એ બાબતે શાસ્ત્રો આપણને માર્ગદર્શન આપી દે છે. સદ્‌ગુરુની અંદર શ્રદ્ધા કેવી હોવી જોઇએ એના માટે કહ્યું, સદ્‌ગુરુનો સેવક હોવો જોઇએ. **'ગુરૂભકત એવ'** બધા જ પ્રકારની સેવા, બધા જ પ્રકારની ભકિત એનામાં સંપૂર્ણ વિશ્વાસ સાથે હોવી જોઇએ. સેવાને ધારણ કરી લેવાની.

આમ સદ્‌ગુરુ અને સદ્‌શિષ્યના સંબંધો એ જ્ઞાનના સંબંધો છે. **'યે નાતો જ્ઞાનબદ્ધ'** શિષ્યનો પ્રાદુર્ભાવ સદ્‌ગુરુમાંથી જ થાય છે. અને સદ્‌ગુરુનો પ્રાદુર્ભાવ સદશિષ્યમાંથી થાય છે. શિષ્ય એને સદ્‌ગુરુ તરીકે સ્વીકારે અને સદ્‌ગુરુ એને સદ્‌શિષ્ય તરીકે સ્વીકારે. **'પરસ્પરમ્ ભાવયન્તઃ'** સદ્‌ગુરુ અને સદ્‌શિષ્યનો પરસ્પરનો ભાવ પરમ કલ્યાણના માર્ગે લઇ જાય છે. શિષ્ય કે સદ્‌ગુરુ કોઇને પણ એકબીજા પ્રત્યે જો શંકા જાગે તો બેમાંથી કોઇનો પણ ઉધ્ધાર થતો નથી. બંનેનું પતન થાય. એટલે શિષ્યભાવથી જે કોઇ સેવા હોય એ મનથી સ્વીકારી લેવાની. આ તન અને મન એ જ શિષ્યનુંધન. તન અને મનથી સેવામાં સમર્પિત થઇ જાય. બીજું દાન નહીં.

ઉપનિષદનાં શિષ્યોએ માત્ર સેવા જ કરી છે અને જે કંઇ જ્ઞાન મળ્યું એમાંથી માત્ર સદ્‌ભાવ જ કેળવ્યો છે સદ્‌ગુરુ માટેનો સદ્‌ભાવ, પુજયભાવ, આદરભાવ, ભકિતભાવ, જેમાં જરીકે શંકા નહીં.

ઉપનિષદના આશ્રમમાં ભણતા વિદ્યાર્થીઓને સદ્‌ગુરુ સમાવર્તન સંસ્કાર કરે. સમાવતર્ન સંસ્કાર એટલે અંગ્રેજીમાં **Convocation.** એને વિદાય આપે કે તું ભણી રહ્યો. તને આચાર્ય બનાવી દીધો. આ સમાવર્તન સંસ્કારની અંદર સદ્‌ગુરુ બહુ સ્પષ્ટ કહી દે કે ''જુઓ, મારે ત્યાં તમે ભણવા આવ્યા હતા. સારું શિક્ષણ મેળવ્યું છે અને સરસ તૈયાર થઇને જઇ રહ્યા છો, પણ જે સમય દરમિયાન આપણે બધા ગુરુ શિષ્ય તરીકે આશ્રમમાં સાથે રહ્યા, ત્યારે કદાચ અમારા જીવનની અંદર કઇ ઉણપ દેખાઇ ગઇ હોય, કોઇ ક્ષતિ માલૂમ પડી હોય તો એને અહીંયા મૂકીને

જશો એને સાથે લઈને ના જશો.''

ગુરુજનો પણ આવા સ્પષ્ટ હતા. અમારામાં કોઇ ભૂલ દેખાઇ હોય, કંઇક છિદ્ર દેખાયું હોય તો એને સાથે લઇને ના જશો. આ સદ્‌ગુરુ ! સ્વભાવિક છે. વ્યવહાર છે અને વ્યવહારમાં કયારેય કોઇને ઠપકો આપવો પડે, કંઇક વાત કરવી પડે તો એ બધી વાતો, કડવાશને સાથે લઇને ના જશો. આશ્રમમાં ભણ્યા તે સમયની ની જે કંઇ સદ્‌ભાવના છે, મિઠાશ છે એ જીવનમાં સંગ્રહી રાખજો, કટુતાને કયારેય પણ સાથે ના લઇ જશો. આ ઋષિઓની પરંપરા કે શિષ્યને સન્માર્ગે કેવી રીતે વાળવો. શિષ્યનું પરમ કલ્યાણ કેવી રીતે સધાય? માત્ર એ જ લક્ષ્ય હોય કે મારા આશ્રમના મારા વિદ્યાર્થીઓ શિષ્યોને મારે જ્ઞાન આપવાનું છે. સદ્‌ગુરુને કોઇના પ્રત્યે વેરોઆંતરો ન હોય. **'દ્વંદ્વવાદીતમ્'** રાગ દ્વેષ, સુખ દુઃખ, માન-અપમાનથી પર એને કહેવાય **'દ્વંદ્વવાદીતમ્'** દ્વંદ્વ એટલે બે, શત્રુ-મિત્ર રાગ-દ્વેષ, માન-અપમાન. દ્વંદ્વ કયારે થાય? જયારે બે સામસામા ઘર્ષણ થાય ત્યારે દ્વંદ્વથી એને મુકત રાખે. જીવનમાં ઘર્ષણ થવા ના દેવું, એવો ભાવ આપે એ સદ્‌ગુરુ છે.

તો સદ્‌ગુરુના એ મૂર્ત શરીરને સ્વરૂપને આપણે નિહાળ્યું એનાં દર્શન કર્યાં. પરંતુ એમાં સદ્‌ગુણો કેવા કેવા રહેલા છે. જ્ઞાનમૂર્તિ, દ્વંદ્વવાદીતમ, વ્યાપક, ઉદાર, ગગન સદશમ્ આ બધા જ ભાવો સદ્‌શિષ્યના હૃદયની અંદર સ્થાપિત થાય. પ્રેમથી, હઠાગ્રહ કે જબરદસ્તીથી નહીં. એના દર્શન માત્રથી સાહજિકતાથી માથું ઝૂકી જાય. જેમ યદુને રથમાંથી ઉતરીને દતાત્રેયના ચરણમાં માથું મુકવાનું સાહજિકતાથી મન થયું. પગરખાં ઉતારીને, મુગટ કાઢી

નાંખીને. જયારે સદ્‌ગુરુની પાસે જવાનું થાય ત્યારે ખૂબ વિનય, વિવેકપૂર્વક જવાનું હોય. માથેથી અહંકાર પણ ઉતારવો પડે, પગનાં પગરખાં પણ ઉતારી નાખવાં પડે. બિલકુલ સરળતાથી સાહજિકતાથી સદગુરુનું શરણું લેવાનું છે. એવા સદ્‌ગુરુના જીવનમાંથી કંઇક સાચું માર્ગદર્શન મળે છે. જીવનમાં દિશાભ્રમ થયેલો હોય, ગુમરાહ થયેલો હોય પણ જો વ્યકિત સદ્‌ગુરુનું શરણું સ્વીકારી લે તો સદ્‌ગુરુ એને સંભાળી લે એને સન્માર્ગે લાવી દે. એની પાસે વ્યસનો પણ છોડાવે, દુરાચાર પણ એનો માંગી લે. બધું જ ભિક્ષામાં માગી લે. શિષ્યની પાસે એના દુર્ગુણો, દુરાચારો છોડવી દઇ સદ્‌ગુરુ એને પોતે ભિક્ષામાં લઇ લે.

ઉપનિષદમાં લખ્યું છે કે શિષ્ય કયારેય પણ આશ્રમમાં જાય તો આશ્રમમમાં જે ઉપયોગી હોય, લાકડાં, ફળ-ફુલ, ગાયો માટે ઘાસ, યજ્ઞ માટે જરૂરિયાતનાં છાણાં એવી વસ્તુઓ લઇને જાય **'ગચ્છેત્ સમત્યાગી'** હાથમાં સમિધાઓ લઇને જાય. સદ્‌ગુરુની સેવાનો ક્રમ પહેલો છે. શરણે જતાં પહેલાં સમર્પણ કરે. કે આ કોઇ સત્પુરૂષ છે કે જેની પાસેથી આપણને જીવનમાં કંઇક જ્ઞાન, સમજણ મળશે. ચાલ એની પાસે જાઉં. શિષ્યનો માત્ર આટલો જ સ્વાર્થ હોય. કે હું કંઇક મેળવવા જઇ રહ્યો છું જ્ઞાન, સન્માર્ગ સિવાય બીજો કોઇ સ્વાર્થ ના હોય. સદ્‌ગુરૂને પણ કોઇ સ્વાર્થ ના હોય. બસ, મારા શરણે આવેલાને સાચી દિશા, સાચી સમજ, જીવન જીવવાનું જ્ઞાન મળે.

આવા સદ્‌ગુરુને માટે કેટલી બધી સ્તુતિઓ થઇ છે. સદ્‌ગુરુને બ્રહ્મા કહ્યા, વિષ્ણુ કહ્યા, મહેશ્વર પણ કહ્યા. શિષ્ય એટલે અનુશાસન સ્વીકારે તે, સદ્‌ગુરુનું અનુશાસન સ્વીકારે તે શિષ્ય.

સદ્‌ગુરુ જે કંઇ સમજણ આપે, જે કંઇ છોડાવે તે બધુ છોડવા માટેની તૈયારી રાખે. અને અનુશાસનો વળગી રહે. આપ જે આજ્ઞા કરશો, આપ મારી પર જે રીતે અનુશાસન કરશો, નિયંત્રિત કરશો એ પ્રમાણે થવા હું તૈયાર છું.

સદ્‌ગુરુને પણ નિઃસ્વાર્થભાવ હોય અને શિષ્ય પણ નિઃસ્વાર્થપણે સદ્‌ગુરુની સેવા અને ભકિતની અંદર રહ્યો રહે.

# પ્રકરણ – ૨૧૬

## પ્રજ્ઞાનમ્ બ્રહ્મરૂપં

સત્ ચિત્ આનંદ અને પ્રજ્ઞાનમ્ બ્રહ્મ એ જ આ જીવનની સાચી અવસ્થા છે. પ્રજ્ઞાનમ્ બ્રહ્મ દ્વારા આદેશ આપ્યો કે જીવનમાં જે કંઇ સાધવાનું છે, જે કંઇ મેળવવાનું છે તે આ છે. સતચિત્ત્ આનંદ એ આપણું પોતાનું સ્વરૂપ છે. એને સમજવાનું છે.

આપણે આપણા સત્ય સ્વરૂપ, આનંદસ્વરૂપને સમજતા જ નથી. શરીરને જ સમજીએ છીએ. શરીર સાથેનો વ્યવહાર છે પણ વ્યવહાર માટે શરીર સાધન પૂરતું જ છે. બાકી સાધ્ય તો સત્ ચિત્સ્વરૂપ પોતાનો આત્મા છે. કે જે હું પોતે છું. મારું પોતાનું સ્વરૂપ જ નહીં હું પોતે જ છું. મારું અને કહેનાર એ બે જુદા પડી જાય છે. પણ હું જ છું એમ કહીએ તો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. સદ્ગુરુ સદ્શિષ્યને જે જીવન જીવવાની સાચી સમજણ આપે છે એનું નામ છે જ્ઞાન. એ જ્ઞાન માત્ર સદ્ગુરુ જ આપી શકે. એની સાથે સદ્ગુરુ એની એટલી બધી જવાબદારી ઉપાડે છે કે સદ્શિષ્યને સન્માર્ગે પહોંચાડવા માટે સીધો એક જ રસ્તો, લક્ષ્ય આપીને એને સતત એમાં ને એમા રાખે છે. જીવનનું સાચું લક્ષ્ય

બતાવનાર એકમાત્ર સદ્ગુરુ જ છે. માતાપિતા પણ નહીં. માં-બાપ પણ એને લક્ષ્ય બતાવશે કે હવે તું ભણ, હવે કમાઇને પૈસા લાવ. ને બધી રીતે તૈયાર થઇ ગયો હોય પણ કમાતો ના હોય તો, 'હવે તું જા ઘરની બહાર.' આમ, સાચું લક્ષ્ય તો માતા-પિતા પણ નહીં બતાવી શકે. એ લક્ષ્ય બતાવશે સ્વાર્થનો, જરૂરિયાતનો. એકમાત્ર સદ્ગુરુ જ નિરપેક્ષ થઇને જીવનનો સાચો માર્ગ બતાવશે. જીવાત્માનું પરમકલ્યાણ એ સિવાય કોઇ જાતનો સહેજપણ સ્વાર્થ સદ્ગુરુને ના હોય.

જય મહારાજને **'ક્લેશાતિત'** કહીને સંબોધ્યા છે. સંસારનો બધો જ વ્યવહાર કલેશ ભરેલો છે. સાચો કે ખોટો બધો જ કલેશ ભરેલો છે. ઘરમાં ઉત્સવ લઇને બેઠા હોઇએ, પત્રિકા લખીને મોકલી હોય કે મારે ઘેર સારો ઉત્સવ છે. બધા આ દિવસે પધારજો. એ ઉત્સવો પર. બધાને બોલાવીએ પણ ખરા. પણ એમાં કેટલી બધી ઉપાધિયો, પૂરો ના થાય ત્યાં સુધી શાંતિ નહીં, અકળામણ થાય, થાક લાગે, વસ્તુ ખૂટે, મોઘવારી નડે એટલે કલેશ છે. પણ જય મહારાજ તો સારા કે નરસા બધા પ્રકારના કલેશો કાઢી નંખાવે છે. આપણને સારા કલેશો હોય તો સોનાની બેડી જેવા લાગે. જુઓ સોનાની લગડી પહેરી છે, બધાને બતાવવા જઇએ. કલેશ ને કંટાળો હોય તો લોખંડની બેડીઓ સંતાડીને ચાલીયે. ઉપર કપડું ઢાંકીને ચાલીયે. પણ કલેશ તો ખરો જ.

તો જીવનની ઘણી બધી પરિસ્થિતિઓ છે કે ગમો-અણગમો, સારું-નરસું એ બે વિભાગ પડે. છોકરાં રમાડીએ, ઉછેરીએ, મોટાં કરીએ, આ તો અમારી ફરજ છે. પણ એની

પાછળ કલેશ કેટલો? જય મહારાજ તો બધા જ પ્રકારના કલેશોને દૂર કરવાવાળા છે. એ અવસ્થા કે કલેશથી પર થઇને માત્ર પોતાના સ્વરૂપનો આનંદ માણવાનો, સ્વાર્થનો આનંદ નહીં હોં એ સ્વરૂપનો આનંદ છે. સ્વરૂપના આનંદની અંદર બધા જ પ્રકારના આપણા કલેશો દૂર થઇ જાય. ભલે વ્યવહારનો ઉપરછલ્લો રાખીએ પણ એને અંદર ના ઘૂસવા દઇએ, પણ જો મૂળીયા હૈયા સુધી નાખી દીધાં તો ખેંચાય ત્યારે હૈયું પણ ખેંચાય. મૂળીયાં હૈયામાં પેસી જાય ત્યારે બહુ મુશ્કેલ થાય.

આ બધા કલેશો છે. જય મહારાજ દૂર રાખે છે. સંસારના લૌકિક વ્યવહારને ઉપલબ્ધ રહેવા દે, પણ અંદરથી સચ્ચિદાનંદ રૂપ હોય. પોતે બિલકુલ શાંત હોય, કોઇપણ પ્રકારની માનસિક તણાવની સ્થિતિ ના હોય, ભલે પરિસ્થિતિ આવીને ઊભી થાય પણ માનસિક તણાવ થવા દેવાનો જ નહીં. ઘણાનો આવો સ્વભાવ હોય, ગમે તેટલી જવાબદારી આવે, ગમે તેટલી જવાબદારીની આંટીઘૂંટી હોય પણ માનસિક સ્થિતિ નહીં ગુમાવવાની માનસિક તનાવ સહેજેય નહીં થવા દેવાનો. **હંમેશાં પોતાની સાથે વાતો કરતાં શીખવું. પોતાના સ્વરૂપને સમજતાં શીખવું. એવી રીતે જાતને કેળવીએ.** જીવન આનંદમય હોય, આપણું જીવન આનંદમય સ્વરૂપની અંદર, સત્ય સ્વરૂપની અંદર સમજણપૂર્વકનું હોવું જોઇએ.

જેમ આપણે ગમે તેટલા દૂર ગયા હોઇએ. વેપાર ધંધે, કામ અર્થે કે ફરવા પણ મારે મારું ઘર છે આટલા કિલોમીટર દૂર છે પણ મારું ઘર છે, કેટલી નિશંત, કેટલો સંતોષ થાય. બધું પરવારીને કયાં જઇશું? એમ બધી જ વૃત્તિઓથી આપણે આપણા

પોતાનામાં પહોંચી જવાનું. મારા પોતાનામાં હું છું હંમેશાં આપણી જાતનું નિયંત્રણ એ રીતે લાવી શકીશું, જે રીતે આપણને જય મહારાજે કહેલું. એ તો પોતે બેઠા જ છે. **'કલેશપંચાદિહારમ્'** પાંચેય પ્રકારના કલેશ-આધિ, વ્યાધિ, ઉપાધિ, વ્યવહાર બધી જ ઉપાધિઓ દૂર કરવાવાળા છે, એ કરશે જ. પણ તમને આદેશ આપ્યો.

મારા ઇશ્વર છે, હું જેમને ભજું છું. દેવો પણ સદ્‌ગુરુ ભગવાનની પ્રાર્થના કરે છે. દેવોને પણ સદ્‌ગુરુ શોધવા પડે છે. ભગવાન રામ પણ વશિષ્ઠ ઋષિના આશ્રમમાં શિક્ષા લેવા ગયા હતા. શ્રીકૃષ્ણ પણ સાંદિપનિ ઋષિના આશ્રમમાં ગયા હતા. ગુરુની આવશ્યકતા દરેકને પડે છે. **જીવનનો પાઠ ભણાવે ને સન્માર્ગ બતાવે એ સદ્‌ગુરુ.** આજનું ભણતર ખરું પણ ફીવાળું. એમાં ગુરુ શિષ્યની ભાવના જાગ્રત થાય જ નહીં. કદાચ શિક્ષકને માટે કંઇ બોલાઇ જાય પણ ખરું. જયારે સદ્‌ગુરુ પ્રત્યે સદ્‌ભાવ હોય આત્મીયતા હોય. તેઓ નિવ્યાજ, નિર્લોભપણે ભણાવે. કોઇ અપેક્ષા નહીં, શિષ્ય સદ્‌ગુરુ પાસે માત્ર જ્ઞાનવિદ્યા સિવાય બીજું કંઇ ના ઇચ્છે. આવા સંબંધો હોય તો જ સદ્‌શિષ્ય અને સદ્‌ગુરુનો ઉધ્ધાર થાય. સદ્‌ગુરુ મળવા બહુ જ દુર્લભ છે. તો સદ્‌શિષ્ય મળવો એ તો એથી પણ દુર્લભ છે. જય મહારાજ સાથેનો આપણો નાતો આત્મકલ્યાણનો છે. પરમગતિનો એ માર્ગ છે. અધ્યાત્મ્યનો સંબંધ છે, કોઇ વ્યવહારિક સંબંધ નથી. એમાં માત્ર સત્યનું જ અસ્તિત્વ હોય એમાં કોઇપણ પ્રપંચ ના હોય, કોઇ દંભ ના હોય, ટકી શકે જ નહીં.

આજે વર્ષોથી આપણે ગુરૂપૂર્ણિમાના વ્રતને ઉજવીએ

છીએ. સદ્ગુરુએ આપણને સાચું જ્ઞાન આપ્યુ છે કે આ જીવનને સુધારવાનું છે. **જીવનને ખૂબ સારી રીતે જીવી શકીએ તો અંતઃકાળને પણ સુધારી શકીએ. કલેશો થી દૂર કરી સાચી શાંતિ અપાવે તે સદ્ગુરુ.**

# પ્રકરણ – ૨૧૭

લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજના સ્વરૂપનાં દર્શન કર્યા પછી જય મહારાજના સૂક્ષ્મબ્રહ્મ, આત્મચૈતન્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું. વેદવાકયો વડે જે જીવનનું પરમતત્ત્વ છે, પરમ લક્ષ્ય છે એને ઉજાગર કરી ને જાગ્રત કર્યા.

**'પ્રજ્ઞાનમ્ બ્રહ્મ'**

**આનંદમ્ બ્રહ્મ**

**ૐ અયાત્માબ્રહ્મ**

**અહં બ્રહ્માસ્મિ**

ચારવેદનાં ચાર મહાવાકયો એ જ લક્ષ્યને સંપૂર્ણ રીતે વ્યકત કરાવે છે, સ્પષ્ટ કરાવે છે કે જીવનનું આ જ લક્ષ્ય છે. અન્ય બીજું કશું છે જ નહીં. પરબ્રહ્મની આ સર્વોપરિતા સ્થાપ્યા પછી જય મહારાજના સ્વરૂપમાં આ બધાં દર્શન કરી લીધાં અને જય મહારાજના આદેશ અને આજ્ઞા મુજબ આપણને પણ એ જ જ્ઞાનનો ભાવ આપ્યો. 'તત્તવમસિ' **ઈશ્વરની પ્રાપ્તિ આ** જગતમાંથી **કયાંયથી પણ થવાની હોય તો એ માત્ર પોતાના અંતઃકરણમાં–હૃદયમાં જ થવાની છે. જે આપણું પોતાનું તત્ત્વ છે. આત્માનું સ્વરૂપ છે. પણ**

**જયાં સુધી તત્ત્વ સુધી ના પહોંચાય ત્યાં સુધી તીર્થો, મંદિરો, મૂર્તિ એ પ્રવૃત્તિની અંદર સતત લાગેલા રહેવું. એમ જય મહારાજનો આદેશ છે.** તત્ત્વ સુધી ના પહોંચાય ત્યાં સુધી ઇષ્ટદેવ આરાધ્ય, સદ્‌ગુરુ ભગવાનની ઉપાસના કરવી પછી સદગુરૂ થકી આત્માનુભૂતિ થઇ જાય ત્યાર પછીથી બસ એ જ સ્વરૂપમાં વિલીન રહેવું.

**'પૂર્ણભકત્યા'** વ્યક્તિની આરાધના કરવાની એવો આદેશ આપેલો છે. સંપૂર્ણ રીતે પોતાના નિજ સ્વરૂપની અંદર સદાય અંતર્મુખ રહેવાનું. બધી જ વૃત્તિઓને આપણા પોતાનામાં સમાવી દેવાની. વૃત્તિઓને બીજે કયાંય જવા દેવાની નહીં. જીવનનાં વ્યવહારો પતી ગયા હોય, અવસ્થા પણ પૂરી કરી લીધી હોય, તો ત્યાર પછીના શેષ જીવનની અંદર માત્ર એક જ લક્ષ્ય રાખવું કે પોતાના નિજ સ્વરૂપની અંદર આ રહેવાનું છે. આ શરીરની અંદર ચેતના છે ત્યાં સુધી જ આ શરીર રહેવાનું છે. જે દિવસે આ શરીરની અંદર આપણું પોતાનું સ્વરૂપ નહીં હોય તે દિવસથી–તે ક્ષણથી એ કશા કામનું નથી. માત્ર અગ્નિને જ સોંપી દેવાનું. કોઇ બીજો ઉપયોગ નહીં. એને રાખી ન શકાય. જયાં સુધી એમાં આત્મચેતના છે ત્યાં સુધી જ એને બધી રીતે પાળી પોષી એની સેવા કરીને સાચવવાનું છે. ત્યાં સુધી જ એની પાછળ જેટલું ખર્ચવું છે તેટલું ખર્ચી નાખવું. પણ જયારે એ ચૈતન્ય તત્ત્વ શરીરમાંથી બહાર નીકળી ગયું. ત્યાર પછી એ શરીર માટે કોઇ ભાવ નહીં. એના માટે કોઇ લાગણીઓ નહીં, બસ માત્ર એક અગ્નિ સંસ્કાર.

જયાં સુધી આપણે પોતે આ શરીરમાં છીએ ત્યાં સુધી જ બધું છે. પછી તો સંપૂર્ણ લાગણીઓનો અભાવ. આપણે છીએ તો શરીરમાં લાગણીઓ છે. આ સંસારનો અનુભવ પણ શરીરમાં

આત્મચેતના છે ત્યાં સુધી જ છે. એકવાર આપણી આત્મચેતના ઊઠી ગઇ પછી સંસાર પ્રત્યેનો કોઇ લગાવ કોઇ ભાવ, કોઇપણ ભોગ એની આગળ ગમે તેટલા ગોઠવવામાં આવ્યા હશે તો પણ એનો કોઇપણ પ્રતિસાદ નહીં આપી શકે. કેમ કે અંદર આત્મચેતના જ નથી.

શરીરની અંદર આટલાં વર્ષોથી આપણે જેના થકી જીવીએ છીએ એનો આપણને સહેજ પણ અણસાર નથી. માત્ર શરીરને જ પ્રાધાન્ય આપ્યા કરીએ છીએ અને અતિશય પ્રાધાન્ય આપવાને કારણે જ મૃત્યુનો ભય લાગે છે. સ્વરૂપનો સાક્ષાત્કાર થતાં બીક લાગે તો બૂમ પડી જાય. પણ બીક તો કાલ્પનિક છે આત્મચેતના વાસ્તવિક છે.

આખી જીંદગી આ શરીરમાં રહ્યા હોઇએ તોય એના માટેનો 'ક' કે એકડોય ના આવડે. બિલકુલ ભોટ કહેવાઇએ, અભણ કહેવાઇએ આ આપણી સ્થિતિ છે.

સદ્‌ગુરુનું સાનિધ્ય આપણને આત્માનુસંધાન ને આત્મ શિક્ષણ આપે છે. કે જો તું શરીર નથી આત્મા છું. આત્મા તો ગૌણ છે. Supplimentary છે. આત્મા એટલે Answerbook જો Answerbook ના હોય તો Supplimentary ને કોઇ નહીં સ્વીકારે. Main Answerbook આપણી પાસે હાજર હશે તો જ પરિણામ મળશે.

પણ આપણા બધા પાસે Main Answerbook હોતી નથી. પાછળની ચાર પાનાવાળી Supplimentary હોય છે. જેની કોઇ કિંમત હોતી નથી. એની કોઇ ગણતરી નથી. શરીર એ લક્ષ્ય નથી શરીર એ સાધન છે. આત્મચેતના એ જ આપણું વાસ્તવિક સ્વરૂપ

છે. કે જેનાથી આ આયુષ્ય, આ જીવન ટકેલું છે. જેને ઓળખવાનું છે.

લાવો, એને ઓળખી એ તો ખરા! અનુભવીએ તો ખરા! એને સમજવાનો પ્રયત્ન તો કરીએ કે આપણું પોતાનું સ્વરૂપ આ છે! ભલે શરીરમાં અધ્યાસ ને આસકિત છે. તે છતાંય શોધીએ કે આ કયા આધારે છે? ટેકો ખસી જાય તો આ શરીર પડી જાય છે? એ તો સમજીએ? શરીર તો એવાં ને એવાં હોય છે પણ એ ટેકો ખસી ગયા પછીથી એની એક આંગળી ઊંચી રાખી હોય તોય તરત ઢળી પડશે. લબડી પડશે ગમે તેટલો પ્રયત્ન કરશો તોય. અત્યારે આ શરીરને વ્યવસ્થિત ગોઠવવા માટે, ઊભા રહેવા માટે કોઇ ટેકાની જરૂર પડે છે? એ શું? એ કયો ટેકો?

ભકતો, તત્ત્વચિંતકોનાં સરસ ભજનો છે. ''અરે, આ મઢુલી ટેકો નથી છતાંય ઊભી છે, આ ટેકો કોણે બનાવ્યો?''

આ શરીર માટે, આત્મા માટે કેટલી સરસ વિચારસરણી ભજનોની અંદર અંકિત કરેલી છે. **'આ લાલપીળા બંગલા હોય, તોય તારા બાપના'**

આ જે બધા છે એ આપણા નથી. આપણા બાપનાય નથી. કેવા ઊંચા સિદ્ધાંતો! સાચી સમજણ સામાન્ય ભકતો, ઊપાસકોના ભજનોમાં છે. એ ભજનોમાંથી જ આવા ઉચ્ચ કોટિના જ્ઞાનની અનુભૂતિ થાય અને માર્ગદર્શન મળે. પણ સીધા 'તત્વમસિ' નો ખ્યાલ નહીં આવે, શરીરની ક્ષણભંગુરતાનો એટલી જલદી ખ્યાલ નહીં આવે.

**શરીરના ભાવોને આપણે જે રીતે સમજીએ છીએ અને જીવન**

**જીવીએ છીએ એ સમસ્ત ભ્રાંતિ છે. માત્ર ભ્રાંતિ. આપણને પોતાને આવેલું સ્વપ્ન જયારે જાગીએ ત્યારે એમ કહીએ છીએ કે આ તો સપનું હતું. સાચું ન હતું. એમ આપણે બધા પણ ઈશ્વરનું સ્વપ્ન છીએ અને એમાં જ આખો વ્યવહાર કરીએ છીએ પણ એ સ્વપ્ન જયારે પુરું થાય ત્યારે લાગે કે આ તો મિથ્યા હતું.**

આ ભાવો સતત બન્યા રહે એ માટે આત્મચિંતનની આવશ્યકતા છે. આત્માનુસંધાન આત્માનું ચિંતન અને આત્મ સ્મરણ આ ત્રણ કરવાનું છે. શરીર તો આટલા વર્ષો સુધી બહુ ભોગવ્યું. શરીરથી ઘણી પ્રવૃત્તિઓ કરી. ઘણા બધા કરવાનાં ને ના કરવાનાં કાર્યો કરી લીધાં. યાંત્રિકપણે શરીરને ભોગવી લીધું, પણ આત્માને સેવવાનો છે. આત્મસેવન કરો કે

**મેરે રામજી તો મુઝમેં બૈઠે હૈ**

બસ, એ ભાવ સતત બન્યો રહે. એ રીતે પોતના સ્વરૂપ માટેની જાગૃતિ બની રહે. મહારાજ તો જાગ્રત કરે છે કે કયાં સુધી ઊંઘશો? ભજનોના શબ્દોમાં કશું એમ ને એમ નથી કહ્યું હોતું. એની અંદર અનુસંધાન કરવું પડે. સમજીશું તો એનો આનંદ આવશે. અંદર એટલા ડોલવા લાગશો કે વાત ના પૂછો.

**'જી રે ! આપ સંભાળો વીરા આપને**

**જી રે ! અલખ ધણી માંહે વસે'**

બોલી નાખ્યું, સાંભળી નાખ્યુ પણ કંઇ સમજણ ના પડી, એની અનુભૂતિ કરે, એ સમજે અલખ ધણી એટલે શું? અલખ જેનું લક્ષ્ય કરવાનું છે. જેને કહેવાનું છે, જેને મેળવવાનું છે. પણ એ લક્ષ કર્યા છતાંય એની અનુભૂતિ ના થાય એનું નામ અલખ.

જેને અપરોક્ષાભૂતિ કહે છે.

**સિદ્ધ સ્વરૂપમપરોક્ષ સુખાભિલીનમ્ઃ**

જય મહારાજ તો એ અપરોક્ષાનુભૂતિને પ્રાપ્ત થયેલા છે. એટલે ચૈતન્યબ્રહ્મ્ પોતે જ પોતાની અંદર રહેલા હોય. પ્રત્યક્ષ, પરોક્ષ અને અપરોક્ષ, આ બધું દેખાય છે. એ પરોક્ષ. એટલે જે આપણે નથી જોયું, બીજાએ જોયું છે તે. પણ જે અપરોક્ષ છે એટલે જ ન દેખાવા છતાંય છે એની અનુભૂતિ કરવાની. આ કેવી રીતે? જે નથી દેખાતું એનો આકાર, પ્રકાર છે એવું કંઇ રીતે કહેવાય? પણ એનો અનુભવ તો થાય ને! કરંટ દેખાતો નથી પણ એનો અનુભવ તો કરીએ છીએ ને! ગુરૂત્વાકર્ષણ બળ દેખાય છે? પણ અનુભવ તો કરીએ છીએ દૂધમાં ઘી દેખાતું નથી પણ એની પ્રક્રિયા વડે એનો અનુભવ તો પ્રાપ્ત કરી છીએ ને.

એમ આત્મચેતના પણ અપરોક્ષ છે. નથી દેખાતી, છતાંય છે. આત્મા શરીરની અંદર છે એની અનુભૂતિ કરવાની છે. એનું નામ જ આત્માનુંસંધાન. અંદરની આત્મચેતના સિવાય કશાયની અનુભૂતિ કરી શકાશે નહીં. એટલે શરીરમાં જે ચૈતન્ય છે, એ પોતે જ હું છું, એ જ મારું સ્વરૂપ છે એનો ચિંતન વડે અનુભવ કરવાનો. કંઇ સાક્ષાત્કાર નથી થવાનો. સાક્ષાત્કાર એટલો જ કે આ શરીરમાં છે એટલે સાક્ષાત્કાર જ છે. શરીરમાં અનુભવાય છે એટલે છે એ તો નકકી જ. પણ મૃતદેહની અંદર આત્મચેતના નથી.

ગાડી સરસ મજાની તૈયાર હોય અંદર પેટ્રોલ પણ હોય પણ ચાલક અંદર ના બેસે ત્યાં સુધી ગાડી ચાલવાની નથી. શરીરમાં હૃદય છે, મગજ છે. બધું જ અંદર છે, પણ જયાં સુધી

ચાલક આત્મા ના બેસે ત્યાં સુધી? ચાલકને ઊઠાડીને બહાર કાઢી લો તો ગાડી ત્યાંને ત્યાં જ પડી રહેવાની છે. ગાડી ત્યાંથી ઊઠવાની જ નથી. પણ આત્મચેતના અંદર આવીને બેસી જાય તો ગાડી સરસ ચાલવા માંડશે.

આત્માનો અનુભવ કરવાનો છે. આત્માનો સાક્ષાત્કાર નહીં, આત્માનુભૂતિ કરવાની છે. અને આત્માનુભૂતિ આ રીતે પોતાનામાં પોતાના દ્વારા જ કરવાની છે કે શરીરમાં હું પોતે છું, અને આ બધું અનુભવું છું. જો હું આ શરીરમાં ના હોઉં તો આ બધો અનુભવ થઇ શકે નહીં. મન સહિતની પાંચેય ઇન્દ્રિયો કોઇ જાતની ક્રિયા કરી શકે જ નહીં. આ વિચારનું સાતત્ય બન્યું રહેવું જોઇએ. જેને કહ્યું

**પૂર્ણભક્ત્યા ગૃણંત્વમ્**

સતત એનું ચિંતન, સતત એની ચેતના બની રહેવી જોઇએ. એ ચિંતનનું સાતત્ય હશે તો જ આત્માની અનુભૂતિ થશે. એ રીતે પ્રાતઃ કાળની અંદર એકાંતમાં ધ્યાનમાં બેઠા હોઇએ તો શરીરથી આપણી આત્માનુભૂતિ આપણે અલગ કરી શકીશુ. પણ સતત એનો અભ્યાસ કરવો પડે. સતત અભ્યાસ રહે તો જ આ શકય છે.

**તમે દેહી છતાં વિદેહી થયા**

**તમે ભેદભવાદ સર્વે રહ્યાં.**

છતે શરીરે વિદેહી થઇ જાય. શરીર અહીંયાં ને અહીંયાં રહે ને પોતાની ચેતના વડે આખા બ્રહ્માંડની અંદર આકાશની અંદર જયાં જવું હોય ત્યાં જઇ શકે. કેવું ચિંતન હશે! કેવી અનુભૂતિ કરી હશે!

પ્રાણીનામ્ દોરૂનામ એ અનુભૂતિ આપણે કરવાની છે. ચિંતન વડે એ અવસ્થા આવે કે આપણી જે આત્મચેતના છે એનાં સર્વત્ર દર્શન થાય, બધામાં દર્શન થાય.

**ઉદ્યત્પ્રતાપ સહિતમ્ શરણમ્ જનાનામ.**

જય મહારાજે તો એ ઊંચામાં ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરેલી જ છે. પણ શરણ આવેલાઓનો પણ એ રીતે અભ્યુધ્યય ઉર્ધ્વગતિ થાય.

તો જીવનમાં આત્માનુભૂતિના રસ્તે આગળ ચાલવા માટે સદ્ગુરુની આવશ્યકતા છે. સદ્ગુરુ જ આત્માનો પરિચય આપશે. આત્માનુભૂતિની દિશા આપશે અને જરૂરથી આત્માનુભૂતિ કરાવશે.

# પ્રકરણ – ૨૧૭

**સૌભાગ્યો....**

જય મહારાજનું સાનિધ્ય દેવો સંપૂર્ણ રીતે સ્વીકારી રહ્યા છે. બધા દેવો પણ જય મહારાજને પ્રાર્થી રહ્યા છે.

લક્ષ્મણદાસજી મહારાજે આપણને બ્રહ્મસ્વરૂપ જય મહારાજનું દર્શન કરાવ્યું, કે જુઓ, બ્રહ્મને કયાં શોધવા જશો? જય મહારાજ જ પૂરણબ્રહ્મ ચરાચર વ્યાપક છે. બ્રહ્મની અનુભૂતિ જય મહારાજના દર્શનમાં જ આવી જાય. જેની લક્ષ્મણદાસજી મહારાજે સ્તુતિ કરતાં કહ્યું, **'ગુંફિતં બ્રહ્મરૂપમ્'** જેનું સ્વરૂપ બ્રહ્મની સાથે વણાયેલું છે, ગૂંથાયેલું છે એ ગૂંથાયેલા બ્રહ્મ સ્વરૂપને આપણે સ્પષ્ટપણે માણી શકીએ છીએ. બાકી તો બ્રહ્મ્ સ્વરૂપ જલ્દી પ્રાપ્ત થવું બહુ જ અઘરું છે.

પણ જય મહારાજમાં આપણે બ્રહ્મનાં દર્શન કરી લઇએ. 'પ્રજ્ઞાનમ્ એટલે જેની પાસે પ્રથમ પ્રકારનું ઊંચામાં ઊંચુ જ્ઞાન છે એ પ્રજ્ઞાનમ્ એ બ્રહ્મ છે. પ્ર એ ઊપસર્ગ છે. જેની પાસે વિશેષ પ્રકારનું જ્ઞાન છે. બ્રહ્મ્નું જ્ઞાન. 'પ્રજ્ઞાનમ્ બ્રહ્મ્' કે જેણે આવી અવસ્થા, આવી સ્થિતિ પ્રાપ્ત કરી લીધી છે. જેના જીવનમાં

ઉત્તમમાં ઉત્તમ સહજાવસ્થા પરિપૂર્ણ રીતે છે. એવા ભાવથી લક્ષ્મણદાસજી મહારાજ કહે છે. 'વંદેહમ્ સુખસાગરમ્' એવા જય મહારાજને અમે વંદન કરીએ છીએ. 'શ્રી સંતરામ મહારાજ' જે હંમેશાં પ્રસન્નચિત છે, શાંતિનું સ્વરૂપ છે, સૌના ઈચ્છિત મનોરથ પૂર્ણ કરનાર છે.

**સૌભાઢયાચ્છ્રીમહેશાત્ પ્રતિચિદિશિગતં મંદિરં ભાતિ યસ્ય,**

જેની સન્મુખ ભગવાન ભોળાનાથ બેઠેલા છે. છાંગેશ્વર મહાદેવ સ્વરૂપે એમનું સરનામુ, અમેનો પરિચય પણ આપી દીધો.

જયારે મહારાજશ્રી વિચરતા વિચરતા અહીંયાં, આ જગ્યાએ પધાર્યા ત્યારે શિવાલયની અંદર મહારાજશ્રીએ આજ્ઞા લીધી કે, '**ભોળેનાથ આપની સમક્ષ, આપના સાનિધ્યમાં આજ્ઞા કરો.**' ભોલાનાથ કહે, હા પ્રભુ, રહોને આપણે બે વાતો કરશું બીજું છે કોણ? અંદર જય મહારાજ અને ભગવાન શિવનો સત્સંગ થતો.

અહીંયાં એકાંતમાં મહારાજશ્રી બિરાજયા હોય અને સામે મહાદેવજી બિરાજયા હોય. તળાવનો ભેંકાર કિનારો હતો. એટલે લક્ષ્મણદાસજી મહારાજે સ્તુતિ કરી કે આપનું સરનામું મળી ગયું 'નડીયાદમાં મહાદેવ છે ત્યાં તળાવને કિનારે. ગામના નામ સાથે સરનામુ આપી દીધું.'

આપ બિરાજો છો. '**વિપ્રાદ્યૈશ્ચાપિ**' અનેક સેવકો, સંતો, વિપ્રો સહિત બધા જ સાથે આપ બિરાજો છો. બ્રાહ્મણો નહોતા એમ નહીં, તે સમયે મહારાજશ્રીના સાનિધ્યમાં બ્રાહ્મણો પણ હતા. પીપલગના પંડિત પણ મહારાજશ્રીના સાનિધ્યમાં આવતા. નડીયાદનાય કેટલાય વિદ્વાનો જય મહારાજના સાનિધ્યમાં

આવીને બેસતા. આમ વિપ્રોનો ઉલ્લેખ કરીને કહ્યું કે બ્રાહ્મણો સહિત બધા જ વર્ણના લોકો જય મહારાજનું સાનિધ્ય પામી શકતા, આને બેસવાનું, આને નહીં બેસવાનું, આગળ નહીં આવવાનું એમ નહીં. આને જ જ્ઞાન મળે અને બીજાને જ્ઞાન ના મળે એમ નહીં.

જય મહારાજના સાનિધ્યમાં આવનાર બધાયને આશ્રય મળે છે. કોઇને આશ્રય ના મળે એમ નહીં. તું ના આવીશ, તું બ્રાહ્મણ નથી કે તું આવો છું એમ નહીં. સૌનો આશ્રય એટલે જય મહારાજ. જે, જે પ્રકારે આવે છે, તેને તે પ્રકારે જ્ઞાન આપવામાં આવતું અને જે જે ઉપાસક સાનિધ્યમાં આવે એની જેવી ઉપાસના એવાં જ એને દર્શન આપે.

**વિપ્રાદ્યૈશ્ચાપિ યુકતાચ્છતપથનિપુણાત્ પત્તનાત્નષ્ટ ? સંજ્ઞાત્.**

પૂરેપુરું સરનામું આપી દીધું. **પત્તનાત્નષ્ટ સંજ્ઞાત્.** તે વખતે નટપુર નામ હતું. એટલે નટપુર ગામે જય મહારાજ બિરાજેલા છે એમ પોતે પ્રાર્થનાની અંદર સંપૂર્ણ રીતે બતાવી દીધું. નહીંતર પૂરેપુરું સરનામું આપી દીધું. '**કાષ્ટાવાચ્યાં વસંતં**' કયાં ? નડીયાદની દક્ષિણ દિશામાં આપ વસી રહ્યા છો. સ્તુતિની અંદર પૂરેપુરું સરનામું આપી દીધું કે ભૂલા ન પડાય. લક્ષ્મણદાસજી મહારાજ કેવા વિચક્ષણ અને બુધ્ધિશાળી હશે ?

**કાષ્ટાવાચ્યાં વસંતં સુરનરમુનિભિઃ સેવાનીયં શુભાંગં**

સંજ્ઞા આપી દીધી. ત્યાં મનુષ્ય ઋષિઓ, સંતો, દેવતાઓ શરીર ધારણ કરીને આવીને સેવા કરી રહ્યા છે. '**સેવનીય**' સેવાયોગ્ય છે જ. જય મહારાજના સુંદર વિગ્રહનાં દર્શન અને

એની સાથે જય મહારાજની સેવા કરનારા છે. આવા પૂર્ણ સ્વરૂપ જય મહારાજનું સાનિધ્ય, એમનો સત્સંગ આપણને મળ્યો એ આપણા સૌનું સૌભાગ્ય છે, સદ્‌ભાગ્ય છે. લક્ષ્મણદાસજી મહારાજે સેવ્યા પૂજાભાઇએ પણ સેવા કરી એમને સ્તવ્યા ત્યારે આપણે પામ્યા છીએ. લક્ષ્મણદાસજી મહારાજે જે ભાવથી સેવા કરી છે એ તો અનોખી સેવા છે. જેનાથી પોતે રીઝી ગયા કે આ શિષ્યે છે ખૂબ સારી સેવા કરી છે. એટલે જય મહારાજે એમને પૂર્ણ જ્ઞાન પણ આપ્યું છે.

તે વખતે જય મહારાજના સાનિધ્યમાં જે હતા, એમાંથી હરિરામજીને તો વડોદરા બેસાડી દીધા. રાઘવમુનિ મહારાજને પાદરામાં બેસાડી દીધા. પણ અહીયા સંતો જય મહારાજના સાનિધ્યમાં હતા. ૨૭ વર્ષના ગાળામાં વિક્રમ સંવત ૧૮૬૦ થી ૧૮૮૭ સુધી આ મંત્ર મંદિર, પર્ણ કુટિરની અંદર બિરાજયા છે. આ જ મંત્રકૂપ, આ જ મંત્ર મંદિર એ જ એમનું ૨૭ વર્ષનું સ્થાન. આ ૨૭ વર્ષની અંદર જય મહરાજનાં સાનિધ્યમાં ભગવાનદાસજી મહારાજ, ગોરધનદાસજી મહારાજ, ગંગા રામજી મહારાજ, ધ્યાનીજી મહારાજ, લક્ષ્મણદાસજી મહારાજ વગેરેની શિષ્ય મંડળી હતી. જય મહારાજે આ જગ્યા ઉપર એમને યોગની દીક્ષા આપી, જ્ઞાન આપ્યું, ભકિત આપી, સાનિધ્ય આપ્યું. અને પોતાના એક સંત પરિવારની માફક અહીંયાં આટલા વર્ષો સુધી બિરાજયા.

મહારાજશ્રીના સાનિધ્યમાં જ વડોદરાના હરિરામજી મહારાજ, જે ઉંમરવાળા હતા એમનું સ્વાસ્થ્ય કથળતાં અહીંથી લક્ષ્મણદાસજી મહારાજને ત્યાં સેવામાં મોકલ્યા. હરિરામજી મહારાજે સમાધિ લીધી પછી અહીંયા સાનિધ્યમાં ભગવાનદાસજી

હતા એમને ત્યાં મોકલેલા. ભગવાનદાસજીની સમાધિ ત્યાં છે.

જય મહારાજ તો ચંદ્ર સ્વરૂપ છે. કેમ સૂર્ય સ્વરૂપ ના કહ્યાં? સૂર્ય તો ખૂબ જ્યોર્તિમાન છે, પ્રકાશિત છે. એનું પોતાનું તેજ છે. સૂર્ય સમાન પણ ઊપમા આપી શકત. પણ ચંદ્ર સમાન કહ્યું, **'વ્યાપકમ્ વિદુભમ્ બ્રહ્મરૂપમ્'** ચંદ્ર કહ્યાઃ ચંદ્રમાં સૌમ્યતા છે, શીતળતા છે. સદ્ગુરુમાં પણ સૌમ્યતા અને શીતળતા હોય. અને સદ્ગુરુ પોતે પરમાત્મામાંથી જ પ્રકાશ મેળવે છે જેમ ચંદ્ર સૂર્યમાંથી પ્રકાશ મેળવે છે. સૂર્યની સામે સીધું નહીં જોઇ શકાય. આંખ ગુમાવી દઇશું, દૃષ્ટિ ગુમાવી દઇશું. પણ ચંદ્રની સામે સીધી દૃષ્ટિ કરીશું તો શીતળતા મળશે, દૃષ્ટિ મળશે. જ્યારે સૂર્ય તો પ્રાજલ્યવાન છે. પરમાત્મા પણ અતિ તેજસ્વી છે. એમની સામે સીધા જવાનું હશે તો મુશ્કેલ પડશે. જેમ સૂર્ય સામે સીધું જોવું હોય તો ઘણું જ કઠણ પડે. પણ ચંદ્ર સામે, સદ્ગુરુ સામે જવામાં શરણાગતિ સ્વીકારવામાં વાંધો નહીં આવે. કેમ કે સદ્ગુરુ સૌમ્ય છે, શીતળ છે અને પરમાત્મા પાસેથી જ પ્રકાશ લઇ રહ્યા છે. અને પરમાત્માનો એ પ્રકાશ આપણને સૌમ્ય, શીતળ બનાવીને આપી રહ્યા છે. એટલે સદ્ગુરુને ચંદ્રનું સ્વરૂપ કહ્યું. અને એ ચંદ્ર સ્વરૂપે આપણા સૌના જ્ઞાનદાતા છે.

ચંદ્ર એ આપણા મનનું પ્રતિક છે. મનને શાંત અને શીતળ કરવાવાળા સદ્ગુરુ, જ્ઞાન આપવાવાળા છે. મનને નિયંત્રણમાં રાખવું હશે તો સદ્ગુરુને શરણે જવું જ પડશે. ગુરુપૂર્ણિમા અષાઢ સુદ પૂનમ, કેમ આસો સુદ પૂનમ ના કહી? ચંદ્ર તો પૂર્ણ ખીલે છે, ખૂબ તેજસ્વી હોય છે. શીતળ પણ હોય છે. પણ એ આકાશમાં એકલા ચંદ્ર સ્વરૂપે પ્રકાશિત હશે તો પણ નહીં શોભે.

એમ શિષ્ય વગર એકલા સદગુરુ શું કરશે? અષાઢી પૂનમ એટલે સદ્‌ગુરુ શિષ્યરૂપી વાદળોથી ઘેરાયેલા જ હોય. અષાઢ સુદ પૂર્ણિમાને ગુરુપૂર્ણિમા કહે છે. શિષ્યો વગર આસો મહિનામાં એકલા સદ્‌ગુરુ કેમના શોભશે? પણ અત્યારે ચંદ્ર હોય વાદળો હોય અને સદ્‌ગુરુની પ્રેરણા થાય. ચંદ્ર એને પોષે. સદ્‌ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલાં એ અમી ઝરણાં વરસ્યા જ કરે.

અષાઢ સુદ પૂર્ણિમાને ગુરુપૂજનનો એક ઉત્સવ બનાવી દીધો. પણ એની પાછળ જેવું સરસ પ્રાકૃતિક લક્ષ્ય કહ્યું. વાદળોનો અંધકાર હોય, બધા વાદળોની વચ્ચે ચંદ્ર છવાઇ જાય, સર્વની વચ્ચે હોય, કાળા વાદળોને પ્રકાશ આપે, શ્યામ વાદળોને ઉજાગર કરે.

**ચંદ્રરૂપ ચંદ્ર થઇ, રસપોષે નિરાધાર**

સદ્‌ગુરુ મહારાજનું સાનિધ્ય સૌના જીવનને ઉજાગર કરનાર છે. સૌને આપનાર છે. એ પોતે જ્ઞાનનું સ્વરૂપ છે અને એમાંથી જ આપણને જ્ઞાન મળવાનું છે. એટલે પરમાત્માની સાથે અનુસંધાન કરવા માટે સદ્‌ગુરુની આવશ્યકતા છે. માટે જ અષાઢ મહિનો, આકાશની અંદર જ્ઞાન પ્રકાશ સ્વરૂપે ચંદ્રમાં હોય, શીતળ જ્ઞાન પ્રકાશ સ્વરૂપે હોય અને એ જ્ઞાન પ્રકાશ દ્વારા શિષ્યોના જીવનને પણ શીતળતા આપે, એને અમૃત આપે, જ્ઞાન આપે, એના જીવનને ઉજાગર કરે માટે અષાઢ સુદ પૂર્ણિમાને ગુરૂ પૂર્ણિમા તરીકે ઉજવીએ છીએ.

વ્યાસને પણ ગુરુની ઉપમા આપી છે. વ્યાસ સમગ્ર જગતનાં ગુરુ છે, અને વ્યાસનો જન્મ પણ ગુરુ પૂર્ણિમાના દિવસે થયેલો છે.

માટે વ્યાસપૂજન કહ્યું, ગુરુપૂજન કહ્યું.

આવા બધા ભાવથી આપણી સંસ્કૃતિની પરંપરા અને એના સંસ્કારને આપણે બધા ઉજવી રહ્યા છીએ. અને એ વ્યાસપૂજન એટલે સૌને વ્યાપક બનાવ્યા. વેદોને વ્યાપક બનાવ્યા ઉપનિષદોને વ્યાપક બનાવ્યાં, પુરાણોને પણ વ્યાપક બનાવ્યાં. એટલે વ્યાસ શબ્દ છે એનો અર્થ છે વિસ્તાર કરવો. જેમ કથા વાચક હોય એને કથા વ્યાસ કહીએ છીએ. કેમ કે જે ગ્રંથ લઇને બેસે એ ગ્રંથનો વિસ્તાર કરે. એને ખૂબ સરસ દાખલા આપી સમજાવવામાં આવે. અને એનું વિસ્તૃતિકરણ કરે. એટલા માટે એ કથાવ્યાસ છે અને એ વ્યાસપૂજન આપણી બુદ્ધિને વિકસાવે. ભગવાન પ્રત્યેની આપણી સમજને સાચી રીતે સમજાવે.

એ સદ્‌ગુરુ છે સદ્‌ગુરુનો અર્થ જ છે કે શિષ્યના જીવનને જ્ઞાનથી, સાચી સમજણથી હંમેશાં ઉજાગર કરે. એને અંધકાર તરફ કયારેય ના જવા દે. જે વૃત્તિઓ વિકૃતિ તરફ જતી હોય અને અંધકાર થઇ જાય એના બદલે એ જ વૃત્તિઓને અંતર્મુખ બનાવી, જ્ઞાનપરાયણ, આત્મપરાયણ, ભગવદપરાયણ બનાવે. **આત્મસુખની પ્રતીતિ કરાવે એ જ સાચા સદ્‌ગુરુ.**

|| જય મહારાજ ||

# પ્રકરણ - ૨૧૮

**શોભાઢયાચ્છ્રીમહેશાત્**

ભગવાન ભોલાનાથના સાનિધ્યમાં જય મહારાજે નિવાસ કર્યો. એ વાત લક્ષ્મણદાસજી મહારાજે આપણને પ્રાર્થનામાં જ બતાવી દીધી કે જય મહારાજ કયાં વસે છે? જય શિવ છે, જય કલ્યાણ છે.

**સમનામ્ કલ્યાણ કરોતિ ઈતિ શંકરા**

સર્વનું કલ્યાણ થાય એવા ભોળાનાથના સાનિધ્યમાં જય મહારાજ બિરાજયા. જય મહારાજની સાથે, જય મહારાજના સ્વરૂપમાં ભોળાનાથ પોતે અહીંયાં બિરાજી રહ્યા છે. **'ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂદેવો મહેશ્વરઃ'** ગુરુ સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર ત્રણેય છે. ત્રણેયની શક્તિ એક સદ્‌ગુરુમાં આવિર્ભાવિત થયેલી છે. સદ્‌ગુરુ સદ્‌શિષ્યને પોતાના સાનિધ્યમાં જ્ઞાનનો જન્મ કરાવે છે માટે એ બ્રહ્મા છે. સતત એને જાગ્રત રાખે, જ્ઞાનથી સંપન્ન બનાવે, જીવનની સાચી સમજણ એનામાં ઉતરે, કાયમ કેળવાય એટલા માટે સદ્‌ગુરુ બ્રહ્મા છે જેમ મા-બાપ પોતાના બાળકને-સંતાનને જન્મ આપે એમ સદ્‌શિષ્યમાં સાચી સમજણનો જન્મ

આપનાર સદ્‌ગુરુ છે. એ જે સમજણ આપશે એ વડે જ ઉદય થશે, જાગૃતિ આવશે સદ્‌ગુરુને બ્રહ્મની શકિત પ્રાપ્ત થયેલી છે. આવેલા કોઇપણ શરણાગતમાં જ્ઞાનનો પ્રાદુર્ભાવ કરાવવો એ સદ્‌ગુરુનું કાર્ય છે.

એના પછી પાલન પોષણ આવે. જન્મ પછીનું પાલન કરનારા વિષ્ણુ સ્વરૂપે સતત જ્ઞાનથી જાગ્રત રાખે, સતત એને સંભાળે, જીવનપર્યંત સદાય એને પોષે, સદ્‌ગુણથી, સદાચારથી સદાય એનું પાલન કરે, એને સંપન્ન રાખે, સન્માર્ગે ચલાવે. બધા જ પ્રકારે એનું પાલન કરે, પોષણ કરે એ છે વિષ્ણુ. વિષ્ણુની શકિતપણ સદ્‌ગુરુમાં આવિર્ભાવિત થયેલી છે. એટલે શિષ્યોને પોતાના સાનિધ્યમાં રાખી, એને સાચવે, જેનાથી એનામાં સદગુણોનો સંચય થતો જાય. સાત્વિકતા સંચિત થતી જાય.

**ગુરુર ગુરુ તમો ધામા**

સદ્‌ગુરુ ઉત્તમમાં ઉત્તમ ધામ છે. જીવનપર્યંત પાલન કરનાર છે. પાલન કરે એટલે આશ્રય પણ આપે. સાનિધ્યના કારણે ગુરુ મહારાજના જે કંઇ સદ્‌ગુણો છે એનું સિંચન થયાં કરે, **જેના સાનિધ્યમાં રહીએ એના જેવા થઇએ.** સદ્‌ગુરુ તો પૂરણ બ્રહ્મ છે. એમના સાનિધ્યમાં રહીશું તો ધીરેધીરે આપણને પણ આત્મ પરખ, બ્રહ્મ પરખ બતાવશે. બ્રહ્મ શું છે? આત્મ ચેતના શું છે? એનું દર્શન કરાવશે, આમ સતત એની કાળજી રાખે, એનું સંવર્ધન કરે, એના જ્ઞાનની જાગ્રતતાની, સંયમની, સદાચારની, સાત્વિકતાની, સદાય ઉન્નતિ થાય એ માટે વિષ્ણુ ભગવાન સતત ગુરુના સ્વરૂપે એને સાનિધ્ય આપતા જ હોય.

**ઉત્સાહવર્ધનમ્ સંવર્ધનમ્ તર્તુફલાય.**

જ્ઞાન પણ મળે, ધર્મ પણ મળે અને એંતે મોક્ષ પણ મળે એટલે ચર્તુફળાય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. મોક્ષની પૂર્તિ પણ ભગવાન શંકરના સ્વરૂપે સદ્‌ગુરુ જ કરાવે છે. મૃત્યુની, મોતની સાચી તૈયારીની સમજ સદ્‌ગુરુ આપશે. એટલે મૃત્યુનો ભય કયારે નહી લાગે.

**સાચા સદ્‌ગુરુ જેને મળ્યા, તેને શો ભય છે!**

કોઈપણ પ્રકારનો ભય ના રહે અને છતાંય મૃત્યુની માટે સતર્ક, સજાગ રહે કલ્યાણકારી શંકર ભગવાન સ્વરૂપ જય મહારાજ એને નિર્ભય બનાવી દે છે.

આથી આપણે એમને નવાજયા. આપણા જીવનમાં એમને સ્થાપિત કર્યા. **'પાર્થમાનમ સુરેશમ્'** બધા જ દેવો સહિત ઇન્દ્ર પણ જય મહારાજને પ્રાર્થી રહ્યા છે જયાં શિવ હોય ત્યાં કલ્યાણ હોય. ત્યાં હંમેશાં જીવનની અંદર આપણો અભ્યુદ્ય થાય, ઉત્થાન થાય, પતન ન થાય. છાંગેશ્વર મહાદેવના સાનિધ્યમાં કોઇએ પછી કુટુંબ શોધવા જવું પડે? અવધૂત એકલા જ હતા પણ ભગવાન સદાશિવે કહ્યું કે કયાંય જશો નહિ. આપણે સાથે જ રહીએ. એકથી બે ભલા સદાવિશ જય મહારાજને કહે છે કે આપણાં સ્વરૂપ કયાં જુદાં છે? તું માં હું ને હું મા તું ભળ્યું' એમ શિવ સાનિધ્યમાં પોતાનું આસન ખૂબ પ્રેમથી સ્થાપ્યું. માટે લક્ષ્મણદાસજી મહારાજે સ્તુતિમાં ગાયું કે આપ તો ભગવાન સદાશિવના સાનિધ્યમાં સ્વયં શંકર ભગવાન છો.

**સૌભાગ્યાર્થિત મહેશ્વા પ્રતિ શામ દિશીગતમ્.**

આપણી બધી ઉપાસનાના જય મહારાજમાં દર્શન થાય જય મહારાજ સર્વ સ્વરૂપ છે. બ્રહ્મસ્વરૂપ છે. અને બ્રહ્મમાંથી જ બધા સ્વરૂપ પ્રગટ થયેલાં છે બ્રહ્મથી કંઇપણ જુદું છે જ નહીં. લખચોરાશીમાં ફરતાં ફરતાં કોઈપણ ઉપાસના કરતાં કરતાં બધાએ ત્યાં જ પહોચવાનું છે **લખચોરાશીમાં ભમતો જીવ એ પરમાત્માનો જ અંશ છે. એમાંથી જ પ્રગટ થયેલો છે. અને જગતના ચોર્રાશી ભવમાં ભટકી ફરી તરંગોની જેમ ભટકાઇને ધીરે ધીરે મૂળ સ્વરૂપમાં આવી જાય છે.** પરબ્રહ્મ પરમાત્માથી જ આ સકળ સૃષ્ટિનું સર્જન છે. અને એમાં જ સદાશિવ તરીકે પરબ્રહ્મ જય મહારાજ બિરાજે છે.

**વિપ્રાતદ્યૈશ્વાપિ યુકતાં**

ઘણા બધાને જય મહારાજનો આશ્રય, સાનિધ્ય મળ્યું **જીવનમાં કોઇ મહાપુરૂષ જીવનમાં પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી જીવનની સાચી દિશા બતાવનાર કોઇ નહીં હોય. આપણે જય મહારાજની સાથે નાતો બાંધ્યો છે. જય મહારાજ પ્રેરણારૂપે આપણને ધીરેધીરે ત્યાં જ લઇ જશે. જે જગ્યાએ પહોંચવાનું છે એ માર્ગે અવશ્ય ચઢાવી દેશે.** જય મહારાજના સાનિધ્યમાં લક્ષ્મણદાસજી મહારાજે ખૂબ સરસ ભાવથી સ્તુતિની અંદર બંધાયને આવરી લીધા છે. જે આ સ્તુતિ કરે એ બધાયને પ્રાપ્ત થાય જય મહારાજનાં એ ભાવોને લક્ષ્મણદાસજીએ ઝીલ્યા અને સૌને પણ પ્રેરણારૂપ બન્યા.

વિપ્રાદ્ દશ્યાત્ યુકતા. વિપ્રને આદ્ય ગણ્યા ભલે ગૃહસ્થાશ્રમમાં જીવતા હોઇએ, રહેતા હોઇએ પણ કોઇ વિધિ કરવી હોય તો આપણા ઘરમાં બ્રાહ્મણને બોલાવવો પડશે. એટલે

વિપ્ર આધ્યયી વિપ્ર સહિત બધા જય મહારાજના સાનિધ્યમાં પરમ કલ્યાણને માટે આવતા.

**'શોભાઢફાચ્છિ્રમહેશાત્ પ્રતિયિદિશિગતતં મંદિરમ્ભાતિ યસ્ય'**

**દક્ષિણ દિશામાં જય મહારાજ બિરાજયા છે. નગર બહાર દક્ષિણ દિશા, સંતે કર્યો મુકામ રમતાં રમતાં રામજીને આવ્યા નટપુર ગામ.**

લક્ષ્મણદાસજી મહારાજે સરનામું આપી દીધું કે જય મહારાજ કયાં બિરાજેલા છે. ભોળાનાથના સાનિધ્યમાં આવીને બિરાજયા. આપણા સૌના માટે પેઢીઓની પેઢીઓથી આવીને વસ્યા છે. જો ભોળાનાથના સાનિધ્યમાં આવીને ના વસ્યા હોત તો આ ભકિતભાવ, સત્સંગ, નિત્ય નિયમ, શાંતિ, આનંદ કયાંથી મળત? દુનિયામાં આટલા બધા લોકો બળી રહ્યા છે. પણ જય મહારાજે આપણને તો આ સાચારની બળતી આગમાંથી ખેંચી કાઢી બચાવી લીધા છે. જય મહારાજના સાનિધ્યને કારણે સંયમ, સદાચાર, સાત્વિકતા, સમજણ ઘણુંબધું મળ્યું છે. એમણે જ આપ્યું છે. આપણે તો કયાંથી લાવવાના હતા? બહાર લોકો કંઇક મિજાજમાં, કોઇક ખ્વાહિશમાં, વ્યસનમાં, દુનિયામાં રખડતાં ફરે છે. આપણે જય મહારાજના શરણે આવ્યા છીએ તો બચ્યા છીએ. એ શાંતિથી સારી વાતો સાંભળીએ છીએ.

તમે આવ્યા જુગમાં ફરવા, ઘડયો ઘાટ બીબામાં રસ ભરવા લક્ષ્મણદાસજીએ કહ્યું, અમારા જેવા કેટલાય લોકોને આપે પારસ કરી દીધાં.

**ગુરૂજીએ આપ સરીખા કરી દીધા**

એટલે એમણે માત્ર અધવચ્ચે શિષ્ય તરીકે જ રાખ્યા. પોતાના સ્વરૂપમાં ભેળવી દીધા. લક્ષ્મણદાસજી મહારાજને પોતાનું સ્વરૂપ આપ્યું. સાથે સાથે શરણે આવેલાને પણ સત્સંગની સાચી સમજણ વડે સંયમ, સદાચાર વડે પોતાનામાં સમાવી દીધા. લક્ષ્મણદાસજી મહારાજે તો પહેલું જ આપણને સમજાવી દીધું કે બધાયમાં જય મહારાજ બેઠેલા છે. કેળવવા પડે. જય મહારાજને સમજવા પડે. ઓળખવા પડે. એમાં રાગદ્વેષ કાઢી નાખવો પડે. એકબીજાના, પરસ્પરના સંબંધોમાં માત્ર પ્રેમ, સદ્ભાવ જ રાખવાનો. જય મહારાજના સ્વરૂપમાં જ રહેવાનું. બધાય એકબીજાને મળીએ ત્યારે જય મહારાજ, જય મહારાજ કહીએ છીએ. એમાં જય મહારાજની ભકિત બેઠેલી છે. શ્રદ્ધા બેઠેલી છે. અને એ દેખાય છે માટે આપણે સામેવાળાને જય મહારાજ કહીએ છીએ. **બધાયમાં જય મહારાજનાં દર્શન કરતાં શીખીએ.**

**ઉમા જ રામ ચરન રત, વિમદ કામ મત ક્રોધ**

**નિજ પ્રભુમય દેખઇ જગત, કેસન કરો બિરોધ**

સત્સંગમાં આવો છો તો કોઇની સાથે મનમાં કયાંય પણ કલેશ, ઇર્ષ્યા, દ્વેષ ના રાખશો. બધાય જય મહારાજના છીએ બધા જ સત્સંગી કુટુંબી છીએ. એ કુટુંબભાવથી જ જય મહારાજનાં સાચા દર્શન થશે. **જય મહારાજ અમથા અમથા નથી કહેતા. કોઇ આવીને આપણને 'જય મહારાજ' કહે તો એને આપણામાં જય મહારાજનાં દર્શન થાય છે. માટે એ જય મહારાજ કહે છે.**

જય મહારાજ આ બધાના વૈભવથી શોભી રહ્યા છે. ગુરુ મહારાજ એકલા બેઠા હોય તો શોભે ખરા? શિષ્યો હોય

સત્સંગીઓ હોય તો શોભે. અહીં કોઇ નાત-જાતનો ભેદ નથી બધાય સમુદાયથી યુકત જય મહારાજ શોભી રહ્યા છે.

|| જય મહારાજ ||

# પ્રકરણ – ૨૧૯

**શોભાઢયાચ્છ્રીમહેશાત્**

ભગવાન સદાશિવના સાનિધ્યમાં જય મહારાજે પોતાના નિવાસ સ્થિર કર્યો. અનેક સંતો, સત્સંગીઓ, શરણાર્થીઓ, ભકતો જય મહારાજના સાનિધ્યનો આનંદ લઇ રહ્યા છે.

સદ્ગુરુ મહારાજને પ્રણામ કરીને લક્ષ્મણદાસજી મહારાજે આ સ્તુતિ પૂરી કરી.

**એવં સ્તુત્વા ગુરુર્ભકત્યા, લક્ષ્મણઃ પ્રીતમાનસઃ,**

**વિરરામ ગુરારગ્રે બ્રહ્માનંદ ગતો યથા.**

આ સ્તુતિ પૂરી કર્યા બાદ ગુરુ મહારાજના પરમ સેવક, પરમ ભકત એવા લક્ષ્મણદાસજી મહારાજને એટલો બધો આનંદ થયો કે જે સમાતો નથી. ગુરૂ ભગવાનના ચરણોમાં વિરામ પામ્યા, શરણે થઇ ગયા. સમર્પિત થઇ ગયા.

આ આનંદ સામાન્ય નથી. કોઇ લૌકિક, વ્યવહારિક આનંદ નથી ઓસરી જાય એવો આનંદ નથી. જય મહારાજ મળ્યા, એમનો પરિચય મળ્યો, સાનિધ્ય મળ્યું એનાથી એ ખૂબ પ્રસન્નચિત્ત છે. વર્ષો સુધી સાથે બિરાજયા હશે આ વગડામાંય પ્રસન્નચિત છે.

આપણે તો આપણું ઘર હોય તોય અમથા અમથીય ઉદ્વેગ આવી જાય. જયારે અહીં તો વગડામાં જ રહેવાનું છતાય કંટાળો નહીં. કંટાળાતી કયાં વાત રહી? જય મહારાજની સાનિધ્યમાં જે કંઇ સેવા મળે એમાં માત્ર ઉત્સાહ બુહારીથી માંડીને, સાફસૂફી, ભિક્ષા નિવાસ થી બધાની અંદર ઉત્સાહ હોય એમાં સહેજ પણ ઢીલ નહીં. સદાય સેવાની તત્પરતા હોય. આ બધી જ સેવાનો ઉત્સાહ દિન-રાત એટલો રહેતો કે કયારેય કંટાળો આવે જ નહીં ને!

લક્ષ્મણદાસજી મહારાજને આ સ્તુતિ કરતાં, સેવા કરતા એટલો બધો આનંદ થયો કે **'વિરરામ ગુરોરગ્રે'**.

બસ પોતાની સ્તુતિ પૂરી કરીને જય મહારાજના ચરણોમાં વિશ્રાંતિ મેળવી લીધી. આશ્રય મેળવી લીધો. ત્યાં ને ત્યાં જ વિશ્રામ પામી ગયા કે બસ, મારું જે ગણો તે આપ સર્વસ્વ, આપે જે ઉપદેશ આપ્યો, જ્ઞાન આપ્યું જેનાથી માયા, આસકિતનાં બંધનો છૂટી ગયાં. સાનનો આશ્રય મળી ગયો કોઇ વ્યકિત ભૂલ્યો. ભટકયો હોય એને જીવનનો સાચો આશ્રય મળી જાય તો કેવો આનંદ થાય! અહીં તો નિરાશ્રિતોને પણ આશ્રય મળી જાય. ગુરુ મહારાજના સાનિધ્યમાં પૂરેપૂરો આશ્રય મળી ગયો. શરણ પ્રાપ્ત થઇ ગયું. જીવનની નિરાંત થઇ ગઇ. સંસારમાં જલ્દીથી નિરાંત નથી મળતી આશ્રય કદાચ મળી જાય. પણ નિરાંત ના મળ. પણ સદ્ગુરુના શરણે આશ્રય મળી જાય તો એના જેવી નિરાંત આ દુનિયામાં, આ સૃષ્ટિમાં કોઇ નહીં. સંસારની અંદર તો એટલા બધા સ્વાર્થના આટા-પાટા, ખેંચતાણ છે કે પરિવારની અંદર પણ શાંતિથી ના રહેવા દે. તુલસીદાસજી એ કહ્યું કે,

**કુલગુરુ સમહિત મા મને**

સદ્‌ગુરુ જે હિત ને કલ્યાણ કરે એ તો મા-બાપ પણ નથી કરી શકતા. કદાચ તેઓ પણ પોતાનો સ્વાર્થ જોતાં હશે. જયારે સદ્‌ગુરુને હોય કે મારા આશ્રિતનું, મારા શિષ્યનું ભલું થાય, પ્રગતિ થાય, કલ્યાણ થાય, આ સિવાય બીજો કોઇપણ પ્રકારનો એને સ્વાર્થ ના હોય, નિસ્વાર્થભાવે શરણાર્થીને સન્માર્ગે લાવવો એ સદ્‌ગુરુનું કાર્ય છે. કોઇ એવી અપેક્ષા નહીં કે પૂર્ણાહુતિ થવાની છે તો આટલી દક્ષિણા આપજો. તમને ભલે સંકોચ થાય કે પૂર્ણાહુતિ થઇ એટલે કંઇક દક્ષિણા કરવી એવો ભાવ મનમાં જાગે પણ જય મહારાજમાં તો સંપૂર્ણ અકિંચનતા છે.

**કોટિ તીરથ ગુરુને ચરણે, ગુરુ સમાન નહીં કોઇ**

**જોગ, જગન, જપ, તપ, સર્વે ગુરુના વચન માહીં રે**

જાત્રા કરવા જઇએ તો accident પણ થાય ને દુઃખી પણ થવું પડે પણ જય મહારાજ જ આટલા મોટાતીર્થસ્વરૂપ છે. બધાં જ તીર્થો મારા ગુરુના ચરણમાં છે. એ ભાવ લક્ષ્મણદાસજી મહારાજને પ્રાપ્ત થયો. હવે કયાંય ફરવું નથી, રખડવું નથી. બસ જય મહારાજનાં ચરણો એ જ મારો આશ્રય, મારો નિવાસ. 'વિરરામ ગુરોરગ્રે અત્રે' જય મહારાજનાં ચરણોની અંદર સમર્પિત થઇ ગયા. બદલામાં શું મળ્યું!

**'બ્રહ્માનંદમ્ ગતો યથા'** બ્રહ્મનો આનંદ મળ્યો. લૌકિક, સાંસારિક આનંદ ક્ષણિક હોય. જયારે બ્રહ્મનો આનંદ કયારેય ખૂટે જ નહીં. એ અખંડ આનંદ છે. આપણે **'અખંડ આનંદ દેવ કી જય બોલીએ છીએ. એ શું છે? એ બ્રહ્મનો આનંદ છે. એની જય બોલવાની કે એ**

**કયારેય વિક્ષિપ્ત ન થાય, એ કયારેય ખૂટે નહીં.**

**લાગી બ્રહ્મ ખુમારી ...... ન ઉતરે**

ખુમારી કોને કહેવાય? ઓશિયાળા થઇને જીવવું છે કે ખુમારીથી જીવવું છે એવું આપણે કહીએ છીએ. લૌકિક વ્યવહારની અંદર પણ માણસ નમાલો થઇને જીવવા નહીં ઇચ્છે. ખુમારીથી જ જીવવા ઇચ્છશે.

સ્વયં સ્વરૂપની અંદર, પોતાના આત્માના આનંદની અંદર રહેવું એ છે બ્રહ્માનંદ. બ્રહ્મનું સ્વરૂપ, બ્રહ્મનો અંશ હું જ છું. બ્રહ્માનંદ એ ઉર્જા છે. એનાથી જ આખું શરીર ચાલે છે.એના વડે જ આત્માનુભૂતિ આત્માનો આનંદ, મુકિતનો આનંદ પ્રાપ્ત થાય. એને બીજા કશાયની જરૂર ના પડે. જેણે બ્રહ્માનંદનો આનંદ મેળવી લીધો. એને પછી કોઇ સંબંધની કોઇ સુખની જરૂર ના રહે. બ્રહ્માનો આનંદ જ રાતદિવસ ચડયો રહે. ઉતરે જ નહીં.

લૌકિક વ્યવહારોનો આનંદ ક્ષણિક હશે. જેમ નશો કરનાર માણસ હોય. એક રાજાને એક રાત્રે નશો કરેલો માણસ મળ્યો. એ રાજાને કહે, તમારે રાજ મહેલ વેચવો છે? કેમકે એ એની ખુમારીમાં હતો. રાજાએ એને જેલમાં પુરાવી દીધો. સવારે એને બોલાવ્યો. બોલ ભાઇ, રાજ મહેલ ખરીદવો છે? એ માણસ કહે, સાહેબ હું તો બહુ સામાન્ય માણસ છું. રાજમહેલ ખરીદવાવાળો તો જતો રહ્યો. હું તો તમારી પ્રજા તમારો દાસ છું.

**ભાંગ ખુમારી ધંતુરા પ્રભાત ઉતર જાયે**

**નામ ખુમારી નાનકા ચઢી રહે દિનરૈન**

એ જે બ્રહ્મનો આનંદ છે એની ખુમારી, એનો નશો જીવનભર રહ્યા કરે, એકવાર પ્રાપ્ત થવો જોઇએ. રમણ મહર્ષિ કહે છે કે એકવાર એ અવસ્થા પ્રાપ્ત થઇ જાય પછીથી એ કયારેય એમાંથી ભરમાતો નથી. એમાંથી બહાર પણ નથી નીકળતો. એમાં જ રહે છે.

**દંડવત્ પ્રણિપત્યાહ આનંદાશ્રુપરિપ્લુતઃ**

ગુરૂ મહારાજના પરમભકત લક્ષ્મણદાસજી મહારાજ સમર્પિત થઇને દંડવત્ કરી રહ્યા. તેમની આંખોમાંથી આંસુની ધારા વહ્યા જ કરે છે. અવિરત વહેતી રહે છે. દુઃખી નથી આનંદમાં છે, પ્રસન્ન છે પરંતુ જે બ્રહ્મનો આનંદ પ્રાપ્ત થયો છે એના કારણે અશ્રૂધારા વહી રહી છે.

આખી દુનિયા, જીવન બધામાંથી મુકત થઇ બહાર નીકળી ગયા. જય મહારાજના ચરણોની અંદર વિશ્રામ પામી ગયા. હા, થાય ને ! બહાર તાપમાંથી જઇને ઘરમાં આવ્યા હોઇએ, પંખો ચલાવીએ, ઠંડુ પાણી પીએ તો કેવી હાશ થાય! એમ જીવનના, સમગ્ર સંસારના તાપમાંથી બહાર નીકળી જય મહારાજના ચરણોમાં આવીને બેસી જઇએ તો કેવી હાશ થાય. કે પાર ઉતરી ગયા. સંસાર સાગરમાંથી પાર ઉતરી, કિનારે આવી ગયા. ગુરૂ મહારાજના ચરણોમાં હોવાથી હવે ડૂબવાનો ભય નથી. જેમ મીરાં કહે છે, **'રાંડવાનો ભય ટાળ્યો રે, મોહન પ્યારા'**

અમને જીવનમાં એક કિનારો મળી ગયો. જય મહારાજનું શરણ મળી ગયું. પાર ઉતરી ગયા. ગુરુ મહારાજનાં ચરણો એ જ કિનારો. એ મેળવીને કૃતાર્થ થયા અને આ સ્તુતિ કરીને આપણને

જય મહારાજનો સાક્ષાત્કાર કરાવ્યો.

|| જય મહારાજ ||

# પ્રકરણ – ૨૨૦

**શોભાઢયા...**

ભગવાન સદાશિવના સાનિધ્યમાં જયાં પરમ કલ્યાણ નિવાસ કરતું હોય ત્યાં જ સાચો આનંદ આવે. જય મહારાજ પરમ કલ્યાણનું સ્વરૂપ છે અને તેઓ સદાશિવ પરમ કલ્યાણના સાનિધ્યમાં બિરાજયા છે. જેણે પોતાનું નિજ સ્વરૂપ, તત્ત્વ સ્વરૂપ બ્રહ્મ સ્વરૂપ માણી લીધુ છે એ હંમેશાં પરમ કલ્યાણના સાનિધ્યમાં જ રાચ્યા કરતો હોય છે. જય મહારાજે વર્ષો સુધી વિચરણ કર્યું. આ સ્થાનને તીર્થ બનાવ્યું. પરમ કલ્યાણના સાનિધ્યમાં બિરાજવાનો આનંદ મહારાજશ્રી અનુભવી રહ્યા છે. લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજના એ આનંદને અહીં વ્યકત કર્યો છે.

આપણા પોતાનામાં જ આપણો શિવ બેઠેલો છે. આપણું કલ્યાણ આપણા પોતાનામાં જ છે જો એનું સાનિધ્ય કરીએ, અનુસંધાન કરીએ તો જરૂર આપણું કલ્યાણ થઇ શકે છે. જેમ જય મહારાજ આટલા પરમસિધ્ધ દિવ્ય ચેતનામય છે છતાંય ભગવાન સદાશિવના સાનિધ્યમાં બિરાજયા એમ આપણે પણ આપણી અંદર જે આત્મચેતના છે એનં અનસંધાન કરવાનું છે. આપણામાં

આપણું કલ્યાણ છે જ. પણ આને અને અર્ધજાગ્રત અવસ્થાની અંદર માણસ પોતાનામાં રહેલા પોતાના કલ્યાણ સ્વરૂપ શિવને ભૂલી જાય છે. જીવને શિવ થવાનું છે. આ જીવ શિવ થવા માટે જ આવ્યો છે. સદ્‌ગુરુના સાનિધ્યે જે કંઇ સત્સંગ મળે એના દ્વારા પોતાનામાં બિરાજેલા શિવની જાગૃતિ કરવાની છે. એ મહેશ છે. મહાન ઇશ્વર છે. એ મહાન ઇશ્વરના શરણમાં આપણને જે કંઇ સમય મળ્યો છે એનાથી આપણું પરમ કલ્યાણ કરવાનું છે. જેમ ભૂખ લાગે તો આપણે પોતે જ ખાવું પડે. તરસ લાગી હોય તો આપણી બદલે બીજો કોઇ પાણી પીવે તો આપણી તરસ છીપવાની નથી. એમ આપણું અનુસંધાન આપણે પોતે જ કરીશું તો આપણી ભૂખ ટળશે. કોઇક ભજન કરે અને મને સારું રહે. કોઇ જપ કરે અને હું સારો થાઉં એ શકય નથી. જે જેનું કર્તવ્ય હોય એ એણે જ કરવાનું હોય અને તો જ એનું કલ્યાણ થાય.

**જય મહારાજનું અહીં બિરાજવું એ આપણા સૌનું કલ્યાણ છે. આપણા સૌનું સૌભાગ્ય છે કે નડિયાદની અંદર જય મહારાજ આવીને બિરાજયા.** લક્ષ્મણદાસજી મહારાજે આ સ્તુતિ વડે આપણને જય મહારાજના અનેક રૂપોનાં દર્શન કરાવ્યાં છે. યોગી સ્વરૂપે પણ દર્શન કરાવ્યાં છે આત્મતત્ત્વનાં પણ દર્શન કરાવ્યાં. ભજન સ્વરૂપે પણ દર્શન કરાવ્યાં. આ બધાં વૈવિધ્ય સભર સ્વરૂપો વડે આપણે જય મહારાજને પામી શકયા. જય મહારાજનો સાચો પરિચય આટલાં વર્ષો પછી આપણને મળ્યો. જય મહારાજના માહાત્મયને આપણે પામી શકયા. આ માત્ર સત્સંગનો પ્રતાપ છે. જય મહારાજના સ્વરૂપને આ સ્તુતિની અંદર ખૂબ જ સરસ રીતે દર્શાવ્યું છે. આપણને પહેલાં સમજાતું ન'હોતું.

રોજ પાઠ કરીએ પણ જેમ પાંજરાના પોપટને જેમ બોલાવો એમ બધું બોલી જાય, પણ એને કશી સમજણ ના પડે કે હું આ શું બોલું છું? આનો અર્થ શું છે? એમ અત્યાર સુધી આપણે પણ પોપટ જેવા રહ્યા.એનો અર્થ, એનું સ્વરૂપ ના સમજાયું. એમાં આટલો આનંદ પણ ન આવ્યો. માત્ર પાઠ કર્યો.

પરંતુ આજે સત્સંગને પામ્યા અને એ સત્સંગ થકી જય મહારાજના સ્વરૂપનો આનંદ આપણને મળ્યો. તેમનાં દર્શન થયાં. સહજ રીતે આપણને દર્શન થયાં. નહીંતર કેટલાં તપ કરીએ કેટલી યાત્રાઓ કરીએ ત્યારે દર્શન થાય. જયારે આપણને તો આપણા જીવનમાં સરસ મજાનું સાહજિક સાનિધ્ય મળ્યું છે. જેને શોધવાય ના જવું પડે. માગવાય ન જવું પડે.સહજરૂપે પ્રાપ્ત થયું છે. આપણે ભાગ્યશાળી છીએ. પુણ્યશાળી છીએ, કે જય મહારાજના સાનિધ્યમાં ને આ નગરમાં જ આપણો જન્મ થયો. તો આપણે જાગ્રત બનીએ. જય મહારાજના સ્તોત્ર સુધી, નિત્ય નિયમ સુધી, એમના સત્સંગ સુધી પહોંચ્યા છીએ. આ સત્સંગ આપણા સૌ માટે ઉપકારી છે. અમૃતમય છે કે જે આપણને જાગ્રત કરે છે. જેણે જય મહારાજના સાનિધ્યમાં અમૃતતુલ્ય સ્વાદ આપી દીધો. જેણે જેણે જય મહારાજને સેવ્યા તેને તેને આ અમૃત પ્રાપ્ત થયું. જે બધાયને નથી મળતું. આ તો સત્સંગનું અમૃત છે. સ્વર્ગનું અમૃત માત્ર અમર કરાવશે, જયારે સત્સંગનું અમૃત સાચું જીવન આપશે, સાચી સમજણ આપશે, સાચી સદ્ગતિ આપશે. જય મહારાજ આપણને મળ્યા અને આપણને કૃતાર્થ કર્યા.

**કૃતાથોમ કૃતાથોમ્ કતાર્થોમ્ નશ સંરાયા**

બસ હવે મને કોઇ શંકા નથી રહી હું તો કૃતાર્થ થઇ ગયો. સહેજ પણ સંશય હવે રહ્યો નથી. કેટલી શ્રદ્ધા હશે! કેટલો અડગ વિશ્વાસ હશે ! કે હવે સહેજેય શંકા રહી નથી.

રસોઇ કરીએ ત્યારે શંકા રહી જાય કે કંઇક ઓછું પડયું હશે! વધારે પડયું હશે! કાચું રહ્યું હશે. પછી બહાર કાઢીને દાણો દાબીએ. એમ જીવનની પરિપકવતા જય મહારાજના સાનિધ્યમાં પ્રાપ્ત થઇ છે. એમાં શંકા જ ના રહે. જય મહારાજનું સાનિધ્ય એવું પરિપૂર્ણ પ્રાપ્ત થયું છે કે એમાં સહેજેય શંકા રહે નહીં. જો આટલી બધી શકિત, હિંમત, ભરોસો આપતા હોય તો આપણાથી લક્ષ્મણદાસજી મહારાજનો ઉપકાર કેવી રીતે ભૂલી શકાય?

**પ્રતિ ઉપકાર કરો કા તાંરા... સન્મુખ ભયને સકત મન મોરા.**

ભગવાન પોતે બોલ્યા છે કે કેવી રીતે બદલો વાળી શકું? થોડી લજજા પણ હોય, માથું પણ ઝુકી જાય કે સામે નજર પણ ના કરી શકીએ.

જય મહારાજનું સાનિધ્ય આપણને લક્ષ્મણદાસજી મહારાજે અપાવ્યું એ ઉપકાર કઇ રીતે ભૂલાય?

ચરણોની ઉપાસના એટલા વિશ્વાસથી થવી જોઇએ કે બસ આ જ મને તારશે.

**વિશ્વેશ પાથમ્ ગુજર્દ્ધિ નૌકા**

ગુરુ ભગવાનનાં ચરણો એ જ આ સંસાર સાગર પાર ઉતરવા માટેની મોટામાં મોટી નૌકા છે. કેવી ભકિત હશે એ! કેવી શ્રદ્ધા હશે! કે પૂર્ણ વિશ્વાસથી સમર્પિત થઇ જવાનું. પછી મનમાં

કોઇ જાતની શંકા-કુશંકા લાવવાની જ નહીં. માત્ર એક જ વિશ્વાસ કે મને મારા જય મહારાજ મળ્યા છે. મારું પરમ કલ્યાણ એમના સિવાય બીજે કયાંય છે જ નહીં.

**'ન આશ્રય અન્ય મળે જગમાં'**

બળવત્તર, શકિતશાળી ભકિત હોય ત્યારે જ આટલો બધો ભરોસો થઇ શકે. સામાન્ય માણસમાં આપણે આટલો બધો ભરોસો નથી મૂકતા. ઘરના સ્વજનો ઉપર ભરોસો મૂકીએ કેમ કે એ સ્વજન છે. પારકામાં નથી મૂકતા. અહીંયાં તો આખી જીંદગી આખા આયુષ્યનો બધો જ વિશ્વાસ જય મહારાજમાં મૂકી દીધો.

ગુરુ મહારાજનાં ચરણોમાં સમર્પિત થઇ ગયા. વિરામ પામી ગયા. બસ, હવે જીવનનું નાટક અહીંયાં જ પરિપૂર્ણ થઇ ગયું. આ જીવન નાટક છે. નાટકમાં, હસવાના, રડવાના બધા ખેલ ભજવવા પડે. પણ જય મહારાજના સાનિધ્યમાં આવી ગયા પછી એ કશુંય ના રહે. નાટક માત્ર ભુંસાઇ ગયેલા જીવનની વાસ્તવિકતાનું દર્શન કરાવે. એ છે સદ્‌ગુરુ. જેમનામાં આપણને પ્રેમ છે, વિશ્વાસ છે, ભકિત છે. **સમર્પણ સિવાય પ્રેમ, ભકિત અને વિશ્વાસ કયારેય ના જાગે.** કયાંક ને કયાંક વ્યવહારની અંદર ભેદ લાગે એટલે વિશ્વાસ ડગી જાય. શ્રદ્ધા ન રહે.

પણ અહીં લક્ષ્મણદાસજી મહારાજ કહે છે, મારા જે ગણો તે સર્વસ્વ આપ જ છો. શું બાકી રહ્યું? મારું તન, મન, ધન આપ જ છો. જુદાં કયાં રહ્યાં ? તત્ત્વમસિની વાત આવી ગઇ. પોતાના સ્વરૂપમાં જય મહારાજ બિરાજેલા છે. પોતાનાથી સહેજ પણ જુદા નથી. મારામાં જ છે. મારું સ્વરૂપ જય મહારાજનું જ છે.

આવો અડગ ભાવ બની જાય અને એ અડગ ભાવ દઢ થતાં થતાં પોતાની અલગતાને પણ ભૂલી જાય. બસ જય મહારાજ મારામાં જ બિરાજેલા છે. અદ્વૈત થઇ ગયું. પછીથી કોઇ ભેદ નહીં, વિચારભેદ નહીં, મન ભેદ નહીં, વ્યવહાર ભેદ નહીં. બધું જ સમાન, ભેદ હોય, દ્વૈત હોય તો કંઇ રાગદ્વેષ ઉત્પન્ન થાય ને!

'**દ્વંદ્વાતિતમ્**' બધા જ પ્રકારના દ્વંદ્વથી રહિત, સુખ-દુઃખ રાગ-દ્વેષ, માન-અપમાન આ બધાથી પર થઇ જાય. શત્રુ મિત્ર, વ્હાલા, દવલા બધા પ્રત્યે એક સરખી દૃષ્ટિ હોય. કોઇ ભેદ નહીં. દ્વંદ્વવાદ જ મનમાંથી નીકળી જાય.

**માનાપમાનયો સ્તુલ્યો, સ્તુલ્ય મિત્રારિપક્ષયો.**

આ બધાથી પર થઇ જાય. અદ્વૈતનું સ્વરૂપ જય મહારાજ પાસેથી મળશે. કે તું જુદો છું જ નહીં. એટલે સુધી કે તારામાં ને મારામાં ભેદ છે જ નહીં.

**વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન.**

સદગુરુ પોતાના સ્વરૂપમાં, પોતાના શિષ્યને સમાન બનાવી દે છે. સદ્‌શિષ્યને, શરણાગતને એ અદ્વૈત સુધી લઇ જાય. સમર્પણ સુધી લઇ જાય. લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજની આગળ સમર્પિત થઇ જઇ દંડવત્ પ્રણામ કર્યા. એટલે બધું જ જય મહારાજને સોંપી દીધું. કશું જ બાકી ના રહ્યું. જે છે તે બધું જ જય મહારાજનું, મારું કશું જ નહીં. હું પોતે જ જય મહારાજનો છું. પછી મારું અલગ રહ્યું જ ક્યાં? એક સંપૂર્ણ સમર્પણનો ભાવ આવી ગયો કે જે લક્ષ્મણદાસસજી મહારાજે સાનિધ્યથી, સેવાથી કેળવી જય મહરાજની આ સ્તુતિ કરીને, એમના સ્વરૂપને

ઓળખીને જય મહારાજના સ્વરૂપને આત્મસાત કર્યું.

દંડવત્ એટલે પ્રભુ, મારુ આ શરીર આ જીવન હવે આપને અર્પણ કરું છું આપને સોંપું છું. હવે હું, હું નથી હવે હું આપનો છું લક્ષ્મણદાસજી મહારાજને સેવા કરતાં એટલો બધો આનંદ પ્રાપ્ત થયો કે તેઓ પોતાના અસ્તિત્વને જ ભૂલી ગયા. સંપૂર્ણ સમર્પિત, રાત-દિવસ પોતાનું સુખ-દુઃખ, ભૂખ થાક, ઊંઘ કંઇ જ જોયું નથી માત્ર ને માત્ર સેવા બ્રહ્મનો જે આનંદ આવે એટલો આનંદ સેવામાંથી પ્રાપ્ત થયો.

જેને બ્રહ્માનંદનો આનંદ પ્રાપ્ત થાય એને શરીરના બધા જ ભાવો છૂટી જાય. એને કશુંય અનુભવાય જ નહીં એ જ રીતે જો સેવામાં તલ્લીનતા હોય તો શરીરના કોઇ પણ ભાવો વ્યકત થાય જ નહીં. સેવામાં જ એકાગ્રતા હોય, મન પરોવાયેલું હોય. જેમ બ્રહ્મની અંદર લીન થઇ ગયા હોય એમ જય મહારાજની સેવામાં સંપૂર્ણ રીતે લીન થઇ ગયા. લક્ષ્મણદાસજી મહારાજ પોતાનું ભાન ભૂલી ગયા.

મને બધું મળી ગયું. સાક્ષાત્કાર થઇ ગયો. મારા ભગવાન જ મારું સર્વસ્વ. જીવનની અંદર આવો ઊંચામાં ઊંચો ખ્યાલ દૃઢ થાય ત્યારે જ સદ્‌ગુરુની પ્રાપ્તિ થઇ શકે હું આપને શરણે આવેલો સામાન્ય માણસ છું. હવે આપ મારી ઉપર કૃપા કરો.

।। જય મહારાજ ।।

# પ્રકરણ – ૨૨૧

**એવમ્ સ્તુત્વા ગુરુર્ભકત્યા**

કોઇપણ પરિસ્થિતિમાં આનંદ અનુભવાય ત્યારે કેવી મજા પડે? જયારે પણ જીવનમાં આનંદનો માહોલ અનુભવાય ત્યારે માણસ સુખી, પ્રફુલ્લિત રહે છે. આજે ખૂબ મજા આવી. આનંદ આવ્યો. એમ કહેવાય કે શે'ર લોહી ચડ્યું.

આ બધી વ્યાવહારિક લૌકિક વાત થઇ. પરંતુ લક્ષ્મણદાસજી મહારાજને જે અનુભૂતિ થઇ, આનંદ આવ્યો એ સાંસારિક આનંદ નહોતો. કોઇ ક્ષણિક આનંદ ન હતો. એ આનંદની ચરમસીમા ખૂબ ઊંચી હોય. જયારે સાંસારિક આનંદ છેક ઊંચે સુધી લઇ જાય અને પછી છેક દરિયામાં ફેંકી દે.

લક્ષ્મણદાસજી મહારાજે અનુભવતૃપ્તિના અલૌકિક આનંદની વાત કરી. **'બ્રહ્માનંદમ્ ગત્તોયથા'** જાણે બ્રહ્મનો આનંદ પ્રાપ્ત થયો. માત્ર સદ્‌ગુરુના સાનિધ્યમાં સદ્‌ગુરુની સેવા થકી જ આટલો બધો આનંદ મળે. બ્રહ્મ આનંદ બિલકુલ નિર્દોષ હોય. નિખાલસ હોય. નિર્વ્યાજ હોય. માત્ર આનંદ જ આનંદ. કોઇ અપેક્ષા ન હોય. કોઇપણ જાતની ઇચ્છા આવે જ નહીં. વાસનાને

પણ નહીં. જેને સાત્વિક આનંદ કહેવાય. ભજનાનંદ કહેવાય.

વિરામ પામી જવું એટલે સંપૂર્ણ શાંત થઇ જવું. શરીર ઇન્દ્રિયો, મનની કોઇપણ વૃત્તિ કે હાલચાલ નહીં. માત્ર સ્થિરતા. જય મહારાજની સ્તુતિ-પ્રાર્થનામાં જ આટલો બધો આનંદ મળે. અને જો સ્તુતિ વડે આપણે પોતે જ આટલા રાજી થઇએ અને એટલો જ રાજીપો જય મહારાજનો મળે પછી જીવનમાં કોઇ ખાલીપો રહે ખરો? ખાલીપાની અનુભૂતિ ત્યારે થાય જયારે માણસ થાકી જાય, કંટાળી જાય, ત્રાસી જાય. પણ જય મહારાજનું સાનિધ્ય એવું મળ્યું કે એમ ને એમ બેસી રહ્યા હોય તો પણ સહેજ પણ ખાલીપો ના લાગે, સન્મુખ બેઠા હોઇએ, જય મહારાજનાં દર્શન થતાં હોય, સેવા થતી હોય, એવા વાતાવરણનો સ્પર્શ થતો હોય તો ખાલીપો કયાં? અહીં તો પ્રવૃત્તિ કર્યા સિવાયનો આનંદ મળે. બાકી આનંદ મેળવવા માટે તો પ્રવૃત્તિ કરવી પડે. જેને આપણે activity કહીએ છીએ. કોઇપણ પ્રવૃત્તિ કર્યા સિવાયનો આનંદ એટલે બ્રહ્માનંદ. જયાં કોઇ ખલેલ, વિક્ષેપ ના હોય એવી ઊંચી અવસ્થા. જેને અનાહત કહેવાય. કોઇપણ જાતના અવાજ વગર, કોઇપણ જાતના ઘર્ષણ વગર જે આનંદ થાય એને કહેવાય અનાહત અને એ અનાહત, એટલે બ્રહ્માનંદ.

જેમ લાડુ બનાવ્યો હોય, શીરો બનાવ્યો હોય, શ્રીખંડ હોય તો બહુ ભાવે, સરસ લાગે પણ એ તો ૩-૪ વસ્તુ ભેગી કરી હોય ત્યારે ભાવે. જયારે ખાટું કે ગોળની જે સીધી જ મીઠાશ છે એને કહેવાય બ્રહ્માનંદ. શુદ્ધ આનંદ એમાં કોઇ ભેળસેળ નહીં.

જય મહારાજની આગળ શાંત થઇ ગયા, પણ પોતાની

ઉસ્થિતિની જ અનુભૂતિ હું અનુભવી રહ્યો છું. એ પોતાના સ્વરૂપમાં આનંદનો જ અનુભવ કરે. સહજ સ્વરૂપ હોય. માત્ર વાણીથી નહીં મનથી પણ ચૂપ થઇ જાય. મનમાં કોઇ વિચાર નહીં, કોઇ શંકા નહીં, સંકલ્પ નહી, વિકલ્પ નહીં. માત્રને માત્ર પોતાના આત્માની અનુભૂતિનો આનંદ અથવા તો પોતે જે કંઇ સેવા કરી છે, જે સ્તુતિ કરી છે એની અંદર જ વિરામ પામી જાય. બીજું કંઇ જ વિચારે નહીં સૂઝે જ નહીં.

સેવા કરે એને બ્રહ્મજ્ઞાન મેળવવાની જરૂર રહેતી નથી. માત્ર સેવા કરો, નિર્વ્યાજ સેવા કરો, એમાં જ આનંદ આવ્યા કરે. 'કેટલી સરસ સેવા થઇ!' વર્ષો સુધી એનો આનંદ આવ્યા કરે. એમાં મને શું મળ્યું એવું ન હોય. નોકરી કરવા જાવ એ સેવા ખરી પણ પગાર વધારો જ ના મળે તો! આને નોકરી કહેવાય, service સેવાના બદલામાં કોઇ આશા ના હોય. ઘરમાંય તમે જુઓ તો એકબીજા જોડે કંઇ ને કંઇ આશા હોય. કે છોકરા મોટા થશે તો આમ કરશે ને તેમ કરશે. આશાઓ હોય પણ સેવાના આનંદની કોઇ કિંમત જ ના હોય. એ તો અમૂલ્ય હોય, માટે એને બ્રહ્મનો આનંદ કહેવામાં આવે છે.

બ્રહ્મનો આનંદ તો એવો અમૂલ્ય હોય કે જે કયારેય જીવનમાં ના જોયો હોય. કે આવો આનંદ કયાંય હોતો હશે? એવો આનંદ કે જયાં મર્યાદાઓ ના હોય. કેટલાક આનંદમાં તો મર્યાદાઓ રાખવી પડે. પણ બ્રહ્મના આનંદમાં કોઇ કરતાં કોઇ બંધન નહીં, મર્યાદા નહીં.

જે આ અવસ્થાએ પહોંચેલો હોય એ ત્રણ ગુણથી પર

હોય. **ત્રિગુણાતિત સર્વથી ન્યારો.** એ અવસ્થા ને કોઇ વિધિનિષેધ ના લાગુ પડે કે આ થાય ને આ ન થાય. જે થાય એ સહજતાથી થતું હોય એ સ્થિતિને બ્રાહ્મી સ્થિતિ કહેવાય.

લક્ષ્મણદાસજી મહારાજને જય મહારાજના સાનિધ્યમાં-સેવામાં બ્રહ્માનંદ પ્રાપ્ત થયો. એ આનંદ પ્રાપ્ત થયો કે જેની કોઇ અવધિ નહીં. એનું કોઇ પ્રમાણ કે પરિણામ નહીં. લક્ષ્મણદાસજી મહારાજે ખૂબ ઊંચામાં ઊંચી અનુભૂતિ ગુરુ ભગવાનના સાનિધ્યમાં કરી. તેમણે પોતે પોતાનું સર્વસ્વ જય મહારાજને સમર્પિત કરીને પોતાના અસ્તિત્વને પણ જય મહારાજમાં સમાવી દીધું. જય મહારાજના સ્મરણમાં, સેવામાં સાનિધ્યમાં પછી બાકી શું રહ્યું? માણસને પોતાનો સ્વાર્થ હોય તો પોતાનું અલગ અસ્તિત્વ રહે પણ અહીં તો અલગ અસ્તિત્વ રાખીને પણ કરવાનું શું? જેમ મીરાં, નરસિંહ મહેતા ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત થઇ ગયા. ચૈતન્ય મહાપ્રભુ સપર્પિત થઇ ગયા એમને કોઇ સ્વાર્થ નહીં. માત્ર ભગવદ્ પ્રેમનો જ આનંદ. બ્રહ્માનંદ.

આવો આનંદ લક્ષ્મણદાસજી મહારાજે અનુભવ્યો. આવો આનંદ આપણે પણ મેળવવો હોય તો શું કરવાનું? જે કંઇ પણ પ્રવૃત્તિ કરો, કલેશ વગર કરો. ભલે પરિવાર મોરો, પણ પરિવાર પણ આપણો નથી. પરિવારની અંદર પણ રહ્યા રહ્યા આપણાથી થાય એટલી સેવા અને સ્મરણ કર્યા કરવું. આપણે એવા કેટલાય જણ જોયા છે એમને પોતાને પણ સંતોષ થાય કે ભજન પણ કરે અને પોતાના પરિવારની સેવા મનમાં રાગ, દ્વેષ, કલેશ રાખ્યા વગર કરે. સ્વભાવ પણ સાત્વિક ને નિર્દોષ હોય, પરિવારમાં કોઇની સાથે ઊંચા સાદે પણ વાત ન કરતા હોય. સંસારિક

અવસ્થાની અંદર પણ આનંદ મેળવવો હોય તો આ પ્રમાણે કરવું પડે. બધાથી ઉપર ઉઠી જવું પડે. પછી તો કુટુંબીજનો પણ ટેવાઇ જશે એકવાર અઘરું પડે પણ પછી ટવાઇ જશો.

આપણે એકવાર નિયમ લીધેલો કે જમતી વખતે મૌન રહેવું. થોડા દિવસો કષ્ટ પડયું પણ પછી રસોઇઓ પણ ટેવાઇ ગયો. ૩-૪ વર્ષ આપણે જમતી વખતે મૌન રાખેલું. પછી સામેથી જ સહકાર મળતો ગયો. બધાયને અભ્યાસ થઇ ગયો. પરિવારમાં પણ ના થઇ શકે એવું નથી. થઇ શકે, શકય છે. આપણે પોતાએ જે કંઇ સેવા જે કંઇ પ્રવૃત્તિ હોય એમાં સ્થિરતા, ગંભીરતા કેળવી લેવાની સામો માણસ પોતાની જરૂરિયાત પૂરી થાય પછી કશુંય નહીં બોલે. નહીં તો **જો આપણે પોતે જ આપણા પોતાનાં સ્વભાવમાં પરિવર્તન ના કરી શકીએ તો સુખ શાંતિ કે આનંદ જીવનમાં કયારેય નહીં મળે.** પ્રતિકુળતા પણ આપોઆપ પાછળ જતી રહેશે. નદીમાં નાવને ચલાવવી હોય તો હલેસાથી મહેનત તો કરવી જ પડે. પાણીને પાછળ ધકેલીએ એટલે એ પાછળ જતું રહેશે. અને ગતિ આગળ થઇ જશે. પ્રતિકૂળતા પાછળ જતી રહેશે. આપણી ગતિને સાનુકૂળતાથી દિશા મળી જશે.

**'વિરરામ ગુરોરગ્રે'** સંપૂર્ણ વિરામ પામી જવું, મારું સર્વસ્વ અહીંયાં જ છે. હવે બીજું કશું જ નથી એમ કરીને પોતાની જાતને ત્યાં ને ત્યાં જ સ્થિર કરીને સમાવી છે. ગુરુ મહારાજની વર્ષો સુધી સેવા કરી. કંટાળો નહીં આવ્યો હોય? આપણા પોતાના ઘરમાં સેવા કરી હોય તોય કંટાળી જતા હોય છે. થાકી જતા હોય છે. બળાપો કાઢે. પોતાના પરવિાર માટે મનમાં આટલી સ્થિરતા ના

રહેતી હોય તો આ તો સંતોની સેવા છે. સંતોની સેવામાં તો કયાંક આકરી કસોટી પણ થઇ જાય ગમે તે થઇ જાય. માર પણ ખાવો પડે. અપમાન પણ સહન કરવું પડે. બધી જ પરિસ્થિતિઓ સહન કરીને એમાંથી પાર ઉતરવું પડે.

**ગિરભીણે ગુરુણામય પરુ સાક્ષરાભિ**

**તિરસ્કારાયન્તિ નરામહત્વમ**

ગુરુજનોનાં સાનિધ્યમાં સેવા કરતાં કરતાં ભયંકરમાં ભયંકર તિરસ્કૃત પણ થવુ પડે. કઠોરમાં કઠોર વચનો પણ સાંભળવા પડે. તમને ઠપકો આપે, ઉતારી પાડે પણ સેવામાં જરાય તિરાડ ના હોય.

|| જય મહારાજ ||

## પ્રકરણ – ૨૨૨

**એવમં સ્તુત્વા ગુરર્ ભકત્યા લક્ષ્મણ પ્રીતમાનસઃ**

**વિરરામ ગુરોરગ્રે બ્રહ્માનંદમ્ ગતોયથા**

કેટલો પ્રેમ, કેટલો આનંદ થયો હશે કે આ સ્તુતિનો ભાવ જાગ્યો હશે. તે લૌકિક સમજથી પર બાબત છે. કારણ કે આ તો ગુરુ ઉપાસના છે, ગુરૂ ભકિત છે. અને એમાં એટલો ભાવ છે કે એમાં પોતે જ એટલો પ્રેમ સંપાદન કરી લીધો કે લક્ષ્મણદાસજી મહારાજ પોતે જ પોતાની જાતને નિયંત્રણમાં રાખી શકયા નથી.

વિરરામ ગુરોરગ્રે, પોતે પોતાની જાતને સંભાળી ના શકયા. આમ જોવા જઇએ તો સાચી વાત છે કે માણસ પોતે જ પોતાની જાતને સંયમમાં રાખી શકતો નથી. ક્રોધમાં, લોભમાં, વિકૃતિમાં, વાસનામાં, સંયમ ગુમાવી બેસે છે. એમાંથી એને કોણ બહાર કાઢે ? કોણ એને નિયંત્રણમાં લાવે ?

ગુરુ મહારાજ મળે તો આ બધી જ ઉપાધિમાંથી મુકિત મળી જાય. નિરાંત થઇ જાય કે આપણામાં જે કંઇ આવેગો, આવશો, વિકૃતિઓ છે એની ઉપર નિયંત્રણ કરવાવાળા એક સાચા માર્ગદર્શક, સદ્ગુરુ પ્રાપ્ત થઇ ગયા **'વિરરામગુરુર અત્રે'** સંતોષપૂર્વક

પોતાની જાતને જય મહારાજનાં ચરણોમાં સમર્પિત કરી દીધી.

ચરણોમાં સમર્પિત એટલે 'દંડવક પરિપ્રાસેન' જયારે પ્રણામ કરીએ, માથું મૂકી દઇએ ગુરુના ચરણમા એટલે શું બાકી રહ્યું? જય મહારાજના ચરણમાં માથું મૂકી દીધું એટલે શરીરનો મોટો ભાગ તો આવી જ ગયો. મગજ, આંખ, નાક, કાન મોઢું પાંચેય ઇન્દ્રિયો આવી ગઇ. ચરણમાં માથું મૂકવાનો ભાવ શું છે? ચરણમાં માથું મુકયું એટલે બધી જ ઇન્દ્રિયો જય મહારાજના ચરણમાં સોંપી દીધી. પછી આખુ શરીર ગમે ત્યાં ગયું પણ જયાં સદ્‌ગુરુ ભગવાનના ચરણમાં માથું અર્પણ કરી દીધું એટલે સર્વસ્વ અર્પણ કરી દીધું. સમર્પિત થઇ જવાનું પ્રતિક એટલે માથું અર્પણ કરી દેવું.

વિરરામ ગુરોરગ્રે કહીને લક્ષ્મણદાસજી મહારાજે પોતાના જીવનનું સર્વસ્વ જય મહારાજના ચરણે સમર્પિત કરી દીધું. જયાં શરીરની પાંચેય ઇન્દ્રિયો સોંપી દીધી પછી બાકીના શરીરની એટલી કિંમત નથી.

**દંડવત્‌પ્રણિપત્યાહ આનંદાશ્રુપરિપ્લુતઃ**

આર્ત થઇને દંડવત કર્યા, સૂકા સૂકા નહીં. કોરી રોટલી ખાવાની હોય તો ગમે ખરી? ઘી વગરની ખીચડી ગમે? શુષ્ક લાગે, એમ જીવનમાં પણ સ્નેહ, પ્રેમની આવશ્યકતા છે. આનંદાશ્રુ પરિપ્લુતઃ પ્રેમ અને આનંદની આર્દતા આવી ગઇ. એક વાત હંમેશાં યાદ રાખજો. ભલે દુનિયામાં કોરા રહીએ પણ ભગવાનના આગણે, ગુરુ ભગવાનના દ્વારે તો પલળતા જ રહેવું. જયાં પ્રેમ હોય ત્યાં જ પલળી શકાય. અહીં ભગવાનના ગુરુ મહારાજના પ્રેમમાં પલળવાનું છે. જેને તરબોળ કહેવાય. આંબળું

કે કાચી કેરી ખાટી લાગે પણ એને ચાસણીમાં બોળી હોય, સતત એમાં રાખી હોય તો એ પણ મધુર થઇ જાય. એમ ભગવદ્‌પ્રેમની અંદર વૃત્તિઓ ડૂબાડી દીધી હોય તો એ તરબોળ થતાં જ મધુર થઇ જવાની. જીવનમાં ભકિત અને સમર્પણની મુધરતાનો પણ એક આનંદ છે.

આનંદાશ્રુ હર્ષનાં આંસુ છે. દુઃખનાં આંસુ બધા પાસે હોય પણ આનંદનાં આંસુ બધા પાસે ના હોય. ચૈતન્ય મહાપ્રભુ 'હરિ બોલ, હરિ બોલાં કરતાં કરતાં કીર્તન કરતા હોય અને આંખમાંથી અશ્રુધારાઓ વહેતી હોય, જેને આનંદશ્રુ કહેવાય. જેણે આવા આનંદાશ્રુની અનુભૂતિ કરી છે એને સમર્પિત થતાં કેટલી વાર લાગે? જયાં દુઃખનાં આંસુ હોય તો ત્યાં કોઇ આશ્વાસન આપવા-વાળું મળે તો આપણને એના તરફ ઘણી લાગણી ઉત્પન્ન થાય. પણ આનંદના અશ્રુ આવતાં હોય, એની અનુભીૂત થતી હોય તો સમર્પિત થવાની કેવી ઇચ્છા જાગે! દુઃખમાં સહાનુભૂતિ મળે તો તરત માણસને થાય કે બહું સારું થયું કે તમે મને મળ્યા. તો આનંદનાં આંસુ આવતાં હોય અને ગુરુ મહારાજના ચરણોમાં સમર્પિત થઇ જઇએ તો એ સમર્પણ કેવું સરસ લાગે! પોતાને ભગવાનની પાસેથી, ગુરુ મહારાજની પાસેથી પ્રેમ મળ્યા જ કરે છે. પ્રેમના કારણે આપોઆપ સમર્પિત થઇ જવાય. દંડવત્ થઇ ગયા પછી કંઇ જ બાકી રહે નહીં.

**માથું તારે ખોળે મૂકયું રે શામળિયા**
**જીવાડે તું તો જ જીવવાનું, કે મરવાનું...**
**માથું તારે ખોળે મૂકયું.'**

કેટલો વિશ્વાસ હશે ! આંધળો વિશ્વાસ કે ભગવાન તો કશું ખોટું કરવાના નથી. ગુરુ મહારાજ તો કલ્યાણ જ કરશે. એવા સદ્‌ભાવ સાથે લક્ષ્મણદાસજી મહારાજ ગુરુ મહારાજના સાનિધ્યમાં વિરામ પામી ગયા, એમાં ભલે બ્રહ્મજ્ઞાન નથી, બ્રહ્મવિદ્યા નથી. માત્ર સદ્‌ગુરુ ભગવાનની સેવા જ છે. પરંતુ જેટલો બ્રહ્મનો આનંદ, બ્રહ્માનુભૂતિ પણ એટલી જ. એથી સહેજ પણ ઉતરતી નહીં. સદ્‌ગુરુ કૃપા કરે તો સર્વસ્વ આપી દે. પોતાના સમાન બનાવી દે. સંત પોતાનું જ પદ આપી દે. એને પોતાને પણ અનુભવ થાય કે ગુરુ મહારાજે મને આટલું સરસ આપ્યું. જેને પૂર્ણપદ, આત્મપદ, બ્રહ્મપદ કહેવાય. એ બ્રહ્મના આનંદ સુધી પહોંચાડે, ભલેને એની પાસે કંઇ ના હોય!

લક્ષ્મણદાસજી મહારાજે માત્ર સેવાથી જ જય મહારાજને પ્રસન્ન કરી દીધા. બદલામાં બ્રહ્માનંદ મળ્યો. બાકી બ્રહ્મસુત્ર ભણીએ, બીજા ઘણા ગ્રંથો ભણીએ ત્યારે માંડ માંડ બ્રહ્મની અનુભૂતિ થાય. ભણી શકાય, પંડિતાઇ પણ આવે પણ ગુરુત્વ ન આવે. એ તો ગુરુ મહારાજની કૃપા હોય, તો પ્રસાદી સ્વરૂપે બ્રહ્માનંદ સહજરૂપે પ્રાપ્ત થઇ જાય. જેમ પ્રસાદ વહેંચાતો હોય અને હાથ ધરીએ એટલે મળે જ. પ્રસાદ ઉપર બધાનો હક હોય છે.

ગુરુ મહારાજની સેવા અને સાનિધ્યમાં એટલી બધી પ્રસન્નતા હોય, એટલી બધી પ્રસન્તા હોય કે સેવા કરતાં કરતાં આંખમાં અશ્રુ હોય, એ સેવાનાં અશ્રુ એટલે બ્રહ્માનંદ. જય મહારાજની સેવા વડે લક્ષ્મણદાસજી મહારાજને બ્રહ્મના આનંદમાં પ્રવેશ મળી ગયો હવે બીજું શું જોઇએ?

**જેને સુખસાગર સદ્‌ગુરુ મળિયા**

**તેના ચરણ સેવ્યાના ફેરા ફળિયા.**

બ્રહ્મના આનંદનું વર્ણન કેવી રીતે કરી શકાય? તેમાં શરીરસુખ ના હોય, એમાંથી લૌકિક, વ્યવહારિક આનંદો ના મળે. સાંસારિક કોઇપણ આનંદ, ભોગ ક્ષણિક હશે. સારી નોકરી મળી. એમાં બઢતી મળી, પગાર વધી ગયો, પેંડા વહેચ્યા, આનંદ થાયે પણ જવાબદારી વધી ગઇ. એનો દુઃખાવો થાય ને! તો દુનિયાના લૌકિક, વ્યવહારિક આનંદો ક્ષણિક હોય છે પણ બ્રહ્માનુભૂતિનો આનંદ એ સર્વોપરી સર્વશ્રેષ્ઠ અને હંમેશના માટેનો છે. જે બ્રહ્મ્‌ના આનંદનો હંમેશને માટે અધિારી બની જાય એને બીજું શું જોઇએ? ગુરુ મહારાજનું સાનિધ્ય કેવા ઊંચા પ્રકારનું હોય! બ્રહ્મસુખની સામે દુનિયાના બધા જ સુખો ફિકકા, તેજહીન, રસહીન લાગે. બ્રહ્મસુખની સાથે તે કોઇ વિસાતમાં ના હોય. નજીક જ ના આવી શકે એનું બ્રહ્મસુખ એ સૂર્યપ્રકાશ છે. દુન્યવી સંસારસુખ એ રાત્રિનો અંધકાર છે. જયાં બ્રહ્મનો-પ્રકાશનો ઉદય થાય ત્યાં સાંસારિક સુખોને ભાગી જવું પડે.

**જાસુ વચન રવિ કર નિકર.**

જેના વચનમાં સૂર્યનો પ્રકાશ છે. અડધી રાતે ભયંકર રાતના અંધકારમાં પણ ગુરુ મહારાજના વચનનો સૂર્યપ્રકાશ ઝગમગતો હોય. પાપનું અંધારુ એને સ્પર્શ પણ ના કરી શકે. ગુરુ મહારાજ એવા શકિતશાળી હોય, શિષ્ય પણ એવો સુપાત્ર હોય કે એને માત્ર સેવાના પરિણામમાં આટલું બધું મળી જાય! કેટલું તપ કરે, કેટલી ઉપાસના કરે ત્યારે બ્રહ્મ્‌તત્ત્વની પ્રાપ્તિ થાય, જયારે

અહીં માત્ર સેવાના બદલામાં જ મળે.

બ્રહ્મસુખની અવસ્થા પ્રાપ્ત કરી, માત્ર અને માત્ર ગુરુ મહારાજની સેવા કરીને. બીજું કશુંય નહીં, પંડિતાઇ પણ નહીં, કોઇ વિદ્વતા પણ નહીં. માત્ર અને માત્ર નિખાલસ અને નિવ્યાર્જ ભાવથી ગુરુ ભગવાનની સેવા, આટલા ઊંચા સ્થાન, આવી ઊંચી અવસ્થા સુધી લઇ જઇ શકે છે. પણ એમાં સહેજ લોભ, લાલચ ન હોવી જોઇએ. સેવાકાર્ય કરવાવાળાને એમ થાય કે કોઇ મારો ખભો થાબડે કે તમે બહુ સારું કામ કર્યું તો એ પણ એક લાલચ છે. એને તો સારું કામ કર્યુ એમ કોઇના મોંઢે સાંભળવાની પણ ઇચ્છા ના હોય.

એ જ કહેવાય નિર્વ્યાજ સેવા. પછી એમ ના હોય કે જોને આટલું કરું છું પણ છે કોઇને મારી કદર? એવી કદરની અપેક્ષા પણ નહીં. કંઇ જ નથી જોઇતું. એક આપનું સાનિધ્ય મળશે, દર્શન મળશે, સેવા મળશે એ જ મારે બહુ છુ. બીજો કોઇ પણ સ્વાર્થ નહીં. આવી નિર્વ્યાજ સેવાની કિંમત કેટલી હોય? ‘‘અમૂલ્ય’’. એની કોઇ કિંમત ના હોય. એટલે જ કહીએ છીએ ને કે જોને, મારી કોઇ કિંમત પણ નથી કરતું. બે સારા શબ્દો સાંભળવાની પણ લાલચ નહીં. સેવામાં કયાંય લોભ-લાલચ ના હોય. માત્ર ને માત્ર સેવામાં જ મન તરબોળ થઇ ગયું હોય.

લક્ષ્મણદાસજી મહારાજની આ અવસ્થા હતી. ગુરુ મહારાજનું સાનિધ્ય એમનો સાક્ષાત્કાર અને એ જ અનુભૂતિ, ગુરુ મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે બહુ સાધનની જરૂર નથી પડતી. માત્ર સેવા જ પૂરતી છે. સદ્ગુરુ પણ એવી ઊંચી અવસ્થાવાળા હોય

ત્યારે એમની પાસેથી કંઇક આવું ઊંચું સ્થાન મળે, જ્ઞાન મળે, એ અવસ્થા પ્રાપ્ત થાય. લક્ષ્મણદાસજી મહારાજને ભકિતની ઉપાસનામાં જ એમના જીવનનું સાફલ્ય પ્રાપ્ત થઇ ગયું.

|| જય મહારાજ ||

# પ્રકરણ - ૨૨૩

જય મહારાજનું શરણ એ બ્રહ્મા નંદ પદ સમાન છે. બ્રહ્મપદ એ સમગ્ર સૃષ્ટિની અંદર સર્વોચ્ચ પદ છે. જીવનમાં જે સર્વોત્તમ સર્વોચ્ચ આનંદ ગણાય એ આનંદ લક્ષ્મણદાસજી મહારાજને જય મહારાજની માત્ર કૃપાથી જ, સેવાથી જ સહજમાં પ્રાપ્ત થઇ ગયો.

બ્રહ્માનુભૂતિ થાય એ સેવાનો આનંદ કેવો આશ્ચર્યકારક હશે! એ સેવામાં કેવી નિખાલસતા હશે! કેવી નિસ્પૃહતા હશે! અને આ નિખાલસતા, નિસ્પૃહતા હોય તો જ સેવાનો પરિપૂર્ણ આનંદ અનુભવાય. એમાં સહેજ અમથી પણ સ્વાર્થની ગંધ હોય તો એનો પરિપૂર્ણ, ઉત્કૃષ્ટ આનંદ પ્રાપ્ત નહીં થાય. આટલી બધી સેવા કરી અને એમાંથી કશું જ મળ્યું નહીં! આ તો હિસાબ થયો. અને હિસાબ તો વ્યવહારમાં થાય, વેપારમાં થાય. ભગવદ્ભકિતમાં, પ્રેમમાં હિસાબ ના હોય, માત્ર સમર્પણ હોય.

### દંડવત્ પરિપ્રત્યાહ

દંડવત્ ભાવથી પરિપૂર્ણ રીતે સમર્પિત થઇને બોલ્યા કે પ્રભુ, આપના શરણે, આપના સાનિધ્યે મને શું નથી આપ્યું?

આપની સેવાએ મને કૃતકૃત્ય કરી દીધો. બસ! આપની પાસેથી હવે મને કશું જ નથી જોઇતું. જો આપવું જ હોય તો આટલું જ આપજો. એમ કહી ચાર-પાંચ વસ્તુઓ માગી લીધી છે.

**યદિ પ્રસન્નો યોગીશ**

લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું, જો અમારી પર પૂર્ણ રીતે રાજી હો તો, પ્રેમ હોય તો

**યદિ દેયો વરો મમ**

જો આપને પ્રસન્ન થઇને વરદાન આપવાની ઇચ્છા હોય તો શું આપશો? માગણી સામે આવીને ઊભી રહી. પણ અહીં એમણે શું માગ્યું?

**ત્વદંઘ્રિ કમલે નિત્યં ભકિતઃ સ્યાન્મે ભવેભવે**

જન્મોજન્મ મને આપના શરણોની સેવા ભકિત જ આપજો, બીજું કશું નહીં. સેવાથી પ્રસન્ન થયા અને માગી સેવા જ. જેનાથી રાજી થયા છો એ જ વધારે આપજો, બીજું કંઇ જ નથી જોઇતું. બીજો કોઇ લોભ નહીં લક્ષ્મણદાસજી મહારાજે કેટલી નિખાલસતાથી, નિર્દોષતાથી શરૂઆત કરી. 'યદિ પ્રસન્નો..'

બાપજી, આપ જો રાજીખુશી હો અને કંઇક આપવા માગતા હોય, તો એટલું જ આપજો કે આપના આ ચરણોની ભકિત મને ભવોભવ મળી રહે.

જય મહારાજે જયારે સમાધિ લીધી ત્યારે બધા સંતો, ભકતો પુંજાભાઇ પણ ત્યાં ઉપસ્થિત હતા. જય મહારાજે

સમાધિમાં જતા પહેલાં પૂજાભાઇને કહ્યું કે 'માગી લો તમે ખૂબ સેવા કરી છે.' પૂજાભાઇએ કહ્યું, બાપજી અમારે શું જોઇએ? ફરી વાર કહ્યું, કંઇક માગો, પૂજાભાઇ ગૃહસ્થી હતા, પરિવાર પણ હતો. માગવું હોત તો કયા બધું માગી શકતા હોત. જય મહારાજે ત્રીજીવાર કહ્યું કે માગો, તમારી સેવાથી મને પૂર્ણ સંતોષ થયો છે.

પૂજાભાઇએ ૨૭ વર્ષ સુધી જય મહારાજની અખંડ એકધારી સેવા કરી છે. એકધારી પ્રસન્નતાથી પૂજાભાઇએ કહ્યું, 'બાપજી આપ આટલો બધો આગ્રહ કરો છો તો બીજું તો શું માંગું? પણ આપ એટલું આપો કે મહારાજની વૃદ્ધિ થાય.'

કહો જોઇએ ! ગૃહસ્થી હતા. ઘણું બધું માંગી શકત પણ આટલું જ માગ્યું. આજે અત્યારે આપણે જે બેઠા છીએ, જે કંઇ સત્સંગ કરીએ છીએ, જે કંઇ સુવિધાઓ છે એ પૂજાભાઇની શ્રદ્ધા, ભકિત છે. એમનો ત્યાગ, એમનું સમર્પણ છે કે એમણે માગ્યું કે મહારાજની બધા જ પ્રકારે વૃદ્ધિ થાય, ભલે લૌકિક વૈભવો હોય પણ એની સાથે સત્સંગની પણ ખૂબ આવશ્યકતા છે. **સત્સંગ સિવાય સદ્‌બુદ્ધિ આવી શકતી નથી. અને સદ્‌બુદ્ધિ સિવાય વૈભવ પચી શકતો નથી** વૈભવ મળે તો ઓકાઇ નાખે. જીરવાય નહીં. માણસ એને સહન ના કરી શકે. પણ પૂજાભાઇનો ત્યાગ અને સમર્પણ જૂઓ. ૩-૩ વખત જય મહારાજે કહ્યું કે, પૂજાભાઇ, કંઇક માગી લ્યો, હવે છેલ્લો સમય છે.એમણે જય મહારાજના ચરણોમાં માથું મૂકીને એટલું જ કહ્યું કે, બસ જય મહારાજની વૃદ્ધિ થાય.

**આજે જોઇએ છીએ, સમગ્ર રાષ્ટ્રની અંદર એની સુવાસ છે. દરેકના મનની અંદર જય મહારાજનું સ્થાન છે. મોરારીબાપુ જેવા**

**વકતાઓ દેશ-વિદેશમાં કથા કરે ત્યારે એકવાર તો જય મહારાજને યાદ કરે જ. ડોંગરેજી મહારાજ જેવા સંતે કહ્યું છે કે આ તો મારું ગુરુસ્થાન છે! આ શું છે? પૂજાભાઇનો ત્યાગ અને એમણે માંગેલું વચન છે. શકિત જય મહારાજની છે પણ વચન કોણે માગ્યું? પૂજાભાઇએ.**

**લક્ષ્મણદાસજી મહારાજ અને પૂજાભાઇના તો આ તીર્થ ઉપર એટલા બધા ઉપકાર છે કે આપણે આટલા બધા ભેગા મળીને પણ એનો બદલો ના વાળી શકીએ. આ બંનેનું ઋણ ના ચૂકવી શકાય. જયાં સુધી આ તીર્થ રહેશે ત્યાં સુધી એ ઋણ રહેશે. આ જ બે વિભૂતિઓ છે કે જેઓ મહારાજશ્રીને અહીં સુધી લઇ આવ્યા અને જય મહારાજની સેવામાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દીધું. આ ખેતર, આ જમીન, જય મહારાજ આપનું જ છે. આટલો મોટો ત્યાગ, ભકિત છતાંય કાંઇ ના માગ્યું.**

લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજની સમાધિ પછી બધી પરંપરાઓ ગોઠવી, વ્યવહારો-નિયમો ગોઠવ્યા, એનાથી આજ સુધી સુંદર રીતે વ્યવસ્થા ચાલ્યા કરે છે. આ છે નિસ્પૃહ સેવા.

આપના ચરણકમળમાં અમારી ભકિત સદાય બની રહે કોઇ દિવસ ઘટે નહીં.

લક્ષ્મણદાસજી મહારાજના આ ભકિતભાવથી જય મહારાજ બંધાયા. મહારાજશ્રીને તો અહીંથી આગળ વિચરણમાં જવું હતું. પણ પૂજાભાઇએ રોકયા કે 'બાપજી, અમને છોડીને આપ જશો તો અમારું શું થશે? અમને છોડીને ના જશો.' પછી કહ્યું, આપ તો સંત છો! આપને કોઇ બંધન ના હોય. છતાંય જો

આપની ઇચ્છા હોય તો આપના ચરણ મારી છાતી પર સ્પર્શ કરીને આપ સિધાવો. આવી ભકિત જોઇને જય મહારાજ પંચોત્તરીયા વડથી પાછા વળ્યા કે આને શું કહેવું મારે? એ ભકિત ભલે ગાંડી હોય, ભલે સંતો તો વિચરતા ભલા, છતાંય પૂજાભાઇ જય મહારાજને પાછા લઇ આવ્યા.

આપની ભકિત મને ભવોભવ મળ્યા કરે. જય મહારાજને પણ એમ થાય કે એમણે આટલું જ માગ્યું? બીજું કંઇ ના માગ્યું? અહીં જય મહારાજે પણ દિલ ભરીને આપ્યું છે. પાછું વળીને નથી જોયું.

**'મુજ જીવનની આ ધન્ય પળો, પામ્યો છું પ્રેમ પ્રસાદ ઘણો.'**

પ્રેમનો પ્રસાદ મળ્યો છે. કોઇ ચીજવસ્તુનો નહિ. જય મહારાજના પ્રેમનો પ્રસાદ પૂજાભાઇને પણ મળ્યો. જય મહારાજનો અહર્નિશ પ્રેમ મળ્યા જ કરે. આપણને બધાને પણ એ પ્રેમની અંદર એટલા તરબોળ કરી દે કે આપણું જીવન કયારેય નિરસ બને જ નહીં. સમય થયો કે ચાલો જય મહારાજ પાસે. આ ભાવ હૃદયમાં બની રહે અને સમયનો પૂરેપૂરો ઉપયોગ થાય. જય મહારાજનું સાનિધ્ય મળે અને એક નાતો બંધાઇ ગયો. મંદિર ન આવીએ, નિત્ય-નિયમ ન થાય તો ચેન ના પડે. સત્સંગ ચૂકાઇ ગયો હોય તો એમ થાય કે આજે કંઇક રહી ગયું. આ ભકિત સતત બની રહે અને એ નિષ્ઠા હૃદયની અંદર એટલી દૃઢ બની જાય કે આપણા જીવનમાં જય મહારાજ વગર ચાલે જ નહીં.

પૂજાભાઇએ કહ્યું કે 'બાપજી, આપ તો ચાલ્યા જશો પણ અમારું શું?' એનો આપ વિચાર કરો છો? આપ તો જયાં જશો

ત્યાં નિર્મૂકત થઇન આપનું ભજન કર્યા કરશો, પણ અમારું કોણ? એટલે કૃપા કરીને આપ પાછા પધારો. આટલી આજીજી, વિનંતી કરીને જય મહારાજને પાછા વાળી લાવ્યા. એક સાધુને પાછો વાળવો એ કંઇ સહેલી વાત છે? અને એ પણ આવા ઉચ્ચ પ્રકારની દિવ્ય વિભૂતિ. એમને પ્રેમથી ભકિતથી વશ કરીને જતા રોકી પાછા વાળી લાવવા અઘરા છે. પણ સેવાના સંબંધે એ સરળ બનાવી દીધું. જય મહારાજ પાછા વળ્યા. **સેવાની કિંમત ચૂકવાય નહીં, તમે કોઇની પણ સેવા કરો તો એનું હૈયું ખૂબ રાજી થાય. એનાં અંતરાત્મામાં એમ થાય કે તે મારી ખૂબ સેવા કરી. નહિ તો આવી સેવા કોણ કરત? અંદરથી એકભાવ જાગે. સેવાનું ઋણ કયારેય કોઇ ચૂકવી શકયું નથી અને ચૂકવાય પણ નહીં. સેવાના બંધન એવા છે કે ભલ ભલાને બાંધી લેવાય. સેવાથી બંધાઇ જાય. ભગવાન જેવા ભગવાન બંધાઇ જાય છે ને!**

લક્ષ્મણદાસજી મહારાજે એટલું જ માગ્યું કે આપના ચરણોની ભકિત સદાય મને મળી રહે.

**જન્મોજન્મ ચરણોની ભકિત આપજો**

**વ્હાલા તું તો સૌને એ દેનાર રે**

**જન્મોજન્મ ચરણોની ભકિત માગીએ**

પુનિત મહારાજના શબ્દો છે. લક્ષ્મણદાસજી મહારાજે તો વર્ષો પૂર્વે માગ્યું. લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજના સંપૂર્ણ જીવન, કવન અને વિગ્રહને આ સ્તુતિમાં વર્ણવ્યા. અને આ સ્તુતિ દ્વારા આપણને સૌને લક્ષ્મણદાસજી મહારાજે પોતાની અનુભૂતિ પ્રમાણે જય મહારાજનો સાક્ષાત્કાર કરાવ્યો છે.

**'યોગિવ્યૂહૈકવંદ્ય'** ત્યાંથી શરૂ કરીને નડીયાદની દક્ષિણે ભોળાનાથની સામે જ જય મહારાજના આખા સ્વરૂપનાં દર્શન કરાવી દીધાં.

**વરં વૃણિષ્વ ભદ્રં તે યત્તેમનસિ વર્તતે**

**ઇતિ વાકયં ગુરોઃ શ્રુત્વા લક્ષ્મણો વાકયમાદ દે**

જય મહારાજે સામેથી કહ્યું છે કે તારી પર પ્રસન્ન છું. તું માગી લે. ગુરુ મહારાજ પ્રસન્ન થઇને માગવાનું કહે. પૂજાભાઇને આપ્યું. લક્ષ્મણદાસજી મહારાજને પણ આપ્યું, બેટા લક્ષ્મણ, એક વચન માગી લે. જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજને કહ્યું કે, લે, તને વચન આપું છું. પૂજાભાઇને કહ્યું કે વરદાન આપું છું.

લક્ષ્મણદાસજી મહારાજે બ્રાહ્મી સ્થિતિ માગી હોત તો? જય મહારાજમાં તો એ સ્થિતિ હતી જ, છે અને રહેવાની જ છે પણ એમણે માગ્યું કે **'આપના ચરણોમાં સદાય અમારા મનનો, અમારી વૃત્તિઓનો વાસ બન્યો રહે.'** પછી બીજું શું જોઇએ? નહીંતર જીવનમાં કેટલાય સંઘર્ષો કરીએ છતાંય વૃત્તિઓ શાંત થાય છે ખરી! જયારે જય મહારાજનું સાનિધ્ય મળ્યું અને લક્ષ્મણદાસજી મહારાજે ગાયું,

**વૃત્તિઓ વિકારની, જગતના ભય તણી, દૂર સહેજે થઇ**

બાકી જીવનમાં વિકારના, વાસનાઓના ભયસ્થાનો ઓછાં નથી. તે માણસના જીવનમાં પ્રબળ બનતાં જ જાય છે. સહેજે નબળાં પડતાં નથી એને શાંત કરવા માટે જય મહારાજનું શરણ લીધું.

**ભકિત સ્થાનમે ભવે ભવે**

આપના ચરણોની ભકિત મારા જીવનની અંદર ભવોભવ બની રહે.

|| જય મહારાજ ||

# પ્રકરણ – ૨૨૪

સેવાભકિત, અર્ચનભકિત કે જેને દાસ્યભકિત પણ કહેવામાં આવે છે. લક્ષ્મણદાસજી મહારાજની દાસ્ય ભકિત છે. 'કે બાપજી, હું તો આપનો દાસ છું.' દાસનું લક્ષણ જય મહારાજે ખૂબ સરસ જણાવ્યું છે. એના જેવી સેવકની વ્યાખ્યા બીજે કયાંય ના મળે.

**''મોટપણું ના ઇચ્છે, એવા દાસ કયાંથી મળે જેને વૈકુંઠનાથ ઇચ્છે.''**

સહેજેય મોટાઇ શોધે નહીં. આપણે તો અમથા અમથાય, સેવા કરતાં સેવામાંથી મોટાઇ શોધીએ. જો મોટાઇ ના મળતી હોય તો સેવા મૂકી દઇએ કે ભાઇ, આપણે નથી કરવી.

સેવાભકિત એવી મહાન છે, ગહન છે કે ભગવાનને પણ એને વશ થઇ જવું પડે, પ્રસન્ન થવું પડે. લક્ષ્મણદાસજી મહારાજે સેવા જ કરી છે. અને સેવાનાં પરિણામરૂપે **'બ્રહ્માનંદમ્ ગતોયથા'.** જાણે બ્રહ્મનો સાક્ષાત્કાર થઇ ગયો હોય અને જેવો આનંદ થાય એવો આનંદ લક્ષ્મણદાસજી મહારાજ અનુભવી રહ્યા છે. માત્ર સેવાભકિત દાસ્યભકિત, પોતાનું નામ પણ લક્ષ્મણદાસ, તેમણે બધાને દાસ્યભકિત, દાસ પરંપરા આપી. લક્ષ્મણદાસજી મહારાજે

અહીં દાસ્યભકિતનું મહાત્મ્ય આપણને બતાવ્યું. કે **''હૃદયપૂર્વક જેટલી સેવા કરશો તો જેટલું મને પ્રાપ્ત થયું છે એટલું બધાને મળશે.''**

સેવામાત્રથી જય મહારાજની આટલી બધી કૃપા થાય. જય મહારાજે પોતાની પ્રસન્નતા વ્યકત કરી છે, લે લઇ લે... માગી લે, તારે જે જોઇએ એ માગી લે. આપવા તૈયાર છું. આવું કોને કહી શકાય? કોણ કહી શકે? પોતાનું હોય એને કહેવાય કે લે આ તિજોરની ચાવી. ને કોણ આપી શકે? જે પોતાનું છે તે આપી શકે? બધાય લઇ પણ ના શકે. આપી પણ ન શકાય. આટલી ઉદારતા, આટલી છૂટ કોને અપાય? જે પોતાનું હોય તેને જ આપી શકાય.

**'યત્તેમનસિ વર્તતે'** તારા મનની અંદર જે કોઇ ઇચ્છા હોય તે માગી લે. આવું વચન કોઇ બીજાને અપાય ખરું? જય મહારાજ ઉત્સાહપૂર્વક, હૃદયનાં બધા જ બારણા ખોલી નાખીને લક્ષ્મણદાસજી મહારાજની ભકિત અને સેવાને નવાજી રહ્યા છે. ભલે લક્ષ્મણદાસજી મહારાજે કોઇ અપેક્ષા ના રાખી હોય પણ જય મહારાજે કોઇ ઉપેક્ષા કરી નથી. સહજ ઉદારતાથી આપ્યું છે. **માગનાર અધિકારી હોય એ પ્રમાણે માગવાનું કહેવાય ને!** અહીંયા કોઇપણ મર્યાદા કે નિયમમાં બાંધ્યા સિવાય સંપૂર્ણ મુકત રીતે કહ્યું કે માંગ. અને માંગનારે પણ કેટલો સંયમ રાખ્યો છે.

**યદિ પ્રસન્નો યોગીસઃ**

લક્ષ્મણદાસજી મહારાજ બોલ્યા. 'આપ પ્રસન્ન તો છો તો બસ બીજું કંઇ ના જોઇએ. આપના ચરણોની ભકિત હંમેશાં મારા હૃદયમાં બની રહે. દરેક વિચારે જય મહારાજની ભકિત ના છૂટે.'

નહીંતર ભકિત કયાંય ચાલતી હોય અને વિચારો કયાંય ચાલતા હોય જેટલા વિચારો ચાલતા હોય એટલા વિચારોની અંદર માત્ર આપની ભકિત જ જોઇએ છે. જય મહારાજે પણ કહ્યું **'ભકિતર્ભવિષ્યતિ તાત દુર્લભા ચાન્યદેહિનાં'**

આ ધરતી ઉપરના લોકોને ના મળી હોય એવા પ્રકારની ભકિત હું તને આપુ છું. માનવજાતમાં આવતરેલા બધા માણસોની અંદર ઊંચામાં ઊંચી ભકિત તને આપું છું. ભકિત તો આપી દીધી. જેમ આપણે દીકરાને કામ સોંપીએ, એ માગે કે આટલું આપોને અને એ લાયક હોય તો પ્રસન્ન હોઇએ તો, લે, ઉપરથી બીજું પણ જોડે લઇ જા. એમ કહીએ, એ રીતે પ્રેમથી ઉદારતાથી આપ્યું છે. જય મહારાજે શ્રેષ્ઠ ભકિત આપે.

**મયા તે કથિતો યોગઃ સોડપિ ત્વયિ ભવિષ્યતિ**

મહારાજે આપેલો યોગ છે એ પણ તને ફળશે. લક્ષ્મણદાસજી મહારાજે ભકિત માગી તો જય મહારાજે વધારાનું પણ આપ્યું. યોગ એટલે આત્માનુંસંધાન, એ પણ તને પ્રાપ્ત થઇ ગયું. જય મહારાજ તો યોગેન્દ્ર યોગેશ્વર છે. એમણે પોતાનું જે ઐશ્વર્ય હતું એ પણ લક્ષ્મણદાસજી મહારાજને આપી દીધું. જેમ પિતા પોતાનું સંપૂર્ણ ઐશ્વર્ય પોતાના વારસદાર પુત્રને આપે છે એમ સદ્‌ગુરુ સદ્‌શિષ્યને પોતાની સર્વ ઉપાસના, શકિત, તપ બધું જ આપી દે છે.

મારાથી કહેવાયેલો આ યોગ પણ તને પૂર્ણ રીતે ફળશે. અને યોગ કેવો ફળ્યો? કે જય મહારાજની આટલી બધી ઉર્જા અને શકિતને કારણે ૧૩૦ વર્ષનું આયુષ્ય, હરતાં ફરતાં, સ્વસ્થ અને સેવા કરતાં

પુરુ કર્યું. અંતકાળ સુધી છેક છેલ્લા દિવસ સુધી જય મહારાજ, પોતાના ઇષ્ટ ગુરુ ભગવાનની સેવા, પ્રભુ સ્મરણમાં રહ્યા.

યોગની અંદર આસન, પ્રાણાયામ, ધ્યાન, ધારણા અને સમાધિ હોય. લક્ષ્મણદાસજી મહારાજે અંત સમયે સ્વેચ્છાએ સમાધિ લઇ લીધી. યોગના ફળ સ્વરૂપે આપણે લક્ષ્મણદાસજી મહારાજનાં દર્શન કરી શકયા. તેમણે જય મહારાજની ૩૭ વર્ષ સુધી સેવા કરી, હવે પછીની સ્તુતિમાં લક્ષ્મણદાસજી મહારાજે સેવાનાં, ભકિતનાં ફળ બતાવ્યાં, હવે પછી જે માહાત્મ બતાવ્યું છે એમાં જે નિત્ય ઉપાસના કરે છે તેને શું પ્રાપ્ત થશે, જય મહારાજની સ્તુતિનો પાઠ કયા કયા સમયે કરવો, શાની પ્રાપ્તિ થશે એ પણ સ્પષ્ટ બતાવી દીધું છે. જય મહારાજ પોતાના શ્રીમુખથી બોલ્યા છે.

જેણે સ્તોત્રની રચના કરી હશે એનામાં જય મહારાજનો ભાવ આવ્યો હશે ત્યારે બોલ્યા હશે.

**સંતરામ ઉપાય**

**ભકિતર્ભવિષ્યતિ તાત દુર્લભા....**

જય મહારાજના શ્રીમુખમાં વચન મૂકયાં છે. જય મહારાજે પોતાના શ્રીમુખથી આપણને ફળશ્રુતિ આપી છે. કયારે નિત્ય નિયમ પાઠ કરવાથી શું શું પ્રાપ્ત થાય એ પણ આપ્યું છે. સ્વાભાવિક છે કે ખેતી, વેપાર કે નોકરી કરવા જઇએ ત્યારે ઇચ્છીએ કે ફળ સ્વરૂપે કંઇક મળવાનું છે. **અહીંયા પણ સાહજિક છે. માણસ સાંસારિક જીવનની અંદર પોતાના જીવન માટે કંઇક અપેક્ષા રાખતો જ હોય છે કે મને પગાર મળે. ભગવાનની ભકિત કરું તો**

**હું સુખી થાઉં તો શું મળે?**

**પ્રાતઃકાલે સ્તોત્રમિદં મત્સમીપે વિશેષત;**

**પઠિત્વા ધનમાપ્નોતિ ધનકામશ્ચ નરઃ!**

પ્રાતઃકાલની અંદર વિશેષ ભાવપૂર્વક જે આ સ્તુતિનો પાઠ કરે છે એની ધનની ઇચ્છાઓ પૂર્ણ કરાવું છું આ ધરાતલ પર રહેનાર જે નિત્ય પાઠ કરે છે એને સંતોષ આપું છું. **જીવનમાં સંતોષ ના હોય તો માણસ શાંતિથી જીવી ના શકે.** સંતોષ એ પરમ સુખ છે.

જેમ બાળક નિશાળ ના જતું હોય અને એને ફોસલાવવામાં આવે કે લે આટલું કર. લે, આ લઇ જા પણ નિશાળે જવાનું. હું મૂકવા આવું છે એમ ગમે તે રીતે તેને લઇ જઇએ છીએ. એમ અહીં માણસને પ્રલોભન આપીને નિત્ય નિયમમાં પરોવી દેવાનો ભાવ છે. કે એ શ્રદ્ધાપૂર્વક નિત્ય નિયમ કર્યા કરે તો અનું કલ્યાણ થાય. એને શાંતિ મળે. એના સમયનો સદુપયોગ થાય. બાકી **માણસ તો સમયનો દુરુપયોગ જ કર્યા કરતો હોય છે અને સાથે સાથે પ્રભુએ આપેલા નિરોગી શરીરને પણ ગુમાવી દેતો હોય છે. માટે પ્રલોભનથી પણ એને આકર્ષી લઇને એના કલ્યાણનાં માર્ગે ચઢાવી દેવો.** જયાં તે પ્રભુભકિત, ભગવદ્સ્મરણ કરી શકે તમને લાલચ આપવામાં આવે કે તમે આટલું કામ કરજો તો આટલો પગાર આપવામાં આવશે. ફળશ્રુતિ પાછળનો ઉદ્દેશ એ છે કે માણસ પોતાના જીવનમાં ધર્મ તરફ વળવો જોઇએ. સ્વાર્થમાંથી પછી એ આપોઆપ નિઃસ્વાર્થ થઇ જશે. નિત્યનિયમ કરતો હશે પણ ફલશ્રતિ તરફ લક્ષ નહીં હોય, વિષ્ણુ સહસ્ત્રમાં માહાત્મયની કેટલી બધી વાત કરી છે. એ બધા પાછળનો ઉદ્દેશ શું ? કે સાધકને

શરૂઆતમાં પોતાનામાં પરોવવા માટે પ્રલોભન આપી દેવું. પ્રલોભન હોય એટલે સહજ રીતે કરવાની ઇચ્છા થાય. અરે, નિષ્કામ ભાવ હોય છતાંય પ્રસાદ મળે. દરેક વ્યકિત જરૂરિયાત પડે ત્યારે તો ભગવાનને પ્રાર્થના કરે જ છે કે, પ્રભુ, હું આવી રીતે દુઃખી છું, મારી આટલી જરૂર છે ને પ્રાર્થનાથી ભગવાન પણ સમજે. **પરિપૂર્ણ નિસ્પૃહતા તો કોઇની પાસે નથી હોતી માટે જે કંઇ છે એને ભગવદભકિત તરફ, જીવનને સાચા માર્ગે લઇ જવા માટે પણ પ્રલોભનો મૂકવા પડે.** એ લઇને આગળ ચાલે તો એક સમય એવો આવે કે એના જીવનમાં જે જે ફલશ્રુતિઓ છે એને એ છોડી દે બસ, ભગવાની ભકિત કરવી છે.

**શિવમહિમ્નસ્તોત્ર** ની અંદર નમો નેદિષ્ઠાય નમઃ સુધી જ પાઠ કરે પછી અટકી જાય. માહાત્મ્યને આપણે શું કરવું છે? કોઇપણ ધર્મકાર્ય, સેવાકાર્યની પાછળ કોઇ ફલશ્રુતિ આપી હોય તો તે ફલશ્રુતિ એક માત્ર સાધકના પ્રારંભિક જીવન માટે જ છે. પણ એ સાધક જયારે સાધનના માર્ગે આગળ વધે ત્યારે ફલશ્રુતિ એના મનમાં ગૌણ બની જતી હોય છે. કે મારે તો મારો નિત્ય નિમય કરવો છે. માણસને એકવાર એ માર્ગે ચડાવવાની પણ આવશ્કયતા હોય છે. બાળકને ઔષધ આપવું હોય તો બીજા કશાકમાં ભેળવીને પણ આપવું પડે. પછી સમજણું થશે ત્યારે સીધી દવા લઇ લેશે, કેમ કે એને સમજાશે કે આ તો લાભપ્રદ છે. આરોગ્યપ્રદ છે.

એમ નિત્યનિયમની અંદર પણ શરૂઆતમાં વ્યકિતને થાય કે હું દુઃખી છું, મારે આવશ્યકતા છે માટે આટલો નિત્યનિયમ કરીશ તો મને કંઇક મળશે, મારી આપત્તિ દૂર થશે. તેમાંથી એને

ભાવ જાગે અને પછી નિત્યનિયમ કાયમનો બની જાય પછી એનું ફલશ્રુતિ તરફનું લક્ષ નહીં હોય.

વિષ્ણુસહસ્ત્રનો પાઠ કરશે પણ નમે સ્વનંતાયો કરીને છોડી દેશે. આગળનાં પાઠની આપણને શું જરૂર છે? એટલે દરેક સ્તુતિ દરેક ગ્રંથની પાછળ આપેલું મહત્વ પ્રલોભત નથી. પ્રસાદી છે.

**પ્રાતઃકાલે સ્તોત્ર મિદં, મતસમીપે વિશેષતઃ**

**પઠિત્વા ધનપ્રાપ્નોતિ ધનકામશ્ચ યો નરઃ**

એને પુરતું ધન-સામગ્રી મળી ગયું. મારી ઉપર આટલી કૃપા થઇ. આ માર્ગ બહુ સારો છે. શાંતિથી ભજન તો થશે. પણ પછીથી એ લાલચ છૂટી જાય. માત્ર સાધના ઉપાસના ભકિત જ બની રહે.

**જય મહારાજે તો પોતાના શ્રીમુખે કહ્યું છે મધ્યાહ્નને પઠનાન્ નિત્યં પ્રાપ્નુયાત્ પુત્રસુત્રમં**

એને સંસ્કારી સંતાનની પ્રાપ્તિ થશે. એટલે જેને સંતાનની પ્રાપ્તિની ઇચ્છા હોય તે સંતાન પ્રાપ્ત કરી લે. એને થાય કે જય મહારાજે મારી ઉપર કૃપા કરી. ચાલ હવે હું કાયમ વિષ્ણુસહસ્ત્રનો પાઠ કરીશ પ્રસાદ દ્વારા હંમેશને માટે એ કલ્યાણના માર્ગે જોડાઇ જાય.

જાનકીદાસજી મહારાજ વખતે અમારા બધાની નાની નાની ઉંમર હતી. સવારે વહેલા ઉઠીને આવીએ અને મહારાજ પધારે એટલે કંઇકને કંઇક હાથમાં આપે. નાની ઉંમર એટલે સવારમાં ભૂખ લાગી જ હોય. લાડવો કે માલપૂવો રોજ કંઇને કંઇક

આપે. ભલે એ વખતે એ સમજ પ્રમાણે લાલચ હતી કે ભૂખ લાગી છે તો ચાલો મહારાજશ્રી આપે છે તો એમની પાસે જઈએ. પરંતુ હવે? જય મહારાજના બતાવેલા માર્ગે ચાલતાં ચાલતાં બધાં પ્રલોભનો છૂટી ગયાં.

॥ જય મહારાજ ॥

# પ્રકરણ – ૨૨૫

ગુરુ મહારાજના સાનિધ્યમાં લક્ષ્મણદાનસજી મહારાજ સૌની ભકિને પોષવા માટે સૌને કંઇક આપી રહ્યા છે. સ્તુતિ પૂરી થાય પછી જય મહારાજ પ્રસન્ન થયા છે. પ્રસન્ન થઇને ઉદાર હૃદયથી તેમણે કંઇક માંગવાનું કહ્યું, **'વત્સતાય'** જીવનમાં તને જે અગત્યનું લાગતું હોય તે પસંદ કરી શ્રેષ્ઠ માગી લે. ગુરૂ પોતાના શિષ્યને દીકરા તરીકે પણ સંબોધી શકે છે. 'વરમ્' શ્રેષ્ઠ કંઇક માગી લે. સામાન્ય નહીં. વરમનો અર્થ છે શ્રેષ્ઠ. મનુષ્યે માગતી વખતે વિચારવાનું છે કે મારે શું જોઇએ છે. આપવાવાળા સમર્થ બેઠા છે, મૂકત મોકળા મનથી કહ્યું કે જે જોઇએ તે માગી લે.

દીકરાની રૂચિ જુદી જુદી હોય, દરેકની અગત્યતા અલગ અલગ હોય. લક્ષ્મણદાસજી મહારાજે પોતાની શ્રેષ્ઠ અગત્યતા વિચારીને કહ્યું કે **'પ્રભુ, મારા ભગવાન. આપ સામેથી જ ઉદારતાથી આપવા તૈયાર થયા છો. તો મારે આપની પાસેથી એક જ વસ્તુ જોઇએ છે. અન્ય કશું જ નહીં.'**

લક્ષ્મણદાસજી મહારાજે કલ્પનામાં ના આવે એવું માગી લીધું. સમજણપૂર્વક, ભકિતપૂર્વક માગી લીધું. માત્ર એક જન્મનું નહીં. જન્મોજન્મની ચરણોની ભકિત માગી લીધી. ભૌતિક

સાધન માગ્યું હોય તો આટલા જનમ પૂરતું જ ચાલે, એથી વધારે તો ચાલવાનું છે નહીં. સંપત્તિ માગી હોત કે સંપત્તિ આપજો જે ભવોભવ ચાલી રહે. તો એ તો અહીં જ મૂકીને જવાનું છે. પણ ભવોભવની ભકિત માગી, સ્થૂલ, ભૌતિક સાથે નહીં આવે. **અહીં ભવે ભવે ભકિત માગી તો એ જે સંસ્કારો છે એ માણસની ચેતના આત્માની સાથે જતા હોય છે. જયાં જયાં જન્મ થાય ત્યાં ત્યાં એ સંસ્કારો પુનઃજાગ્રત થાય. ભગવાને ગીતામાં પણ વાત કરી છે કે અંત સમયે જે જે તમારા મનમાં હોય, યાદશકિતમાં હોય એ બીજા જન્મમાં સામે આવીને ઊભુ રહે.**

**યં યં વાપિ સ્મરન્ભાવં, ત્યજત્યન્તે કલેવરમ્**

અંતકાળે જે સ્મૃતિમાં હશે તે આગળના જન્મમાં પ્રાપ્ત કરતો જ રહે છે. એ પ્રમાણે એના સંસ્કાર બનતા હોય છે, પ્રારબ્ધ બનતું હોય છે.

લક્ષ્મણદાસજી મહારાજે ગુરૂ ભગવાન પાસે ભવોભવની ભકિત માગી. માટે બીજું કોઇ સેવા નથી જોઇતી. શ્રીજી સેવા બીજા બધાને વહેંચજો. ચરણની ભકિત મને આપી દેજો. સેવાનાં સંસકાર કયારેય ભૂંસાય નહીં. ભગવતભકિતના સંસ્કાર દઢ બન્યા રહે અને મારા આત્માની સાથે જન્મોજન્મ એ કયારેય વિસરાય નહીં એવી ઊંચી ભકિત, સેવા માગી લીધી કે કદી કયારેય કશું માગાવનું જ ના રહે.

ભગવદ્ ચરણોનું સાનિધ્ય રહે એટલે સદાયની નિર્ભયતા. કોઇપણ જાતની બીક રહે જ નહીં. જય મહારાજ સદાય ચરણોમાં સાચવ્યા કરે. જય મહારાજના શરણે પહોંચી ગયા એટલે શરણે

આવેલાને તો એ પાળવાના જ છે. જેને શરણું મળ્યું એનો ઉધ્ધાર થઇ ગયો. લક્ષ્મણદાસજી મહારાજે પોતાના જીવનનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ માગી લીધું. હવે એથી વિશેષ તો કશું છે જ નહીં.

**'ભકિતર્ભવિષ્યતિ'** મારી ભવેભવની ભકિત તને આપી ઉપરાંત બીજું પણ લે. **'મયા તે કથિતો યોગઃ સોડપિ તત્વયિ ભવિષ્યતિ'** મારા દ્વારા કહેવાયેલી જે યોગવિદ્યા છે એ પણ તને ફળશે. ઉદારતાથી આપવા બેઠા છે સામે પાત્રતા પણ હોવી જોઇએ. લોકવ્યવહારમાં કોઇક આવ્યો હોય કે મહારાજ આપજો. પણ એ પીધેલા હોય, જુગારિયા, દુરાચારી હોય એને એક વખત થોડું આપો, તો બીજીવાર માગે તો કોઇ આપે ખરું? એને ન મળે પણ અહીં તો સામે સુપાત્ર છે.

**દેશે કાલેચ પાત્રે ચ તદ્દાનમ્ સાત્વિકમ્ સ્મૃતમ્**

ભગવાને ગીતાનાં ૧૭માં અધ્યાયમાં કહ્યું. દેશકાળ અને સુપાત્રને આપેલું હોય તેને શ્રેષ્ઠ દાન કહ્યું. લક્ષ્મણદાસજી મહારાજને ભકિત આપી કેટલું સરસ માગી લીધું અને જવાબમાં જય મહારાજે પણ તથાસ્તુ કહ્યું. વરદાન માગ્યા પછી એને તથાસ્તુ કહી દે એટલે કે **'ભલે... એ પ્રમાણે થાય'** તથા અસ્તુ. તેં માગ્યું તેં વિચાર્યું એ પ્રમાણે જ થાય તમે કહો કે મહારાજ આશીર્વાદ આપો, પણ તમે શેનો આશીર્વાદ માગ્યો એની તો જાણકારી નથી પણ આશીર્વાદ માગ્યા અને તથાસ્તુ કહ્યું એટલે ભલે, તમે જે વિચાર્યું છે એ પ્રમાણે થાય. તમે તમારા મનથી જે માગ્યું છે એ થાવ. આપણે ત્યાં સનાતન ધર્મની અંદર ત્રિકાલ સંધ્યા કહી છે એ રીતે અહીં.

**પ્રાતઃકાલે સ્તોત્રમદં મત્સમીપે વિશેષતઃ**

પ્રાતઃકાળમાં સવારમાં એથીય આગળ બ્રહ્મ્ મૂહુર્તમાં જે કોઇ આ સ્તુતિ-સ્તોત્રનો શ્રદ્ધાપૂવર્ક નિયમિત પાઠ કરશે, જય મહારાજ એને સંપત્તિ આપશે, ધન આપશે.

સંતરામ મહારાજ બોલ્યા, મારા સાનિધ્યમાં વિશેષરૂપે શાંતિથી, એકાગ્રાથી, ઉતાવળ કર્યા સિવાય સમજણપૂર્વક પાઠ કરશે એને હું ધન, સંપત્તિ આપીશ એની સંપત્તિ વિશેની જે જે ઇચ્છાઓ હશે તે હું પૂરી કરીશ. જય મહારાજે એક કરન્સી આપી દીધી.

**મધ્યાહ્ને પઠનાત્....**આપણે ત્યાં ત્રણ સંધ્યા-સવારની, બપોરની અને સાંજની થાય છે. કારણ મનુષ્ય પોતાના જીવનમાં આખા દિવસ દરમ્યાન ભગવાનને ભૂલે નહીં. ત્રિકાલ સંધ્યાનો આદેશ આપણી ત્રિકાલ પરંપરાનો છે. ત્રિકાલ સંધ્યા કેવી રીતે કરશો?

સ્તોત્રનો પાઠ કરશો તો પણ સારું છે, સમય મળે એ પ્રમાણે કરો, સવારે ઉઠીને નાહી ધોઇને કરો. બપોરે સમય ના મળે તો થાળી પીરસાય ત્યાં સુધીમાં સ્તોત્રનો પાઠ કરો. પછી જમવાની શરૂઆત કરો. એટલું યાદ રાખજો કે જે અન્ન જમીએ છીએ. થાળીમાં પીરસાયું છે એમાં મંત્ર અભિવ્યકત કર્યા પછીથી એની અંદરના ભાવો બદલાઇ જાય છે. જે મંત્ર બોલીયે એના સ્પંદનો ( ) ખોરાક ઉપર અસર કરતાં હોય છે. મંત્ર અભિવ્યકત કર્યા પછી જમશો એટલે ખોરાકની અંદર જે કંઇ દોષો હશે એનું નિવારણ થશે.

આમ મધ્યાહ્ન સમયે ભોજન સમયે પાઠ કરવો, એ ભોજન કરીશું તો આપણા અંતઃકરણમાં મંત્ર જાપની શુદ્ધિ હશે.

જય મહારાજ બિરાજેલા હશે. મંત્રના ઉચ્ચારથી અન્ન પવિત્ર થઇ જશે. સંતો જમવા બેસે માટે ગીતાના ૧૫માં અધ્યાયનો આખો પાઠ કરશે.

**બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્મગ્નૌ બ્રહ્મણા હુતમ્,**
**બ્રહ્મૈવ તેન ગંતવ્યં બ્રહ્મકર્મસમાધિના.**
**અહં વૈશ્વારો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ,**
**પ્રાણાપાનસમાયુકેતઃ પચામ્યન્નં ચતુર્વિધમ્.**
**ૐ સહનાવવતુ સહનૌ ભુનકતુ સહવીર્યં કરવા વહૈ,**
**તેજસ્વીના વધીતમસ્તુ મા વિદ્વિષા વહૈ**

જઠરમાં બેઠેલો અગ્નિ, અન્નને પચાવનાર પણ ભગાવન પોતે જ છે. એટલે અન્નને પચાવવા માટે પણ ભગવદ્શકિતની આવશ્યકતા છે. માટે મંત્રો બોલીને પણ છેવટે અન્નપૂર્ણાને યાદ કરીએ કે અન્નપૂર્ણામાં આપ બિરાજો છો.

**અન્નપૂર્ણે સદા પૂર્ણે, શંકરપ્રાણ વલ્લભે**

**ભિક્ષામ દેહિમ પાર્વતીમ્**

**મા પાર્વતીજી, આપ અમને ભિક્ષા આપો. એ રીતે યાચના કરી. અન્નપૂર્ણા માએ ભિક્ષા આપી અને એ ભિક્ષા અન્નપૂર્ણા મા જાતે પીરસે. અમે એ જમીએ તો સાત્વિકતા આવે, ખૂબ સારા સંસ્કાર મળે, જીવન શાંતિ પૂર્ણ હશે, સદાચારી હશે, આમ મંત્ર અભિવ્યકત અન્ન લેવાથી માણસ સાત્વિક જીવન જીવી શકે છે.**

પહેલાં ત્રિકાળ સંધ્યા બધાયને હતી. બ્રાહ્મણ ક્ષત્રિય બધાય સંધ્યા કરતા. શિખા રાખે, જનોઇ હોય, તિલક પણ હોય, સુથારો, સોનીઓમાં આજે પણ જનોઇ છે એ બધાં સંધ્યા કર્મના અધિકારી

છે. પણ ધીરે ધીરે બધું છૂટતું ગયુ. હવે છેલ્લે બ્રાહ્મણો પાસે છે. બ્રાહ્મણો કેટલું રાખે છે તે જોવાનું છે.

મધ્યાહ્‌ન સંધ્યા એટલે ઘેર જાય, સ્નાન કરે, ધોતિયું પહેરે ને પછી સંધ્યા કરીને જમે.

**મધ્યાહ્‌ને પઠનાત્ નિત્યં પ્રાપ્તુયાત્ પુત્રમુત્તમં,** એને સારામાં સારા સંસ્કાર આપું છું. **અન્ન એવું મન એવી જ ઉર્જાઓ હશે. મા-બાપના સંસ્કાર સારા હશે તો એ સંતતિમાં ઉતરવાના છે.** માટે શ્રેષ્ઠ સંતત્તિ પ્રાપ્ત કરવા માટે કહ્યું, ઉત્તમમાં ઉત્તમ સંતાનની પ્રાપ્તિ થાય છે. આપણે બાળકોના માતાપિતા થઇને બાળકોને માટે ફરિયાદ કરવા બેસીએ છીએ. હવે માબાપ તરીકે એના દોષ પણ આપણે અને ફરિયાદી પણ આપણે છીએ. હવે કેસ કેમનો ચલાવવો? માટે જય મહારાજની આજ્ઞા છે.

**મધ્યાહ્‌ને.....**થાળી પીરસાય ત્યાં સુધીમાં પાટલા પર કે ખુરશીમાં બેઠા બેઠા પાઠ કરી લો પછી ભોજનનો આરંભ કરો પછી જુઓ... એનો પ્રતિસાદ મળશે અને જીવનની અંદર સંતોષ અનુભવાશે. ઉત્તમમાં ઉત્તમ સંસ્કારી વારસ તમને મળે. જય મહારાજ કેટલા ઉદાર છે!

**પ્રાતકાલમાં ઉઠીને સાત્વિકતાથી દિવસનો આરંભ કરીએ તો અનીતિનું ધન ન આવે. કોઇનું ખોટું કરવાની ઇચ્છા નહીં. થાય. મધ્યાહનમાં પણ એક ગૃહસ્થ તરીકે જે મેળવવા જેવું છે તે પોતાનો વંશ, સંતતિ, સારામાં સારી મળે.**

બધાને સંપત્તિ જોઇએ છે પણ સંતતિનો વિચાર નથી આવતો. સંપત્તિ મળે એને સાચવવા document fix એની

તિજોરી, ચાવી બધું રાખીએ. પણ સંતત્તિ સંસ્કારી મળે એના તરફ કોઇ કાળજી નથી. સંતત્તિ મળી ગયા પછી આપણે એના સંસ્કાર માટે બિલકુલ બેજવાદાર થઇ જઇએ છીએ. સંતાન પ્રાપ્ત થયા પછી એના તરફ ઉપેક્ષા-અવજ્ઞા હોય છે કે, હવે કયાં જવાના છે? પણ કેવા સંસ્કાર લઇને આવે છે, કેવા દુરાચાર શીખીને આવે છે એના તરફ લક્ષ કર્યું? સંપત્તિની fix મુકશે કે વ્યાજ આવશે, ઓછું કેમ આવ્યું ? એ બધી ફિકર કરશો પણ સંતતિ માટે ફિકર નહીં કરો.

પણ એ કરવી પડશે. જેમ પૈસો સુખ અને આનંદ આપે છે એમ સંતતિ પણ સુખ-સગવડ અને શાંતિ આપે એના માટે કાળજી લેવી પડશે, દરકાર રાખવી પડશે. જો માતા-પિતા તરીકે બેદરકાર રહ્યા તો તમારે જે વેઠવાનું આવશે. પછી જોયુ? અમારું કોણ? ઘર બહાર કાઢી મૂકયા, અપમાન થતા હોય, જરૂરિયાત પૂરી થતી ના હોય એના અપરાધી કોણ? છોકરા? ના જેને સમ થાય છે એ જ. તમારા અપરાધની સજા તમે ભોગવો છો. કેમ કે સંતતિને તમે સાચવી શકયા નથી.

જય મહારાજ પોતાના શ્રીમુખથી કહે છે કે જો મધ્યાહ્નની અંદર ભગવદ્સ્મરણ કરીને ભોજન કરશો તો સારી સંતતિ પ્રાપ્ત થશે.

**આ પ્રમાણે ત્રિકાલ સંધ્યાની જય મહારાજની આજ્ઞા છે.**

|| જય મહારાજ ||

# પ્રકરણ – ૨૨૬

**ભકિતર્ભવિષ્યતિ તાત દુર્લભા ચાન્ય દેહિનામ,**

**મયા તે કથિતો યોગ સોપિ ત્વયિ ભવિષ્યતિ.**

મહાપુરૂષો કેવા ઉદાર હોય છે. તમને જીવનની જરૂરિયાતની કિંમતીમાં કિમતી વસ્તુ એમ ને એમ આપે.

**'બડે હી ઉદાર હૈ.'** જય મહારાજ ખૂબ ઉદાર છે. આપણે પ્રાર્થના કરતા હોઇએ છીએ. કદાચ પોપટની માફક પ્રાર્થના કરતા હોઇશું પણ એનો અનુભવ તો કરો ?

આ તો ઘણા સમય પહેલાંની સાંભળેલી વાત છે પણ અત્યારે અનુભવ કરીએ છીએ. 'દિનબંધું તમે દયા કરીને...' પ્રાર્થના કરીએ ને વરસાદ આવે. જે વિજ્ઞાન ના કરી શકે એ પ્રાર્થનાએ કર્યું. ૧૦ દિવસ પ્રાર્થના કરીને જય મહારાજે આટલો બધો વરસાદ આપ્યો. નહીં તો જીવ તાળવે બંધાયો હોય કે મોંઘવારીનું શું થશે? કોઇ વેપારી આપણને છોડવાનો નથી. સરકાર આપણને બચાવવાની નથી. પણ ભગવાને દયા કરીને પ્રાર્થના સાંભળી.

**'બડે હી ઉદાર હૈ.'** યત્તેમનસિ વર્તતે, અત્યારે તમારા મનમાં જે

હોય તે માગી લો. હવે આવું આપનાર કોણ મળે? આવી ઉદાર વિભૂતિઓ હોય એ જ આપી શકે.

પ્રાર્થનામાં કેટલું બળ છે. બે દિવસ વરસ્યો એની આપણને સમજણ ન પડે પણ ખેડૂતોને થાય કે આ તો જાણે સોનું વરસ્યું. એમને તો ૧૨ મહિનાના રોટલા-કમાણી બધુ આમાંથી જ મળવાનું. એમના માટે તો જાણે પૈસાનો વરસાદ થયો. કેવી ઉદારતા! તમે માત્ર પ્રાર્થના કરી અને આવો મોંઘો વરસાદ આપ્યો.

પ્રાર્થનાના શબ્દોની અંદર જ ભગવાન છે. જે બધાએ ભાવથી પોતપોતાના આરાધ્યને વરસાદ માટે પ્રાર્થના કરી અને એ પ્રાર્થના સાંભળી વરસાદ આવ્યો. પણ આપણામાં અકકલ છે જ નહીં કે ભગવાન આપણી પ્રાર્થના સાંભળે છે ને એનો જવાબ પણ આપે છે. આપણા મગજમાં એ બેસતું જ નથી. પ્રાર્થના થકીથી વરસાદ આવ્યો. રોજ સવારે પ્રાર્થના કરીએ 'નિકામે નિકામે પરજન્યો વર્ષનું બાપજી જયારે જયારે જોઇએ ત્યારે વરસાદ પાડજો. અમને વરસાદ મળે. આ પ્રાર્થના છે. આપણા જીવનની અંદર આપણે કયારેક આકસ્મિક, આપત્તિકાળની પ્રાર્થનાઓ કહીએ છીએ. પણ આખા જીવનને સંભાળવવા દૈનિક પ્રાર્થના કેવી હોવી જોઇએ? જેને નિત્ય નિયમ કરીએ છીએ. **જેમ દિવસમાં ૨-૩ વાર જમવા જોઇએ છે કે આ બધા વગર ચાલે નહીં. એમ ભગવદ્સ્મરણનો આ આહાર પણ આત્માને મળવો જોઇએ.**'

ઉપનિષદ્ અને વેદોના ઋષિઓએ કહ્યું **'આત્મા બલહિ નિતમ'** શકિતહીન, માયકાંગલાઓને આત્મા મળતો જ નથી.

**'બલહિ નેમ ન લભ્યો'** જેનામાં શકિત છે એણે આત્મદર્શન, ભગવત્દર્શન કરવું જ પડશે, **નિત્ય નિયમથી આત્મપોષણ મળશે. રોજ સવારે ઉઠીને નાહી ધોઇને જે કંઇ સમય મળે એમાં ભગવાનનું સ્મરણ કરો, જપ કરો, ધ્યાન કરો, સેવા પૂજા કરો. પણ કંઈક કરો. ભગવાનને નૈવેદ્ય ચડાવજો કે પ્રભુ હું આજના દિવસનાં ૨૪ કલાક તમને સોંપું છું. આપના ચરણે ધરી દીધા.**

ઠાકોરજીને ધરેલું નૈવેદ્ય એ થોડો ખાઇ જાય છે! એ તો આપણે જ પ્રસાદ કરીને વહેંચી લઇએ છીએ. એમ દિવસના ૨૪ કલાક પ્રભુના ચરણમાં મૂકી દો, પછી તમે જે ૧૦-૧૫-૨૦ મિનિટ ભગવાન પાસે પૂજા કરી ત્યાર પછીથી વધેલો જે કંઇ સમય હશે એ તમને પાછો આપ્યો. પ્રભુએ નિત્ય નિયમનો ૨૦-૨૫ મિનિટનો સમય લીધો, બાકીના ૨૩-૪૦ મિનિટ તમને પ્રસાદમાં આપ્યા. પછી તમારે વિચારવાનું કે ભગવાનનો પ્રસાદ તો પવિત્ર હોય, સારા કામમાં વાપરવાનો હોય, મળેલા સમયનો દુરુપયોગ ન થાય. દુરાચાર ન થાય. પ્રસાદનો આદરભાવ કદાચ જેમ પ્રસાદનો કણ પણ નીચે પડયો હોય તો ઉઠાવી લઇએ છીએ તો પછીથી આપણા જીવનનાં સમયને ચોળી કેમ નંખાય?

ખૂબ ઉદાર છે. નિત્ય નિયમ ને પ્રાર્થના કરો છો ને! એ એ આપે છે. એમના જીવનની હજારો વર્ષોની તપશ્ચર્યા પછીની જે ઉપલબ્ધિઓ છે એમાંથી તમને આપે છે કે લઇ જાઓ. આપણે તો માત્ર પ્રાર્થના જ કરીએ છીએ. બીજું કાંઇ નથી કરતા. કંઇ નથી આપતા. પણ એમના તપસ્વી જીવનમાં જે કંઇ ઉપલબ્ધ થયું એમાંથી તમને આપે છે.

**ઇતિ વાકયમ્ ગુરોઃશ્રુત્વા** ગુરૂએ કહ્યું, લક્ષ્મણ કંઇક માગી લે. એક બાપ જેમ વાત્સલ્યથી કહે કે તારે શું જોઇએ છે! લઇ લે. એમ ગુરુ શિષ્યને કહે કે માગી લે.

લક્ષ્મણદાસજી મહારાજે વિવેક અને પ્રાર્થનાથી કહ્યું, 'યદિ પ્રસન્નો યોગીશ.' વ્યવહારુ કહેવાય. આ જ જોઇએ છે એમ નહીં. ઝાપટ મારી લઇ લો એમાં આપણી શ્રદ્ધા, ભકિતની કિંમત અંકાઇ જાય. લક્ષ્મણદાસજી મહારાજે વિવેકપૂર્ણ વ્યવહારથી કહ્યું, બાપજી રાજી છોને? કોઇપણ વ્યકિત જોડે કંઇ લેવા જઇએ તો પહેલાં કેમ છો? મજામાં તો છો ને? પછી કંઇક આટલી મારી વાત છે એમ કહેવાય, તો એ પણ કહે કે કંઇ વાંધો નહીં. સાહજિકતા થઇ જાય. પણ જઇને તરત કહીએ કે આટલું આપો ને, કયારે આપો છો? તો જોઇશું, વિચારીશું એમ કહી દે, એમાં અવિવેક કહેવાય. જો વ્યવહારમાં અવિવેક થાય તો સામેવાળો માણસ નારાજ થાય. ભગવાનની સામે અવિવેક થાય તો ભગવાન ખોટું તો ન લગાડે પણ આપણી પાત્રતાની કિંમત થઇ જાય. કૃપાપાત્રતા હોય તો ગુમાવી બેસીએ.

માટે લક્ષ્મણદાસજી મહારાજે હાથ જોડીને કહ્યું, અગર આપની આપવાની ઇચ્છા છે, મને ઘણું સરસ આપવા માગો છો ને! 'મનસિ વર્તતે' કહ્યું શ્રેષ્ઠ આપવાનું કહ્યું. અહી બે વાત છે મન ઇચ્છિત આપવાનું અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આપવાનું કહ્યું.

આપના ચરણોની ભકિત મને હંમેશાને માટે-જન્મોજન્મને માટે આપી દો. આ મારું શ્રેષ્ઠ, મારા મનનું ઇચ્છેલું છે. બીજું કંઇ નથી. ત્યાગી, સમર્પિત સાધુને બીજું જોઇએ શું? માણસની અહીં

કિંમત થતી હોય છે. કેટલા નિખાલસ છે કે માત્ર ભકિત માગી છે.

તમે જુઓ જેણે જેણે ભાગવતમાં, ઉપનિષદ્‌માં માગ્યુ છે શું? આપની કૃપા, આપનો પ્રેમ, આપની ભકિત મળે. લક્ષ્મણદાસજી મહારાજે પણ એ જ પ્રમાણે માગ્યુ. કોઇ સ્વાર્થ નહીં માત્ર અકિંચનતા. પ્રસન્નતાથી આપ આપવા માટે તૈયાર થયા છો તો આટલું જ આપો. દાસ્યભકિત, આપનો દાસ છું. **મોટપણું ન ઇચ્છે એવા દાસ કયાંથી મળે?**

**સમદષ્ટિને શીતળ સ્વભાવ** સેવા મળે એટલે કોઇની જોડે ઊંચે અવાજે વાત ન કરે. સેવાની ભાવના મનમાં જેટલી દઢ થતી જાય એટલો સ્વભાવ શાંત ને શીતળ થવો જોઇએ. સૌમ્યતા આવે, નિર્મળતા આવે. શું આજ્ઞા છે? શું સેવા છે? અહીં સંતો આવે છે એટલે મહારાજજી, આપની શી સેવા કરીએ? તો કહે કે '**આરામ કરીએ, ભોજન કરીએ, ભજન કરીએ. હો જાયેગા.**' જેને વિનય નમ્રતા કહેવાય.

**આટલે દૂરથી માણસ સંતરામ મહારાજના નામમાં કોઇ આશા, વિશ્વાસ લઇને આવ્યો હોય કે મારી આ બિમારી છે તો ત્યાં જઇશ. અને આવકાર મળે, પ્રેમ મળે તો થાય કે ઇતના બડા ધામ હૈ.. ઐસી સુવિધા હૈ, પોતાને આનંદ થાય પણ હોસ્પિટલમાં ગરીબ માણસ આવે અને કર્મચારી એને તરછોડી નાખે તો જય મહારાજનું આખું મિશન ડાઘવાળું બની જાય. કે તમને પગાર આપે છે, પોષે છે. જય મહારાજનુ સેવાનું આ મિશન છે. જે જય મહારાજના નામથી આટલા દૂરથી લોકો આવે છે અને તમારું આ વર્તન ? તમે જય મહારાજના નામ અને ધામ પર કલંક લગાડો છો. તમને તો પગાર મળી ગયો આવેલો માણસ તો જય**

**મહારાજના નામથી આવ્યો છે. પોતાને સેવા મળવાની છે એ લક્ષ્ય લઇને આવ્યો છે. એના પ્રત્યે આપણું વર્તન એવું સહેજે ના હોવું જોઇએ કે એને પોતાને સંકોચ થાય. આવો... બેસો... આ લો. અહીંયા ચાલો, આદરથી કે તમને સારુ થઇ જશે. એવા પ્રેમના શબ્દો મળે. સદ્‌ગુરુ તો આપનાર છે.**

**દિખાઇ સારી દુનિયા, દાતા એક રામ.** ભગવાન આપવાવાળો છે. આપણે તો નિમિત્ત છીએ. જય મહારાજનું જ છે. ચાલો સેવા કરવા જઇએ. પીરસવાનું જ છે. અન્ન મહારાજનું છે, જમનારો કોઇક છે. તો પીરસવાની સેવામાં સૌમ્યતા શીતળતા હોવી જોઇએ. જય મહારાજની શોભા છે. જય મહારાજની સાથે જોડાયા છીએ તો આપણી પણ શોભા છે. તમે મંદિરના કાર્યકાર છો, સેવક છો, તમે બહુ સારું કામ કર્યું. તમે ભાગ્યશાળી છો, આવો પ્રતિભાવ આપોઆપ સામેથી મળશે.

આવનાર વ્યકિતની સામેનું આપણું વર્તન વ્યવહાર એવો હોવા જોઇએ કે જય મહારાજ તો આટલું બધું આપે છે હું તો શું સેવા કરી શકવાનો હતો? મારે તો પીરસવાનું જ છે ને! છતાંય પુણ્ય મળવાનું છે.

મનુભાઇ કરીને રસોઇયા હતા. બહુ નાની ઉંમરમાં હાર્ટએટેકમાં ગુજરાતી ગયા પણ શું સૌમ્ય સ્વભાવનો માણસ! અડધી રાત્રે કોઇ આવે ને જમાડવાનું હોય તો... હા, હા, ચાલોને! એમાં શું વાંધો છે? મહારાજનું ખર્ચાય છે મને તો પુણ્ય જ મળવાનું છે ને! સહેજે મોટપણું નહીં કે હું તો મંદિરનો રસોઇયો છું ને! અત્યારે નહીં થાય. નિખાલસ સેવાનો ભાવ.

આ ભાવ હોય તો મહાપુરૂષો-ભગવાન સ્વયં આપણી પ્રાર્થનાનો સ્વીકાર કરે. ભગવદ્ કૃપા તો ઉદારતાથી જ થતી હોય છે પણ એને અનુભવવાની આપણામાં દૃષ્ટિ હોવી જોઇએ. આપણે જડવત પાપેટવત્ પ્રાર્થનાઓ કરીએ છીએ. થઇ ગઇ પ્રાર્થના ચાલો. પછી એ પ્રાર્થના દ્વારા આપણને પરિણામ મળ્યું તો એના પ્રત્યે આપણે બિલકુલ ગાફેલ રહીએ છીએ અને પછી એમ કહીએ કે ભગવાનનાં દર્શન તો થતાં નથી. ભગવાન આપણી પ્રાર્થના તો સાંભળતા નથી. પણ એ તરફની આપણી જાગૃતિ નથી. પ્રત્યક્ષ દાખલો છે. ૧૦ દિવસ પ્રાર્થના કરી અને વરસાદ આવ્યો.

**'આવા મેઘરૂપી મહારાજ, પલભર ન વિસરીએ રે'**

મહારાજ સ્વયં મેઘરાજ સ્વરૂપે જ છે. સાક્ષાત્કાર કરતાં આવડતો નથી. **દૃષ્ટિ હોવી જોઇએ. ભગવાનને પ્રાર્થના કરવાની અને પ્રાર્થના કર્યા પછીથી અનુભવવાની.**

**જય મહારાજની ઉદારતાનું દર્શન આપણા હૃદયમાં થવું જોઇએ. અનુભવવું જોઇએ. ભગવાન ચાર હાથવાળો થઇને સામે આવીને ઉભો રહેતો નથી. નહીં તો કહીશું કે કોઇ બહુરૂપી જેવો લાગે છે. ભગવાન શેનો? આપણે જ પહેલાં તો એનો સ્વીકાર ના કરીએ. ભગવાનને ઓળખવો મુશ્કેલ છે. ભગવાનની કૃપા અને પ્રાર્થનામાં જ એનો સાક્ષાત્કાર રહેલો છે.**

।। જય મહારાજ ।।

# પ્રકરણ - ૨૨૭

જેમના સાનિધ્યમાં પ્રાણ છૂટે એ જ પરમેશ્વર છે. એ જ મહાપુરૂષ છે. પરમાત્માના સાનિધ્યથી જ પાપ છૂટતાં હોય છે. મહાપુરૂષો જીવન જીવવા માટે જે કંઇ પ્રેરણા આપે એના દ્વારા માણસનું મન નિર્મળ થાય અને પાપ છૂટે.

જય મહારાજે પોતાના શ્રીમુખે કહ્યું કે જે કોઇ આ સ્તુતિનો નિત્ય નિયમ કરશે, પઠન કરશે ભલે જુદા જુદા સમયે કરે. કદાચ એને અનુકૂળ ન આવતો હોય માટે જય મહારાજે ચાર સમય બતાવ્યા છે. જેમ સંધ્યા ભજન કરીએ છીએ એમ જય મહારાજ બાધા આપે છે અને કહે કે રોજ બપોરે આ સંતરામ સ્તોત્રનો પાઠ કરજો, મહારાજ તમારી ઉપર કૃપા કરશે.

આપણે ઉત્તમ સંતાનની પ્રાપ્તિ થાય એ માટે નિત્ય બપોરે પાઠ કરીએ. આપણે પણ જય મહારાજની સંતતિ બાળકો જ છીએ, આપણે પણ મધ્યાહ્નના નિત્ય નિયમથી જય મહારાજના ઉત્તમ સંતાન બની શકીએ. જય મહારાજ પિતા છે.

**સાયંકાલે તુ યઃ સ્તોત્ર પઠેત્ ભકિતપરાયણ!** ભકિત પરાયણ થઇને સાંજે પણ સાનિધ્યમાં પાઠ કરો. આમ બધા સમયની અંદર

દિવસમાં ૩-૪ વખત સ્મરણ કરવાનું કહ્યું એટલે અનુસંધાન થાય પાપબુદ્ધિ ઓછી થાય. ભગવદ્ સ્મરણમાં પાપ છૂટે. કોઇ પણ ગ્રંથ, સ્તુતિનો જે મહિમા ગાવામાં આવે છે એની પાછળનો આશય એ જ છે કે એને કંઇક સારું પ્રાપ્ત થાય, નિત્ય સત્સંગનું સાનિધ્ય એને પોતાને મળ્યા કરે.

**યશઃ કીર્તિં ચ વિપુલાં પ્રાપ્નોત્યત્ર ન સંશયઃ** જરાય સંશય ન રાખશો, સિદ્ધ મહાપુરૂષના શ્રીમુખનું વચન છે. પ્રાતઃ કાલે પાઠ કરો તો આ ફળ મળશે, મધ્યાહનપાઠ કરો તો આ ફળ મળશે. અને સાંયકાળ પાઠ કરશો ત્યારે પણ મળશે. જરાય સંશય રાખશો નહીં. ઘણાને નિત્ય નિયમ આપવામાં આવે તો કહે. મહારાજ એક માળા કરીએ તો ચાલશે? એના વતીનું હું કરું? આવી બધી શંકા નહીં રાખવાની.

**ચાદર ઓઢિયે, શંકા મત કરિયો.** તમને આપીએ તો શંકા ન કરશો. લઇ લો. જય મહારાજનું વચન છે. વારંવાર ભગવદ્સ્મરણ કરતાં કુટેવો, કુવિચારો પર બ્રેક વાગી જશે કે આ ન થાય. અત્યારે આનો સમય છે, આ કરવાનું છે. એવા ભાવો સહિત સૌને જીવનમાં કંઇક સાધન મળે જેનાથી જીવવાનો સંતોષ થાય.

**નિશીથે પઠનાત્ સાધો.** રાત્રિ નિશિત કાલમાં સાધુ સંતો એનો નિત્ય શ્રદ્ધાપૂર્વક પાઠ કરશે તો **'યોગજ્ઞાનં ભવિષ્યતિ'** યોગજ્ઞાન પ્રાપ્ત થશે. યોગજ્ઞાન એટલે માત્ર આસન પ્રાણાયામ કરવાનું એમ નહીં. આત્માનુંસંધાનનો પણ યોગ થાય. બે છૂટા પડેલા હોય એને વિયોગ કહેવાય એમ ભેગા મળે એને યોગ કહેવાય. લગ્નનો પણ યોગ હોય. એમ ઉપાસનાની અંદર

ભગવદ્યોગ હોય. એટલે ભગવદ્ભકિત પ્રાપ્ત થાય. ભગવદ્પ્રાપ્તિ એટલે જેમ પ્રાર્થના કરીને વરસાદ આવ્યો એ પણ ભગવાનનો સાક્ષાત્કાર જ છે. ભગવાન આપણી પ્રાર્થનાને સ્વીકારી, આપણી જે કોઇ આવશ્યકતા હોય તેના સ્વરૂપે આવીને ઊભા રહી જાય છે. એ જ સાક્ષાત્કાર અને એ જ શ્રદ્ધાની વૃદ્ધિ કરનાર શકિત છે.

રાત્રિનો આદેશ સાધુ સંતો માટે આપ્યો. દિવસનો ત્રણ પ્રહરનો, ત્રિકાલ સંધ્યાનો આદેશ સાધક, સેવકો માટે આપ્યો. **રાત્રિના ૧૦ થી ૧૨-૩૦ સુધીનો સમય નિશિત કાળ કહેવામાં આવે છે.** અહીં સાધુ સંતોને કહ્યું કે નિત્ય ભાવપૂર્વક આસન બિછાવીને શાંતિથી શ્રદ્ધાપૂર્વક પાઠ કરવો. જય મહારાજ કયાંક તો અંતઃસ્ફૂરણા આપશે, કયાં તો પોતે સ્વયં નિમિત્ત બને અથવા કોઇને નિમિત્ત બનાવીને પણ આત્માનુસંધાનનો યોગ કરાવશે.

આમ, સમગ્ર સ્તોત્રની સ્તુતિ લક્ષ્મણદાસજી મહારાજે કરી. એક પછી એક જય મહારાજનાં બધાં સ્વરૂપનાં દર્શન કરાવ્યા. જય મહારાજ જે કંઇ કૃપા કરે છે એ કૃપાનું પણ દર્શન કરાવ્યું. જય મહારાજની યોગની સ્થિતિ-અવસ્થાવાળા સ્વરૂપનાં પણ દર્શન કરાવ્યાં. આમ, સંપૂર્ણ સ્તોત્રને સ્થાપિત કર્યું. લક્ષ્મણદાસજી મહારાજને તો જય મહારાજનો સાક્ષાત્કાર હતો જ પણ સાથે સાથે જય મહારાજનાં જે દર્શન થયાં, અનુભવ થયા એ બધા જ અનુભવ, દર્શન આપણા સોને માટે મૂકયાં. આપણે ભાગ્યશાળી છીએ કે આ સ્તુતિ આપણને મળી છે અને એના દ્વારા જય મહરાજનાં દર્શન કરી શકીએ છીએ. નહીંતર આ જય

મહારાજનું સ્થાન છે. તીર્થ છે, તપોભૂમિ છે. સમાધિનાં દર્શન કરીએ છીએ પણ એમ થાય કે જય મહારાજે તો સમાધિ લીધી! એમણે પોતાના વિગ્રહ નો જમીનની અંદર મૂકી દીધો. **ભલે એ પાંચ ભૌતિકતા છે. મનુષ્ય દેહમાં એ પાંચ ભૌતિકતાના જે ગુણધર્મો છે એ ભગવાન મનુષ્ય અવતાર લઈને આવે તો એમને પણ પાંચ ભૌતિકતાના બંધનોમાં રહીને જ ચાલવું પડે છે. કૃષ્ણ ભગવાન હોય, રામ ભગવાન હોય પણ પાંચ ભૌતિકતાના વિગ્રહે તો વિલીન થઈ જવાનું હોય છે.**

ભલે દેહભાવે જય મહારાજ વિલીન થઈ ગયા પણ સમાધિસ્થાન ઉપરની એમની જે સૂક્ષ્મ ચેતના છે, દિવ્ય પ્રભા છે એ સદાય બિરાજેલી હોય છે. આત્મભાવે અને સૂક્ષ્મભાવે જય મહારાજનાં દર્શન થયા જ કરે છે. જય મહારાજ આપણા સૌના હૃદયની અંદર પણ બિરાજેલા દેખાય. કેમ કે શ્રધ્ધાભકિત છે, જય મહારાજ પ્રત્યેની આસ્થા છે એટલે આપણામાં આવીને બિરાજેલા છે. આપણાથી દૂર નથી જ.

આવા સુંદર ભાવથી આ સ્તુતિના સત્સંગ વડે આપણે જય મહારાજના વિગ્રહને અનુભવીએ છીએ. અમેનાં દર્શન કરીએ છીએ. સ્તુતિ, પ્રાર્થના વડે એમની સાથે વાતો પણ કરીએ છીએ. જયારે જયારે સમાધિ સ્થાનમાં-સાનિધ્યમાં ઊભા હોઈએ ત્યારે દિવ્ય જયોતની સામે મનથી કેટલીય વાર પ્રાર્થનાઓ કરી છે કે બાપજી, આટલું સંભાળજો. આટલું જોજો. આવી મારી સ્થિતિ છે. **સીધી પ્રાર્થનામાં વાતો કરીએ છીએ અને પ્રાર્થના જય મહારાજના સાનિધ્યથી ફળે છે એટલે સમજી જવાનું કે જય મહારાજ પણ આપણી**

**સાથે સીધી વાતો કરે છે.**

આ શ્રદ્ધાભકિત વડે જ જય મહારાજ સદાયને માટે આપણા અંતઃકરણમાં બિરાજેલા છે. જયારે આપણી અરજી, પ્રાર્થના ફળે એ જ જય મહારાજનો સાક્ષાત્કાર. કેમ કે જય મહારાજ તો સૂક્ષ્મ દેહે બિરાજેલા છે. બ્રહ્મમુહુર્તમાં અનુભવ કરો. જય મહારાજની સૂક્ષ્મ ચેતના વિચરતી હોય એનો અનુભવ થાય સાત્વિકતનો, શાંતિનો, કયારેક અંતર્મુખતાનો, સ્થિરતા વડે સ્પર્શ થઇ જાય કે જય મહારાજ પધાર્યા છે. સાનિધ્ય છે.

**અંતપરિપ્રવિશ્ચ ય ઉપાય નિમામ્ પ્રશુભતમ્**

આપ પ્રવેશો અને વિચારો અને વાણી દ્વારા આપ જ બહાર આવો. આપણામાં સંયમ આવે, સદાચાર આવે, ધીરે ધીરે સાત્વિકતા ઉત્પન્ન થાય, સાધન ભજનમાં એકાગ્રતા આવી અંતર્મુખતા આવે ત્યારે સમજવાનું કે જય મહારાજનો અનુભવ થઇ રહ્યો છે. આ જ સાક્ષાત્કાર છે. તો આ સ્તોત્રનો ફલાદેશ કહયો કે જે નિત્ય નિયમપૂર્વક આ સ્તુતિનો પાઠ કરશે એના જીવનની અંદર એની ઇચ્છા અનુસાર એને પ્રાપ્ત થશે.

માટે જય મહારાજની આ સ્તુતિને આપણા જીવનની અંદર હંમેશને માટે સ્થાન આપી દઇએ. મારો નિત્ય નિયમ થાય. જય મહારાજની કૃપા મારા પર બની રહે. અને જય મહારાજનું સ્વરૂપ સદાય મારા હૃદયની અંદર બિરાજેલું રહે.

**‘સાથે છો ને સાથે રાખજો,**

**સન્મુખ રહેજો ને અંતર્મુખ રાખજો,**

**જય મહારાજ જોડે રહેજો ને જોડે રાખજો'** આ સ્તુતિને જીવનમાં ધારણ કરીશું તો અવશ્ય જય મહારાજ આપણો સ્વીકાર કરશે. એમનાં સાનિધ્યમાં સ્થાન આપશે. જય મહારાજનું શરણ પ્રાપ્ત થાય પછી સંસારનાં કોઈ વ્યવહારની બીક ના રહે! ''**સમર્થ સદ્‌ગુરુ જેને મળ્યાં.**'' આપણને સ્વયં પરબ્રહ્મના સાક્ષાત સ્વરૂપ મળ્યા છે. બીજે કયાંય જવાની જરૂર નથી.

**જય મહારાજ છે તો તું પોતે, બહાર શું ગોતે?**

**આત્મતત્ત્વ સ્વરૂપ તુ પોતે.**

**જય મહારાજે તત્ત્વજ્ઞાન આપી દીધું.**

**તું તો જોઇ લે ને તારા રૂપને, ખોળી જોતા તું જ ખોવાય**

**બીજો છે નથી બોલતો કુંડલ ઓથે કનક ઢંકાય**

તું પોતે જ છું. મન અને શરીરને દૂર કરીને સમજવાવાળો તું પોતે આત્મા છું. આ ભાવો જય મહારાજનાં આ ઉપદેશાની અંદર છે. આ સ્તુતિને આપણે આપણા જીવનની અંદર હંમેશાને માટે સાથે રાખીશું.

|| જય મહારાજ ||